॥ ભક્તેચ્છા પૂરકાય નમઃ ॥

"સત્સંગ" માસિકનું સન ૧૯૭૪ ની
સાલનું ભેટ પુસ્તક

卐

# શ્રી ગોકુલેશ હાસ્યામૃત

## ભાગ ૨

પ્રસંગ- ૫૮૭ પા. ૩૪૦

| | | |
|---|---|---|
| સંવત<br>૨૦૩૦ | 卐 | સન<br>૧૯૭૪ |


તંત્રી :- મા. બા. કૃષ્ણદાસ ગોવરધનદાસ ભીલખાવાળા

સંપાદક :- બાબુભાઇ વી. સવાણી

વ્યવસ્થાપક :- રમણુલાલ કૃષ્ણદાસ


卐


સત્સંગ કાર્યાલય, અમરેલી

માલાતિલકના રક્ષણહાર, શ્રીગુસાંઇજીના ચતુર્થ લાલજી

# ગો. શ્રી ગોકુલનાથજી



જન્મદિન :

માગશર શુદ ૭, વિ. સં. ૧૬૦૮

॥ श्री वाक्पतये नमः ॥

## પંચપૂજાનો નિષેધ :—

પંચપૂજા એ સકામ મનુષ્યો માટે છે. પરંતુ નિષ્કામ મનુષ્યો માટે હરિનું પૂજન સર્વ સમ્મત છે. સર્વ મનુષ્ય સકામ છે એમ ધારવું યથાર્થ નથી. મનુએ કામાત્માનું વિધાન કરી પછી નિષેધ કર્યો છે. નારાયણશ્રુતિ તથા ગીતા આદિ સ્મૃતિમાં પણ તેનો નિષેધ કર્યો છે, કામાત્મા પણ પાંચને ઇશ્વર કહેતો નથી. પણ એક સિવાય બીજાને ઈશ્વરના અંશ કહે છે. અંગની પૂજા કરવાથી પરસ્પરના અભેદથી અથવા મિત્રતાથી અંગની પૂજા કેમ ન થાય ? એ શંકાનું સમાધાન એ છે કે ભેદથી અભેદ, દ્વેષથી અદ્વેષ સિદ્ધ થાય નહિ. અભેદવડે એકતા પૂજનથી બધાનું પૂજન થાય છે. વ્યાસ સૂત્ર અને લાઘવથી એક ઇશ્વર માન્ય છે. પૃથક પૂજા શાસ્ત્રમાં નથી, પરંતુ દર્શનના ભેદથી શૈવ, વૈષ્ણવ, શક્તિ, સૌર, ગાણપત, સ્કાન્દ એ ભક્તિમાર્ગના ભેદ છે. શિવરહસ્ય તથા શિવપુરાણ અને લિંગાદિ પુરાણમાં બીજા દેવોના પૂજનનો નિષેધ કરી કહ્યું છે કે શિવની અર્ચા કરવી, એજ પ્રમાણે વિષ્ણુરહસ્ય, પંચરાત્ર, ભાગવત વિગેરેમાં વિષ્ણુની પૂજાનું વિધાન છે. સૌર, ગાણપત, શક્તિ એમાં પણ એકનીજ પૂજાનું વિધાન છે. પંચપૂજા ભારતાદિમાં પણ દેખાતી નથી. તીર્થ, વ્રત, યજ્ઞ એ સર્વમાં એકજ દેવની પુજા કહેલી છે કેટલેક ઠેકાણે એકમુખ, દ્વિમુખ, ત્રિમુખ, ચતુર્મુખ, એમ માન્યતા લખી છે, પરંતુ ધર્મશાસ્ત્ર તપાસતાં પાંચ વગર નજ ચાલે તેમ નથી. માટે એક આશ્રય રાખવો.

—શ્રી વલ્લભાચાર્યજી

॥ શ્રી વલ્લભ ॥

# શ્રી ગોકુલેશ હાસ્યામૃત

## ભાગ–૨

સત્સંગ કાર્યાલય – **અમરેલી**

* પ્રસંગ–૧૮૭ *

**ઉદ્ધારનો આધાર પ્રભુની મહત્તા પર છે :**

શ્રીગોકુલેશ શ્રીઠાકુરદ્વાર પધારતાં નાવમાં બેઠા હતા. ત્યાં હરિભાઈએ વાત કહી કે જે રાજ, સુરતમાંના દેશાઈ લોકો આગળ માળા પ્રસંગની વાત નીકળી ત્યાં તે લોકોએ કહ્યું, કે જેણે માળા ઉતારી છે, તેને કોણ માનશે ? આ વખતે નારણભાઈ ત્યાં બેઠા હતા, તેમણે કહ્યું કે વડાની કાનીથી તેઓ માનશે. આ વખતે શ્રીજી વિચારીને શ્રીમુખે બોલ્યા કે સત્ય છે, એમજ છે. એ મહા અદ્‌ભુત પ્રસંગ સગર્વ બોલ્યા.

**વિવેચન**–જીવ પોતાની ટેક કદાચ ન પણ સાચવી શકે છતાં પ્રભુ તે મનમાં નથી લાવતા, પ્રભુ જો જીવની કૃતિ સામે જુએ, તો જીવનો આરો કદીજ ન આવે, પ્રભુ તો ગુણજ જુએ છે. રાઈ જેટલી જીવની સેવા પ્રભુ મેરૂ સમાન માને છે, જ્યારે મેરૂ જેટલા અવગુણ રજ જેવા સમજે છે. વળી જીવનો ઉદ્ધાર તેની કૃતિ પર વિશેષે કરીને નથી, પણ પ્રભુની કૃપા ઉપર છે, શ્રીમહાપ્રભુજીને શરણે જીવ ગયો, પછી પ્રભુને અંગીકાર કરવોજ પડે. શ્રીઠાકોરજીએ આથીજ આજ્ઞા કરી છે, કે જીવ ગમે તેવો હશે પણ તેણે બ્રહ્મસંબંધ કર્યું હશે, તો તેને હું કદી નહિ છોડું. રામદાસજીની જલેબી આથીજ આપ આરોગ્યા હતા, આરોગતાં રામદાસજીની કૃતિ પ્રભુએ જરા પણ નહોતી જોઈ. માત્ર શ્રીમહાપ્રભુજીની કાનીથી તે પ્રમાણે પ્રભુ અંગીકાર કરતા.

* પ્રસંગ–૧૮૮ *

**નિકટતા શરીરની નહિ પણ ભાવની જોઈએ**:–શ્રીમુખે એક દિવસ કહ્યું કે નિકટતા નિકટતા કહે છે પણ નિકટતા કંઈ પાસે રહેવાથી કહેવાય નહિ, ભાવની નિકટતા જોઈએ.

**વિવેચન**–આ પ્રસંગ ઉપરથી વિચારવાનું કે જો પ્રભુમાં મન હોય તો પાસે રહેવાથી વધારે કંઇ નથી. જીવ પ્રભુની પાસે રહેતો હોય, પણ પ્રેમ ન હોય તો તેથી શો લાભ ? કોઇ જીવ દેખાઈ તો પ્રભુથી દૂર હોય પણ તેનું ચિત્ત પ્રભુમાં હોય તો તે પ્રભુની પાસેજ છે. નિકટપણાનો અને દુરપણાનો આધાર સ્નેહ ઉપર છે. સાસુ વહુની વાતમાં સાસુ વહુને ઘેર મુકી જાત્રાએ ગયાં હતાં, ત્યાં તીર્થમાં સ્નાન કરતાં સોનાની કંઠી ખોવાઈ, વહુને બિચારીને ઘેર છોડીને ગયાં હતાં, પણ વહુમાં પ્રીતી હતી તો ઘેર કથરોટમાં સ્નાન કરતાં તીર્થ દેવે દર્શન દઈ સાસુની ખોવાએલી કંઠી વહુને આપી. આથી અત્યારે પણ કહેવત ચાલે છે કે—'મનમાં ચંગા કો ઘર બેઠાં ગંગા" અથવા "મનમાં ચંગા તો કથરોટમાં ગંગા" શ્રદ્ધા અને ભાવપર પ્રભુનું દાન છે. નિકટતા પર નથી. કેટલીક વાર તો પાસેના માણસો ઉલટા પ્રભુને તકલીફ પણ આપે છે. બગાઈ સદા ગાયના આઉમાં રહે છે, પણ દૂધનો સ્વાદ નથી જાણતી. ખાનારા તો કયાંય ગાદી તકીએ બેઠા હોય બગાઇ તો રૂધિરજ

પી જાણે. જ્યાં જુઓ ત્યાં પ્રેમની અને ભાવનાનીજ ઉત્કૃષ્ટતા છે. શ્રીહરિરાયજી પાસે બ્રહ્મસંબંધ લેનારા સિવાય કોઈ નહિ હોય છતાં શિક્ષાપત્રમાં વારંવાર તેને દુઃસંગ જણાવે છે. કારણ કે ઉલટા શ્રીહરિરાયનું હૃદય ન જાણતાં પીડા કરે. શ્રીહરિરાયજીના જીવન ચરિત્ર પરથી જણાય છે, કે પ્રેમજ મુખ્ય વસ્તુ છે. દૂર રહી સ્નેહ પૂર્વક ભાવન કરવાથી વિપ્રયોગનું દાન પ્રભુ કરે છે. શ્રીહરિરાયજીનું આખું જીવન વિપ્રયોગાનલથી જ ભરેલું હતું

## * પ્રસંગ–૧૮૯ *

**ભક્તોનો નિર્વાહ પ્રભુજ છે:**–શ્રીમુખે વાર્તા કહી કે એક વૈષ્ણવ શ્રીગુસાંઇજીનો સેવક હતો, તે એક ગામમાં એકલો રહેતો હતો, ત્યાં શ્રીગુસાંઈજી પધાર્યા હતા, પછી તે વૈષ્ણવ શ્રીગુસાંઈજી પાસે આવ્યો. ત્યારે તેને શ્રીગુસાંઈજીએ પૂછ્યું, કે તમે એ ગામમાં કેવી રીતે નિર્વાહ કરો છો ? ત્યારે તેણે ઉત્તર દીધો કે રાજ, જ્યાં પધાર્યા હતા. અને ઝરૂખામાં આપ ઉતરતા હતા તે ઝરૂખા આગળ જઈને બેસું છું. તેને જોઇને નિર્વાહ કરુ છું. આવો અલૌકિક ઉત્તર દીધો.

**વિવેચન**–વૈષ્ણવ સત્સંગ વડે નિર્વાહ કરે સેવા અને સત્સંગ બે સાધનો વૈષ્ણવની જીવન દોરી છે. આ વૈષ્ણવ તે ગામમાં એક લોજ રહેતો તેથી સત્સંગ નહોતો. માટે શ્રીગુસાંઈજીએ નિર્વાહની બાબત પૂછી. હવે જ્યારે શ્રીગુસાંઈજી તેને ઘેર પધારેલા ત્યારે જે ઝરૂખામાં પોતે બેઠા હતા, તે ઝરૂખામાં શ્રીગુસાંઇજી જાણે નિત્ય બિરાજે છે. એવી ભાવનાથી તે ઝરૂખા સામે તે જોઇ રહેતો. અહીં તે વૈષ્ણવ ગુરૂનું સામર્થ્ય અને પોતાની શ્રદ્ધા બેઉ બતાવે છે, શ્રીગુસાંઈજી પોતાના આસક્ત ભક્તોને પોતાનાં પાદુકાજી પર જ્યાં વૈષ્ણવ રહેતો હોય ત્યાં દર્શન દેતા. તેમજ કદાચ શ્રીગુસાંઇજી આ વૈષ્ણવને હંમેશા દર્શન આપતા હોય. ગમે તેમ પણ ભક્તનો નિર્વાહ પ્રભુજ છે. તેનો સંબંધ કોઈપણ રીતે રહે તેથી ભક્તનું જીવન ટકે છે.

## * પ્રસંગ–૧૯૦ *

**જેને જેનો અનુભવ તે તેનો પુરૂષોત્તમઃ**–એકવાર શ્રીમહાપ્રભુજીના સેવક ત્રણચાર બેઠા હતા, ત્યાં શ્રીગુસાંઈજીના સેવક વૈષ્ણવ આવી બેઠા, તેમણે તેઓને પૂછ્યું, કે સર્વ બાળકોમાં પુરૂષોત્તમ કોને કહીએ ? ત્યારે શ્રીઆચાર્યજીના સેવકોએ કહ્યું કે આ શું પૂછો છો ? આ વાતમાંથી શું પ્રાપ્ત કરશો ? આ સાંભળી ઘણું વિસ્મય થયા. ત્યાર પછી શ્રીમહાપ્રભુજીના સેવકોએ કહ્યું કે પુરૂષોત્તમ છે તે તો શ્રીગોકુલેશજી છે, પછી તે વાત શ્રીગિરિધરજી કને ચાલી ગઇ, એટલે તેઓશ્રીએ શ્રીગુસાંઇજી પાસે જઇ વિનતી કીધી, જે રાજ, શ્રીઆચાર્યજીના સેવકો આવી આવી વાતો ઉઠાવે છે, આ વખતે ગુસાંઈજીએ ઉત્તર દીધો કે આ વાત તમારા સેવકે નથી કરી, કે મારા સેવકોએ નથી કરી. એવું શ્રીઆચાર્યજીના સેવક કહે છે તેઓ મોટા છે તેઓનો અભિપ્રાય કોણ જાણે ? તેઓ સમજીને કહેતા હશે, માટે તમે કશુ ન બોલશો, એમ કહીને તેનું સમાધાન કર્યું,

**વિવેચન**–આ પ્રસંગ પરથી કોઈપણ જાતનો સાત બાળકોમાં દ્વૈતભાવ ન લાવવો જોઈએ કારણ શ્રીગોકુલેશ પુરુષોત્તમપણાના ચમત્કાર પ્રકટ બતાવતા, અને તે સ્વરૂપમાંથી ભક્તોને પણ તેનો અનુભવ થતો, એટલે જેને સ્વરૂપ અનુભવ આપે, તેને તે પુર્ણ પુરુષોત્તમ તરીકે માને, વાત અનુભવ પ્રમાણે છે શ્રીગુસાંઇજીએ પણ શ્રીગોકુલેશનોજ લીલા વિસ્તારતાં પોતાના સ્થાન પર અભિષેક કર્યો હતો. પોતાની માળા શ્રીગોકુલેશનેજ ધરાવી હતી ને કુટુંબનો ને એકંદરે સંપ્રદાયનો ભાર પણ શ્રીગોકુલેશનેજ

શિરે ધર્યો હતો. શ્રીગોકુલેશે તે પ્રમાણે સંભાળ પણ લીધી. વિરોધીઓને સખત રીતે નિરાશ કર્યા અને શ્રીઠાકોરજીની પેઠેજ સેવકોને હથેલીમાં આનંદમાં નચાવ્યા છે, માટે અનુભવ પ્રમાણે વાણી છે.

## * પ્રસંગ-૧૯૧ *

**સત્સંગ મહાન વસ્તુ છે** :-એક વાર કોઈએ પૂછ્યું, કે જીવને ને જગદીશને કંઇ અંતર નથી, કોઈ સમયે એવું થાય છે કે જગદીશ કયાં અને જીવ કયાં? આ શું? એવું પુછયું. પછી આપશ્રીએ કહ્યું કે એ ભાવ રૂડા છે. પછી પુછયું કે ઉત્તમ ભાવ, સદા સાહી કેમ રહે? ત્યારે આપે કહયું કે ભાવનાએ રહે પછી પુછયું કે ભાવના તે કેમ રહે? ત્યારે આપશ્રીએ કહયું કે જે વસ્તુની આકાંક્ષા હોય, તેનું નિત્ય ચિંતન કરીએ, તેનું નામ જપીએ, તથા ભાવના કરીએ. વળી પૂછયું કે ભગવદીય સાથે મળી ભાવના કરીએ, કે એકલા કરીએ? ત્યારે શ્રીગોકુલેશે કહયું કે એવા ભગવદીય કોણ છે કે જેમની સાથે મળીને ભાવના કરીએ? વળી પૂછયું કે એવા હોય તો? ત્યારે આપે કહયું કે એવા હોય તો પછી બીજું શું જ જોઇએ.

**વિવેચન**-સંયોગમાં જીવ જગદીશની ને પોતાની એકતા અનુભવે **વિયોગમાં** દીનતામાં એથી ઉલટું પોતાને તુચ્છ જાણે, આ ભાવ ઉંચો છે સદા ભાવના બની બનાઈ રહે, તો સ્થાયી ભાવનું સ્વરૂપ ધારણ કરે, ભાવનામાં આકાંક્ષા જોઇએ. જીવને પ્રભુ પ્રત્યેની આકાંક્ષા થાય, નામ જપાય, ને તે પ્રમાણે લીલાનું ચિંતન રહે, પણ એકલી ભાવના કરાય તે કરતા વૈષ્ણવો સાથે ભાવનાનું ચિંતન સારૂં બને. પણ ભાવના વાળા ભગવદીય હોય તો તેમ બને. જો તેવા ભાવુકનો સત્સંગ હોય તો શ્રીગોકુલેશે કહયું, કે સર્વસ્વ તેમાં આવી ગયું. કારણ કે એથી ભાવના સ્વરૂપાત્મક બની અનુભવમાં પણ આવે, મહાનુભાવીઓનો સત્સંગ દુર્લભ છે, પ્રભુની મહાન કૃપા હોય તો તેનો સત્સંગ મળે. શ્રીમહાપ્રભુજી પણ તાદશી ભગવદીય સાથે લીલાનું સ્મરણ કરવાનું કહે છે- નિવેદનનું સ્મરણ કરવાનું કહે છે. જો તેવા સત્સંગ ન મળે, તો પ્રભુમાં ચિત્ત કહે તેમ ગ્રંથોનું વાચન મનન કરવું.

## * પ્રસંગ-૧૯૨ *

**જેને નિરખતા પ્રભુ યાદ આવે તે તાદશી** :- એક વાર આંગણામાં આપશ્રી બિરાજ્યા હતા, તે વખતે પંચોળીએ પૂછયું કે રાજ, તાદશી તાદશી કહીએ છીએ તે હું સમજતો નથી કે તાદશી તે શું? આ વખતે મુસકાઇને કહ્યું કે તાદશીને શીંગડા હોય છે ત્યારે પંચોળી બોલ્યા નહિ, તે વખતે મુસકાઇને કહ્યું, પંચોળી કશું સમજ્યો? ત્યારે તેમણે કહ્યું કે ના રાજ, હું શું સમજુ? આ વખતે એક શ્લોક કહીને કહયું કે તાદશી તેને કહીએ, કે જેને મળવાથી પ્રભુ સિવાય બીજી વાર્તા સ્ફુરે નહિ, તે તાદશી.

**વિવેચન**- "આકૃતિર્ગુણાન્કથયતિ" આ કથન પ્રમાણે ભગવદીયનું સ્વરૂપ આકૃતિથીજ પરખાય. જેનો સંગ થતાં પ્રભુ યાદ આવે ને પ્રપંચની વિસ્મૃતિ થઈ જાય તે તાદશી ભકતના મોઢા પર તેનું ભક્તિનું કે પ્રભુ પ્રત્યેના પ્રેમનું તેજ હોય છે, જેને લીધેજોતા પ્રભુજ યાદ આવે. આથીજ ભગવદીય ગાય છે કે શ્રીવિઠલનાથ વસો જીયા જાકે તાકી રીત પ્રીત છબી ન્યારી" ખરેખર જેના હૃદયમાં શ્રીઠાકોરજી બિરાજે છે, તે તાદશી ભગવદીયની રીતે પ્રીત અને છબી એ ત્રણ ન્યારી હોય છે? તાદશી એટલે પ્રભુની લીલામય જેની નજર હોય તેને જોતાં પ્રભુનીજ લીલા સ્ફુરે એ સ્વાભાવિક છે.

### * પ્રસંગ-૧૯૩ *

**ઉત્તમ વસ્તુ માગવામાં વાંધો નથીઃ-** શ્રીગોકુલનાથજી રાત્રે ગાદી પર બેઠા હતા, ત્યારે ચતુર વોરે પૂછયું કે મહારાજાધિરાજ એક પણ વસ્તુ રઘુનાથદાસ પાસે માગી મળી નહિ, અને એવી બીજી જગાએ પણ મળી નહિ, તેનો શો ઉપાય કરવો ? ત્યારે આપશ્રી બોલ્યા કે એમ ન મળે તો પણ માગીએ તો ખરાજ, ત્યારે પૂછયું કે અહીં ઈશ્વર ઈચ્છા વિના તો કશું બને નહિ. ત્યાર પછી રઘુનાથ દાસ બોલ્યા કે મહારાજ, માગવું સારૂં કે ન માગવું સારૂં ? ત્યારે આપે કહયું કે માગવું પણ ભલું અને ન માગવું પણ ભલું. જો ઉત્તમ વસ્તુ હોય તો માગવું તેનું દ્રષ્ટાંત કર્યું "तत्वात्मनां पुरुषभूषण देहि दास्यम् "દાસત્વ તો બહુ પ્રકારનું છે, પણ જયારે સ્પષ્ટ કરીને માગ્યું ત્યારે શ્રીસ્વામિનીજીને મળ્યું, ફળ કંઈ એમ ન કહે, કે કોઈ મને લ્યો !! ગ્રાહક જયારે મળે ત્યારે ફળ પામે. ગ્રાહક જયારે એમ જાણે કે ફળ મને સ્વાધીન થાય તો પામે. ચુપ કરીને બેસી રહે તો શું પામે ? ઉપાય કરે તો પામે.

**વિવેચન**-"માગ્યા વિના તો મા પણ ન પીરસે" એવી ગુજરાતીમાં કહેવત છે, માટે માગવાની ઈચ્છા થાય, તો ઉત્તમ વસ્તુ માગવી. આપણે કોઈની સેવા માગવી હોય, તો માગી શકીએ, કોઈ ભગવદીય આપણે ત્યાં અચાનક આવે તો આપણે કહીએ છીએ, કંઈ આજ્ઞા છે ? આનો અર્થ એ કે આપને મારી કશી જરૂર છે ? કંઈ કામ છે ? વગેરે. પ્રભુ પાસે પણ આપણે ટહેલ માગીએ. ઉપરના શ્લોકાર્ધમાં પણ પ્રભુની સેવા માગી છે. સ્વાર્થને માટે કંઈ માગવું કે પોતાના લોભે કંઈ માગવું તે ઠીક નથી. બીજાને સુખી કરવા માટે વા મદદ માટે કદાચ કહેવામાં આવે, તો તે પણ સારૂં છે. આપણે ઉંચેથી કોઈને જળ લેવરાવીએ; તો લોટી છોવાય નહિં. જો જાતે લઈએ કે કોઈ જાતે જળ લે, તો છોવાય, તેમ સ્વાર્થ છોવાય છે, પરમાર્થ છોવાતો નથી. પણ હંમેશ પવિત્ર છે.

ભકતોએ તો ખરી રીતે પ્રભુની, શ્રીગુરુદેવની કે ભગવદીયોની ટહેલ સિવાય બીજું માંગવું જ ન જોઈએ, કારણ કે એજ એનો જીવન ધર્મ છે. ભગવદીય એટલે શ્રીહરિ, શ્રીગુરૂદેવ અને વૈષ્ણવની ઉત્સાહથી પ્રેમ પૂર્વક ટહેલ કરનાર.

### * પ્રસંગ-૧૯૪ *

**વૈષ્ણવે વર્તવાની સામાન્ય રીતેઃ-**એક વાર આપણા માર્ગની રીતિ આપશ્રીએ શ્રીમુખે કહી કે એક તો દયા તથા ઉદારપણું જુઠું બોલવું નહિ, તથા કોઈનું ચોરવું નહિ, તેમજ લૂણ ખાઈને સ્વામિદ્રોહી થવું નહિ. જુઠણ સખડીનો વિચાર રાખવો આ સાત વાતથી ચુકે તો ભ્રષ્ટ થાય. વળી કહયું કે વૈષ્ણવે પાંચ વાના કરવા. ક્રોધ ન રાખવો, ક્રોધ હોય તેના હૃદયમાં શ્રી ઠાકોરજી રહે નહિ. નિદ્રા અને આળસ કરવી નહિ. અવૈષ્ણવને હાથે લેવું નહિ. ભગવદીય વૈષ્ણવ કહે તે કરવું. સ્વામિપણું કરે તો વૈષ્ણવ ભ્રષ્ટ થાય.

**વિવેચન**-શ્રીગોકુલેશે પ્રથમ લક્ષણ માંડયા અને ઉદારપણું બતાવ્યું. આ બે ગુણો વૈષ્ણવત્વની ધ્વજાઓ છે, આ બે ગુણો હોય તો બીજા ગુણો તો સ્વાભાવિક રીતે આપો આપજ આવે. વળી જે દયાળુ અને ઉદાર હોય તે પોતાનુંજ બીજાના ઉપયોગ માટે આપે, તો તે બીજાનું ખાઈને તો તેને

દગો નજ કરે. ક્રોધ તો ઉદાર અને દયાળુને ભાગ્યેજ હોય. ઉદાર એટલે પોતાનો સ્વાર્થ તજવાના ગુણ વાળો, તો જે સ્વાર્થી હોય, તેજ પોતાનો સ્વાર્થ ન સધાય, તે માટે ક્રોધ કરે. શ્રીગોકુલેશ ક્રોધને ચંડાલ કહે છે. ક્રોધ જેનામાં આવે તેને અડીને તો સ્નાન કરવું પડે. જો ક્રોધીને અડવાથી વૈષ્ણવ છોવાઇ જાય તો પ્રભુ તેના હૃદયમાં કેમજ બિરાજે? ભગવદીયે નિદ્રા અને આળસ તજવા "જે જાગ્યો તે ઉંઘે નહિ" જાગ્યો તેજ કે જેણે પોતાના જીવનનું ધ્યેય નક્કી કર્યું. તેને તે ધ્યેય પ્રાપ્ત કર્યા વગર નિદ્રા કેમ આવે? ભગવદીયનું ધ્યેય ભગવાન છે, તો પ્રભુની પ્રાપ્તિ કર્યા વગર તેને ચેન કેમ પડે? સદા જેને પ્રભુને મળવાની આર્તિ તેને નિદ્રા ન આવે. વળી અવૈષ્ણવના હાથનું લે તો ભ્રષ્ટ થાય, એતો સ્પષ્ટ છે. વળી સ્વામીપણું કરવાથી દીનતા જતી રહે, અને દીનતા જાય તો પ્રભુ અંતર્ધાન થઇ જાય, માટે સ્વામીપણું ન કરવું જોઈએ.

* પ્રસંગ–૧૯૫ *

પ્રેમ વગર સત્સંગ ન થાય:– ગોવિંદદાસ ઉપલે પૂછ્યું કે વૈષ્ણવો સ્નેહે એકબીજાને મળે છે, તેનું શું છે? ત્યારે આપશ્રી બોલ્યા કે સઘળે હેત છે. સાચો સ્નેહ હોય. તો જોવાને જઈએ.

**વિવેચન**-પ્રેમજ સત્સંગમાં મુખ્ય વસ્તુ છે. વૈષ્ણવને ત્યાં વૈષ્ણવ જાય, તો આવેલા વૈષ્ણવને જોઈને વૈષ્ણવ ફુલી જાય છે. હરખ વગર આવું ન બને. પણ શ્રીગોકુલેશ જળ અને માછલીના જેવા સ્નેહને ઉત્તમ કહે છે. સાચો સ્નેહ તેજ કે જેમ જળ વિના માછલું તરફડે છે, તેમ વિયોગમાં આર્તિથી ચેનજ ન પડે. વૈષ્ણવોની વાર્તામાં આવી વાતો ઘણી આવે છે, સત્સંગની તાલાવેલી મુખ્ય વસ્તુ છે. સ્નેહીઓનાં દર્શનમાં પણ આનંદ છે. કારણ કે સ્નેહીઓના ઓજસથી સ્નેહની પ્રાપ્તિ થાય, જેમ કોઈ સંતપુરુષ પાસે બેસીએ, તો ત્યાં એવા સંતની શાંતિથી આપણે પણ શાંત થઈ જઇએ છીએ, તેમ સ્નેહીના વાતાવરણથી આપણે સ્નેહની પ્રાપ્તિ કરી શકીએ, તાદશી હમેશાં સ્નેહી હોય છે, તેથી તેવા ભક્ત સાથે નિવેદનનું સ્મરણ કરવાથી સર્વાત્મભાવની પ્રાપ્તિ થાય. માટે પ્રભુમાં સ્નેહીનો સત્સંગ મુખ્ય વસ્તુ છે.

* પ્રસંગ–૧૯૬ *

સાચા સ્નેહીની ખોટ છે:- એક વાર શ્રીવિઠ્ઠલરાયજીને ત્યાં પધાર્યા હતા, ત્યારે સુરત ગામમાં રાત્રે બેઠા હતા ત્યાં સ્નેહીનો પ્રસંગ ચાલ્યો, ત્યારે કહ્યું કે એવો કોઈ નથી, કે જેની સાથે સ્નેહ કરીએ, અને કંઇ એવો સ્નેહ હોય, તો જોવા જઇએ એવી સ્નેહી વસ્તુઓની તો ખોટ છે.

**વિવેચન**–પ્રભુ કરતાં પણ સ્નેહની કિંમત વધારે છે કારણ કે સ્નેહજ પ્રભુ બતાવે. દાન કરતાં દાતા મોટા છે. દાતા સ્નેહ પ્રભુનું દાન કરે, માટે સ્નેહ મુખ્ય છે. શ્રીયમુનાજી સ્નેહનું સ્વરૂપ છે. આથી શ્રીમહાપ્રભુજી સ્નેહ સ્વરૂપ શ્રીયમુનાજીની સ્તુતિ પ્રથમજ કરે છે. ષોડષ ગ્રંથોમાં શ્રીયમુનાષ્ટક પ્રથમ છે. સ્નેહ સ્વરૂપ શ્રીયમુનાજી જેના સર્વાંગે બિરાજે, તે સ્નેહી છે, ને એવો સ્નેહ જેનામાં હોય તેનામાં શ્રીયમુનાજીનો સહાજ વાસ છે. તો સ્નેહીનાં દર્શન તે તો શ્રીયમુનાજીના દર્શન છે, માટે શ્રીગોકુલેશ કહે છે, કે સ્નેહી હોય તો જોવા જઈએ.

## ★ પ્રસંગ ૧૯૭ ★

**પ્રેમ એજ નિર્દોષતા:**-એક વાર ઉત્થાપનને સમયે માલજી પંચોળીએ પૂછ્યું કે રાજ, જો બેસી રહો તો મુખ દેખ્યાજ કરીએ, ત્યારે શ્રીમુખે કહ્યું કે શું બેસી રહીને મુખ દેખ્યા કરીએ ? પછી વળી શ્રીમુખે કહ્યું કે વિપ્રયોગ વિના રસનો સ્વાદ નથી. ત્યારે પંચોળીએ પૂછ્યું કે રાજ, એક વિનંતિ છે. જીવ પ્રભુ સાથે સ્નેહ કરે છે, તો શ્રીમહાપ્રભુજીની કૃપાસ્નેહ કેમ જાણી શકાય ? અને સ્નેહને કંઈ અપરાધ પડે તો, તે દંડ કરે કે સ્નેહમાં ખપે ? ત્યારે શ્રીજીએ મુસકાઇને કહ્યું, બીજુ તો પછીથી કહીશ. પણ એક લૌકિક વાત છે, તેમાં બેઉનું સમાધાન થશે. તે સાંભળો. એક બાદશાહ હતો તેની પાસે એક સ્ત્રી હતી, આ સ્ત્રી પર બાદશાહની બહુજ પ્રીતિ હતી; બાદશાહ તેનાજ હાથનું પીણું પીતો; અને તે પીણા માટે બહુ જ કીંમતી રત્ન જડિત પ્યાલો વાપરવામાં આવતો; આ પ્યાલો એકવાર તે સ્ત્રીથી ફુટી ગયો, આથી તેને બાદશાહથી બીક લાગી. સાંજે બાદશાહ આવ્યો, ત્યારે તે બીકથી ડરી ગઇ, ને પાસે આવી નહિ. આથી બાદશાહે પૂછ્યું કે પેલી સ્ત્રી કયાં ગઈ ? આ સાંભળી બીજીએ અપરાધની હકીકત કહી, આથી બાદશાહે તેને બોલાવીને કહ્યું, કે એક પ્યાલો ફુટી ગયો, તેમાં તું શા માટે ગભરાય છે ? તારા નામ ઉપર હજારો પ્યાલા વારી નાંખુ ! ! એમ કહી બીજા તેવા પ્યાલા હતા તે જાણી જોઈને બાદશાહે ફોડી નાખ્યા. આ સાંભળી પંચોળીએ દંડવત કર્યા એટલે શ્રીમુખે કહ્યું કે માલજી, જીવ એકની લૌકિક પ્રીતિની આવી વાત છે તો અલૌકિકની શી વાત કરવી ?

**વિવેચન**-આ પ્રસંગ બહુજ ગુઢ છે આટલો પ્રસંગ જો આચારમાં મુકાય તો જીવનું કલ્યાણ થઈ જાય પણ આચારમાં મુકવો મહામુશ્કેલ છે. આથીજ શ્રીમહાપ્રભુજી કહે છે કે "જીવા: સ્વભાવતો દુષ્ટા" જીવ સ્વભાવથી જ દુષ્ટ એટલે પ્રભુથી દૂર રહેવાની પ્રકૃતિવાળો છે. જો જીવ લાયક હોય તો તે કોઇના દોષ ન જુએ, પણ ઉલટું તેને એમ લાગે કે પ્રભુજ વસ્તુ માત્રમાં બિરાજીને સર્વત્ર બેઠે છે, મારી ચર્મ ચક્ષુએ મને નથી દેખાતું આ વાતને હજી પાછળ આજ વિવેચનમાં વિચારીશું. પંચોળી કહે છે કે આપશ્રી બિરાજી રહો, તો મુખ દેખ્યા કરીએ. ત્યારે શ્રી ગોકુલેશ કહે છે, કે સંયોગ કરતા વિયોગમાં વધુ સ્વાદ છે. સંયોગમાં એકજ પ્રભુ સાથે આનંદ. જ્યારે વિપ્રયોગમાં સર્વાંગે તાલાવેલી. પ્રભુ પ્રત્યેની તાલાવેલીમાં એટલો બધો આનંદ છે, કે જે ભગવદીઓને તેવી તાલાવેલીનો સહેજ પણ અનુભવ હોય તેઓ એમ વિચારે છે કે પૂર્ણ તાલાવેલીનો આનંદ કેમ કરીને જીરવાશે ? આસક્તિના આનંદનો પાર નથી જેને તાલાવેલી છે તેને લૌકિક તુચ્છ લાગે છે, તે સાથે તેને હૃદય વગરના માણસો સાથે પણ તેને કશો આનંદ કે સ્વાદ આવતો નથી. શ્રીગોપીજન સમાન હૃદયશીલ હતાં, આથી તેમને સંયોગના અને વિપ્રયોગના અનુભવ પ્રભુએ સાથે આપ્યા. પ્રથમ રાસ સ્થાનમાં બોલાવી 'પાછા જાઓ" એમ કહીને તેમને વિપ્રયોગ કરાવ્યો પછી આનંદ આપ્યો. પણ પૂર્ણ વિપ્રયોગ વગર પરમાનંદ નથી. આથી શ્રીઠાકોરજી અંતર્ધાન થયા, અને પુર્ણ વિપ્રયોગ કરાવી પૂણ આનંદ આપ્યો. આ વાત અનુભવ ગમ્ય છે. જેઓએ પ્રેમાશ્રુનો કોઇવાર પણ સ્વાદ લીધો છે તેનેજ આવી વિરહની મજા અનુભવાય છે. શ્રીગુસાંઇજી સદાજ સંયોગની મસ્ત દશામાં રહેતા, પણ

શ્રીમદાચાર્યચરણ શ્રીમહાપ્રભુજીએ વિચાર્યું કે સદાજ જો સંયોગમાં રહેશે, તો વિપ્રયોગનો અનહદ આનંદ સાગર છે તેની ખબર નહિ પડે માટે કૃષ્ણદાસ અધિકારીજીના હૃદયમાં બિરાજીને છ માસ સુધી શ્રીગુસાંઇજીને શ્રી મહાપ્રભુએ પોતે વિપ્રયોગનો અનુભવ કરાવ્યો. આના અનુભવ રૂપે શ્રીગુસાંઈજીએ નવ વિજ્ઞપ્તિઓ રચી.

બીજો પ્રસંગ તો સોમલ ખાવા જેવો છે જેમ કોઈ સોમલ ખાય, તો મરી જાય તો જે જીવતાં મરે તેની દશા પ્રીતિનો અનુભવ કરે. શ્રીગોકુલેશને એકવાર વિનતિ કરી કે કૃપાનાથ !! શ્રીપુરુષોત્તમની પ્રાપ્તિ કોને થાય ? ત્યારે આપશ્રીએ ટુંકમાં જવાબ દીધો કે જે જીવતાં મરે તેને પુરુષોત્તમની પ્રાપ્તિ થાય. મતબલ કે જેનામાં પ્રેમ આવે છે, તે પ્રેમી વસ્તુમાં એવો તલ્લીન રહે છે કે જેમ મારેલાને આજુબાજુ ગમે તે થાય, પણ તેની તેને ખબર રહેતી નથી, તેમ આવી ખરા પ્રેમની સ્થિતિ હોય છે. આપણે બસો બાવન ચોરસીમાં શું વાંચીએ છીએ ? નારાયણદાસ દીવાનને ત્યાં ઠગ લોકો વૈષ્ણવ બનીને આવ્યા, પણ નારાયણદાસે તેમને પોતાની સ્રીને મારી લુંટી જતા હતા છતાં જાણે જાણતાજ નથી. એવી વર્તણુક રાખી. તો આવો પ્રેમ જોઇ આ ચોરો દૈવી હોવાથી તેમનું ચિત્ત ફરી ગયું. વૈષ્ણવ થયા. સ્નેહીને દેખીને જડપણ સ્વભાવ બદલે તો ચૈતન્યનો સ્વભાવ બદલાય તેમાં નવાઈ નથી. શ્રીગુસાંઇજી એકવાર રાત્રે વહેલા ઉઠી સ્નાન કરી સંધ્યા વંદન કરે છે, તે વખતે તે સ્થળે ચોર છુપાયો હતો તે, ચોરી કરવાનો લાગ જોતો હતો. શ્રીગુસાંઇજીએ પ્રાણાયામ કરવા માટે નાસિકા પર આંગળીઓ મૂકી ચક્ષુઓ મીંચી દીધાં, એટલે પેલા ચોરે જાણ્યું કે આ ઉંઘે છે. (બિચારા ચોરે કોઇને સંધ્યા વંદન કરતાં જોયા નહિ હોય તેથીજ પ્રાણાયામને ઉંઘે છે એવું અનુમાન કર્યું હશે) એટલે મેં પાસે સુવર્ણનાં તરભેણી આચમની તથા તાસક વગેરે હતાં. તે તેણે ધીમેથી ઉઠાવ્યાં. પ્રાણાયામ પૂર્ણ થતાં શ્રીગુસાંઈજીએ આ દૃશ્ય જોયું, એટલે પોતે ખડખડ હસી પડયા; આ હાસ્ય જોઇ ચોરની વૃત્તિઓજ પલટાઇ ગઈ ચોરે વિચાર્યું કે મને દીઠો છે; મેં આ ચોરી કરી તે પણ જાણે છે. છતાં હસ્યા એ નવાઈ કહેવાય, ઊલટું મને પકડવા તજવીજ કરવી જોઈએ. આથી ચોર એકદમ આગળ આવી પગે લાગ્યો ને તેણે શ્રીગુસાંઇજીને ઓળખ્યા. શ્રીગુસાંઈજીએ તેને વષ્ણવ બનાવ્યો. વળી જગદીશમાં પેઠેલા ચોરોની વાત પણ આવીજ છે. દોષ અને ગુણનો આધાર દ્રષ્ટિ પર છે. જો પ્રીતિ હતી તો આ પ્રસંગમાં બાદશાહને નુકશાન કર્યું, તેમાં પણ ફાયદો માલમ પડયો—ને એવા બીજા પ્યાલા જાણી જોઇને ફોડી નાખ્યા. લૌકિક પ્રીતિ જ્યાં દોષને સ્થાન નથી. ત્યાં અલૌકિકમાં તો હોય જ શાને ? જો આપણે પુષ્ટિસૃષ્ટિ લીલાસૃષ્ટિ માનતા હોઈએ, તો તેનાં અત્રેનાં સર્વ કાર્ય આપણુને લીલામયજ જણાય. એકવાર વીરમગામવાળા શ્રીજેદેવપ્રભુને કોઈએ ફરિયાદ કરી કે કૃપાનાથ !! આ વૈષ્ણવો બધા બ્રહ્મસંબંધ લેવા છતાં અસમર્પિત લે છે. આ ફરિયાદ કરનાર વૈષ્ણવ સમર્પિને મહાપ્રસાદ લેતો તેનું તેને અભિમાન રહેતું; શ્રીજેદેવપ્રભુએ તેને ઉત્તર આપ્યો; કે આજેજ મેં જાણ્યું કે વૈષ્ણવો અસમર્પિત લે છે. મતલબ કે જેની સેવામય દ્રષ્ટિ છે તેને સર્વજ વૈષ્ણવો જાણે સેવાજ કરી રહેલા છે. એમ લાગે છે. મતલબ કે જેવી નજર તેવુંજ જગત કોઇને માટે કંઈપણ નિંદાનું બોલવું કે લખવું, એ પણ માયાવાદ છે, સંત પુરુષ કદી તેવી વૃત્તિ રાખે નહિ. બીજાના દોષ જોઇ આપણે તેની નિંદા કરીએ છીએ તેનું કારણ આપણે

તેના કરતાં સારા છીએ એવું જગતમાં બતાવવું. અથવા તેને આપણાથી હલકો છે, એવું લોકોને જણાવવું. એકજ દાખલો લઈએ, આપણો જ છોકરો દુર્ગુણી હોય. હવે કોઈ આવીને ફરિયાદ કરે છતાં આપણે તે જાણવા છતાં નકાર ભણીએ કે મારો છોકરો સારો છે તેનું કારણ એ કે તેના પર આપણો પ્રેમ છે. પ્રેમ છોકરાના દુર્ગુણ નથી દેખતો, તેમ જો સર્વમાં આપણા પુત્રની પેઠે પ્રીતિ હોય તો કોઈના દુર્ગુણ જોવાનો કે નિંદા કરવાનો વખત જ ન આવે. આપણને આપણા દોષજ નથી સુઝતા કારણ કે આપણી આપણા પર પ્રીતિ છે; જો કોઈ આપણા પર દોષારોપણ કરે, અને તે દોષ હોય છતાં લડવા તૈયાર થઈએ. આવી આપણી વૃતિઓ છે.

આખા જગતને જે ઈશ્વર રૂપે જૂએ છે તેને જગત પણ પ્રભુના સમાનજ ગણે છે. પ્રીતિ પરસ્પર છે જેટલે અંશે માણસમાં પ્રેમ તેટલે અંશે હૃદયની વિશાળતાને સર્વાત્મભાવી હોય છે. તેનું હૃદય આકાશ કરતાં એ વિશાળ હોય છે. જેમ આકાશમાં બધું સમાય છે. તેમ આવા ભગવદીયના હૃદયમાં પણ સર્વસ્વ સમાય છે. જેને જેને પ્રભુની પ્રાપ્તિ થઈ છે. તેમની સ્થિતિ આ જગતના જીવો કરતાં ઘણીજ વિલક્ષણ હતી, અને તેવી લોકોતર સ્થિતિ પ્રાપ્ત કર્યા વગર પ્રભુનો અનુભવ પણ નથી, અને મહાનુભાવીઓએ મોટી મોટી ડીગ્રીઓ શાસ્રીય પરીક્ષાઓ આપીને નહોતી લીધી, છતાં તેમનાથી હજારો લોક વૈષ્ણવ થતા ને સંપ્રદાય તેમનાથી દીપતો ને ફેલાતો. જ્યારે મોટી મોટી શાસ્ત્રીય પરીક્ષાના પદવી ધરો મંથન કરે પણ, સ્વાનુભાવ વગરની સ્વાદ વગર વાણીની અસર કેમ થાય ? વાણીમાં પણ ચમત્કાર છે, અને બોલનારના અનુભવ પ્રમાણે ચમત્કાર છે. શાસ્ત્રીય પરીક્ષાની પદવીઓ તો માથાકુટથી કે પ્રયત્નથી મળે, જેમ લૌકિક વિદ્યાઓ માથાકુટે ભણાય છે તેમ શાસ્ત્રીય વિદ્યાઓ કે ધર્મના ગ્રંથોને ટીકાઓ પણ મહેનતથી ભણી શકાય પણ અનુભવ કે રસ કયાં ? આથીજ દયારામભાઈ કહે છે કે, 'મુખ લગી ધૃત ભર્યું' તદપિ સ્વાદ ન જાણે બરણી" આથીજ આપણો માર્ગ ભગવદીય દ્વારનો છે, એમ શ્રીગોકુલેશ આજ્ઞા કરે છે. સર્ટીફિકેટ વર્તન ઉપરથી અપાય તો તે સાચું સર્ટીફિકેટ છે અને તે પણ પ્રભુજ આપી શકે. હૃદયનો પ્રેમ અને હૃદયશીલતાએ પ્રભુની કૃપા વડેજ સાધ્ય છે વસ્તુ આચરણ પણ લૌકિક વૃત્તિએ મુશ્કેલ છતાં ભગવદીયને તો સાધારણ છે, જે હંમેશા સાચુંજ બોલે છે તેને સાચું બોલવામાં તકલીફ નથી પડતી, સ્વભાવજ તેવો બને છે, પણ જે વારંવાર જુઠું જ બોલે છે તેને સાચું બોલવું એ મહામુશ્કેલ થઈ પડે છે. જીવની પ્રકૃતિ પ્રમાણે સહેલાઈ કે મુશ્કેલીછે સાચાને જુઠું બોલવું એ હિમાલય તોળવા બરાબર છે. યુધિષ્ઠિરને "નરો વા કુંજરો વા" કહેવરાવતાં કેટલી મુશ્કેલી નહી હતી ? આમ જે પ્રેમી છે તેને કોઈના દોષો જોતાકે નિંદા કરતાં તેટલીજ મુશ્કેલી પડે છે. હંસ હોંસ હોંસે મોતી ચરે છે; પણ કાગડાને ચરતાં આવડેજ નહિ. આમ દરેક બાબતમાં સમજીલેવું.

### ※ પ્રસંગ ૧૯૮ ※

**પ્રભુમાં તદ્રુપ રહેવું એજ અપરસ :–** એકવાર શ્રીઠાકુરદ્વારમાં અન્નકુટનું જળ ભરવા કહયું પોતે શ્રીમુખે કહયું કે સર્વ વૈષ્ણવ જળ ભરો તમારા ભાગ્ય છે. એવા વચન કહી પ્રશંસા કરીને આજ્ઞા આપી કે અધિકારીની અપરસનું જળ ભરો ત્યારે કૃષ્ણજીભાઈ

નાગરે વિનતી કીધી કે સ્ત્રીજન સર્વે આભૂષણ પહેરી પહેરીને જાઓ, તમને જોઈને સર્વે નાશી જશે. કોઈ તમારી પાસે આવશે નહિ. ત્યારે વળી વિનતી કરી કે જળ નાહિને અપરસમાં ભરીએ કે એમને એમ ભરીએ ? આ સાંભળી શ્રીમુખે કહ્યું કે જે કોઈ શ્રીગુસાંઇજીના માર્ગમાં શરણે છે, તે સદા અપરસમાં છે. તમે ન્હાયાજ છો. જાઓ જળ ભરો.

**વિવેચન**-ભક્તોને શ્રીગોકુલેશ અપરસનું જળ ભરવાનું કહે છે ત્યારે આભૂષણ પહેરેલા હોવાથી અને અપરસ ન હોવાથી વૈષ્ણવ શંકા કરે છે. શ્રીગોકુલેશને જાણવા છતાં આ પ્રશ્ન એ શ્રીગોકુલેશના સ્વરૂપની આજ્ઞાનું ઇશ્વરત્વ ન સમજવા જેવી વાત છે. ભક્ત પ્રભુની સેવામાં પ્રવૃત્ત થાય, ત્યારે તેને કોઇ ઉપદ્રવ કરી શકે નહિ. માત્ર ઉત્સાહ ને પ્રભુના સામર્થ્ય પર શ્રદ્ધા જોઈએ. વળી અપરસ એટલે શું ? અપરસ એટલે આપનો રસ, મતલબ કે જે ભગવદીય સદા ભગવદ્રસમાં મસ્ત હોય, તે સદાજ સદા અપરસમાં છે. જીવનું ચિત્ત જ્યારે પ્રભુમાંથી નીકળે, ત્યારે તે છોવાઈ જાય છે. જે ભગવદીય સદાજ સદા ચિત્ત પ્રભુમાં પરોવેલું રાખે તે સદા અપરસમાંજ છે. વળી જેણે સાચું શરણ સ્વીકાર્યું છે, તેને કોઈપણ વખત છોવાવાપણું નથી. જીવ મમતાથી કે અભિમાનથી છોવાય છે. આ ભગવદીયોને તો શ્રીગોકુલેશ સિવાય બીજામાં પ્રીતિ નથી. પ્રભુના સ્વરૂપમાં પ્રીતિ સિવાય બીજું અભિમાન નથી, તેમનું જીવન સેવામયજ છે ॥ चेतस्त त्प्रवणं सेवा ॥ લીલાત્મક પૂર્ણ પુરુષોત્તમમાં ચિત્તનું બરાબર પરોવાઇ જવું તે સેવા. આવી સ્થિતિ શ્રીગોકુલેશ પોતાના સેવકોની જાણે છે. તેથી પ્રમેય બલ વડે પોતે આજ્ઞા કરે છે. શ્રીગોકુલેશની દ્દષ્ટિજ એવી ચમત્કારી હતી, કે જેના પર પડે તેને પ્રભુમાં આસક્ત કરે, પછી તે ભગવદીયને અપરસ સંબંધી નિયમો કશાજ ન નડે. પ્રીત કદીજ છોવાઇ નહિ.

## * પ્રસંગ-૧૯૯ *

### પ્રેમમાં તકલીફ નથી પણ સ્વાદ છે :

એકવાર પંચોળીએ વિનતી કરી કે મહારાજ, જે કોઇ વૈષ્ણવને લેવરાવે તેનું તો ભલું થાય, પણ લે છે તેનું શું ? ત્યારે શ્રીમુખે કહ્યું કે લે છે તેનું પણ ભલું છે. એકનું ભલુ છે. વળી લેવરાવે છે તેનું પણ ભલું છે. આ સાંભળી વળી પુછ્યું કે મહારાજ, લેવરાવે છે, તેનું તો ભલું છે, પણ લે છે તેનું શું ભલું છે ? ત્યારે શ્રીમુખે કહ્યું કે પંચોળી સાંભળો. લેવરાવે છે, તેનું તો ભલું છે, કોઇ ભગવદીયને ઘેર ઠાકોરજી સ્નેહ કરી આરોગે છે તેમાંથી પ્રસાદીની કણિકા જો મળે તો લેનારનું શું બુરૂં થાય ? શ્રીઠાકોરજીના પ્રસાદની કણિકા લે તેનું પણ ભલુંજ થાય અને લેવરાવે તેનું પણ ભલું થાય. પછી પંચોળીએ પૂછ્યું; કે રાજ, કોઈ ભગવદીયને શ્રમ કરાવે છે ત્યારે આપશ્રીએ કહ્યું કે તમારી પણ સ્ત્રી તો ભગવદીય છે, તેની પાસે તમે કેમ શ્રમ કરાવો છો ?

**વિવેચન**-વૈષ્ણવ વૈષ્ણવને ઘેર પધારે, તેમાં સત્સંગ અને સ્નેહ સિવાય બીજો હેતુ નથી. અહીં મહાપ્રસાદ લેવરાવે તેનું ભલું છે, પણ લે તેનું શું હિત ? એવો પ્રશ્ન છે. ભગવત્પ્રસાદી અલૌકિક વસ્તુ છે. એ અલૌકિક વસ્તુ લેવાથી અલૌકિકત્વની પ્રાપ્તિ છે. જે જે વસ્તુઓ શ્રીઠાકોરજીની સેવામાં આવે છે. તે બધી લીલા પરત્વેની એટલે અલૌકિક સામગ્રી છે. જે લીલાત્મક સામગ્રી જે ભગવદીય દ્વારા અંગીકાર હોય એજ ભગવદીદ્વારા તે તે પ્રભુ પાસે અંગીકારમાં

આવે છે. જેમ વૈષ્ણવો એ લીલા સંબંધી છે, તેમ અન્ય વસ્તુઓ પણ પ્રભુ અંગીકાર કરે છે તે લીલા સંબંધી છે. આ ભક્તિમાર્ગમાં આમ સર્વ સ્થાને જડ કે ચૈતન્ય ગમે તે વસ્તુ પ્રભુના સંબંધવાળી હોય વિખુટી પડી હોય તેને પ્રભુનો સંબંધ કરાવવામાં આવે છે. કોઈપણ વસ્તુ પ્રભુ પાસે પધારે છે, ત્યાં તેને બ્રહ્મસંબંધ થાય છે. પછી તે વસ્તુ જેના સંબંધની હોય; તે તેનો ઉપયોગ કરે છે. જે વસ્તુ જેના દ્વારા અંગીકાર થવાની હોય તેના દ્વારા પ્રભુને અંગીકાર થાય છે. પછી તે સામગ્રી મહાપ્રસાદ જેના સંબંધવાળી હોય તે તેનો ઉપયોગ કરે છે. તો પોતાના સંબંધવાળી વસ્તુ વૈષ્ણવને પ્રાપ્ત થાય તેમાં તેનું હિતજ છે. શ્રીઠાકોરજીની સેવામાં આપણે જે જે સામગ્રી ધરાવીએ છીએ. તે બધી લીલાની સામગ્રી છે. ને ત્યાં તેને બ્રહ્મસંબંધ આપણે કરાવીએ છીએ. આથી ત્યાં મંત્ર પણ બ્રહ્મસંબંધનોજ બોલાય છે. આ કારણથીજ આપણો માર્ગ ભગવદીય દ્વારાનો કહેવાય છે. ભગવદીયોજ પ્રભુની લીલાત્મક સામગ્રી પ્રભુ પાસે લાવી રજુ કરે છે, આથી ભગવદીય પર પ્રભુ પણ પ્રસન્ન થાય છે, અને સામગ્રી પણ આશીર્વાદ દે છે. હવે તકલીફ વાત વિચારીએ. ભગવદીય વૈષ્ણવની કે અન્ય ભગવત્સંબંધી સામગ્રીની ટેલ કરે; તેમાં તકલીફ નહિ પણ ઉલટો આનંદ છે. જ્યાં પ્રેમ છે ત્યાં તકલીફ નથી, કોઈ કામ ગમે તેટલું મુશ્કેલ હોય, પણ પ્રેમથી કરવામાં તે સરળ બની જાય છે. વળી તેમાં આનંદ પણ બહુ આવે છે. એક લૌકિક દાખલોજ લઈએ. સ્ત્રી પોતાના પતિને લીધે ઘણીવાર મૃત્યુ સમ સંકટ વેઠે છે. છતાં તેને પતિપર કદી અભાવ આવતો નથી, તેનું કારણ પતિ પરનો પ્રેમ છે. જો લૌકિક આમ છે, તો અલૌકિકની તો વાતજ શી ? પતિ પરના પ્રેમને લીધે સ્ત્રી વારંવાર એવા સંકટ અનુભવે છે, છતાં પતિ પત્નીનો પ્રેમ લગાર પણ કમી નથી થતો. તો અલૌકિકમાં તો પ્રભુની શ્રીગુરૂદેવની કે વૈષ્ણવની યોગ્ય ટેલ કરવામાં તકલીફનો વિચાર કેમ આવે ? ઉલટું ટેલ ન મળે તો દુઃખ થાય, કારણ કે ભક્ત તો સેવાને માટે સરજાયો છે. પુષ્ટિ પ્રવાહ મર્યાદા ભેદ ગ્રંથમાં પુષ્ટિસૃષ્ટિ સેવાને માટે છે એમ શ્રીમહાપ્રભુજી કહે છે, તો જે સેવા માટે હોય, તેને સેવામાં તકલીફ શાની ? આંખો જુએ છે, કાન સાંભળે છે, તેને જોવામાં સાંભળવામાં તકલીફ નથી પડતી, પણ આનંદ આવે છે, તેમ જે જેનો ધર્મ છે તે બજાવવામાં તેને આનંદ આવે છે. આંખને ન જોવા દેવામાંજ દુઃખ છે. માટે તકલીફનો કે ઉત્સાહનો આધાર પ્રેમ ઉપર છે.

### * પ્રસંગ–૨૦૦ *

થોડું કરવું, પણ પ્રેમથી કરવું. એક વાર શ્રીમુખે આપશ્રીએ કહ્યું કે થોડું હોય પણ સાચું હોય તો બહુજ કામમાં આવે. ત્યારે દૃષ્ટાંત કહ્યું કે અરણ્યમાં પલ્લવ (તલાવડી) હોય, તેમાં થોડું પણ જળ હોય, અને કોઈ મુસાફર જળથી તરસ્યો શ્રમિત આવે તો તે જળ જોઈ પાન કરે તો તેને તે સ્વાતિ બરાબર થાય. અને મૃગ જળ હોય અને તે જુઠું જળ બહુ દેખાય છે. અને કોઈ તેની આશા કરીને જાય તો બહુ શ્રમ થાય અને ક્લેશ પામે. આ દૃષ્ટાંત આપ્યું.

**વિવેચન**–આ પ્રસંગમાં શ્રીગોકુલેશ કહે કે થોડું બને પણ પ્રેમથી બને તે ફળરૂપ છે, ખૂબ કરે છે, એવું દેખાય, પણ પ્રેમ ન

હોય તો તે મુજબ મૃગજળ સમાન છે, જેમ ખાબોચીયામાં થોડું જળ હોય પણ તે પીવાથી શાંતિ થાય છે, તેમ જે બને તે પ્રેમ અને આર્તિ પૂર્વક થાય તો તેથી પ્રભુને પણ સંતોષ થાય છે, જીવને પણ આનંદ થાય છે. મૃગજળ મોટો સમુદ્ર હોય એવું દેખાય, પણ કશાજ કામનું નહિ આમ જાણે ઉપલક ક્રિયા બહુજ દેખાય, પણ આર્તિ કે સ્નેહ નહિ તેનું ફળ કંઇજ નથી. પ્રેમ એ ભકત અને ભગવાન વચ્ચેનો દૂત છે તે દેવ છે. થોડું કરે, પણ પ્રેમને સાક્ષી રાખીને કરે, તો પ્રેમદેવ તે પ્રભુને પહોંચાડે છે. ખૂબ કરે પણ પ્રેમદેવ જે પ્રભુને પહોંચાડનાર તે હાજર ન હોય તો પ્રભુ જાણે શી રીતે? જ્યાં જુઓ ત્યાં પ્રેમનીજ મહત્તા. જાણે પ્રેમદેવજ ચૌદ લોકનો રાજા હોય અરે પ્રભુનો પણ પ્રભુ પ્રેમ છે. તેથી પ્રભુ પ્રેમને શરણે રહે છે. વાત બહુ સૂક્ષ્મ છે, પણ પ્રત્યક્ષ પ્રમાણ જેવી છે.

※ પ્રસંગ–૨૦૧ ※

**ગુણ પ્રથમ અને પછી અભિલાષા:–** એક વાર વ્યારાવાળા ગોપાળદાસ વૈષ્ણવ શ્રીગોકુલેશને પ્રશ્ન પૂછયો કે સ્નેહીને પ્રીતના ગુણ દહે છે કે પોતાની અભિલાષા દહે છે, ત્યારે ગોકુલેશે આજ્ઞા કરી કે ગુણ દહે છે, ગુણની પછી અભિલાષા. જો ગુણ ન હોય તો અભિલાષા શાની? જે વસ્તુ જાણીને પ્રીતમ સાથે અંતઃકરણ અટકયું હોય તે ગુણ થયો.

**વિવેચન**–દહવું એટલે વિયોગની અગ્નિ-જવાળા પ્રકટવી તે. વિપ્રયોગ દહન કરે છે તેનું કારણ ગુણ છે. ગુણ **એટલે જેને લીધે પ્રિય પર હૃદય ચોંટી પડયું હોય તેવી સદુપાધિ.** ગુણ વગર અભિલાષા એટલે મળવાની ઇચ્છા થતી નથી. પ્રથમ તો એક પ્રકારની બે વસ્તુ હોય તો ગુણ એક પ્રકારના હોય. એક પ્રકારના ગુણજાતનો પુરાવો એ કે બેઉના વિચાર, વાણી સર્વ એકજ પ્રકારનાં હોય. અભિલાષા પણ બેઉને એકજ પ્રકારની સાથે પ્રકટે. આત્મિક પ્રેમમાં આજ ચમત્કાર છે. જે વખતે ભકતનેપ્રભુને મળવાની આર્થિકે અભિલાષા થાય છે તેજ વખતેભકતને મળવાનીપ્રભુને અભિલાષા ઉદ્ભવે છે. આનું કારણ એ છે કે ભક્ત અને ભગવાન સમાનશીલ છે. ભક્તની ઉત્પત્તિ પ્રભુના શ્રી અંગમાંથી છે, એટલે પ્રભુમાં ને ભક્તમાં એકજ પ્રકારના ગુણ હોય; એ સ્વાભાવિક છે. તાદૃશી એટલે શું? તત્ એટલે ઇશ્વર, દશી એટલે દેખાય. જે પ્રભુના જેવા ગુણવાળો માલમ પડે, તે તાદશી.

૦ પ્રસંગ–૨૦૨ ૦

**પ્રેમીને પ્રિયનો વિયોગ એ મૃત્યુ સમાન છે:**–શ્રીમુખે અંતરાયનો પ્રકાર કહયો. સન્મુખ જોતાં નિમેષ, ગાઢ આલિંગનમાં હાથ શિથિલ થાય તે, અને એક શય્યાએ સૂતાં નિદ્રાની પલક લાગે એટલી અંતરાયની સૂક્ષ્મતા. આ ત્રણે પ્રકારના અંતરાય તે અંતરાય. આથી જો અધિક અંતરાય તે તો મૃત્યુ છે, અંતરાય નહિં.

**વિવેચન**–ભગવદ્રસિક જેને પ્રભુનો સાનુભાવ છે, તેને માટેનો આ પ્રસંગ છે, ભક્ત અને ભગવાન એ બેની એકતાનો અનુભવ આમાં છે. વ્રજભકતો આથી બ્રહ્માને જડ કહે છે, કારણ કે **પ્રભુની અનહદ** સુંદરતા ચાખવા રૂંવે રૂંવે ચક્ષુઓ જોઇએ. તેને બદલે બેજ ચક્ષુઓ કરી અને વળી બે ચક્ષુ સદાજ સદા પ્રભુને નિરખે, તો તૃપ્તિ થાય, પણ આંખ ઉપર વળી પલક બનાવી. જો બ્રહ્માને પ્રેમનું ભાન હોત તો આવું ન કરત. આથી વ્રજભકતો બ્રહ્માને જડ કહે છે.

દિવસે પ્રભુ ગાયો ચારવા પધારે ત્યારે ભક્તોને વિયોગ થાય છે, આથી વ્રજભક્તો સૂર્યને પણ ઉપાલંભ આપે છે, ને કહે છેકે તને જો સ્નેહની ખબર હોત તો તું જલદી અજવાળું ન કરત પણ અમારા ને પ્રભુના પ્રેમની તું સવડ સાચવત. આથી ભાગવદીયો ગાય છે કે 'દિવસ ભયો કરોત' મતલબ કે ભક્ત અને ભગવાન તદ્રુપ થઈને ખેલતા હતા, તેમાં દિવસ કરવત થયો. કરવત જેમ એકના બે કરે છે, તેમ સૂર્યે પ્રભુનો ને ભક્તનો વિયોગ કરાવ્યો. આ વાત અગાધ પ્રેમની છે. પ્રેમીને પ્રેમીનો વિયોગ એજ મૃત્યુ છે.

### ० પ્રસંગ-૨૦૩ ०

**અનુભવીની દશા** :—એકવાર શ્રીમુખે કહ્યું કે ભૂમિ ઉપર વહ્નિ મુકી છે તેથી ભૂમિ ગરમ થાય છે તો જે ભૂમિ ઉપર વહ્નિ રહેતી હશે; તેનો શો પ્રકાર [દશા] હશે ? તેમ જેના હૃદયમાં શ્રી પ્રભુજીનો આવિર્ભાવ માત્ર થતાં તપ્તાત્મા થાય છે તો તેના હૃદય વિષે સ્થિત હશે તેનો શો પ્રકાર [દશા] રહેતો હશે ?

**વિવેચન**-પ્રથમ વિરહની વાત છે. વિરહના બે પ્રકાર ધર્મ વિરહ અને ધર્મી વિરહ. ધર્મ વિરહ થોડીવાર પ્રિય માટે કલ્પાંત કરી શાંત પડે, પણ ધર્મી વિરહ તો પોતાના પ્રિય પધારે તોજ શાંત પડે, પ્રાણ જવા સુધીની સ્થિતિ થાય. આ વિરહાગ્નિના દુઃખનો પાર નથી, જે અનહદ આસક્ત છે, તેના હૃદયમાં પ્રભુ સદાજ સદા સ્થિત છે. તે સદા આનંદના સાગરમાંજ વિહાર કરે છે. રસાત્મક પૂર્ણ પુરુષોત્તમ સદાજ પરમ રસિક ભક્તોના હૃદયમાં સ્થિતિ રહે છે. જે ભક્તના હૃદયમાં પ્રભુ બિરાજે તે કેવા હોય તે વૈષ્ણવ બાલશિક્ષા ભા-૫ માના ૩૮માં પાઠમાં અને લગ્નગીત સાગરના પ્રભુ કોની પાસેથી જડે' તે વિષેના ધોળમાં બતાવ્યું છે, ત્યાં જોવું.

### ० પ્રસંગ-૨૦૪ ०

**શ્રીગોસ્વામી બાળકોનું સામર્થ્ય** :એકવાર શ્રીગોકુલેશ નાહીને ચોકમાં સંધ્યા વંદન કરતાં હતાં ત્યાં વૈષ્ણવો ચારે પાસ બેઠા હતા. તેમાં એક તરફ વાત કરતા હતા, તે આપશ્રીએ સાંભળી. આ વખતે પૂછ્યું કે શી વાત કરો છો? ત્યારે વૈષ્ણવે વિનતિ કરી કે મહારાજ, વાત કરીએ છીએ કે બાળક દ્વારા નામ પામે છે, ને પામ્યા છે. તેનો અંગીકાર કોને હાથે છે. ત્યારે શ્રીમુખે આજ્ઞા કરી તેમનો અંગીકાર શ્રીઆચાર્યજીને હાથે છે. તે કરશે તેમાં સંદેહ નહિ. બીજું શ્રીગોવર્ધનનાથજીએ આજ્ઞા કરી કે જેનો તમે હાથ પકડશો તેને હું છોડીશ નહિ.

**વિવેચન** :—શ્રીગોકુલેશના સેવકો શ્રીગોકુલેશમાં ખુબ આસક્ત છે, તેથી તેમને તો મનમાં એમજ છે કે જે શ્રીગોકુલેશને શરણે જાય, તેનો શ્રીનાથજી અંગીકાર કરે છે. તો અન્ય બાળકોને શરણે જાય તેનો અંગીકારનો પ્રકાર શો હશે ? એવી વાતો કરે છે. આ વાત સાંભળી શ્રીગોકુલેશ તેનો નિર્ણય આપે છે કે બ્રહ્મસંબંધ ગમે તેને હાથે કરો, પણ તેનો ઉદ્ધાર છે, છે, ને છેજ—જેણે બ્રહ્મસંબંધ કર્યું છે, તેનો અંગીકાર શ્રીમહાપ્રભુજીને હાથે છે. વળી શ્રીગોવર્ધનનાથજીએ શ્રીમહાપ્રભુજીને શ્રીમુખે કહ્યું છે કે જેને બ્રહ્મસંબંધ થશે. તેને હું કદી છોડીશ નહિ. રામદાસજીનો ત્યાગ કરવો છતાં શ્રીઠાકોરજી રામદાસજીની જલેબી આરોગ્યા. જ્યારે શ્રીઠાકોરજીને પૂછ્યું, ત્યારે આપે કહ્યું કે જેને બ્રહ્મસંબંધ થશે તેને હું કદીજ નહિ છોડું. આ ઉપરથી જે વલ્લભકુળ દ્વારા શરણ સ્વીકારે છે, તેનો અંગીકાર પ્રભુ ખાસ કરે છે, કોઈ કહેશે કે એ તો શ્રીનાથજીએ શ્રીમહાપ્રભુજી દ્વારા બ્રહ્મસંબંધ થાય, તેનોજ અંગીકાર છે એમ કહ્યું છે તો તેનો જવાબ

એ છે કે અત્યારે વલ્લભકુળ બ્રહ્મસંબંધ આપે છે તે શ્રીમહાપ્રભુજી દ્વારાજ છે. પ્રભુમાં સ્નેહ હોય અને ઉંચો સત્સંગ હોય તો આ વાતની ખબર પડે. વળી શ્રીમહાપ્રભુજીને લગ્નની આજ્ઞા પણ એટલાજ માટે કરી હતીકે શ્રીમહાપ્રભુજીના વંશ દ્વારા જીવોનો અંગીકાર થાય. આ વાત જે લીલા સંબંધી જીવો છે, તેનાજ અનુભવની છે, અન્યને માટે નથી કારણ કે પ્રભુના સંબંધવાળા જીવોજ પ્રભુના સ્વરૂપને અન્ય ગૂઢ બાબતોને સમજી શકે છે જેને પ્રભુની આજ્ઞા પરત્વેજ શ્રદ્ધા નથી, તેમને તો આ વાતમાં આનંદ કે સ્વાદજ નથી. તેથી સને તે માનેકે ન માને તેનો પ્રશ્નજ નથી. બીજી વાત આ પ્રસંગની એ છે કે શ્રીગોકુલેશના સેવકોની શ્રીગોકુલેશમાં અનહદ આસક્તિએ અત્યંત વખાણવા જોગ છે પણ આ આસક્તિમાં તેઓ અનન્યતાનું વિપરીત બોલે તો, તે પ્રસંશનીય નથી, અનન્યતાનું લક્ષણ એ પોતાના પ્રિયને સર્વથી અધિક માને પણ બીજાને હલકા ન ગણે. કે બીજાની નિંદા ન કરે બીજાની નિંદા કરવાથી રસાભાસ થાય છે. જો અનન્યતા હોય તો પોતાના પ્રિય કરતાં કોઇ બીજો કોઇ છે. તેની એ જીવને ખબર ન રહે. આમ શ્રીગોકુલેશના સેવકોએ એમજ જાણવું જોઇએ કે આ અન્ય બાલકો બ્રહ્મસંબંધ કરાવે છે, તે પણ શ્રીગોકુલેશ તેમના હૃદયમાં બિરાજીને અંગીકાર કરે છે, એમજ જાણે, આજ ખરી અનન્યતા છે. કોઇ વૈષ્ણવ એમ કહે કે હું ફલાણા દેવને નથી માનતો, એમ કહેવું એ પણ ઠીક નથી. ખરો વૈષ્ણવ એવું કોઈ પુછે તો ચૂપજ રહે. ત્યાં આગળ એમજ કહે કે "યો યદંશઃ સતં ભજેત્" કેટલીકવાર બીજાની લાગણી ન દુખાય માટે કળાથી પણ કાર્ય કરવું પડે છે. આવે વખતે ચર્ચામાં ઉતરવાથી વિવાદ વધે છે, ને ઉલટું કેટલીકવાર એક બીજાને ખેદ ઉત્પન્ન થાય છે. માટે ભગવદીયે પોતાની અનન્યતા સાચવવી. અને અનન્યતા સાચવવાના બહાના નીચે બીજાનો તિરસ્કાર ન થાય ને લાગણી ન દુખાય તેની પણ સાવચેતી રાખવી જોઇએ.

### ० પ્રસંગ–૨૦૫ ०

### જેનો જેમાં પ્રેમ તેની તેવીજ ગતિઃ–

એકવાર શ્રીગોકુલેશ જલગરામાં બિરાજ્યા હતા. રાજભોગનો સમય છે, તે વખતે એક ક્ષત્રી પરદેશી નવો આવ્યો. તે તરતજ માંહેથી પૂછતો આવ્યો કે શ્રીગોકુલનું ઘર કયાં છે? ત્યારે કોઇએ સમજાવ્યું કે કોને પૂછો છો, શ્રીગોકુલનાથજીને પૂછો છો? તેણે કહ્યું કે હાં, મારે દીક્ષા લેવી છે. આ વખતે આપશ્રી પાસેથી દીક્ષા લઇ ગયો, તેને નામ કહ્યું. પછીડેરે જઈને પોતાની સ્રીને લાવ્યો અને બોલ્યો કે આને નામ પમાડો એટલે તેને નામ પમાડ્યું. પણ તે સ્રીને મોઢે નાગ ચડે નહિ. શ્રીમુખે કહ્યું કે તેં શું નામ ગ્રહણ કર્યું? તેણે કહ્યું કે મને આવડતું નથી. ત્યારે આપશ્રીએ કહ્યું કે તારા ધણી પાસેથી શીખી લેજે, ત્યારે તેણે કહ્યું કે આપજ શીખવો. ત્યારે પોતે શીખવવા લાગ્યા. પણ તેને મોઢે ચઢે નહિ. પછી તેને પૂછ્યું કે તને મારૂં નામ આવડે છે? ત્યારે તેણે કહ્યું કે હા. આવડે છે ત્યારે પૂછ્યું કે કહો ત્યારે તેણે કહ્યું કે શ્રીગોકુલનાથજી. ત્યારે આપશ્રીએ કહ્યું કે જા એ નામ લેજે.

**વિવેચન**–આ પ્રસંગ બહુજ વિચારવા જેવો છે. જે જેમાં આસક્ત છે, તેની ગતિ તેને પ્રાપ્ત થાય છે. શ્રીગોકુલેશમાં ચિત્ત રાખવાથી શ્રીગોકુલેશની ગતિ એજ શ્રીગોકુલેશાસક્તની ગતિ, ભક્તિમાર્ગની આજ વિશાળતા છે, પ્રભુના સંબંધવાળી કોઇ પણ વસ્તુમાં અનહદ પ્રેમ તેજ મહાન વસ્તુ છે. જો કોઈની આજે ચોરાસી, બસોબાવનમાંના કોઇ વૈષ્ણવમાં પ્રીતિ હોય તો તે વૈષ્ણવની જે

સ્થિતિ થઈ હોય તેજ સ્થિતિ હાલના આસકતની પણ થાય. જેની સૂરદાસમાં આસકિત તેની સૂરદાસજીના જેવી ગતિ થાય તો અહીં આ સ્ત્રીની જો શ્રીગોકુલેશમાં આસકિત થાય તો તેનો ઉદ્ધાર થાય એમાં તો નવાઈજ શી ? આજે પણ કોઈ તાદૃશી વૈષ્ણવમાં કોઈની પ્રીતિ હોય તો તે સ્થિતિ પ્રભુ પરજ છે, એમ જાણવું. શ્રીહરિમાં શ્રીગુરૂદેવમાં અથવા કોઈ તાદૃશી ભગવદીયમાં અનહદ પ્રીતિ વગર સંપ્રદાયનું સ્વરૂપ અથવા પ્રભુનું સ્વરૂપ સમજાતું નથી.

૦ પ્રસંગ-૨૦૬ ૦

**પ્રભુની પ્રસન્નતાનું કારણ પ્રભુ પણ જાણતા નથી** :– એક વાર શ્રીગોકુલનાથજીને કોઈ એ પૂછયું કે મહારાજ શ્રીઠાકુરજી પ્રસન્ન કેમ થાય ? ત્યારે શ્રીમુખે કહ્યું કે શ્રીઠાકોરજીની પ્રસન્નતાનું કારણ શ્રીઠાકોરજી પણ જાણતા નથી કે હું કેવી રીતે પ્રસન્ન થઈશ. જેમ કોઈ બાળક છે અને રડે છે, તેની પાસે આભૂષણ લાવી મુકીએ, પણ જુએ ને ફેંકી દે પછી રડે, બહુ કીંમતી ચીજ રત્નજડાવની પાસે લાવીએ, તે પણ હાથમાં લઈને ફેંકી દે પછી પણ છાનો રહે નહિ. તેને ગોદમાં લઈને એક કમાડની પાસે જઈ તેની સાંકળ ખખડાવીએ તે સાંભળીને ખડખડ હસીને પ્રસન્ન થાય. હવે શું બાળક પહેલેથી જ જાણતો હતો કે હું સાંકળ ખખડાવવાથી પ્રસન્ન થઈશ ? તેમજ શ્રીઠાકુરજીની પ્રસન્નતાનું કારણ શ્રીઠાકોરજી પણ જાણતા નથી કે હું શી રીતે પ્રસન્ન થઈશ ?

**વિવેચન**—પ્રભુની પ્રસન્નતાનું કારણ પ્રભુ પણ જાણતા નથી, કારણ કે કોઈ એવી પળ સચવાઈ જાય તો પ્રભુ પ્રસન્ન થઈ જાય, મહાપ્રભુજીએ એમ નહોતા જાણતાં, કે કૃષ્ણદાસ મેઘન ધાનામુરમુર લાવશે, ને હું પ્રસન્ન થઈને વરદાન આપીશ. વરદાન મળવાનું હોય ત્યારે પ્રભુની પણ મરજી તેવીજ સાચવવાનું સુઝે છે, બાળકની પ્રકૃતિ જાણે, તે એમ જાણે કે હીરા મોતીથી બાળક પ્રસન્ન ન થતાં સાંકળ ખખડાવવાથી પ્રસન્ન થઈ ચુપ રહેશે આમ પ્રભુની પ્રકૃતિને જાણનાર એમ જાણે છે કે આમ કરવાથી પ્રભુ પ્રસન્ન થાય છે. પ્રભુ પ્રેમ વડેજ પ્રસન્ન થાય છે, પ્રેમમાં ભકત વિપરીત કરે તે પણ પ્રભુને વહાલું લાગે છે જેમકે વિદુર પત્ની પ્રભુ પધાર્યા તે વખતે નહાતાં હતાં. પ્રભુ પધાર્યા કે કપડા પહેરવાનું પણ ભાન ન રહ્યું, આથી પ્રભુ પ્રસન્ન થઇ ગયા ને પછી નીચું જોઇ કપડાં પહેરવાનું કહયું. વિદુર પત્નીએ કેળાં આરોગતાં પ્રભુના રૂપસાગરમાં ડુબીને તલ્લીન થવાથી ભાન ન રહેવાથી ખાવાનો કેળાનો ગર્ભ ફેંકી દીધો. ને પ્રભુને છાલ આરોગાવી, આમ છતાં પ્રેમને લીધે આમ થવાથી પ્રભુના આનંદનો પાર ન રહયો અને કેળાંની છાલમાં પ્રભુને બત્રીસાં મિષ્ટાન કરતાં પણ બહુ લહેજત આવી. આમ પ્રભુની પ્રસન્નતા પ્રેમ ઉપર છે, આ ચાવી જેના હાથમાં આવી જાય, તે પ્રભુને પ્રાપ્ત કરી ન્યાલ થઇ જાય.

૦ પ્રસંગ ૨૦૭ ૦

**વિપ્રયોગ એજ વૈરાગ** :–કેટલાક દિવસ વીરબાઇના સંગીઓ ઘણા વૈરાગે રહેતાં તે વાત શ્રીગોકુલેશ આગળ થઈ. અને વીરબાઇનું નામ દઈને કહયું, કે ફલાણા ફલાણા ઘી નથી ખાતાં, તેલ નથી લગાવતા, પાન નથી ખાતા બાજરી લે છે લુણ પણ નથી લેતાં મેલા વસ્ત્ર પહેરે છે આવું કહયું ત્યારે શ્રીમુખેથી ધીમેથી કહ્યું કે પછી કરવું જોઈએ, તે પ્રથમ કરે છે.

**વિવેચન**-વૈરાગ્યનું ખરૂં સ્વરૂપ વિપ્રયોગ છે વિપ્રયોગી એટલે વિરહી ભકતને પ્રભુમાં

તદ્રુપતા હોવાથી ખાવાનું, પીવાનું, ઓઢવાનું કે પાથરવાનું કશું ગમતું નથી. અરે તેનું ભાનજ નથી રહેતું. પોતાના પ્રિય વગર વૈભવ કોને રૂચે ? જેમ કોઈ સતી પતિના વિયોગમાં ત્યાગી જેવી રહે તેમ વિરહી ભક્ત પણ ત્યાગી જેવો રહે અને તેનો ત્યાગ સ્વભાવીક હોય. શ્રીગોકુલેશ આથીજ કહે છે કે જે દશા વિપ્રયોગી સ્થિતિમાં થાય; તે છેવટે થાય છે, તે સ્થિતિ વીરબાઈના સંગીઓ પ્રથમ અનુભવે છે. શ્રીમહાપ્રભુજી વિપ્રયોગાત્મક સ્વરૂપ છે માટે આપ તદ્દન ત્યાગ વૃત્તિમાંજ વિહરતા. એક ધોતી એક ઉપરણા ભેરજ રહેતા. આમ સાચો વૈરાગ તે વિપ્રયોગ છે. તેનો જીવને છેવટે એટલે સેવાની ફલ દશામાં અનુભવ થાય છે.

* પ્રસંગ-૨૦૮ *

**પ્રભુ સાધન સાધ્ય નથી પણ કૃપા-સાધ્ય છે:**-શ્રીગોકુલેશને પરમાનંદ જાનીએ વિનંતિ કરી કે શ્રીઠાકુરજી સેવા સાધ્ય કે કૃપા સાધ્ય. ત્યારે શ્રીમુખે કહયું કે ન ઠાકોરજી સેવા સાધ્ય કે ન સાધન સાધ્ય. શ્રી ઠાકોરજી કૃપા સાધ્ય છે.

**વિવેચન**-પ્રભુ સ્વતંત્ર છે. જો સાધન સાધ્ય કે સેવા સાધ્ય હોય તો પરાધીનતા આવે, ને પ્રભુની સ્વતંત્રતામાં બાધ આવે. પ્રભુ તો જેના પર કૃપા કરે તેનેજ મળે છે. વળી જીવનું એવું શું સાધન હોય ને એવી શી સેવા હોય કે પ્રભુ પ્રસન્ન થાય. અલબત સાધન કરે, સેવા કરે ને દીનતા રાખે તો પ્રભુ કૃપા કરે કોઈની આપણે ખૂબ ટેલ કરીએ છતાં દીનતાથી કહીએ કે મારાથી કશું નથી બનતું, તો તે ઉલટો જેમ બહુ પ્રસન્ન રહે છે તેમ પ્રભુની પણ સ્થિતિ અને સવડ પ્રમાણે પ્રેમપૂર્વક સેવા કરે, છતાં એમ જાણે કે મારાથી કશુંજ નથી બનતું. દીનતાજ પ્રભુની કૃપાનું મૂળ છે. માટે દીનતા રાખવી જોઈએ. જીવને પોતાની અધમતા અને પ્રભુનું ઐશ્વર્ય માલુમ પડે, ત્યારે જ દીનતા આવે કે કયાં પ્રભુ અને કયાં હું ?

० પ્રસંગ-૨૦૯ ०

**પ્રભુને જે કરવું હોય તે કરે, જીવે તો કર્તવ્ય નિષ્ઠ રહેવું:**-એકવાર એકશ્લોક કહીને ભાવ કહ્યો કે જીવને સાધન તો એક પણ નથી રહ્યું. શ્રીઠાકોરજીએ સર્વ કરી રાખ્યું છે ત્યારે પંચોળીએ પૂછયું કે રાજ, જીવને કંઈજ કરવું રહ્યું નથી ? ત્યારે શ્રીમુખે કહ્યું કે શ્રીઠાકોરજીનું કૃત્ય તો શ્રીઠાકોરજી કરશે. પણ જીવના કૃત્ય તો જો જીવ નહિ કરે, તો કોણ જીવનો બાપ કરશે ?

**વિવેચન**-જીવની પાસે એવું કોઈ સાધન રહ્યું નથી, કે જેથી પ્રભુ પ્રસન્ન થાય. આથી શ્રીમહાપ્રભુજી કૃષ્ણાશ્રયમાં કહે છે કે "સર્વ માર્ગે નષ્ટેષુ" મતલબ કે સર્વ ધર્મ માર્ગો નષ્ટ થયા છે. ત્યારે સાધન શું ? "કૃષ્ણ એવ ગતિર્મમ" શ્રીકૃષ્ણ એજ મારી ગતિ છે. જીવનું સાધન માત્ર શરણ છે. શરણે જવું એટલે નિઃસાધનતા આવવી. નિઃસાધનતા એટલે સાધન કરવા છતાં તે સાધનો વડે મને પ્રભુ મળશે, એવી મમતાનો ત્યાગ. જેમ મર્યાદામાં અમુક મુદત તપ કે નિયમ કરવાથી અમુક ફળ મળે; તેમ અહીં નથી. અહીં તો જીવ પોતાના સાધન કર્યા કરે, પણ તે તદ્દન નિષ્કામ વૃત્તિથી. અને નિષ્કામ વૃત્તિથી કરે એટલે પ્રભુજ તે નિષ્કામ કર્મનું ફળ બને. જીવે તદ્દન ત્યાગ વૃત્તિથી માત્ર સેવાની ભાવનાથી કર્તવ્ય કર્યા કરવું. પછી પ્રભુની ઈચ્છામાં આવે તે પ્રમાણે તે વર્તે લૌકિકમાં જેમ ગુમાસ્તો સાચો તેજ કહેવાય કે જે પગાર તરફ નજર ન કરતાં શેઠની પ્રસન્નતા પ્રમાણે કાર્ય

કરતો હોય. આવા ગુમાસ્તાની કદર પણ શેઠ કરેજ. જો લૌકિક શેઠ પણ જે સકામવૃત્તિથી કામ ન કરે તેની કદર કરે છે, તે અલૌકિક શેઠ જે ગુણનો નિધિ છે તે, ભગવદીયની ટેલને ન વિચારે એમ નજ બને. પણ પ્રભુ જીવનું હિત તો સદા વિચારી અલૌકિક હિત તરફ વધારે લક્ષ આપે છે, માટે જીવે તો સદા પ્રભુ સારૂ જ કરશે એમ વિચારી કર્તવ્યનિષ્ટ થવું.

* પ્રસંગ–૨૧૦ *

**અનન્ય શ્રદ્ધાળુને પ્રભુ દાન કરેજ કરે:** એકવાર કલ્યાણ ભટે વિનતિ કરી કે એક અમારા દેશનો દોહરો છે તેનો ભાવ એવો છે કે તું પ્રભુની કૃપાની ઇચ્છા રાખે તે કોણ ? તારૂં એજ કામ છે કે તું દ્વારે પડયો સડ. પછી શ્રીપ્રભુજી છે તે કૃપા કરો વા ન કરો. શ્રીમુખે કહ્યું કે ના, એવા અનન્ય જીવ પર કૃપા કરેજ કરે.

(**વિવેચન**—ગમે તેવી સ્થિતિ થાય, છતાં પ્રભુ પરની અડગ શ્રદ્ધા ન ખસે, તો ભૂ ભક્ત ઉપર કૃપા કરે કરે ને કરેજ. પ્રભુના દરબારના ગમે તેટલા ધક્કા ખાય છતાં મનમાં તે તરફ ઉલટું વધારે આદર થાય. પ્રભુનાં દર્શન કરવા જાય ત્યાં ઝાપટ વાગે તો એમ સમજે કે પ્રભુ કૃપા કરીને દોષોનું નિવારણ કરે છે. વૈષ્ણવ જો દર્શન કરતાં આગળ ધક્કા મારે તો એમ જાણે કે ભગવદીયો મને પ્રભુ પાસે જવાની પ્રેરણા કરે છે. અથવા પ્રભુ પાસે ધકેલે છે. આમ દરેકમાં ભક્તિ–ભાવની ઉત્તમ ભાવના કરે, છતાં પ્રભુની પાસે કશાની ઇચ્છા ન રાખે, માત્ર પ્રભુનાં દર્શન એજ ફળ માને. આવો જે અનહદ શ્રદ્ધાળુ ભક્ત તેના પર પ્રભુ કૃપા કરેજ. અનન્યતા સમાન પ્રભુને પ્રિય કોઈ પદાર્થ નથી. જે પ્રભુને અનન્ય છે, તેને પ્રભુ પણ અનન્ય છે. જેને પ્રભુ સિવાય બીજાની ખબર નથી તેના સિવાય બીજાની પ્રભુને પણ ખબર નથી, અનન્યતાની આજ દશા હોય છે, માટે પ્રભુ પર અનન્ય શ્રદ્ધા હોય તો સર્વ કાર્ય સિદ્ધ થયાં જાણવાં.

○ પ્રસંગ—૨૧૧ ○

**આજ્ઞાનું હાર્દ સમજીતે પ્રમાણે વર્તવું**- એકવાર શ્રીગોકુલેશ તેલ સજ્યાએ બિરાજ્યા હતા. ત્યાં શ્રીપાતે વિનતિ કરી કે આજ્ઞા હોય તો હું ચરણારવિંદે તેલ લગાવું. ત્યારે શ્રીમુખે કહ્યું કે ના રે ! શ્રીપાત તેલ કયાં લગાવે ? ત્યારે શ્રીપાતે વિનતિ કીધી કે રાજ, હું કૃતાર્થ કેમ થાઉં ? અને શું મને શ્રીપાતજ રાખશો ? ત્યારે શ્રીમુખે કહ્યું કે તું કૃતાર્થ તો થયો છે, હવે બાકી છે ? અમે શું કરીએ, તું જાતેજ શ્રીપાત બને છે. પછી તેલ લગાવ્યું. પછી એક દિવસ જળઘરામાં વિનતિ કરી કે રાજ સેવકને શું કર્તવ્ય ? ત્યારે શ્રીમુખે કહ્યું કે શ્રીપ્રભુજીની આજ્ઞા કર્તવ્ય. ત્યારે શ્રીપાતે કહ્યું કે રાજ, મેં તો આપની આજ્ઞા ભંગ કરી. ત્યારે પોતે પૂછ્યું કે કઈ ? ત્યારે તેણે કહ્યું કે તેલ લગાડવાની ના કહીને લગાવ્યું. ત્યારે આપે કહ્યું કે લૌકિક મર્યાદાના રક્ષણ માટે આજ્ઞા કરી તે આજ્ઞા નથી.

**વિવેચન**–પ્રભુના હૃદયનું હાર્દ સમજવું સહેલું નથી, વાણીનું સ્વરૂપ સમજીને તે પ્રમાણે વર્તે તે સેવક કહેવાય. જેમકે શ્રીઠાકોરજીએ ગોપીજનને પાછા જવાની આજ્ઞા રાસ સમયે કરી, પણ તે ન માની. તો કોઈ કહેશે કે પ્રભુની આજ્ઞાનો ભંગ થયો, પણ તેમ નથી. અહીં પ્રભુનું હૃદય રાસ રમાડવાનું હતું. માત્ર આર્તિ વધારી લૌકિક વૃત્તિનો તદ્દન નાશ કરવાજ તેમ કહ્યું હતું. જેમ

અંતરમાં પ્રભુ પર અનહદ પ્રીતી છતાં વ્રજભક્ત માન કરે છે, તેમ અહીં પણ સમજવું. કોઈ અયોગ્ય જીવ હોય ને સેવા પ્રત્યે વિપરીત ભાવ લાવે તો તેવે વખતે મર્યાદા માટે હા, ના કરવી પડે તેમ અહીં છે. આવે વખતે આજ્ઞાનું ઉલ્લંઘન કર્યું કહેવાય નહિ. વળી ગુજરાતમાં શ્રીપાત શબ્દ નાલાયક અથવા નકામા જીવને માટે વપરાય છે. કહેશે કે "મૂર્ખો શ્રીપાત જેવો છે" પણ જીવ નાલાયક છતાં પ્રભુને શરણે જાય અને ટેલ કરે. એટલે તેનું શ્રીપાતપણું નાશ પામે. શ્રીપાત એટલે વ્રજભક્તોએ જેનો તિરસ્કાર કર્યો છે એવો. પણ શ્રીગોકુલેશે અંગીકાર કર્યો એટલે શરણે લીધો, પછી તિરસ્કાર ક્યાં રહ્યો. પ્રભુના શરણથી અધમ જીવ પણ પ્રભુને યોગ્ય બને છે અરે! મહાન બની જાય છે.

## ૦ પ્રસંગ-૨૧૨ ૦

**અનુભવને પ્રમાણની જરૂર નથીઃ**— શ્રીપાતે વિનતી કરી કે બ્રહ્માંડ પુરાણના એક અધ્યાયમાં શ્રીગુસાંઈજીના પ્રાકટ્યનો પ્રકાર સર્વ લખ્યો છે, ત્યારે શ્રીગોકુલેશે કહ્યું કે ના અમારે ત્યાં નથી, ત્યારે શ્રીપાતે કહ્યું કે ગુજરાતમાં એ અધ્યાય છે ત્યારે શ્રીમુખે કહ્યું કે હોય તોય શું અને ના હોય તોય શું? જે વસ્તુ પ્રત્યક્ષ છે, તેને પ્રમાણની શી જરૂર?

**વિવેચન**—સાકર ગળી છે એવો જીભ પર મુકી અનુભવ લીધો, ત્યાર પછી તેને ફલાણા પુસ્તકમાં એમ લખ્યું છે કે સાકર ગળી છે; એવું જોવાની કે કહેવાની જરૂર નથી પણ જેને અનુભવ નથી તેને ત્યાં જોવાની જરૂર છે જેણે ચાખી છે તેને પછી લખાણ જોવાની શી જરૂર? આમ જે ભક્તોને શ્રીગુસાંઈજીએ પોતાની લીલાત્મક ઈશ્વરતાનો અનુભવ શ્રી ઠાકોરજી સમાન આપ્યો છે, તેને પછી પ્રભુત્વના અનુભવ માટે પુસ્તક જોવાનું ન હોય. સાચું પ્રમાણ અનુભવજ છે. કોઈ ગમે તેટલું માહાત્મ્ય પ્રભુનું બતાવે. પણ તે માહાત્મ્ય સ્વાનુભાવમાં ન આવે ત્યાં સુધી ખરી શ્રદ્ધા ચોંટતી નથી. સુણેલું વાંચેલું તો કદાચ ભુલાય, વા અશ્રદ્ધા પણ આવે, ખરૂં હશે કે ખોટું હશે, એવા તર્ક વિતર્ક પણ થાય. પણ જાતેજ અનુભવ્યા પછી કે સ્વાદ ચાખ્યા પછી એ સ્વાદ નથી ભુલતો પુષ્ટિમાર્ગ વૈભવનો છે. વૈભવ એટલે અનુભવ, મતલબ કે સાક્ષાત ચાખીને અનુભવ લેવાનો આ માર્ગ છે. માત્ર જીવની તેવા અનુભવ માટે તાલાવેલી જોઈએ. ખરી રીતે સ્વપ્ન વા પ્રત્યક્ષ અનુભવ વગર જીવની દશા બદલાતીજ નથી, આથી જ્ઞાનીની વાણીમાં ને અનુભવીની વાણીમાં ફેર હોય છે.

જ્ઞાનીઓની વાણી પુસ્તકોમાંથી મેળવેલી હોય છે, ત્યારે બીનઅનુભવી ભગવદીયોની વાણી અનુભવની હોય છે, આથી શાસ્ત્રીય વાણી કરતા અનુભવની વાણી વધારે અસર કરે છે.

## * પ્રસંગ-૨૧૩ *

**સત્સંગ મહાન વસ્તુ છેઃ**—શ્રીગોકુલેશને શ્રીપાતે વિનતી કીધી કે એકાકી ભગવદીય હોય તેણે શું કરવું? ત્યારે શ્રીમુખે કહ્યું કે પુષ્ટિમાર્ગીય ભગવદીય હોય તે સેવા કથા કરે અને ભગવદીયનો સંગ કરે. મર્યાદામાર્ગીય હોય તો ગંગાજીને તીરે રહે, અને શ્રીભાગવતનો પાઠ કરે. ત્યારે શ્રીપાતે કહ્યું કે રાજ, મર્યાદા તો હું જાણતો નથી. અને પુષ્ટિ તો આપશ્રીને હાથ છે, તો હું કેવો? ત્યારે શ્રીમુખે કહ્યું કે તારે મર્યાદાનું શું કામ છે? તું તો ભક્તિમાર્ગીય છે. તું વૈષ્ણવનો સંગ કર.

**વિવેચન**– પુષ્ટિમાર્ગીય હોય તે સેવા કથા કરે ને સત્સંગ કરે, ને મર્યાદામાર્ગીય હોય તેણે ગંગાતીરે રહી શ્રીભાગવતનો પાઠ કરવો. કોઈને શંકા થાય કે શું શ્રીભાગવત મર્યાદા છે? વાત સત્ય છે. કારણ કે પ્રભુની વાણી મર્યાદા ને ભકતની વાણી પુષ્ટિ છે, કારણ કે પ્રભુ પોતાનું સ્વરૂપ પોતે પૂર્ણ ન બતાવે, જ્યારે ભગવદીયોતો મસ્તીભેર પ્રભુના સ્વરૂપને ખુલ્લું કરે. આથી પ્રભુને પણ ભકતોની વાણી બહુ ગમે છે, શ્રીભાગવતમાં ભગવાને પોતાનું સ્વરૂપ બહુજ વ્યંગ રીતે બતાવ્યું છે, તેથી મહાપ્રભુજીએ તે ઉપર શ્રી સુબોધિનીને કરીને સ્પષ્ટ બતાવ્યું. આમ શ્રી મહાપ્રભુજીજ શ્રીભાગવતનું હાર્દ સમજી ને તેનો અનુભવ કરનાર હોવાથી જ્યાં સપ્તાહ હોય ત્યાં શ્રીઠાકોરજી પોતે સાંભળવા પધારતા પ્રભુને વેદ, ગીતાજી કે શ્રીભાગવત કરતાં પણ ભકતોની વાણિ પ્રિય લાગે છે, આથી મંદિરમાં આવી અનુભવી ભકતોની વાણીજ [ અષ્ટ સખા વગેરેની ] પ્રભુ પાસે કીર્તનમાં ગવાય છે. વેદ, ભાગવત કે ગીતાજી નહિ, કારણ પોતાની વાણીમાં પોતાને શો આનંદ? માટે પુષ્ટિભકતનો મુખ્ય ધર્મ સત્સંગ કરવાનો છે, જે સત્સંગથી અનુભવની વાતો સમજાય પણ સત્સંગ તાદશી ભકતનો કરવો કે જે પ્રભુનો અનુભવી હોય.

* પ્રસંગ-૨૧૪ *

**જે બને છે, તે પ્રભુની કૃપાથી જ બને છે:** એકવાર શ્રીગોકુલેશને નાના ત્રવાડીએ વિનતિ કરી કે રાજ, અમારે તો એક પણ સાધન નથી ને અમારી કૃતિ પણ નથી. ને શ્રીગોકુલ રહું છું, દર્શન કરૂં છું, સેવા કરૂં છું, એ શું કારણ? ત્યારે શ્રીમુખે જવાબ દીધો કે એ થાય છે, તે પ્રાચીન સાધનથી થાય છે, પછી કહીશ એમ સભા હતી માટે ઉત્તર આપ્યો. નાહીને ભીતરની તિબારીમાં એકાંતમાં બેઠાં ત્યાં બોલાવીને કહ્યું સાંભળ ત્યાં સભા હતી તેમાં કહું તો લોકબારે વાટ વાત લઇ જાય, તેથી ન કહી. સાંભળ જે છે તે. જે થાય છે તે શ્રીઆચાર્યજીના ચરણારવિંદની કૃપાથી થાય છે. પ્રાચીન અહીં કશું નથી. ત્યારે નાના ત્રવાડીએ આપશ્રીના ચરણારવિંદ દેખાડયા ને કહ્યું કે અમે તો આ દીઠા છે, તે દીઠા નથી ત્યારે શ્રીમુખે કહ્યું કે હા, હા, એ પણ સર્વ કરે, પણ વિશ્વાસ જોઈએ.

**વિવેચન**–જીવથી જે કંઈ સેવા સંબંધી સાધન બને છે તે પ્રભુની કૃપાને લીધેજ બને છે. શ્રીમહાપ્રભુજીના શરણનુંજ એ સામાર્થ્ય છે. અહીં શ્રીગોકુલેશ કહે છે કે અમારાથી શરણાગતથી પણ જે બને છે, તે શ્રીમહાપ્રભુજીની કૃપાથીજ બને છે આ વખતે વળી નાના ત્રવાડી વિનંતી કરે છે, કે અમે તો શ્રીમહાપ્રભુજી નથી જોયા. માત્ર આપના ચરણકમળનું શરણ એજ અમારૂં સર્વસ્વ છે. આ સાંભળી શ્રીગોકુલેશ કહે છે કે એમાં પણ પૂર્ણ વિશ્વાસ હોય તો એથી પણ સર્વ બની આવે. ભગવત્સંબંધવાળી કોઇ પણ વસ્તુમાં સંબંધ તે પ્રભુનોજ સંબંધ છે. શ્રીગોકુલેશની અનહદ પ્રીતિ શ્રીમહાપ્રભુજીમાં છે એટલે શ્રીમહાપ્રભુજીને પણ શ્રીગોકુલેશ પર ખૂબ પ્રીતિ હોય એ સ્વાભાવિક છે. તો પોતાની પ્રિય વસ્તુ શ્રીગોકુલેશ તેમના પર કોઇ પ્રીતિ રાખે, તો તે પણ શ્રીમહાપ્રભુજીને વહાલો લાગેજ. વળી શ્રીગોકુલેશ પોતેજ શ્રીમહાપ્રભુજીનું સ્વરૂપ છે. સાક્ષાત પ્રાકટય છે. એટલે શ્રીગોકુલેશમાં પ્રીતિ તે શ્રીમહાપ્રભુજીમાંજ પ્રીતિ છે. "શ્રીગોકુલ પતિ અતિ ગુણનિધિ તાત તણો પ્રતિબિંબ રે રસના" આવું શ્રીવલ્લભાખ્યાનમાં ગોપાળદાસ સ્વાનુ-

ભવેજ ગાય છે. માટે શ્રીગોકુલેશમાં પ્રીતિ તે શ્રીમહાપ્રભુજીમાંજ પ્રીતિ છે તેથી સૌ સિદ્ધ થાય છે.

### * પ્રસંગ-૨૧૫ *

**પ્રભુ આ સજ્યા પર બિરાજ્યા :-** શ્રીગોકુલેશ ઉત્થાપને સજ્યાપર બિરાજ્યા હતા. તે સમયે દયાનદાસે પૂછયું કે મહારાજ અત્યારે શ્રીઠાકોરજી કયાં છે? ત્યારે શ્રીકર સજ્યાએ અડકાડીને કહ્યું કે હાલ તો શ્રીઠાકોરજી અહીં છે.

**વિવેચન**-પ્રભુ ભકતથી ક્ષણ પણ દૂર નથી ખસતા, પણ દિવ્યદ્રષ્ટિ હોય તો દર્શન થાય. અહીં શ્રીગોકુલેશ મહા પ્રેમી આસકત છે. એટલે પ્રભુ તેમની પાસેજ બિરાજે એમાં નવાઈ નથી, જેની પ્રભુમાં આસકિત તેનામાં પ્રભુની પણ આસકિત. શ્રીગીતાજીમાં પણ પ્રભુ કહે છે કે "યે યથા માં પ્રપદ્યન્તે તાસ્તથૈવ ભજામ્યહમ્" જે જેવી રીતે મારે શરણે આવે તેવી રીતે હું પણ તેને ભજું છું. મતલબ કે મારામાં જે આસકત તેમાં હું આસકત. મારે માટે જે આર્તિ રાખે, તેની આર્તિ મને પણ તેટલીજ થાય. મારામાં જેટલો ભકતને પ્રેમ તેટલોજ મારો તેના પર પ્રેમ, જે મારે માટે વિપ્રયોગથી રડે, તેના વિયોગથી મારી પણ એજ સ્થિતિ. જે મને ક્ષણ ન ચુકે, તેને હું પણ ક્ષણ ન ચુકું. વાત બધી પ્રત્યક્ષ પ્રમાણ જેવી છે. પણ આચરતાં આવડે તો કલ્યાણ થઇજ ગયું.

### ● પ્રસંગ ૨૧૬ ●

**લીલાત્મક ભકતો હમણા ભૂતળપર છે :** શ્રીગોકુલેશ ઉત્થાપને ચરણ પ્રક્ષાલન કરતા હતા, ત્યારે કોઈ વૈષ્ણવે પૂછયું કે મહારાજ, રમણ સંબંધી અલૌકિક ભકતો હમણા આધુનિક પ્રાકટયમાં કયાં રહે છે? ત્યારે શ્રીમુખે કહયું કે અન્યત્ર કયાંય કશું છે નહિ. સર્વે અહિયાં છે.

**વિવેચન**-પોતે અહિં પોતાનું પ્રાકટય પ્રકટ કરે છે. પ્રભુ ભૂતળપર પધારે છે, ત્યારે સ્વપરિકર સહિત પધારે છે, કારણ કે પ્રભુ પતિ એટલે વર છે. વર જાન વગર ન દીપે આમ શ્રીગોકુલેશનું પ્રાકટય શ્રીપુરૂષોત્તમનું પ્રાકટય છે. તેથી પોતાની નિજલીલાનો પરિકર સાથે લઇને પધાર્યા છે. આથી પોતે કહે છે કે લીલાના પ્રભુ સાથે રમનારા ભકતો પણ હાલ અહીં છે. જેમ શ્રીમહાપ્રભુજી સાથે ચોરાસી ભકતો શ્રીમહાપ્રભુજીના પરિકર તરીકે પધાર્યા હતા, તેવી આ વાત છે વળી ઉપરના પ્રસંગમાં કહ્યું કે શ્રીઠાકોરજી આ શય્યાપર બિરાજ્યા તો પ્રભુ જે વખતે પધાર્યા હોય તે વખતે પોતાના રસિલા ભકતો સહિત પધાર્યા હોય, કારણ કે આપ રમણશ્રેષ્ઠ છે, માટે આ વાત શ્રી ગોકુલેશ અંતરંગ ભકતો પાસે કહે છે.

### ✠ પ્રસંગ-૨૧૭ ✠

**પ્રભુ સાકાર છેઃ**-એક વાર મહાવનમાંના એક જણે આવીને કહ્યું કે મહારાજ, ઈશ્વર નિરાકાર છે. ઈશ્વરને કાંઇ નથી. ત્યારે તેને આપે ઉત્તર દીધો કે ઇશ્વરને કંઈ હાથ પગ વગેરે નથી. તો તમારે છે. તે કયાંથી આવ્યા? પછી બોલી ન શકયો. ન ઉત્તર દીધો.

**વિવેચન**-પ્રભુ નિરાકાર છે, એટલે પ્રભુને આકાર નથી વાત એક રીતે સાચી છે, તે એ કે પ્રભુનો લૌકિક આકાર નથી, આપણા જેવાં રૂધિર માસના પ્રભુના હાથ પગાદિ બનેલા નથી. પણ માત્ર આનંદનાજ બનેલા છે. શ્રુતિ પણ કહે છે કે "આનંદમાત્રકરપાદ મુખોદરાદિઃ" હાથ, પગ, મુખ ઉદર વગેરે

માત્ર નર્યા આનંદનાજ બનેલા છે, એટલે પ્રભુનો અલૌકિક આકાર છે. એક શ્રુતિ પ્રભુને આથીજ સાકાર કહે છે, લૌકિક આકાર નથી માટે નિરાકાર, અને અલૌકિક આકાર છે માટે સાકાર. વળી શ્રીગીતાજીમાં પણ પ્રભુને અનેક હાથ અનેક આંખ, અનેક ઉદર, અનેક નેત્ર છે. એવું કહ્યું છે. વળી આ જગત પ્રભુમાંથી ઉત્પન્ન થયું છે. જો પ્રભુને આકાર ન હોત તો જગતને આકાર મળત કયાંથી? લૌકિક છે તે અલૌકિકના પડછાયા છે આથી ભગવદીય ગાય છે કે "નંદનવનની સબ પછડાય" સ્પષ્ટ વાત છે છતાં જેમની બુદ્ધિમાં ચતુરાઈ નથી, પ્રેમ નથી, તેમને ખબર નથીજ પડતી. પ્રભુ કૃપા કરે, તોજ પ્રભુનું સ્વરૂપ સમજાય.

★ પ્રસંગ ૨૧૮ ★

**ચરણ અને અચળ જીવો:**– શ્રીગોકુલેશ એક દિવસ ચરણ પ્રક્ષાલન કરતા હતા ત્યાં એક ભીતરીમાં એક સાચોરો બ્રાહ્મણ રહેતો, હતો તેણે તે વખતે પ્રશ્ન પૂછયો કે મહારાજ ચરણ જીવ તે કોણ અને અચળ તે કોણ? ત્યારે આપે કહ્યું કે ચરણ જીવ પૂછે છે કે અચળ પૂછે છે? ત્યારે તેણે કહ્યું કે રાજ, બેઉ કહો. ત્યારે શ્રીમુખે કહ્યું કે ચરણ જીવ છે તેમનું એક દિવસ પતન છે તેઓ કાળને વશ એક દિન થવાના, અને અચળ ત્રણ વસ્તુ છે. સ્વરૂપ ભકત અને લીલા એ ત્રણે વસ્તુઓ અચળ છે એ કાળને વશ નથી.

**વિવેચન**-ચરણ એટલે ચર્ષણી જેવા. જેમને કોઈ પર કદી શ્રદ્ધા હોતી નથી. ઘડીમાં વળી કોઈને ભજે ઘડીમાં કોઈને, આવા ભકતોનું કોઈ રક્ષણ ન કરે, એટલે તેઓ પડે. અથવા કાળને વશ થાય. એવા જીવોને પ્રભુના પ્રભુત્વની ખબર નથી હોતી. આથીજ તેઓ ચર્ષણીની જેમ અહીંથી તહીં ને તહીંથી અહીં ટીચાય છે. અચળ એટલે અટ્ટલ શ્રદ્ધાવાળા તદ્દન નિર્ભય. જેમણે અનન્યતાથી પ્રભુનું ચરણ સ્વીકાર્યું છે. અથવા જેમની અચળ શ્રદ્ધા ઈશ્વરમાં છે તેવા પર કાળનું બળ પણ નથી ચાલતું કારણકે કાળ પણ એક પ્રભુનો નોકર છે. પ્રભુનો નોકર પ્રભુના અનન્ય ભકતને કેમજ નડે? રાજાનો નોકર કદી રાજાની રાણીને કનડેજ નહિ. તેનું ગજુજ નહિ. તેમ ભકત એ પ્રભુને સુખ આપનાર આનંદદાયક વસ્તુ છે, તેથી તેના પર કાળનું બળ જરા પણ નહિ, અરે કોઈ દેવની સત્તા નહિ, તો બીજાનું તો ગજુંજ શું? પ્રભુનું સ્વરૂપ અચળ છે, પ્રભુનું સ્વરૂપ અચળ, એટલે એ અચળ સ્વરૂપમાંથી પ્રકટ થએલા ભકતો પણ અચળ, જો ભકત અચળ છે, અને ભગવાન અચળ છે, એટલે તેમની લીલાઓ પણ અચળ હોય એ સ્વભાવિક છે. આથી શ્રીગોકુલેશ આ પ્રસંગમાં સ્વરૂપ ભક્ત અને લીલા એ ત્રણેય અચળ છે, એવું કહે છે.

આ ઉપરથી એટલું પણ અનુમાન ખાસ થઈ શકે કે પુષ્ટિભકતને કાળ એવી કોઈ વસ્તુ નથી, માટે તેણે કાળ કે મૃત્યુને ભૂલી જવું જોઈએ. દેખીતા દેહનું અંતરધ્યાન થવું એ તો આસુરી વ્યામોહ છે. મતલબ કે આસુરી જીવોને મોહ થાય, કે ફલાણો નાશ પામ્યો, પણ ખરી રીતે તો ભકત અમર છે. તેને સાક્ષાત ભગવત લીલાની પ્રાપ્તિ થઈ માટે ભકતે કદી પોતાને કાળ કે મૃત્યુ છે, એવો સ્વપ્ને પણ વિચાર ન રાખવો.

○ પ્રસંગ-૨૧૯ ○

વૈષ્ણવનું સ્વરૂપ સમજવું કઠણ છે:– એકવાર કોઈ પ્રસંગ પર વાત ચાલી. ત્યારે શ્રીમુખે કહ્યું કે શ્રીઠાકોરજીનું સ્વરૂપ તો કોઈ ગ્રંથમાંથી કોઈ શાસ્ત્ર પુરાણમાંથી જાણે, પણ ભગવદીયનું સ્વરૂપ કોઈ ન જાણે. ભગવદીયનું

સ્વરૂપ એક શ્રીઠાકોરજી જણાવે તે જાણે. ભગવદીયનું સ્વરૂપ જાણવું અતિ દુર્લભ છે.

**વિવેચન**— શ્રીઠાકોરજીનું સ્વરૂપ તો ગ્રંથોમાંથી અથવા ભગદીયો દ્વારા પણ જાણી શકાય પણ વૈષ્ણવનું સ્વરૂપ જાણવું બહુ કઠણ છે. વૈષ્ણવનું સ્વરૂપ જાણ્યા વગર ગુરૂદેવનું કે શ્રીઠાકોરજીનું, તેમજ સેવાનું લીલાનું સ્વરૂપ નથી સમજાતું. ભગવદીયનું સ્વરૂપ જાણવું એટલે ભગવદીયનું લીલાસ્વરૂપ ઓળખવું ચોરાસી, બસો બાવનમાં તે તે ભગવદીયોનું લીલાત્મક સ્વરૂપ તેમની ભાવનાના ગ્રંથોમાં આપેલું છે, તેથી સમજાય છે, તેમ ભગવદીયનું પણ લીલાત્મક સ્વરૂપ જણાય, ત્યારે વૈષ્ણવનું સ્વરૂપ જાણ્યું કહેવાય, વિપ્રયોગ વડે બધા પ્રકારના મેલ બળી જઈ જ્યારે તદ્દન શુદ્ધ બને, ત્યારે તે ભગવદીયોના સ્વરૂપને અને પોતાના સ્વરૂપને પણ પારખી શકે છે. વળી શ્રીવલ્લભાધીશના શ્રીઅંગમાં બધી વ્રજની લીલા ભરેલી છે, અને વ્રજ-લીલાના જીવો આ ભૂતળપર પ્રભુથી વિખુટા પડીને આવ્યા છે તેથી શ્રી મહાપ્રભુજી પ્રકટ થયા, કારણ કે એ શ્રીમહાપ્રભુજીના સ્વરૂપમાં કે એ શ્રીમહા પ્રભુજીના સ્વરૂપમાં આસક્ત થઇ એ શ્રીઅંગમાનું પોતાનું સ્વરૂપ શોધી લે. આખી પુષ્ટિ સૃષ્ટિ શ્રીમહાપ્રભુજીના અંગમાં બિરાજે છે, જેમ કોઈ ગામનો કોઇ વતની હોય તો તેનું રહેવાનું સ્થળ તે ગામમાં હોયજ તેમ શ્રીમહાપ્રભુજીનું શ્રીઅંગ એ જાણે શ્રીવલ્લભી સૃષ્ટિનું ગામ છે, તેથી તેમાં ભગવદીયમાત્રનું સ્થાન હોવું જ જોઇએ તે શ્રીમહાપ્રભુજીમાં આસક્તિ થાય તોજ જડે, માટે શ્રી મહાપ્રભુજીમાંજ આસક્તિની જરૂર છે.

### ★ પ્રસંગ ૨૨૦ ★

**ભગવદીયનું સ્વરૂપ જાણવું મહાકઠિન છે**:—શ્રીગોકુલેશ શયન આર્તિ પછી નિજ મંદિરમાં બિરાજ્યા છે. ત્યારે કલ્યાણ ભટ ખાંભળીઆએ વિનંતી કરી કે જે રાજનો પ્રકાર તો ગીતાજી શ્રીભાગવતજીએ કરીને જાણીએ, પણ રાજના વૈષ્ણવોનું સ્વરૂપ કેમ જાણીએ ! ત્યારે લગારેક રહીને આપે કહ્યું કે હાં હાં સત્ય, વૈષ્ણવનું સ્વરૂપ કેમ જાણીએ ? તે તો અમે પણ જાણતા નથી તો તમે શું જાણો છો ?

**વિવેચન**-શ્રીગોકુલેશ અહીં ભગવદીયની મહત્તા બતાવે છે. ભગવદીયનું સ્વરૂપ દીનતા વડે જણાય. જેમ કોઇના ઘરમાં પેઠા વગર તેના ઘરનો કારભાર ને વ્યવસ્થા સમજાતી નથી તેમ ભગવદીયનું હૃદય પ્રેમ વડે આધીન કર્યા વગર ભગવદીયના સ્વરુપની પણ ખબર ન પડે. શ્રીઠાકોરજી પણ ભગવદીયને મોટા માને છે, અને પોતાને ઐશ્વર્યનું અભિમાન ન આવે, માટે શ્રીયમુનાજીને શરણે શ્રીઠાકોરજી જાય છે. કારણ કે પ્રભુમાં શ્રીયમુનાજી દ્વારા પ્રેમ આવે તો ભગવદીયો સાથે સમાનતા આવે. ભગવાન ભગવદીયની સેવાથી પ્રસન્ન થાય. કારણ કે શ્રીઠાકોરજીની સેવા તો સર્વ કરે, પણ ભગવદીયની સેવા તો જેની ફળ દશા હોય તેજ કરે. ભગવાન પણ ભગવદીના પ્રેમને આધીન થઇ ભગવદીયની ટેલ કરે છે, તો આપણ વૈષ્ણવની ટેલ કરી તેના સ્વરૂપને જાણવા પ્રયત્ન કરીએ, તો પ્રભુની કૃપાથી વૈષ્ણવનું સ્વરુપ સમજાય.

### ❋ પ્રસંગ-૨૨૧ ❋

**ભાવ પ્રમાણે દર્શન થાય** : શ્રીગોકુલેશ ચટાઈ પર બિરાજ્યા છે ત્યાં જાત્રાળુઓ અનંત આવ્યા, તેથી ભીડ ઘણી થઈ ત્યારે કલ્યાણ ભટે વિનંતિ કરી કે રાજ, આ સર્વે રાજના દર્શન કરે છે, તો અમને એમને સરખાંજ દર્શન આપતા હશો ? ત્યારે શ્રીમુખે કહ્યું કે જેવો જેનો ભાવ ત્યારે તેમણે કહ્યું કે જેનો

જેવો ભાવ ? પણ તે ભાવ તો રાજ, આપ આરોપણ કરો છો

**વિવેચન**–જેવો ભાવ તેવા દર્શન થાય છે. ભાવ એટલે પ્રેમ, ભગવદીય પ્રેમ પૂર્વક ઉત્સાહથી પ્રભુનાં દર્શન કરે છે, તેના રોમે રોમ ખીલી ઉઠે છે. તેને દર્શન દેતાં દર્શનમાં પણ પ્રભુનાં રોમે રોમે ખીલે. પ્રીતિ પરસ્પર છે. દર્શન એ ભક્તનો ચક્ષુદ્વારા લેવાતો ખોરાક છે જો ભૂખ લાગી હોય તો ખોરાક લેવામાં બહુ આનંદ આવે. તેમ અહીં પણ સમજવું, રસિલા ભગવદીયોની પ્રીતિ જોઇ ઘડીભર પ્રભુ પણ પોતાના સ્વરૂપને ભૂલી જાય ને વિચારમાં તલ્લીન થઇ જાય છે. । ।

## * પ્રસંગ–૨૨૨ *

**જીવ પ્રભુથી દૂર જાય પણ પ્રભુ કદી ન છોડે**:–એક દિવસ કલ્યાણ ભટ ખંભાળીઆ આગળ જળધરામાં પુષ્ટિપ્રવાહ અને મર્યાદાનું લેખન કરતાં કહ્યું કે પરમ અનુગ્રહ પાત્ર જે ભક્ત છે, તેમને વિષે શ્રીઠાકોરજી કશો જીવ ધર્મ રાખે છે તેનું કારણ શું ? આપે કહ્યું કે જે અનન્ય ભક્ત છે, તે પોતાના જીવના ધર્મથી ડરે છે. તે ભયનું નિવારણ કરવાના નિમિત્તે જે તેઓને વિષે છે, તેમાં અમારૂં શું ચાલે ? ત્યાં દ્રષ્ટાંત કહ્યું કે પાલ્ય ગો ધન છે, તેનો નિરોધ કર્યો છે, તે "ગૌવસ્તુ કૃષ્ણભુખ" એ ટૂંકમાં એ પ્રકારનો સર્વ વિષય છે. તેજ ગાય તૃણાના લોભથી ધણીનું સંનિધાન છોડીને દૂર જાય છે ત્યારે શ્રીઠાકોરજી નામ દઇ દઇને બોલાવી લે છે. તેમ વિરૂદ્ધ એવા ભક્ત પોતાના જીવ સ્વભાવથી કદાપિ તતક્ષણ તૃણ લોભની પેઠે દૂર શ્રીપ્રભુજીથી જતાં રહે છે, ત્યારે પ્રભુ પોતેજ જાતે વગર સૂચના કર્યે તમને બોલાવી લે પણ છોડે નહીં.

**વિવેચન** :–ગાયનું તો ધણી સર્વ રીતે પાલન કરે છે, છતાં તે દૂર જઇ ચારો મેળવવા ફાંફાં મારે છે, તેમ અનુગ્રહિત ભગવદીય પણ કેટલીક વાર જીવ ધર્મ બતાવે છે, અને લૌકિક જીવની માફક કદાચ પ્રભુના પ્રત્યે ઉદાસીનતા રાખી પ્રવર્તે. આમ છતાં પ્રભુ તેવા ભક્તને છોડતા નથી, પોતાની જાતેજ તેને બોલાવે છે. ભગવદીયની વાતમાં શ્રીગુસાંઈજીએ તેનો ઉપલક તિરસ્કાર કર્યો. એટલે પોતાનો ત્યાગ કર્યો જાણી તેણે સેવા છોડી, અને આ વાત શ્રીગુસાંઈજીની કૃપાપાત્ર ડોસીએ જાણી. એટલે ડોસીએ પેલાં વષ્ણવને પૂછ્યું. ત્યારે કહે છે કે શ્રીગુસાંઇજીએ મારો સેવામાં અપરાધ પડવાથી ત્યાગ કર્યો, આ સાંભળી ડોસીએ કહ્યું કે શ્રીગુંસાઇજી મહાદયાળુ છે. કોઈનો ત્યાગ ન કરે. પરીક્ષા માટે વૈષ્ણવને સાથે લઈને ડોસી શ્રીગુસાંઇજી પાસે ગઇ. આ જોઇ પેલા વૈષ્ણવને શ્રીગુસાંઇએ કહ્યું કે વૈષ્ણવ તમે બેત્રણ દિવસથી કેમ જણાતા નથી ? આ શબ્દ સાંભળતા પેલા વૈષ્ણવને ખાત્રી થઈ કે પ્રભુ કૃપાપાત્ર જીવને છોડતા નથી. આમ જીવ બુદ્ધિએ પ્રભુથી દૂર જાય પણ પ્રભુ તેને કદી ન છોડે. જેના પર કૃપા થઇ તેના પર પ્રેમ થાય ને પ્રેમ થાય એટલે પ્રભુ જીવના દોષો નજ જુએ.

## ० પ્રસંગ–૨૨૩ ०

**ભક્તની આર્તિ ભગવાન પૂર્ણ કરેજ** : એક દિવસે કલ્યાણ ભટે વિનંતિ કરી કે એક શ્લોક છે.—

"सर्वात्म दुरापत्वं ऽज्ञात्वा करोति व्यासां यत् ।
भ्रांतोऽस्म्यहं न वेति तन्न जाने करोमि किम्"

રાજ, આ શ્લોકમાં તો એમ કહ્યું છે, અને આશા તો થાય છેજ, ત્યારે શ્રીમુખે મુસકાઇને કહ્યું કે આશા ન કરો, શા માટે

કરો છો ? ત્યારે ભટે કહ્યું કે રાજ, થઈજ આવે છે, ત્યારે આજ્ઞા કરી કે સાંભળો જેણે ઉપજાવી છે, તે તો સર્વ કરવાને સમર્થ છે તો શું નિરાશ કરીને છોડશે ? એવું કહ્યું ત્યારે ભટે કહ્યું રાજ, રાજ એવા પ્રભુ ઉપર વારણે ! વારણે !

**વિવેચન**–પ્રભુ દુષ્પ્રાપ્ય છે, છતાં તેને પ્રાપ્ત કરવાની તેના પ્રેમીઓ આશા રાખે છે, ઘણીવાર અયોગ્ય આશા કરતાં જીવને મનમાં ભ્રાંતિજ રહે છે. છતાં પ્રભુ તો સર્વ સમર્થ છે. કર્તુંમકર્તુંમ આપ છે, આથી જે પ્રભુ પ્રત્યે આર્તિ રાખે છે, તેને પ્રભુ કદી નિરાશ ન કરે. ચાતક એક જડ વસ્તુ મેઘ તેની આશાથી રટન કર્યા કરે છે, તો તેને ઘન વરસીને તેને જીવાડે છે, તો શ્યામઘનનું જે રટણ કરે છે, રસવર્ષા વરસાવી કેમ સુખ ન આપે ? આશા પ્રબળ જોઈએ ઉત્કટ આશા મહાન શક્તિ છે.

## * પ્રસંગ–૨૨૪ *

સાક્ષાત સંબંધ એજ ફળ છે:–એક વાર શ્રીગોકુલેશ પાલખીએ બિરાજી પર્વત પર ચઢતા હતા, ત્યારે પંચોળીએ પૂછ્યું કે મહારાજ વૈષ્ણવને સાધન શું અને ફળ શું? ત્યારે આપશ્રીએ કૃપા કરી એતન માર્ગનો સિદ્ધાંત કહ્યો કે સાક્ષાત સંબંધ વિના બધું સાધન છે.

**વિવેચન**–પૂર્ણ પુરૂષોત્તમના સાનુભાવ વગર બાકીનું બધું સાધન છે. સાચા સ્નેહને માટે આ વસ્તુ તદ્દન સત્યજ છે. સેવામાં પણ પ્રભુ સાનુભાવ ન જણાવે તો તેવા રસિક ભકતને ચેન પડતું નથી, અરે દર્શન કરવામાં પણ શાંતિ નથી થતી, માત્ર એક શ્રી અંગનો સાક્ષાત આનંદ એજ રસિલા ભગવદીયનું સુખ છે. પ્રભુના આલિંગનમાં વચ્ચે વસ્ત્રસરખું આવે તો તે અસહ્ય છે તો બીજી તો વાતજ શી કરવી ? પરંતુ સાનુભાવ એ સાધારણ વાત નથી. જેને આધિ દૈવિક ભક્તિ પ્રાપ્ત થઈ હોય છે તેને પ્રભુના સંબંધ વિનાનું તો ગમે જ નહિ, તે સાથે પ્રભુના સાક્ષાત સંબંધ સિવાય બીજું ન ગમે. આ વાત અનુભવ ગમ્ય છે, તર્કગમ્ય નથી, કેટલીક વાર એક ભગવદીયને જે દશા ફળરૂપ માલમ પડે તેજ સ્થિતિ બીજાને સાધનરૂપ જણાય છે.

## * પ્રસંગ–૨૨૫ *

**શ્રીઠાકોરજીને શ્રીવિઠ્ઠલનાથજીની એકતા**.

એક દિવસ પંચોળીએ પૂછ્યું કે મહારાજ, નાગજીભાઈ શ્રીગુસાંઈજીને માટે કેરીઓ લઈને ગયા, ને દ્વારિકાની પાસે પહોંચાડી, ત્યારે શ્રીગુસાંઈજીએ કહ્યું. કે નાગજી, તમે દ્વારિકા જાઓ, અને કેરીઓ શ્રી દ્વારિકાનાથજીને પહોંચાડી આવો, ત્યારે નાગજીભાઈએ કહ્યું કે મારે તો સર્વસ્વ આપજ છો. ત્યારે શ્રીમુખે કહ્યું કે નાગજીને આવું કયાં કહ્યું ? એટલું.

**વિવેચન**– નાગજીભાઈ ગોધરાવાળા શ્રીગુસાંઈજીના કૃપાપાત્ર. અને શ્રીગુસાંઈજીમાં ખૂબ આસક્ત હતા, એટલે પોતાને આ વાત કેમ રૂચે ? વળી તે પોતે શ્રીગુસાંઈનું સ્વરૂપ ઓળખતા હતા, તેથી શ્રીદ્વારકાધીશ અને પોતે એક જ છે એવો અનુભવ હતો. પછી પાસેના શ્રીદ્વારકાધીશને મૂકીને વળી દૂરના શ્રીદ્વારકાધીશને કોણ આરોગવવા જાય ? એક કીર્તન શ્રીગુસાંઈજીના સ્વરૂપનું હતું તેની ભાવના કોઈ વૈષ્ણવે શ્રીગુસાંઈજીને પૂછી પણ વૈષ્ણવને શ્રીગુસાંઈજીએ શ્રીઠાકુરજી પરત્વે એ ભાવના કહી. પણ વૈષ્ણવને શાંતિ ન થઈ એટલે શ્રીગુસાંઈજીએ પોતાના કૃપાપાત્ર ભગવદીય પાસે વૈષ્ણવને મોકલ્યા, તેમણે શ્રીગુસાંઈજી પરત્વે અનભવાવી, ત્યારે શાંતિ થઈ પ્રભુ પણ પોતાનું સ્વરૂપ પોતે ન બતાવે ભગવદીયો દ્વારાજ જણાવે માટે જ ભગવદીયની અધિકતા.

## * પ્રસંગ– ૨૨૬ *

**સમુદ્રમાં છતાં ઘડો છતો ભરાય ઉંધો ન ભરાય** :–એક વાર રૂપ મુરારીએ શ્રીઠાકુરદ્વારામાં વિનંતિ કરી કે મહારાજ, સમુદ્રમાં જે પાત્રા વડે તે ભરાય ? ત્યારે શ્રીમુખે કહ્યું કે ભરવાનો પ્રકારે રહે તો ભરાય. ઉંધો રહે તો કેમ ભરાય ? એ ભરવાના પ્રકાર છે.

**વિવેચન**–અહીં પ્રસંગમાં પ્રશ્ન છે, કે પ્રભુ એ રસ સાગર છે, હા પણ એ રસ સાગર પુરુષોત્તમ પાસે જે રહે તે પ્રભુ રસથી ભરાય કે નહિ ? અહીં શ્રીગોકુલેશ કહે છેકે ઉંધો રહે તો ન ભરાય, વાત સત્ય છે. પ્રભુનું શરણ સ્વીકાર્યા પછી સહાજ ભાવ પૂર્વક સેવામાં તત્પર રહે તો તે સન્મુખતા કહેવાય અને એવી રીતે રહે તો તે ભગવદીય રસપૂર્ણ ભગવદીય બને, પણ શરણે જવા છતાંઅથવા પાસે રહેવા છતાં વિપરીત ચાલે તો તેને કશુ મળે નહિ. ભગવદીયથી વિપરીત ચાલવું એ જ ઉંધા રહેવું કહેવાય. પ્રભુની સન્મુખ રહીએ તો કંઈક મળે વિમુખ રહીએ તો શું મળે? પ્રભુની પાસેથી કંઈક લેવું હોય તો તેની મરજી પ્રમાણે ચાલવું પડે. ભગવદીયને ચાલવાને પેંડે ચાલે તો ફળની પ્રાપ્તિ થાય એમ શ્રીગોકુલેશ જણાવે છે.

## પ્રસંગ ૨૨૭ *

**શૂરોજ પ્રભુની કૃપા મેળવે** :–કોઈએ કહ્યું કે, જેરાજ, માણસે આપની કૃપા પામવી. તે શૂરનું પદ છે. તે ઉપર કલ્યાણ ભટે વિનંતિ કરી કે રાજ, કૃપા મધ્યે તારતમ્ય છે? ત્યારે શ્રીમુખે કહ્યું કે હાં હાં, જેવું અંતઃકરણ તેવી કૃપા અને તેવી પ્રાર્થના. આ સાંભળી પૂછ્યું કે રાજ, અહીંની કૃપા તે કેવી ? ને પ્રાર્થના તે કેવી ? ત્યારે આપશ્રીએ કહ્યું કે અહીંની કૃપા પરસ્પર છે. આર્તિ તો ત્રુટી ચુગાયતે, માનને વિષે **સ્વરૂપ પર્યંત નિરપેક્ષતા** અહીંની પ્રાર્થના તો "स्थलकमल गंजनं मम शिरसि मंडनम्" વિશેષ શું કહેવું ?

**વિવેચન**–ખરેખર, પ્રભુની કૃપા મેળવવી એ શૂરાનું પદ છે હરિનો મારગ શૂરાનો જ છે. પ્રભુ વશ થઈ જાય, ત્યારે પ્રભુની કૃપા થઇ કહેવાય. જે હારે તે વશ થાય. મતલબ કે ભકતનો પ્રેમ જોઈ પ્રભુ હારીને વશ થઇ જાય. સમર્થ પ્રભુને હરાવવા એ શૂરાનું જ કામ છે, માટે પ્રભુને હરાવવા તે શૂરાનું પદ કહેવાય. હરિ શબ્દની ત્રણ ભાવના (૧) ભક્તના સંકટ હરે તે હરિ (૨) ભક્તનું મન હરિ લે તે હરિ અને (૩) ભકતથી હારે તે હરિ. પ્રેમીઓની હાર પરસ્પર છે. પ્રભુનું સૌંદર્ય દેખી ભકત હારી જાય. અને ભકતનો પ્રેમ દેખી પ્રભુ હારી જાય. પુષ્ટિ–ભક્તિમાં ભકતનો પ્રેમ જોઈ પ્રભુ હારેલા જ છે. માટે શ્રીમહાપ્રભુજી જ્યાં ને ત્યાં ગ્રંથોમાં મંગળાચરણમાં 'હરિ' શબ્દ વાપરે છે. ફિર ભકતને વશ થઇ ભકતને ત્યાં બિરાજે છે. એથી આ હરિ પુષ્ટિ પુરૂષોત્તમ છે ને તે પ્રેમવશ છે. વળી અનહદ આર્તિ છતાં માનમાં રિસામણું એ રસાત્મકતા છે. આર્તિની અવધિ તે માન બહુ આર્તિમાં પ્રભુ ન પધારે, તો રિસાવું તે માન,પુષ્ટિમાર્ગની એજ વિલક્ષણતા.

## * પ્રસંગ–૨૨૮ *

**જીવજીવધર્મથી વિમુખ બને, પણપ્રભુ નહિ છોડે**:–એક વાર શ્રીગોકુલેશ શ્યામદાસ છોકરા ઉપર ખીજ્યા. ત્યારે શ્રીમુખે કહ્યું કે તમે મને જેવો દેખો છો. તેવો કરીને જાણો છો તેથી તમને અમારી આપેક્ષા નથી; પણ મને તમારી અપેક્ષા છે. આ વચન સિદ્ધાંત છે.

**વિવેચન**–શ્રીગોકુલેશનું મનુષ્યજેવું શરીર

જોઈને કોઈ મનુષ્યના જેવી નજરથી દેખે પણ પોતે તો પ્રભુનું રસાત્મક પ્રાકટ્ય છે. આથી પોતેજ પરોક્ષ રીતે પ્રસંગોપાત પોતાનું ભક્ત વાત્સલ્યત્વ પ્રકટ કરે છે, કે જીવ જીવબુદ્ધિથી બહિર્મુખ થાય પણ પ્રભુ પોતાનું પ્રભુત્વ ન ચુકે પોતે જીવને કદીજ ન છોડે, આથી કહે છે કે જીવ (મારૂં સ્વરૂપ નહિ ઓળખાય) દૂર જશે અથવા મારી મરજી પ્રમાણે નહિ ચાલે, છતાં હું તેને મારી પાસે ખેંચીશ, અથવા મારી ઇચ્છા પ્રમાણે ચલાવીશ. એમને જીવ બુદ્ધિએ નહિ ચાલવા દઉં.

○ પ્રસંગ–૨૨૯ ○

**ઉત્તમ ભક્ત ઉત્તમ અને અઘરી ટેલ કરે**

એક વાર વલ્લભદાસ જ્યોતસી ભંડારનું કામ કરતા હતા, ને પ્રસાદી રસોઈ કરતા હતા, તે પછી ખેદ પામી પંચોળીને પૂછયું કે માવજીભાઈ હું શું કરું ? જે તમે કહો તે કરું. ત્યારે પંચોળીએ કહ્યું કે સાંભળો ભાઈ પાકાં પહાણ હોય તો સીસા આગળ ડરે નહી જો તમારે ભીતરની સેવામાં જવાનું હોય તો હું અધિકાર કરું ભંડારી થાઉં તમારાથી કાર્ય કરતાં જે બાકી રહે તે બીજો કરે પણ એવું તમો જાણોજ છો કે એ કામમાં સારું હોય તો ઉત્તમ ભગવદીય એજ કામ કરે.

**વિવેચન** :–ઉપરના પ્રસંગમાં એક ભગવદી બે કામ કરે છે. અને તેમાં બે સાથે નથી બની શકતા, આથી પંચોળીને પૂછે છે, તો પંચોળી કહે છે કે ખરો ભગવદીય હોય તે અઘરી સેવાથી ન ડરે તેથી પંચોળી પોતે કહે છે. કે તમારાથી જે બને તે સેવા તમે કરો, બીજી હું કરીશ. ઉત્તમ ભગવદીય ઉત્તમ ટહેલ કરે. જો કે પ્રેમથી કરાતી ટહેલ બધી સમાન છે, પણ પ્રભુ પાસે ભોગ વગેરેમાં જે સામગ્રી પધારે તે તૈયાર કરવી મુશ્કેલ છે. તેમાં ચતુરાઈ બહુ જોઈએ કારણ કે પ્રભુ કોમળ છે, માટે સામગ્રી જેમ કોમળ થાય તેમ સારી. આથી ઉત્તમ ભગવદીયનું તે કામ છે.

○ પ્રસંગ–૨૩૦ ○

**શરીરધર્યું માટે શરીરનાધર્મ રાખવા પડે**

શ્રીગોકુલેશને ઉદ્ધવ ત્રવાડીએ વિનતિ કરી કે રાજ આપનું સ્વરૂપ તો અમે નિશ્ચય જાણ્યું પણ આજ રાજ, નિર્બળતા કષ્ટ દેખાડો છો તે કેમ દેખાડો છો ? ત્યારે આજ્ઞા કરી કે શરીર ધારણ કર્યું છે. તેથી શરીરનો પ્રકાર બધો કરવો જોઈએ. જે શરીરની પછી છે તે સર્વ કર્તવ્ય છે.

**વિવેચન** :–શ્રીગોકુલેશ સર્વ સમર્થ છે. છતાં કોઈ વાર મનુષ્ય નાટક કરી બતાવે તેથી ભગવદીય ઉદ્ધવજી આમ બોલે છે. પોતાને શ્રીગોકુલેશના સર્વ સામર્થ્યત્વનો અનુભવ થયો છે. ઘણા ચમત્કારો જોયા છે, છતાં જ્યારે સ્વસામર્થ્ય શ્રીગોકુલેશ છુપાવે છે. ત્યારે આ પ્રશ્ન પૂછયો છે. શ્રીગોકુલેશ તે બાબતમાં ખુલાસો કરે છે કે મનુષ્ય શરીર ધારણ કર્યું તો મનુષ્ય નાટક બતાવવું પડે. મનુષ્યત્વ બતાવવા છતાં ઈશ્વરત્વ અનુભવવાનો પ્રેમ લગાર પણ કમી નથી થતો. શ્રીઠાકોરજીએ પણ મનુષ્ય નાટક દર્શાવ્યું છે. પોતે શ્રીપુરૂષોતમ છતાં જરાસંધથી હાર્યા તેવો ડોળ કર્યો છે. સારથિ બની પારથનો રથ હાંકયો છે. ઉપદેશક બનીને અર્જુનને ગીતાનું જ્ઞાન આપ્યું છે, વળી મનુષ્યની માફક બાણ વાગવાથી દેહ તજી હોય તેવો ડોળ કરતા પણ નથી ચૂકયા. આ બધુ શું ? આ બધો આસુર વ્યામોહ મતલબ કે અવતારીઓ મનુષ્ય નાટક બતાવે, તે આસુરી જીવોને મોહ પમાડવા માટે. આવું શ્રીમહાપ્રભુજીએ પણ કયાં નથી કર્યું ? આપની આંખ સન્મનુષ્યાકૃત તરીકેની લીલાઓ દિવ્ય

છતાં 'સર્વમાર્ગે નષ્ટેષુ" કહીને પોતેજ પોતાનું શરણ નિઃસાધનતાથી સ્વીકારે છે, આનું કારણ એ છે કે પોતે હીનતા બતાવી જીવને હીનતા અને નિઃસાધનતાનો પાઠ શીખવે છે, આમ શ્રીગોકુલેશ પણ સર્વ સમર્થ છતાં મનુષ્ય ધર્મ બતાવી આલા વિગેરેના રક્ષણ માટે પ્રયાસ કરે છે, તેમાં જીવોને શરણે લેવાનું કારણ પણ હોય છે. શ્રીકૃષ્ણ ધારે તો એક સુદર્શન ચક્ર મૂકીને ક્ષણમાં કૌરવોને અને તેમના દળનો સંહાર કરી નાખે, પણ મનુષ્ય નાટક બતાવી જેને જેને નિમિત્ત બનાવી કાર્ય સાધવાનું હોય તેને તેને નિમિત્ત બનાવી તે તે કાર્ય સાધે છે, ભગવદીયોના પણ મનુષ્ય નાટક જેવા કાર્યો જોઈ જે ભગવદીયમાં જીવબુદ્ધિ રાખે તે દોષને પાત્ર થાય છે. આખી પુષ્ટિસૃષ્ટિજ અલૌકિક છે. શ્રીઠાકુરજીના સ્વરૂપો શ્રીવલ્લભકુળ તેમજ ભગવદીયો અને સેવોપયોગી સામગ્રી એ સર્વ અલૌકિક અને દિવ્ય છે. આ વાત પ્રેમ દ્રષ્ટિએજ સમજાય તેવી છે. મહાન ભગવદીયોએ આ દ્રષ્ટિએ સર્વ નિરખ્યું અને તેથીજ તેમને અનુભવ થયા છે, શ્રીગુસાંઈજીએ નવ વિજ્ઞપ્તિઓ રચી, તે પોતે વિરહનો અનુભવ લઈને એ વિરહની આગ નવેય વિજ્ઞપ્તિઓમાં ઠાલવી, કે જેથી તે વડે ભગવદીયો પણ એ આગથી પોતાના ઉરને પ્રજવાળે. અગ્નિમાંથી અગ્નિ સળગે, એ સ્વાભાવિક છે. આથીજ વિપ્રયોગી ભકતનો સંગ મુખ્ય છે, પણ તેવા વિરહી જડવા કઠણ છે. શ્રીગુસાંઈજી પોતે સર્વાનુભવી છતાં આવું વિપ્રયોગનું નાટક ભજવ્યું તે ત્યાગનું સ્વરૂપ જીવને દર્શાવવાને. એજ પુષ્ટિમાર્ગીય ભકિતનું ફળ છે, તે પણ દર્શાવ્યું. આમ અવતારી પુરુષોનાં સન્મનુષ્યાકૃતિવત્ કાર્યો જીવના કલ્યાણ માટે હોય છે. તેમાં આસુરી હોય તે લૌકિક બુદ્ધિ રાખે, દૈવીને ઈશ્વરી લીલાઓ લાગે.

## * પ્રસંગ-૨૩૧ *

**ભાવસુજાતિમાં પ્રભુનો અનુભવ થાય :**

એક વાર શ્રીગોકુલેશ જલઘરામાં બેઠા હતા, ત્યાં મોહનભાઈ વગેરે ભગવદીયો બેઠા હતા. ત્યારે કલ્યાણ ભટ્ટે વિનતી કરી કે મહારાજ, શ્રીપુરુષોત્તમની પ્રાપ્તિ કેમ થાય ? ત્યારે શ્રીમુખે કહ્યું કે તાદશીને સંગે થાય. ત્યારે ફરી પૂછ્યું કે તાદશી શી રીતે ઓળખાય ? ત્યારે આપશ્રીએ કહ્યું કે ભાવ સુજાતિની સંગે જણાય. ત્યારે પૂછ્યું કે ભાવ સુજાતિ તે કેમ સમજાય ? ત્યારે આજ્ઞા કીધી કે ભાવ સુજાતિને અને વિજાતિને વેર છે, ઘણું તારતમ્ય છે. પણ એક વાત કહું તે સાંભળો. શ્રીપ્રભુજી બેઠા છે ને સામે ભકત બેઠા છે, ને રસનો પ્રસંગ ચાલ્યો છે. ઉભયતા બેઉ રસ માહે મગ્ન છે, હવે શ્રીપ્રભુજીએ ભકતના અંગને કર સ્પર્શ કર્યો. ત્યારે ભકતે પ્રભુને ભાવ વિજાતમાં કાઢયા. ને એ રસમાં બીજો રસ પ્રકટ કર્યો. અહીં સુધી સુજાતિ વિજાતિનું તારતમ્ય છે તો બીજું કયાં સુધી કહીએ !

**વિવેચન**–તાદશીને ઓળખવાનું સાધન ભાવ સુજાતિનો સંગ છે. અને તાદશી ભગવદીયની સંગેજ શ્રીપુરુષોત્તમનો અનુભવ થાય. ભાવ સુજાતિ એટલે શું ! જે ભગવદીયોની સેવાનો તેમજ ભાવનાનો સર્વ પ્રકાર એકજ હોય, એકજ લીલાના જીવો હોય તો ભાવ–સુજાતિ હોય, જેમ એક વૃક્ષપર ઉત્પન્ન થએલા બધાં ફળ સરખાંજ હોય છે, તેમ એકજ લીલા રુપી વૃક્ષનાં ભકતરૂપી ફળ એક જ પ્રકારનાં મન, ભાવના ઇંદ્રિયો અને વૃત્તિઓ વાળા હોય છે. આથી જ ભગવદીયો ગાય છે કે 'મન કે મિલે ઈષ્ટ મિલે, મિલે ભજન રસ રીત; તાકે સંગ કીજીએ ખાનપાન ઓર પ્રીત" આ બધું એક જ લીલાના જીવ હોય ત્યારેજ બને. આ બાબત બહુ જ સૂક્ષ્મ છે શ્રીગુસાંઈજી

પણ વિજ્ઞપ્તિમાં કહે છે કે "મારા દુઃખની પરંપરા હું કોની આગળ કહું ?" મતલબકે ચોરાસી બસો બાવન બિરાજમાન છતાં શ્રીગુસાંઇજીને પોતાનું હૃદય ખોલવાનું સ્થાન નથી જડતું. કુંભનદાસજી મહાનુભાવી પણ સત્સંગ માટે ઘણી વાર છુટે મોઢે રોતા. આથી શ્રીનાથજીએ પ્રસન્ન થઈ ચતુર્ભુજદાસ તેમને ત્યાં સત્સંગ માટે આપ્યા. કુંભનદાસ સાથે ચોરાસી ભગવદીયે છતાં કુંભનદાસને સત્સંગ નથી. આ કેટલી વિચિત્ર વાત ! પણ વાત સત્ય છે. લીલાના સ્થાન પ્રમાણે ભેદ છે, સૂરદાસજીની બાલલીલામાં વિશેષ તાન છે. બાલલીલાના આંતરિક કિશોર લીલા સૂરદાસજી અનુભવે છે. જ્યારે કુંભન દાસજીની તાન નિકુંજની લીલાઓમાં એટલે કિશોર લીલામાં છે, તે એટલે સુધી કે બાલ લીલાના સ્થાનરૂપ શ્રીગોકુળમાં કુંભનદાસજીએ કદીજ પગ નથી મુકયો. વાત બહુજ જીણીછે મતલબ કહેવાની એ કે કિશોરલીલામાંથી ચિત છુંટું પડે ત્યારે બાલલીલા નિરખવા શ્રીગોકુળ કુંભનદાસજી જાય પણ સહાજ કિશોર લીલાની મસ્તી ત્યાં શું પૂછવું ? અરે આ શું પણ પ્રભુની લીલાઓ સર્વ સ્વરૂપાત્મક છે, એથી બાલલીલા અને કિશોરલીલા આ લડાઇ મટાડવા શ્રી યમુનાજી કિશોરલીલા અને બાલલીલાની વચ્ચે બિરાજ્યાં કિશોરલીલા વૃંદાવનમાં અને બાલલીલા ગોકુળમાં, બેની વચ્ચે શ્રીયમુનાજી. આ વાતો બહુ સૂક્ષ્મ છે. અને આવા લીલાત્મક વિરોધમાં અભ્યાસ નથી, પણ રસવર્ધક છે.

### ૦ પ્રસંગ–૨૩૨ ૦

**અન્યાયની વસ્તુ પ્રભુ અંગીકાર ન કરે:** એકવાર શ્રીગોકુલેશ દેશાધિપતિને આશીર્વાદ દેવાને પધાર્યા હતા. ત્યાં ઉતરીને પછી ભોજન કરીને વૈષ્ણવો રસોઈ કરતા હતા. ત્યાં જોવા પધાર્યા. ત્યાં કૃષ્ણ પારેખ રસોઇ કરતા હતા. કોઈ વૈષ્ણવે ખેતરમાંથી શાક લાવીને રસોઈમાં મુકયું હતું. તે પોતે દીઠું, ત્યારે પૂછયું, કે આ શાક કયાંથી લાવ્યા ? ત્યારે કહયું કે ખેતરમાંથી, ત્યારે કહયું કે વેચાતું લાવ્યા કે કેવી રીતે લાવ્યા ? ત્યારે કહ્યું કે ના રાજ ધણી હતા નહિ અને લાવ્યા ત્યારે બીજીને કહ્યું. પારકી વસ્તુ વિના દ્રવ્યની શ્રીઠાકોરજી કેમ આરોગશે ? જાઓ, ત્યાં પાછી મૂકી આવો પછી ખેતરમાં પાછી નંખાવી.

**વિવેચન**—શ્રીગોકુલેશની ન્યાય પરાયણતા અહીં જ્વલંત દીસી આવે છે તે પોતે જાતે વૈષ્ણવો સામગ્રી કરે છે તે જોવા પધાર્યા છે. અને તે સામગ્રી શી રીતે કયાંથી આણી તે પણ પૂછે છે. આ ઉપરથી આપણે ધડો લેવાનો કે એવી અન્યાયને માર્ગે મેળવેલી વસ્તુ પ્રભુ અંગીકાર ન કરે. આ ઉપરથી જણાય છે કે વૈષ્ણવી જીવન તદ્દન ન્યાયી હોવું જોઇએ. ભગવદીયે એક પાઇ પણ અયોગ્ય રસ્તે મેળવાય નહિ, મેળવે તો પ્રભુ ન આરોગે. શ્યામદાસના પ્રસંગમાં કન્યાવિક્રયના દ્રવ્યની સામગ્રી હોવાથી પ્રભુ નહોતા આરોગ્યા. વૈષ્ણવે હમેશાં સત્ય અને ન્યાયનો માર્ગ નથી ચુકવાનો પણ વૈષ્ણવી વર્તન તો સ્વભાવિક સત્યનિષ્ટ હોય. સત્યનિષ્ઠા, ઉદારતા, ન્યાય અને પ્રેમ આ ભગવદીયનાં લક્ષણ છે. સત્યનિષ્ટા એટલે પ્રભુમાં નિષ્ટા. પ્રભુમાં જેની નિષ્ટા હોય એનું જીવન પ્રભુ જેવુંજ હોય.

### * પ્રસંગ–૨૩૩ *

**કોઈપણ પ્રકારની ઉત્તમ સેવા કરનારને ધન્ય છે :**—એકવાર શ્રીગોકુલેશ પાસે કોઇ એક વૈષ્ણવનું નામ દઇને કોઇએ કહયું કે જે રાજ, ફલાણા વૈષ્ણવ ફૂલની સેવા સારી

કરે છે. ત્યારે શ્રીમુખે કહ્યું કે હાં, હાં, સેવા કરીનેજ નિર્વાહ કરવો જોઇએ, એવાનો સંગ તો ક્યાં છે?

**વિવેચન**– સેવા વૈષ્ણવનું જીવન છે. સેવામાં સૌન્દર્ય પણ જોઈએ જે સ્નેહી હોય છે, તેનામાં કોઇપણ એક પ્રકારની અધિકતા તો હોય છે. કોઇ ભગવદીય પ્રભુના શૃંગાર સરસ કરે છે, કોઈ સામગ્રી સરસ બનાવે છે. કોઈ સેવાની સામગ્રીની રચનામાં ચતુર હોય, છે. તો કોઈ પુષ્પોની માળા તેમજ પુષ્પોની પ્રભુને ઉપયોગી ગેંદ વગેરે કરવામાં ચતુર હોય છે. શ્રીગોકુલેશ કહે છે કે કોઈપણ પ્રકારની સેવાની ઉત્તમતા એ ધન્યવાદને પાત્ર છે. સેવાથી નિર્વાહ કરવાનો સંગ મહા દુર્લભ છે. ગ્રંથાદિકનું વાંચન મનન એ નામ સેવા છે, પ્રભુની વાર્તાઓ કરી જીવન વ્યતીત કરનાર નામ સેવામાં પ્રેમી ગણાય છે. તાત્પર્ય એ છે કે કોઈપણ પ્રભુના સંબંધી કાર્યમાં એટલે સેવા ચતુરાઈએ પ્રભુની કૃપાજ છે.

### * પ્રસંગ–૨૩૪ *

**આત્મઘાતી અને કૃતઘ્ની કોણ?:–** એક વાર શ્રીમુખે કહ્યું કે જીવને બે દોષ મોટા છે, એક આત્મઘાતી અને કૃતઘ્ની. આત્મઘાતી એ જે મનુષ્યનો દેહ પામીને ભગવાનના ભજનમાં આળસ કરે તે પોતાનાજ જીવનો આપઘાત કરે છે. અને કૃતઘ્ની છે તે પોતાનુંજ કર્યું માને છે. પણ પ્રભુને ઉપકાર ન માને, મારાથી શું થાય. એ બધું પ્રભુજ કરે છે, એમ ન જાણે.

**વિવેચન**–આત્માનું કલ્યાણ પ્રભુના ભજવામાંજ છે, તે પ્રભુનું ભજન જે નથી કરતો તે પોતાના આત્માનું ભલું નથી જ કરી શકતો, પણ નાશ કરે છે, માટે તે આત્મઘાતી છે. આત્માનો રક્ષક અને પોશક પ્રભુજ છે. માટે જીવમાત્રે પ્રભુને શરણે જઇ પ્રભુની સેવા કરવી જોઇએ. વળી કરેલા ઉપકારને ભૂલે તે કૃતઘ્ની પ્રભુએ આંખ કાન જીભ, હાથ; પગ વગેરે વસ્તુઓ આપીને જીવ પર મહાન ઉપકાર કર્યો છે. તેમણે ઇંદ્રિયો વગેરે પોતાના ભજન માટે આપી છે, છતાં જીવ વિપરીત માર્ગે વાપરે છે માટે તે કૃતઘ્ની છે. જેમ કોઈ માણસ બીજા માણસને પવિત્ર માર્ગે વાપરવા ધન આપે, પેલો, વાપરનાર નાલાયક હોય તો પવિત્ર માર્ગે ન ખર્ચતા જુગાર નાટકાદિકમાં અવળે માર્ગે ખર્ચી નાખે તો આપનાર નારાજ થાય છે. તેમ પ્રભુએ ભજન માટે આપેલાં ઇંદ્રિયાદિક ભજન સિવાય બીજે માર્ગે વાપરે; તો પ્રભુ પણ રિસાય છે તેથી તેવો જીવ કૃતઘ્ની કહેવાય.

### ૦ પ્રસંગ–૨૩૫ ૦

**પ્રસાદ ક્યાં લેવો?:–** એકવાર વીરજીભાઈને ભંડારી કરીને તાપીપુર મોકલ્યા ત્યારે વીરજીભાઇએ રાજને કહ્યું રાજ, હું તો કંઈ સમજતો નથી. કોઇ વૈષ્ણવ કંઈ લે છે ને કોઈ વૈષ્ણવ કંઇ લેતા નથી, તેનું તારતમ્ય હું જાણતો નથી. તો હું ક્યાં લઉં અને ક્યાં ન લઉં? તેની મને આજ્ઞા આપો. ત્યારે શ્રીમુખે કહ્યું કે બે ઠેકાણે ન લઇશ, એક તો સ્વરૂપ ભેદ અને અન્યાશ્રય કરે તેનું ન લઇશ બીજું આપણો દ્રોહ ન કરીએ. પણ જે દ્રોહ કરે ને દ્રોહ છોડે નહિ તેને ઘેર ન લેવું, અને સ્વકીયને ઘેર લેવું.

**વિવેચન**–અહીં અન્ય સ્થળે પ્રસાદ ક્યાં લેવો અને ક્યાં ન લેવો તે વાત વીરજીભાઇ પૂછે છે, અને તે દાખલાથી પૂછે છે. તો શ્રીગોકુલેશ કહે છે કે બે જગાએ ન લઇશ એક તો સ્વરૂપભેદ અન્યાશ્રય કરે તેનું અને આપણો દ્રોહ કરે તેનું ન લઇશ.

આ વાત બહુજ સૂક્ષ્મ રીતે સમજવા જેવી છે. સ્વરૂપ ભેદ એટલે જેની પોતાનાથી ઈતર સ્વરૂપમાં પ્રીતિ હોય તે અને અન્યાશ્રય એટલે પ્રભુ સિવાય અન્યમાં પ્રીતિ હોય તે. જેની અન્યસ્થળે પ્રીતિ હોય છે તેની દષ્ટિમાં અને સર્વાંગે અન્યસ્થળની વસ્તુ પેઠલી છે.તેથી તેની સામગ્રીમાં પણ અન્યાશ્રય પ્રવેશે છે. જેમ કોઈ દુર્ગંધવાળી વસ્તુના સંબંધથી તેનો સંબંધ રાખે છે, તેનામાં પણ ન ખબર પડે તેમ દુર્ગંધ આવે છે. તેમ અન્યાશ્રય કરનારના ઓજસોમાં આવવાથી આપણામાં વિચાર પરિવર્તન થાય છે. જેઓ લૌકિકાન્ન ખાય છે, તે લૌકિકમાં આસકત રહે છે. જે રાજયાશ્રયનું ખાય છે તેમની બુદ્ધિ રાજયા-દિમાં રહે છે, તેમ જે ગૈષ્ણવી લે, તેની બુદ્ધ અને મન ગૈષ્ણવીજ રહે છે. જેઓ ખાવા પીવાનો આચાર નથી રાખતા, તેમની બુદ્ધિ સદાજ ભ્રષ્ટ રહે છે. તેથી તેઓ સારાસારનો વિચાર નથી કરી શકતા, તેથી ઉલટું ધાર્મિક જનોની નિંદા કરે છે ને પ્રવાહી બાબતોનું ઉત્તમ માને છે. જે માણસ ખાવાની વસ્તુ તૈયાર કરે છે, તેની નજર પ્રમાણે વસ્તુ પણ બને છે. જેની દૃષ્ટિ સદાજ સદા પ્રભુમાં રમે તેના હાથની વસ્તુ અલૌકિક અથવા દૈવી બને છે. આથી ઘણીવાર દેખાઈતી બગડેલી હોવા છતાં શ્રીઠાકોરજી તેવી વસ્તુ માગીને અંગીકાર કરે છે. દ્રોહ એટલે અદેખાઈ કરે, અથવા દગો રમે તેના હૃદયમાં અને નજરમાં ક્રોધ અને સ્વાર્થ ભરેલો હોય છે. તેથી તેના સંબંધવાળી વસ્તુ માત્રમાં તે પ્રવેશે છે માટે તેના હાથનું પણ ન લેવું. વળી શ્રીગોકુલેશ કહે છે કે આપણે તેનો દ્રોહ ન કરવો. કારણ કે તે કામ આપણું નથી. આપણે દ્રોહ કરીએ તો આપણા વિચારો પણ દ્રોહ ભર્યા થઈ જાય ખરી રીતે કોનો સંબંધ રાખવો? કોની પ્રીતિ કરવી? તો કહે છે કેઃ–

દોહરો

મનમિલે, ઇષ્ટ મિલે, મિલે ભજન રસરીત;
તાકે સંગે કીજીએ, ખાન પાન ઓર પ્રીત.

જેની સાથે મન મળ્યું હોય, ઈષ્ટ એક હોય ભજનની અને રસિકતાની રીત એક પ્રકારની હોય તેની સાથેજ ખાનપાન અને પ્રીતિ કરવી. મન જ્યારે સદાજ સદા એક પ્રકારના વિચાર કરે કદી રસાભાસ ન થાય અને એક પ્રકારનો બન્યો બનાયો ભાવ રહે, તો જાણવું કે તે ભગવદીયો, એ એક દેશીય છે. આ પ્રસંગમાં એ પણ સમજવા જેવું છે કે જે ભગવદીય દ્વારા વસ્તુ અંગીકાર પ્રભુને થતી હોય, તે તેના સંબંધની લીલાત્મક વસ્તુઓ હોય છે, આ ભાવને લીધે સ્વરૂપ ભેદ હોય ત્યાં ન લેવાની આજ્ઞા છે.

* પ્રસંગ–૨૩૬ *

**સ્વપ્ન નિવેદનની અધિકતાઃ**-ગુજરાતમાં વણસોલ ત્યાં વાઘજી રજપુત મોટા ભગવદીય હતા. તેમની સ્રીનું નામ રાજકુંવરબાઈ હતું. તેણે શ્રીગોકુલેશજી પાસે સ્વપ્નમાં નામ નિવેદન કર્યું; ને તેનો છાનો પત્ર લખ્યો, ને તેની ભેટ મોકલી. કોઈ વખત તે ગોકુળ આવ્યાં. ત્યારે કૃષ્ણભટે શ્રીગોકુલેશને પ્રશ્ન પૂછયો કે રાજ સ્વપ્નમાં નિવેદન અને સાક્ષાત નિવેદન તેમાં કંઈ તારતમ્ય છે? ત્યારે શ્રીમુખે કહ્યું કે સાક્ષાત નિવેદન તો સંગબળે કરીને થાય છે. અને સ્વપ્નામાં નિવેદન તો કેવળ સ્વરૂપ બળે કરીને થાય છે. સાક્ષાતને તો સંગ શિખવે છે, જ્ઞાને કરીને કહે છે, કે તું નિવેદન કર. ત્યાર પછી કરે છે, અને સ્વપ્નામાં તો કેવળ કૃપા કરીને કેવળ સ્વરૂપ બળથી આપ કરાવે છે, માટે એ વાતથી સ્વપ્ન નિવેદન અધિક છે.

વિવેચન :—સાક્ષાત નિવેદનમાં કંઇક પ્રભુનું માહાત્મ્યજ્ઞાન કારણભૂત હોય છે, પણ સ્વપ્ન નિવેદનમાં તો કેવળ ભગવાનની કૃપાજ કારણભૂત છે. સાક્ષાત નિવેદન કરવા છતાં પણ કદી પ્રભુ સ્વપ્નામાં પણ નથી આવતા, તો સાક્ષાત નિવેદન કર્યા પહેલાં પ્રભુ સ્વપ્ન-દર્શન દઈ નિવેદન આપે એ મહાન દૈવત્વ છે. જીવ પૂર્વેનો ભક્તિયોગ ભ્રષ્ટ હોય, તોજ બીજા જન્મમાં તેને પ્રભુ સ્વપ્ન અનુભવ આપી અંગીકાર કરે છે. તેવા ભગવદીયની દશા પણ એકદમ જુદી જ થઇ જાય છે. જેમ સટ્ટાથી કોઇ એકદમ લાખો રૂપિયા પેદા કરે તેમ સ્વપ્નરૂપી સટ્ટાથી તે પ્રભુના સ્વરૂપના અનુભવો જલદી પ્રાપ્ત કરે છે. તેને લીલાત્મક જ્ઞાન પણ જલદી થાય છે. કારણ કે સ્વપ્ન દ્વારા દર્શન દેનાર સ્વરૂપ હૃદયમાં સદાને માટે પ્રવેશ કરી પોતાની લીલાઓનો ઉકેલ હૃદયમાં કરે છે, એટલે તેવા સ્વપ્ન અનુભવીને પણ આપો આપ લીલા સ્ફુરે છે અને સત્સંગની અસર પણ તેવા પર જલદી થાય છે. માટે શ્રીગોકુલેશ સ્વપ્ન નિવેદનને અધિક માને છે.

## ૦ પ્રસંગ–૨૩૭ ૦

**શ્રીગોકુલેશનો સ્વપ્ન અનુભવ**:–મહાનંદ પ્રેમીને નિવેદન કરવું હતું માસ ચારથી વાટ જોતો હતો, ત્યાં દર્શન આપ્યું. પછી તેડયો ને ત્યાં નિવેદન કરાવ્યું.

**વિવેચન**–શ્રીગોકુલેશ પોતાના સંબંધવાળા જીવોને સ્વપ્ન અનુભવ આપીને પણ પોતાની પાસે બોલાવી શરણે લે છે. શ્રીમહાપ્રભુજી પ્રગટ થયા ત્યારે પણ દૈવી જીવોને આપે પોતાના અલૌકીક તેજ અને ઓજસો વડે ખબર આપી હતી. આવા ચમત્કારોથીજ શ્રીગોકુલેશના સેવકો શ્રીગોકુલેશમાં આસક્ત હતા. રાત દિવસ એ રસિલા–પ્રેમીલા સ્વરૂપ વગર તેમના ભકતોને કંઇપણ સુજતુંજ નહોતું. અત્યારે પણ સ્નેહનું સ્વરૂપ શ્રીગોકુલેશાસક્ત સૃષ્ટિ સમજી શકે છે. જો કે શ્રીમહાપ્રભુજીને શરણે આવનાર સર્વ સમાન છે, પણ સ્નેહ પૂર્વક અનુભવી નજરથી કરાતી સેવાની વાત તો જુદીજ છે.

## ૦ પ્રસંગ–૨૩૮ ૦

**શ્રીગોકુલેશનોસ્વપ્નઅનેસાક્ષાતઅનુભવ**

ગોવિંદદાસ નાગરને સ્વપ્નમાં નિવેદન કરાવ્યું પછી જાગ્યા તેવા સાક્ષાત દીઠા.

**વિવેચન**–શ્રીમહાપ્રભુજી અને શ્રીગોકુલેશ એકજ છે આથી જેમ શ્રીમહાપ્રભુજી પોતાના પાદુકાજીને સેવનારને હમેશા પાદુકાજી પર દર્શન આપતા, તેમ શ્રીગોકુલેશ પણ કૃપાપાત્ર ભગવદીયોને સાક્ષાત દર્શન દેતા, ઉપરના ભગવદીયને પ્રથમ સ્વપ્ન દર્શન આપ્યું અને પછી સાક્ષાત દર્શન આપ્યું. આજ ઇશ્વરત્વ છે. આવા અનુભવોને લીધેજ શ્રીગોકુલેશાસકતો શ્રીગોકુલેશનેજ લીલાત્મક પુરૂષોત્તમનું સ્વરૂપ માનતા, અને અનુભવતા નાગજી ભટ જેમ શ્રીગુસાંઇજીમાં સર્વસ્વ અનુભવતા તેમ આ વાત પણ છે. આ બાબતમાં કોઈ પ્રકારનો વાંધો નથી. ઘણા જે નથી સમજતા, તે આવી બાબતો પર ઘણીવાર ટીકા કરે છે, પણ જેણે સાકરને ચાખી છે. તેને સાકરને ગળી માની હોય તો ખોટું શું ? વળી બીજી ગળી ચીજનો તેને અનુભવ નથી પછી તેનો દોષ શો ?

## ૦ પ્રસંગ–૨૩૯ ૦

**ખાનપાનથી થતા દોષની નિવૃતિ**:–એક સમે પંચોળીએ પૂછયું કે મહારાજ, કોઈ વખત મધ્યમાદિ ભગવદીયને ઘેર પ્રસાદ લેવાયો હોય તેનો દોષ કેમ જાય ? ત્યારે શ્રીગોકુલેશે કહ્યું કે ઉત્તમ ભકતને ત્યાં પ્રસાદ લે, તો તે

દોષ નિવૃત્તિ થાય.

**વિવેચનઃ**-સામાન્ય વૈષ્ણવને ઘેર પ્રસાદ લેવામાં પંચોળી દોષ બતાવે છે. અને તેના નિવારણ માટે શ્રીગોકુલેશ પાસે ઉપાય પૂછે છે. તો શ્રીગોકુલેશ કહે છે કે ઉત્તમ એટલે તાદશી ભગવદીયને ત્યાં પ્રસાદ લેવાથી દોષ નિવૃત્ત થાય. જેમ લૌકિક દોષ થાય તો પ્રાયશ્ચિતાદિક દ્વારા નિવૃત્ત થાય છે. તેમ ભગવદીયના દોષો ભગવદીય દ્વારા નિવૃત થાય એમ અહીં કહેવાનો મુદ્દો છે.

* પ્રસંગ-૨૪૦ *

**ગૈષ્ણવોની મહત્તાઃ**-શ્રીગોકુલેશ દેશાધિપતિને મળ્યા એટલે ઘેર આવીને ન્હાયા અને ડગલો પહેર્યો હતો, તેનું ખવાસે પૂછયું કે રાજ, ડગલો છોવાયો. તેનું શું ? ત્યારે આજ્ઞા કરી કે વૈષ્ણવને અરાડી આવો.

**વિવેચનઃ**-શ્રીગોકુલેશ અહીં ગૈષ્ણવની મહતા બતાવે છે, ગૈષ્ણવને સ્પર્શ કરવાથી ડગલો શુદ્ધ થાય, આથી શ્રીમુખે તેવી આજ્ઞા કરે છે અહીં પોતાના કરતાં પણ ગૈષ્ણવનું અધિકય બતાવે છે આવો જ પ્રસંગ કાંકરોલીવાળા શ્રી ગિરિધરજીના સંબંધમાં છે. શ્રીગિરિધરજી હંમેશા ગૈષ્ણવોને ચરણસ્પર્શ આપી વગર સ્નાન કર્યે ભોજનમાં પધારતા. આ બાબતની અન્ય શ્રીગોસ્વામિબાલકોને ખબર પડતાં તે બાબતમાં તજવીજ કરી એમ ન કરે એવી સૂચના કરવા ત્યાં એકઠા થયા. શ્રીગિરિધરજી મહારાજ તો રોજની પેઠેજ ચરણસ્પર્શ આપી ભોજન કરવા પધાર્યા. આથી તે બાબતમાં તેઓશ્રીનો જવાબ માગ્યો. તો તેઓશ્રીએ જણાવ્યું કે જે ભગવદીયોને સ્પર્શ કરવાથી હજારો પ્રકારના દોષો નિવૃત થાય છે, તે ભગવદીયને ચરણસ્પર્શ આપી સ્નાન કરવાનું કંઈજ કારણ નથી, ઉલટું ભગવદીયો ચરણસ્પર્શ કરીને મારા દોષોનો નાશ કરે છે, તેથી રાજી થવું જોઈએ. આ સાંભળી અન્ય સર્વ બાલકો ચૂપ થઇ ગયા અને ઉલટા સર્વેએ નમસ્કાર કરી કહ્યું કે આપની ભાવનાને ધન્ય છે. આપની મનની કોણ સમજી શકે ? પ્રભુપર ભગવદીયનો પ્રેમ છે, આથી પોતાના પર પ્રેમ રાખનારી વસ્તુને પ્રભુ અધિક ગણે છે. સ્નેહનું સ્વરૂપજ એવું છે કે જેની પ્રીતિ વધારે તે વધારે માનીય. પવિત્રતાનું મૂળ છે, અન્ય કોઈ વસ્તુ તેટલી પવિત્ર કરનાર નથી સ્નેહી એટલે ત્રણ લોક જેના ઓજસોથી પાવન થાય તેવી મહાન વસ્તુ.

० પ્રસંગ—૨૪૧ ०

**સ્વરૂપાનુભવ મહાન વસ્તુ છેઃ**-એકવાર શ્રીગોકુલેશને પંચોળીએ પૂછયું, કે મહારાજ સેવા મોટો પદાર્થ છે ? ત્યારે આપે કહ્યું કે હા, મોટો પદાર્થ છે. ત્યારે વળી પૂછયું કે સેવાથી કંઇ મોટો પદાર્થ છે ? ત્યારે આજ્ઞા દીધી. કે શ્રીપ્રભુજી દાન કરે, તો સ્વરૂપથી અતિરિકત સર્વ પદાર્થ બાધક થાય.

**વિવેચન**-અહિં સાક્ષાતસ્વરૂપની અધિક્તા બતાવે છે, સ્વરૂપ સેવા એ વિપ્રયોગને માટે અને અનુભવ માટે છે, સ્વરૂપ સેવા વગર વિપ્રયોગ નથી, પણ જો અનન્યતાથી ભાવપૂર્વક સેવા કરે, તો વિપ્રયોગની પ્રાપ્તિ થાય છે. માટે સેવા મોટો પદાર્થ છે, પણ અસક્તિ કે વ્યસન દશા થઇ સ્વરૂપની પ્રાપ્તિ થાય છે, ત્યાર પછી સામાન્ય સેવા છુટી જાય છે, રાજા આશકરણ, બીબી તાજબાઇ રસખાન વગેરેને સાક્ષાત્સ્વરૂપની પ્રાપ્તિ અને અનુભવ થતાં મસ્ત દશા થઈ ગઇ અને પછી દેખાઈતા સેવા કે જે દ્રવ્ય અને કાયાથી કરાય છે, તે છુટી ગઈ. આમ સાક્ષાત્સ્વરૂપાનુભવની વાત કંઈ ઓર છે, જે ભકતો સ્નેહથી દ્રવિત છે પ્રેમમાં પચેલા છે તેમનેજ પ્રભુ સ્વરુપાનુભવ આપે છે,

○ પ્રસંગ-૨૪૨ ○

**મન સહિત સર્વેંદ્રિયે પ્રભુનુંજ અનુસંધાન તે અનન્યતા**—અનન્યતા તે કેવી કે જયાં સ્વરૂપ અતિરિકત અન્ય વસ્તુનું અનુસંધાન ન રહે. વસ્તુ બધીજ મારા પ્રભુજી છે. ને એક બીજું આ પણ કંઈક છે (પ્રભુ સિવાય) એવી સંભાવના પણ ન રહે.

**વિવેચન**—તદ્રુપતામાં સર્વત્ર પ્રભુ વગર બીજું દેખાય જ નહિ એવી તદ્રૂપતા એજ અનન્યતા. પોતાના પ્રિય વગર બીજી વસ્તુ સુઝેજ નહિ, અન્ય વસ્તુ વિચારમાંજ ન આવે. પોતાના પ્રિયનીજ વાણીના અવાજના ભણકારા સદાજ કાનમાં પ્રવેશ્યા કરે એવી સર્વ ઇંદ્રિયોની દશા એજ સર્વાત્મભાવ. જ્ઞાનથી એવું વિચારવું કે સર્વમાં પ્રભુ છે, તે તો બ્રહ્મજ્ઞાન, પણ તે પ્રભુની લીલાત્મક સર્વ વસ્તુઓ છે એવી ભાવના સાથે અનુભવ એ પુષ્ટિમાર્ગીય સર્વાત્મભાવ. એવા સર્વાત્મભાવની પ્રાપ્તિ કરવા માટેજ સેવા છે. પ્રથમ સેવાના સ્થાનની સર્વ વસ્તુઓમાં સ્વરૂપાનુભવ ભાસે છે પછી સાર્વત્રિક અનુભવ થાય છે. એવી સ્થિતિ થયા પછી ભગવદીય પોતાના પ્રિય વગર અન્ય ભૂલીજ જાય તેજ અનન્યતા એવી આસક્તિ વગર સ્વાદ કે આનંદ નથી. જો સેવા આસક્તિ પૂર્વક લીલાત્મક દૃષ્ટિએ કરવામાં આવે તો ત્યાં વસ્તુમાત્ર લીલાત્મક વસ્તુ છે. એવો અનુભવ થાય છે, એજ સેવાનું ફળ છે. સેવા વખતે અપરસનું કારણ પણ એ છે જે લૌકિકને સ્પર્શ ન કરવો. અથવા પ્રભુમાંથી કોઇ પણ ઇંદ્રિય અથવા મન બહાર જાય એજ છોવાટ છે. આવી સ્થિતિ સ્વરૂપ પરત્વે ભગવદીયની થાય એને અનન્યતા શ્રીગોકુલેશ કહે છે; અને અનન્યતાનું છેલ્લું સ્વરૂપ એજ છે. પોતાના પ્રિય વગર અન્યની સ્ફુરણાજ ન રહે તે ફલાત્મક અનન્યતા. આ અનન્યતાનું ટુંકું સૂત્ર છે.

○ પ્રસંગ ૨૪૩ ○

**ભગવદીયે કેમ વર્તવું**:—મોહનભાઇનાં વચન લખ્યાં છે ત્વયાભિરમિતાઃશ્રી સ્વામિનીજી શ્રીઠાકુરજીને કહે છે કે જે દિવસના તમારા ચરણારવિંદ અંકુ દીઠા છે તે દિવસના હૃદયાંતરમાં તમેજ રમો છો, એટલે હવે તો તમને દીઠીને કયાં જાઉં? રોમ રોમ સુધી સુરત આપના વદનની નખશીખ સુધી ચાખુ છું. એ તે મનવાની ચચંળતા સાથે નિત્ય સમજીએ છીએ જે કોઈ સ્વરૂપને સાંપ્રતિ (હાલ) જુએ છે તેની એ અવસ્થા, તો જે કોઇ ગુણથી સમજીને જાણે છે, તે શું જાણે? અન્યાશ્રય અને અભિમાનમાં શું જાણે? આ ત્રણે પ્રકારોમાંનો એક પણ પ્રકાર હોય, ત્યાં સ્વરૂપની સ્થિતિ ન હોય, મળજ બંધાય નહિ. તન્મયતા જ્યારે પ્રકટે છે, ત્યારે નેગમાં શ્રી પ્રાણનાથજી સ્વતઃ નિવાસ કરે છે, દ્રષ્ટિ ઉંચી રાખે, ને પોતાને નીચું કરી ત્રેવડે, અને અભિલાષા ઉંચાનીજ રાખે, તે ઉત્કર્ષ દૃષ્ટિ નીચી (હલકી) રાખે ને પોતાને ઉચું કરીને ત્રેવડે (ગણે) અને અભિમાન કરે તે નિકૃષ્ટ પોતાથી જે ઉત્કર્ષવાળો હોય, તેનો સંગ કરવો. તેની શીખામણ લેવી ને ભાવ નીચો હોય, તેના પર દયા કરવી. દયા કરવી એ ભગવદીયનું લક્ષણ છે. સમાનશીલ સાથે મળે. વસ્તુ ગોપ્ય રાખે જેથી પોતાનો ભાવ પૂરતિ થાય, તેની સાથેજ મળે, પણ સંગ અવશ્ય કરે. લોઢાને સો વરસ સુધી ધોઇએ તો શુદ્ધ ભલે થાય પણ પારસમણિના સ્પર્શ વિના સુવર્ણ ન થાય. તેમ વસ્તુ ધણીની આપીજ પામીએ. પણ ક્રિયાએ કંઈ ન થાય. સ્વરૂપ તે આત્મા અને ભકત તે આત્મીય. આ ધર્મ વૈષ્ણવમાં સહજજ છે, તે કયાં? બ્રાહ્મણ, ક્ષત્રી, વૈશ્ય અને શુદ્ર એ ચારેયમાં આવા ભગવદીયો છે.

**વિવેચનઃ**–સ્નેહ જો સહજ હોય તો એક બીજાને પ્રથમ નજરેજ તદ્રુપતા થાય અરે નજરે તો શું પણ પોતાના પ્રિયનું નામ સૂણતાં દશાનું ઠેકાણું ન રહે, આથીજ મહાનુભાવી નંદદાસજી કહે છે કે "હે સખી મેં જ્યારથી કાને શ્રીકૃષ્ણનું નામ સાંભળ્યું ત્યારથી હું તો બાવરીજ થઈ ગઈ છું." કોઈ કહે છે કે વગર જ્ઞાને અને અનુભવે આવી દશા શી રીતે થાય. તો જવાબ એ કે પૂર્વના સંબંધને લીધે આવી દશા થાય. જેમ શકુંતલાને શાપને લીધે ભૂલેલા દુષ્યંત રાજાને વીંટી દેખતાં જ શંકુતલાની સાથેના લગ્નની સ્મૃતિ આવી અને વિહ્વળ થઇ ગયો તેમ અહીં પોતે પૂર્વના અનુભવવાળા સ્વરૂપનું નામ સાંભળતા એ સ્વરૂપે આપેલા સુખની અને આનંદની સ્મૃતિ આવતાં ભક્ત બેબાકળો બની જાય છે. આ ઉત્તમ સ્નેહ છે. આ ઉપરથી સમજવાનું એટલું જ કે આવા ભકતને પોતાના પ્રિય સિવાયની અન્ય વસ્તુનું જ્ઞાન એ પ્રિય પ્રત્યે બેવફાઇ અથવા દગો છે આ વિચારે પ્રેમમાં જ્ઞાન એ બાધક છે. જ્ઞાનનો અર્થ અથવા અનુભવ એજ કે પોતાના પ્રિય સિવાય બીજી વસ્તુને ભૂલી જવી. નખથી શીખ પર્યંત પ્રભુની લહેરમાં તરબોળ રહેવું એ રસમગ્ન ભગવદીયની સ્થિતિ ગુણથી પ્રભુને ઓળખે તે પ્રેમની ઉત્કૃષ્ટતા નથી, એ પ્રેમ ગુણને લીધે છે માટે સગુણ પ્રેમ છે, નિર્ગુણ પ્રેમ કશું જાણ્યા વગર પ્રિયને દેખ્યાજ કરે. અનુભવ્યાજ કરે.

જ્યાં ગુણાસક્તિ અન્યાશ્રય અને અભિમાન એ ત્રણ હોય ત્યાં સ્વરૂપની સ્થિતિ ન હોય કારણ શું ? સ્વભાવિક રીતે વિચારીએ તો હૃદય એક છે, તેમાં ગુણ રહે પછી પ્રભુ ક્યાં રહે ? અન્યાશ્રયમાં અન્યનો આશ્રય થયો ત્યાંથી અન્ય વસ્તુ હૃદય પેસી ગઈ પછી પ્રભુ ક્યાં રહે ? વળી અભિમાન આવવાથી અભિમાન હૃદયમાં રહે એટલે જગા વગર પ્રભુનું સ્વરૂપ ક્યાં બીરાજે ? એક સ્થાને એક વસ્તુ મૂકી હોય ત્યાં આગળ તે સ્થાનમાં તે વસ્તુના ખસ્યા વગર બીજી વસ્તુ શી રીતે બિરાજે ? માટે ગુણાશક્તિ, અન્યાશ્રય અને અભિમાન હોય ત્યાં પ્રભુનું સ્વરૂપ સ્થિતિ કરેજ નહિ, ઈશ્વર સિવાયની કે પોતાના પ્રિય સિવાયની અન્ય વસ્તુમાં સહેજ પણ મમતા એજ અભિમાન આસુરત્વ છે, જ્યાં આસુરત્વ છે ત્યાં ઈશ્વરત્વ શી રીતે હોય ?

તન્મયતા થાય ત્યારે પ્રભુ નેત્રમાં બિરાજે, આવો તન્મય ભગવદીય જેના પર નજર નાખે, તેને જાણે પ્રભુનું જ દાન કરે છે, તેની નજર તેજ પ્રભુની નજર. તદ્રૂપ ભગવદીયને માટે છે કે "ઝુલત તેરે નેન હિંડોરે" માનો પ્રભુ હિંડોરામાંજ નથી ઝુલતા, પણ તે તારા નયન રૂપી હિંડોરામાં પણ ઝુલે છે. ભગવદીએ દ્રષ્ટિ ઉંચી રાખવી, પણ પોતાના જીવની દુષ્ટતા વિચારી દીનતા ન છોડવી. પ્રભુના અનુભવનું મૂળ જીવની લાયકાત નથી. પણ પ્રભુની કૃપાજ છે, આથી જીવ પોતે વર્તન ઉંચું રાખવા છતાં પોતાની તુચ્છતા ન ભૂલે, જો અભિમાન રાખે, તો પ્રભુ રિસાઇ જાય જે નીચાં આચરણ રાખી પોતાને ઉંચો માને, તે હલકો છે. પોતાથી ઉત્કૃષ્ટ ભગવદીયોનો સંગ કરવો, જેથી ભગવદ્ધર્મ સ્ફુરે. વળી પોતાથી ઉતરતા લાગે, તેમના પર દયા કરવી, કે જેથી પ્રભુ તેવાને ભાવનું દાન કરે લોઢાને સો વર્ષ સુધી જળમાં રાખે તો પણ કંચન ન થાય તેમ ભગવદીયમાં પ્રેમ હોય, પણ તે પ્રેમ જે ભગવદીયનો સત્સંગ ન કરે, તો પ્રભુત્વ ધારણ કરતો નથી. જેમ લોઢાને પારસમણિનો સંગ થાય તો સુવર્ણ બને છે,

તેમ ભગવદીયના સંગ વડે પ્રેમવાળા જીવની પ્રભુ તરફની દિશા થાય છે ને ભગવદીય બની જાય છે. પ્રેમનો અનુભવ અથવા સ્વાદ ભગવદીયના સત્સંગની વિના નજ આવે આથી પણ અધિક કહીએ તો સત્સંગની મહત્તા એટલી બધી છે કે.

જો પારસસું સોના હોવે
સો પારસ કચ્ચા;
જો પારસસું પારસ હોવે,
સો પારસ હે સચ્ચા.

જે પારસના સ્પર્શથી લોઢાનું સોનું થાય, તે પારસ તો કાચો છે, પણ જે પારસથી લોઢાનો પારસ થઈ જાય, તે તો સાચો પારસ છે, કારણ કે લોઢાનું સોનું તો થયું પણ તે સોનું બીજા લોઢાને અડવાથી તેનું સોનું થતું નથી. પણ લોઢાનો પારસ બને તો તે પારસ બનેલું લોઢું બીજા લોઢાનું સોનું બનાવે. આમ ભગવદીયની મહત્તા પોતાના સંગીને પોતાના જેવો બનાવવામાં છે, પણ તેને માટે મન મૂકીને હૃદય પૂર્વક ભગવદીયોનો સંગ કરવો જોઈએ. ભગવદીય પર અત્યન્ત પ્રેમ રાખવાથી પ્રેમદેવ ભગવદીયના ગુણો પ્રેમ રાખનારમાં મૂકે છે. જેમ કોઈ માણસ કોઈને વસ્તુનું દાન કરે તેમ પ્રેમદેવ જેના ઉપર પ્રેમ હોય તેના ગુણો પ્રેમ રાખનારમાં લાવીને મૂકે છે. આ વાત બહુ જ સૂક્ષ્મ દ્રષ્ટિએ સમજાય તેવી છે.

## * પ્રસંગ-૨૪૪ *

**સ્વરૂપ** ભેદઃ-સ્વરૂપ પાંચ ભગવદીયમાં છે. એક સ્વરૂપ ગોપ્ય છે, ચાર સ્વરૂપ પ્રકટ છે પાંચ સ્વરૂપનાં નામ. ૧ પ્રાવાહિક સ્વરૂપ ૨. મર્યાદા સ્વરૂપ ૩. માહાત્મ્ય સ્વરૂપ. ૪. પુષ્ટિ સ્વરૂપ ૫. પુષ્ટિ પુષ્ટિ સ્વરૂપ આ પાંચે સ્વરૂપ તે ભગવદીયની સંગે શ્રીપ્રભુ કૃપા કરીને કાંઈક જણાવે તો જણાય પ્રવાહી ભકતોનો સંગ કરતાં પ્રવાહી સ્વરુપ જણાય. ધર્મ મર્યાદા ભકતનો સંગ કરતાં મર્યાદી સ્વરૂપ જણાય. માહાત્મ્ય સંબંધી ભકતોનો સંગ કરતાં પ્રભુજી મહાત્મય સ્વરૂપ જણાવે. પુષ્ટિમાર્ગીય ભગવદીયનો સંગ કરતાં પ્રભુ પુષ્ટિ સ્વરુપ જણાવે. આવા ભકતને કેવળ પુષ્ટિ સ્વરુપ સાથે સંબંધ થાય છે. ત્યારે તે મનમાં એમ જાણે કે હવે હું કૃતાર્થ થયો. પોતાનું સુખ વિચારે નહિ, તે પુષ્ટિમાર્ગીય ભકતનું લક્ષણ અને હવે પુષ્ટિ પુષ્ટિ કેવળ રસમાર્ગી ભક્ત છે, તેનો સંગ કરતાં શ્રીપ્રભુજી પોતાનું મહારસ સ્વરુપ અત્યંત ગોપ્ય છે તે દેખાડે. જે જે પુષ્ટિ પુષ્ટિ રસમાર્ગીય ભક્ત છે તે રાત્રિ દિવસ એમ વિચારે કે શ્રીપ્રભુજી કેમ સુખ પામે ? શ્રી પ્રભુજી કેમ પ્રસન્ન રહે ? આ પ્રભુજીને જે સહાય છે તેજ કરીએ એવો વિચારજ મનમાંહે રહે છે. અને અણુમાત્ર અન્ય વ્યાસસંગ નહિ અને પોતાના સુખનો વિચાર લેશ માત્ર નહિ. માટે શ્રીપ્રભુજી ચાર સ્વરુપ સુધી તો કદાપિ મહા કષ્ટે સંગ બળે કંઇ જણાવે પણ પાંચમું સ્વરુપ કેવળ રસાત્મક તે આવી રીતે ગોપ્ય રાખે છે.

**વિવેચન**-આ પ્રસંગ કેવળ રસાત્મક છે. શ્રીગોકુલેશ કહે છે, કે આ માર્ગ નથી પણ કેવળ રસ છે, માર્ગ તો ચાલ્યો ગયો પહેલાં. આ વચન આવા પ્રસંગોથી સમજાય છે. ચાર સ્વરુપના અનુભવ તો સાધારણ સ્નેહથી થઇ શકે, પણ કેવળ રસાત્મક જે પુષ્ટિ પુષ્ટિ છે, તે તો રસિક ભગવદીયને આધીન છે. એવો ભગવદીય પોતાનું સુખ ન વિચારે, જેમ શ્રીપુરુષોત્તમ સદાજ સદાજ ભકતોને આનંદ આપવા માટેજ કાર્ય માત્ર કરનારા છે, તેમ આવો ભક્ત સદાજ સદા અન્યનું જ સુખ વિચારે છે. કેવળ રસમાર્ગી ભગવદીયના સત્સંગથી પ્રભુજ પોતે પોતાનું સ્વરુપ

ગોપ્યમાં ગોપ્ય એવું કૃપા કરીને દેખાડે છે. રસમાર્ગી ભગવદીય પ્રભુના અને સ્વત્સંગી ભકતોના સુખના વિચારમાં મશગુલ રહે છે. તેને સહેજ પણ વિપરીત સંગ એટલે અન્યા સક્તિ થાય નહિ. સદાજ પ્રભુ અને ભગવદીયોના પ્રેમને લીધે ભગવદ્રસમાં છકેલો રહે. પોતાના સુખનો વિચારજ નહિ કારણ કે તે પોતાના પ્રિય શ્રીપુરૂષોત્તમના સુખમાં પોતાને પણ ભૂલી જાય છે. જેમ કોઈ મદિરાપાન કરનાર મદના આવેશથી સ્વદેહને ભૂલે છે, તેમ આવો મહાનુભાવી રસાવેશને લીધે સદાજ સદા દેહના અનુસંધાન વગરનો પ્રભુમદના આનંદમાં મસ્ત રહે છે, પ્રભુની મહાન કૃપા હોય તો આવા પ્રભુમદભર્યા મહાનુભાવીનાં દર્શન થાય છે, અને તેવાનો સત્સંગ તો મહાદુર્લભ છે. તેવા ભકતોના સહેજ પણ સંગે જીવની દશા ફરી જાય છે. આ પ્રસંગ કેવળ રસાત્મક છે, આવા પ્રસંગો સત્સંગમાં રૂચિ કરનાર છે.

### * પ્રસંગ-૨૪૫ *

**મહાપ્રસાદ લેવામાં વિચારઃ**-એક કારણુ પૂછયું, માધવદાસ ખવાસ હતા, તેઓ શ્રીગોકુલનાથજીના થાળનો પ્રસાદ લેતા. હવે એકવાર શ્રીગોકુલેશ ગોપીકાંત ભટને ઘેર ભોજન કરવા પધાર્યા હતા ત્યાં તે થાળમાંથી માધવદાસ ખવાસે પ્રસાદ લીધો તે શ્રીગોકુલેશે દીઠો, એટલે ઘણુંજ ખીજયા અને કહયું કે તેં ભટના ઘરનું કેમ લીધું? તું મારા ગડુવે અડિશ નહિ, આ માધવદાસ તામસી હતા તેમણે પોતાના પશ્ચાતાપના તામસે વિચાર્યું કે હું પૃથ્વી પરીક્રમા કરૂં તો અપરાધ જાય તેથી ઉઠીને જગન્નાથજી ગયા, તે માર્ગે મોટી બનારસી આવી ત્યાં ગયા. ત્યાં સ્વપ્નમાં આજ્ઞા આપી કે તું ફરી આવ તેથી ફરી આવ્યો પછી શ્રીમુખે આજ્ઞા કરી કે આટલું તો કરવાનું નહોતું, પણ નિવેદન ફરી કરવાનું હતું. એ આજ્ઞા આપી. એવું ભટના ઘરનું લેવું છે.

**વિવેચન**-આ પ્રસંગ બહુજ વિચિત્ર છે. એકવાર પરણ્યા પછી જેમ ફરી તે દંપતીથી પરણાય નહિ. તેમ એકવાર નિવેદન (બ્રહ્મસંબંધ) કર્યા પછી ફરી નિવેદન ન થાય પણ જો પરણ્યા પછી તે ધણીથી સ્ત્રીને વીશ બાળક થાય તો ફરીવાર લગ્ન કરાય વા કરવુંજ જોઈએ એવી છે કે જે અપરાધ બીજી કોઇ રીતે ન છુટતાં ફરી નિવેદન કરવાથી છુટી શકે. ભટ એટલે શ્રીગોસ્વામિ બાળકોના બેટીજીના વર તે ભટજી કહેવાય શાસ્ત્રની મર્યાદાએ પણ બેટીના ઘરનું કંઈ ન લેવાય, તો અહીં તો એથી પણ આગળની વાત છે તેથી જે ભટજીના ઘરનું લે તે બહિર્મુખ થાય છે, માટે શ્રીગોકુલેશ આ પ્રમાણે કહે છે. વહેવારને લીધે શ્રીગોસ્વામિ બાળકોને તો કદાચ ભટજીને ત્યાં ભોજન કરવું પડે, પણ વૈષ્ણવથી તો કણિકા પણ ન લેવાય. વળી આ માધવદાસ શ્રીગોકુલેશના ખવાસ છતાં તે અપરાધની ક્ષમા માટે તીર્થ કરવા દોડે છે એ કેવી નવાઈ? શ્રીગોકુલેશ પાસે દીનતા પૂર્વક ક્ષમા માગી ચાર આંસુ પાડયા હોત, તો તરતજ કાર્ય થઈ જાત, જીવ બુદ્ધિ એવી છે કે પ્રભુના સ્વરૂપને ન સમજે.

### * પ્રસંગ-૨૪૬ *

**વસ્તુ ગ્રહણ કરવામાં વિવેકઃ**-શ્રીપાર્વતી વહુજી ભટજીને ઘેર ભોજન કરવા જતાં હતાં. ત્યાં વૈષ્ણવ સ્રીજન સાથે જતાં હતાં, તેમને બીડાં ભટજી આપે તે લે. ત્યારે વહુજીએ કહ્યું કે અરે તમે બીડાં કેમ લ્યો છો? ત્યારે તે સ્રીજનોએ કહ્યું કે તમે કેમ લ્યો છો?

ત્યારે વહુજીએ કહ્યું કે તમારૂં ભલું તો અમારાથી થશે, અને અમારે તો જ્ઞાતિ વહેવાર છે, શું કરીએ ? પણ તમે ભટજીના વરતું ન લેશો.

**વિવેચન**-આ પ્રસંગ ઉપરના પ્રસંગ જેવોજ છે. વૈષ્ણવ સ્ત્રીઓ પોતાની સાથે ભટજીને ત્યાં આવી છે, તેમને ભટજીના ઘરની બીડી લેવાની પણ શ્રી પાર્વતી વહુજી મના કરે છે. શ્રીવલ્લભકુળ તો જ્ઞાતિ સંબંધે ભટજીઓ સાથે ખાનપાનનો વહેવાર રાખે પણ વૈષ્ણવ રાખે તો બહિર્મુખ થાય, માટે ન રાખવો જોઈએ.

## પ્રસંગ-૨૪૭

**શ્રીનાથજીનું મથુરાજી પધારવું**:-સંવત ૧૬૨૩ ફાગણ વદિ ૭ શ્રીનાથજી મથુરાં મધ્યે શ્રીગુસાંઈજીને ઘેર પધાર્યા. ત્યારે શ્રીગુસાંઈજીએ ગુજરાતમાં સાંભળ્યું એટલે કહ્યું કે કેમ પધાર્યા, કાંઇ ભય હતો ? ત્યારે માણસે કહ્યું કે ભય તો કંઇ નથી. ત્યારે પોતેજ પ્રસન્નતાથી કહ્યું કે જાણવામાં આવ્યું કે વલ્લભને લીધે પધાર્યા છે. પછી ફરી વૈશાખ સુદિ ૧૪ શ્રીગોવર્ધન પધાર્યા, માસ ૨ અને ૬ દિવસનો ભાવ વીસમા મંગળ વિષે છે. એક કડીએથી વિસ્તારથી છે.

**વિવેચન**-શ્રીનાથજીની પ્રીતિ શ્રીગોકુલેશ પર અનહદ છે, આથી શ્રીગોકુલેશની ઇચ્છાને આધીન થઇ શ્રીનાથજી મથુરા પધાર્યા હતા, તે વાત અહીં કહેવામાં આવે છે. શ્રીનાથજીએ દોલોત્સવ મથુરાજી કર્યો હતો. આ સમયે ચતુર્ભુજદાસથી શ્રીનાથજીનો વિરહ સહન ન થઇ શકયો. તેથી વિરહમાં "શ્રીગોવર્ધનવાસી સાંવરેલાલ તુમ વિન રહયો ન જાય હો વ્રજરાજ લડેતો લાડીલે" આ કીર્તન ગાયું હતું. શ્રી ગોકુલેશ સાથે શ્રીનાથજીએ અનહદ અમર્યાદ લીલાઓ ખેલી હતી. ચતુર્ભુજદાસ આ વખતે આ દૂરથી દેખીને તે સહન થઇ શકયું નહીં, કારણ કે મહાન રસિકછે. તેથી આપે સર્વાંગે આગમાં 'ગોવર્ધનવાસિ" પદ ગાયું છે મહાનુભવી ચતુર્ભુજદાસજીનાં ચક્ષુ દિવ્ય છે. તેથી પોતે દૂરથી શ્રીનાથજીનો અને ગોકુલેશનો હોરી ખેલ નિરખે છે તેથી હૃદયમાં તાલાવેલી થાય છે. આપશ્રી ૨ માસ અને ૬ દિવસ મથુરા બિરાજી પછી પાછા ગોવર્ધનવાસી થાય હતા.

## પ્રસંગ ૨૪૮

**શ્રીલક્ષ્મીજી ચરણારવિંદમાં પ્રીતિ કેમ રાખે છે**:-શ્રીગોકુલેશને પંચોળીએ પૂછ્યું કે મહારાજ લક્ષ્મીજી તો ઠાકોરજીને હૃદયે વસે છે, ને રાજ, શ્રીઠાકોરજીનાં જેમ ચરણારવિંદની ઇચ્છા કરે છે, તે શું ? ત્યારે આપશ્રીએ શ્રી મુખે કહ્યું કે હૃદયમાં એટલા માટે રહે છે કે લોકો માગવા આવે છે ત્યારે જાય છે. તે ચૌદલોકમાં છે, પણ ત્યાં એક કણિકા માત્ર રહે છે તેનું સર્વ સ્વરૂપ હૃદયમાં રહે છે. કયાંય જતું નથી. વળી લક્ષ્મી મહાદુઃખ ધરે છે, કે રખેને કોઈ શ્રીઠાકોરજી પાસે આવીને માગે કે મને સદા સર્વદા લક્ષ્મીજી આપો તો શ્રીપુરૂષોત્તમ તો ઉદાર રાય છે, કંઇ પણ વસ્તુ પોતાની જાણતા નથી, તેથી લક્ષ્મીને તરતજ પ્રાર્થનારને આપી દે તે ભયથી ચરણારવિંદની ઇચ્છા કરે છે. જે વસ્તુ ચરણારવિંદે આવી તે ચળે [ખસે] નહી તેથી શ્રી પુરૂષોત્તમ પોતે જ આપેજ નહિ, માટે ચરણારવિન્દ ઇચ્છે છે.

**વિવેચન**-શ્રીવત્સનું ચિન્હ શ્રીઠાકોરજીના હૃદયે રહે છે, તેનું કારણ પ્રભુને લક્ષ્મીજી પ્રિય છે. પ્રભુ પોતે શ્રીલક્ષ્મીજીને હૃદયે રાખે છે પણ લક્ષ્મીજીની પ્રીતિ ચરણાવિન્દમાં છે, કારણ કે ચરણારવિંદની વસ્તુ પ્રભુ બીજાને ન આપે

લૌકિક વહેવારમાં પણ આપણા કંઠમાં ફુલની માળા હોય તો ઝટ કાઢીને બીજાને પ્રેમથી પહેરાવી રાજી થઈએ, પણ જુનું ન આપીએ, કારણ કે તે હલકી વસ્તુ ગણાય છે. તેમ જે દીનતા વાળા હોય તે ચરણારવિંદને સ્હાય, તેની દીનતાને લીધે પ્રભુ તેને દૂર ન કરે તેથી ગોપીજન પણ કહે છે કે સંત્યજ્યસર્વવિષયાં સ્તવ પાદમૂલં પ્રાપ્ત....

અમે સર્વ વિષયો ત્યજીને તમારાંચરણાર વિંદને પ્રાપ્ત થયાં છીએ, માટે અમને આનંદ આપો. આમ ચરણારવિંદમાં પ્રીતિ નિર્ભયતાનું દાન કરે છે. સુદામાના બે ફાકા તાંદુલ આરોગી સર્વ પ્રકારના વભવ અને અલૌકિકતા આપી ત્રીજો ફાકો આરોગી લક્ષ્મીજીને પણ સોંપી દેવા જતા હતા, ત્યાં તો શ્રીલક્ષ્મીજીએ હાથ સહાયો, ને કહ્યું કે કૃપાનાથ, મને પણઆપી દ્યો છો. પ્રભુએ કહ્યું કે મારા ભક્ત કરતા શું અધિક છે, કે હું તેને ન આપું ?આમ હોવાથી લક્ષ્મી બિરાજે છે, પ્રભુના વૃક્ષઃસ્થળમાં, પણ પ્રીતિ સદાજ ચરણ કમળમાં રાખે છે. જે ભગવદીયો શ્રીઠાકોરજીના ચરણ કમળનો આશ્રય રાખે છે, તે સદાજ સદા નિર્ભય બની રહે છે. પ્રભુના ચરણમાં શિર ધર્યા પછી બીક કેવી ?

### * પ્રસંગ-૨૪૯

**પ્રિયની ચીજ પર પ્યાર:**-કોઇ એકવાર શ્રીગોકુલેશને કલ્યાણભટે પૂછ્યું ત્યારે શ્રીમુખે કહ્યું કે એકવાર શ્રીઠાકોરજી બિરાજ્યા હતા ત્યારે બીજા સર્વ શ્રી સ્વામિનીજી શૃંગાર ધારણ કરી ફુલની માળા પહેરીને આવ્યા તે સમયે ઉનાળાનો દિવસ હતો માટે માથા પર છત્ર ધરીને આવ્યાં. ને શ્રી સુખ સ્વામિનીજી જેમ બેઠાં હતાં. તેમજ શ્રીપ્રભુજી પાસે નિકટ આવ્યા ત્યારે શ્રીઠાકોરજી ઉઠીને ઉભા થયા. પોતાનો ઉપરણો શ્રીસુખ સ્વામિનીજી ઉપર ધર્યો, ત્યારે બીજા સર્વે સ્વામિનીજીના મનમાં એમ આવ્યું કે આપણે આવ્યાં. પણ આપણા આવવાથી કોઈ ઉઠી ઉભા ન થયા. ને શ્રીસુખે સ્વામિનીજી આવ્યાં, ત્યારે ઉઠી ઉભા થયા, અને મસ્તક પર ઉપરણો ધર્યો. આવો મનમાં સંદેહ કરવા લાગ્યાં પછી જ્યારે શ્રીઠાકોરજીએ સર્વે શ્રી સ્વામિનીજીનાં કંઠમાં જોયું ત્યારે સર્વે શ્રી સ્વામિનીજીના કંઠમાં પુષ્પની માળા દીઠી. અને શ્રીસુખ સ્વામિનીજીને કંઠેશ્રીકંઠમાં પુષ્પનો હાર ન દીઠો ત્યારે તે વખતે શ્રીઠાકોરજીએ પોતે પુષ્પ વીણ્યાં, આપશ્રીએ શ્રી હસ્તે હાર ગુંથ્યો અને શ્રીહસ્તે શ્રીસુખ શ્રીસ્વામિનીજીને કંઠે હાર આરોપ્યો, પછી સર્વેએ જલ ક્રીડા કીધી પછી બહાર આવી વસ્ત્રો પહેર્યા અને બીજા સર્વે શ્રીસ્વામિનીજીએ કંઠેથી ફુલના હાર ભીના જાણી ઉતારી નાખ્યા ને સુખ શ્રીસ્વામિનીજીએ હાર ઉતારી ન નાખ્યો. રાખ્યો તે શા માટે ? કે બીજા સર્વે શ્રીસ્વામિનીજીની લૌકિક દ્રષ્ટિ છે. માટે ફુલનો હાર રાખ્યો તે એટલા માટે કે તે હાર ગુણનો રાખ્યો, મનમાં વિચાર કર્યો કે મારે માટેશ્રી ઠાકોરજીએ પુષ્પ વીણીને પોતે શ્રીહસ્તે ગુંથીને મારે કંઠે શ્રી હસ્તે આરોપ્યો. આવો ભાવ મનમાં લાવીને કંઠે રાખ્યો આ પ્રસંગ સંવત ૧૬૯૬ના પોષ વદિ ૬ ના રાત્રે લખ્યો છે, ૭ ઘડી રાત્રિ જતાં લખ્યો છે.

**વિવેચન**-આ પ્રસંગ લીલાત્મક છે, અહીં મુખ્ય વાત કહેવાની એ છે કે પોતાના પ્રિયના સંબંધવાળી વસ્તુ ક્ષણ પણ દૂર કરવી પ્રેમીને ગમતી નથી. શ્રી ઠાકોરજી શ્રીહસ્તે પુષ્પો વીણી તેની માળાજી બનાવી શ્રીસ્વામિનીજીના કંઠમાં પધરાવી છે, લીલાનો આનંદ લીધા પછી અન્યભક્તોએ પોતાની માળાઓ ઉતારી દીધી પણ શ્રીસ્વામિનીજીએ ન ઉતારી કારણ કે પ્રિયતમે પ્રેમપૂર્વક તૈયાર કરી ઘણા ઉમળ-

કાથી પોતાને પહેરાવી છે. શ્રીઠાકોરજી અને શ્રીસ્વામિનીજી શૃંગાર ધારણ કરે છે. તે એક બીજાની સ્મૃતિ માટે ધારણ કરે છે. એકજ દાખલો આપવાથી વાત સમજાઈ જશે. શ્રી સ્વામિનીજી નીલાંબર ધારણ કરે છે કારણ કે શ્રીઠાકોરજીના શ્રી નંગનો રંગ તેવો શ્રી ઠાકોરજી સદા શ્રી હસ્તમાં કમળ ધારણ કરે છે કારણ કે શ્રીસ્વામિનીજીનું મુખ કમળ સમાન છે. કમળનું પુષ્પ શ્રીસ્વામિનીજીનું સ્વરૂપ છે. આમ પોતાના પ્રિયના સંબંધવાળી વસ્તુ પ્રિયને બહુજ ગમે છે. સ્નેહી સત્સંગી ભગવદીયો એક બીજાનાં પત્રો આવતાં હૃદય સરસા ચાંપે છે ને આતુરતાથી વાંચી મનન કરે છે. આ વાત સ્નેહી હૃદયો જ સમજી શકે.

## * પ્રસંગ–૨૫૦ *

**સાચો પતિ પ્રભુજ છે**:–માગશર વદિ ૧૨ ને દિવસે શ્રીગોકુલેશ પાસે ભટ કલ્યાણે શ્રીસર્વોતમજીનો પ્રસંગ ચલાવ્યો, ને પતિ નામ તો અહીં શ્રીમહાપ્રભુજીના સંબંધમાંજ સંભવે, પતિ તેજ કે જે " અકુતો ભયમ્ " આ ધર્મ તો લૌકિક પતિને વિષે ન સંભવે, એમ કહીને પોતેજ ફળ પ્રકરણની વાત કરી પ્રસન્ન થઇને વાત કરી. એક વાર ઉઠીને દિવસે સવારે શ્રીઠાકોરજીને ત્યાં બેઠા હતા. શ્રીઘનશ્યામજી પણ બેઠા હતા ત્યારે મેં પૂછ્યું કે "મનોર્થાતશ્રૂતયો યથા યયુરૈતજ્જનિત મત્ર" ત્યારે ઘનશ્યામજીએ કહ્યું કે એ તો મેજ કહે. પછી મેંજ કહ્યું અસ્મત્પ્રસાદે પ્રસાદો જાતઃ। મનોરથાંતર પરસ્પર છે, લૌકિકમાં જે કોઇ સપ્તત્રમ; દાન કરે છે. તેનું ફળ તો દાતાનેજ મળે છે અહીં તો સર્વ એતદર્થે છે જેથી તેનો અર્થ અહીં જ જાણીએ. જેથી કહ્યું છે કે ॥ મદર્થોઽર્થપરિત્યાગઃ મદર્થોજ્ઝિત લોક વેદસ્વતા ॥ સંતોષ છે? અથવા એવો ધર્મ બીજે કયાંય છે? ત્યારે કલ્યાણ ભટે વિનંતિ કરી કે મહારાજ, એવી રીતે એ પ્રકાર રાજ કહો કે રાજ, વગર એવું દાન કોણ કરે અને એ પ્રકાર રાજ, જાણે છે જ કોણ? ત્યારે આપશ્રીએ ઘણી આર્દ્રતાથી ગદગદ કંઠે કહ્યું કે એવો પ્રકાર સમાનશીલ આગળ કહેવો, એથી અધિક પ્રદાર્થ છે નહિ.

**વિવેચન**-જે સર્વ રીતે રક્ષા કરે તે પતિ કહેવાય. જે પોતે નિર્ભય હોય તેજ સર્વ રીતે રક્ષા કરી શકે. શ્રીભગવાનજ સર્વ રીતે નિર્ભય છે. માટે તેજ સર્વના પતિ છે. આ કારણથીજ 'પતિ' નામ શ્રી સર્વોત્તમજીમાં છે. અનન્ય જે ભકતો (પતિવ્રતા) તેના આપ પતિ છો. તેથી "પતિવ્રતા પતિઃ" આ નામ શ્રીગુસાંઇજી વંદે છે. વળી શ્રીગોકુલેશ આગળ તેજ પ્રકાર કહે છે કે શ્રુતિઓના મનોરથ પણ પ્રભુએ પૂર્ણ કર્યા, તેમ અહીં છે. જે દાન શ્રુતિઓને (શ્રીગોપીજન) ને શ્રીઠાકોરજીએ રાસ રમાડીને તેમજ જળવિહાર વનવિહાર વગેરેમાં કર્યું તેજ દાન શ્રીમહાપ્રભુજી દષ્ટિ દ્વારા કરે છે. શ્રીમહાપ્રભુજીની દ્રષ્ટિ શરણાગત ભક્ત પર પડતી તેની સાથેજ અંગો અંગમાં લીલાત્મક આનંદના સાગર ભરાઈ જતા, અને અનંત પ્રકારની લીલાઓના દર્શન પણ તરત જ થતા. આમ જે દાન પતિ બની અને પ્રભુએ રાસાદિક લીલાઓમાં શ્રી ગોપીજન કે જે શ્રુતિઓ પ્રકટ થઈ હતી તેમને આપ્યું, એજ વ્રજભકતો પુષ્ટિ સૃષ્ટિ છે, તેજ પુરૂષોત્તમ શ્રીમહાપ્રભુજી છે. માટે શ્રીમહાપ્રભુજી મર્યાદા સર્વ પ્રકારે સાચવીને કેવળ દ્રષ્ટિદ્વારાજ લીલાના આનંદનું દાન ભકતોને કરે છે, માટે શ્રીસર્વોત્તમજીમાં પતિ નામ કહ્યું છે. એજ શ્રીમહાપ્રભુજીનું પુનઃ પ્રાકટ્ય શ્રીગોકુલેશ છે. માટે તેજ પ્રકારે ભકતોને આનંદ આપે છે. ભક્ત અને ભગવાન એક હૃદયશીલ વસ્તુ છે, તેથી એક બીજાના મનમાં એક બીજા પ્રત્યે

જે મનોરથ ઉદ્ભવે તે સાથેજ ઉદ્ભવે છે. તેથી શ્રીગોકુલેશ મનોરથાંતર પરસ્પર છે એમ કહે છે. આવી ઝીણામાં ઝીણી વાત આત્મક પ્રેમીઓ અથવા મૂળલીલાના સંબંધી જીવોજ સમજી શકે છે. તેથી છેવટે આપશ્રી ગદગદ કંઠે શ્રીમુખે આજ્ઞા કરે છે કે એવો પ્રકાર કેવળ સમાનશીલ ભગવદીય હોય તેનેજ કહેવો. અને એવા સમાનશીલ ભગવદીય આગળ કહેવાય તેના સમાન અન્ય અધિક કંઈજ નથી. પુષ્ટિમાર્ગમાં તો પ્રિયને માટેજ સર્વસ્વ છે એવું જેના અનુભવમાં ઉતર્યું હોય તેનું સર્વ વર્તન આધિદૈવિક છે. તેની વાણિ ક્રિયા તેમજ મનોરથો લીલાના સંબંધવાળા હોય છે, આ વાત ઘણીજ ગૂઢ છે.

## * પ્રસંગ-૨૫૧ *

**ભકતહૃદયમાં સ્વરૂપસ્થિતિના પ્રકારઃ-** એક વાર કોઈ સમયે શ્રીગોકુલેશજી પરમદયાળ પ્રેમ સમુદ્ર એવા પોતે કૃપા કરી ભટ કલ્યાણને કહ્યું કે ભક્તને જ્યારે વિરહ ઉપજે છે ત્યારે આર્તિ હોય છે. પ્રથમ 'લવ' થાય છે લવનું લક્ષણ એ કે કેવળ પ્રેમનું સ્વરૂપ હૃદયમાં આવે ભાવની પુષ્ટિ થાય. તે વારે પ્રતિબિંબ થાય છે. પ્રતિબિંબનું લક્ષણ એ કે આરસીમાં સ્વરૂપનું પ્રતિબિંબ દેખાય તેમ હૃદયમાં શ્રી અંગ દેખીયે. જ્યારે જ્યારે ભાવ પુષ્ટિ થાય છે ત્યારે ત્યારે લક્ષણ હૃદયમાં થાય છે. લક્ષણનું લક્ષણ એકે કાગળમાં લખીએ છીએ ત્યારે જેમ કાગળને અક્ષરનો સ્પર્શ થાય છે. તેમ હૃદય માંહે શ્રી અંગનો સ્પર્શ થાય છે. જેમ કાગળ પર લખીએ તેના અક્ષર વડે સ્પર્શ થાય છે. તેમ આરસીમાં પ્રતિબિંબ વડે સ્પર્શ નથી થતો. વળી જેમ કાષ્ટમાંથી પુતળી કોતરી કાઢે છે, તે કેમ અન્યથા ન થાય, કાગળ પર લખેલું તો કદાચ ધોવાય, પણ પુતળી કોરી કાઢી તે તો હાલે ચાલે નહિ, તેમ ભક્તના હૃદયમાં સ્વરૂપ રહે. અતિ વિગાઢ ભાવ થાય ત્યારે એવી રીતે થાય. જ્યારે વિગાઢ ભાવ વિરહે થાય, ત્યારે પ્રિયનું સ્વરૂપ ભક્તના હૃદયમાં જડાઇ જાય. આ ઉત્કર્ષથી શોભા પરિપૂર્ણ થાય પણ અંતઃકરણમાં પુતળી કોતરી કાઢી તેમાં ત્યાં છિદ્ર છે, સંપૂર્તિ તો નથી થતી. જડિત થયા પછી છિદ્ર તો ન રહે, જડિત થયા ઉપરાંત જ્યારે અતિશય વિગાઢભાવ વિરહે થાય છે. ત્યારે ભકતના હૃદયમાં પ્રિયનું સ્વરૂપ વજ્રલેપ થાય છે પણ તે કેમે અન્યથા ન થાય. પરંતુ કોઇ કારણથી અન્યથા થાય છે પણ વજ્ર લેપ અન્યથા ન થાય એ પ્રકારે અધિક વજ્રલેપ ઉત્પન્ન થાય ત્યારે વિરહભાવ પુષ્ટ થાય છે, ત્યારે ભકતના હૃદય માંહે વજ્રલેપ થાય છે, પણ લિપણ કરીએ છીએ તેમ ભકતના હૃદયમાં પ્રિયનું સ્વરૂપ થાય છે, વજ્ર તે અન્યથા કેમ ન થાય, એ પણ કદાચીત વજ્રથી વજ્રને કોઇ પ્રકારે અન્યથા કરે પણ હૃદયમાં ખાડો કરીને ઘાલીએ ઉપર લિપણ કરીએ તો અન્યથા કેમે ન થાય હવે દશમો પ્રકાર તે ખીલો લોઢાનો તે નીચે ઘાલે તે બહાર કેમે ન આવી શકે પણ ભીતરતો હાલ ચાલ કરે પણ ખીલો માંહે પછી હાલે ચાલે નહિ, તેમ ભક્તને વિષે ભાવ રૂપ જે વાણી તે ખીલા, કંઈ લોઢાના ખીલા નહિં, તે નત્ર રૂપી ખીલે જડે તો કેમે હાલે ચાલે નહિ, એવી રીતે ભક્તના હૃદયમાં સ્વરૂપ પ્રિયનું થાય તે ભાવે કરીને વસ્તુ ઢાંકે જાણે રખેને પ્રકટ થઇ જાય.

શીવવાના દોરા તે રાત દિવસ ચિંતાજ દેખાય. તે વસ્ત્ર માત્ર દેખાય, પણ માંહે છે તે દેખાય નહિ. તેમ ભક્તના હૃદયમાં જે ઉત્તમ વસ્તુ છે તે જાણી ન પડે, માત્ર

ભક્તનું સ્વરૂપ દેખાય વસ્તુરૂપી તે સ્વરૂપ અને શિવણરૂપી દોરા દેખીએ. દોરા રૂપી ચિંતા જાણીએ, પણ પ્રભુ તેની વસ્તુ જાણી શકાય નહિ.

**વિવેચન**—આ પ્રસંગ બહુજ સમજવા જેવો છે. રસીક ભક્તની શી શી દશાઓ પ્રભુની પ્રાપ્તિમાં થાય છે, તે આમાં દર્શાવ્યું છે.પ્રભુભક્ત હ્રદયમાં કેવી રીતે ધીમે ધીમે પ્રવેશી સ્વરૂપ સ્થિત કરે છે, અને ભગવદીયને પોતારૂપ બનાવી દે છે, તે આમાં ક્રમવાર જણાવ્યું છે. આવા સ્વરૂપને યોગ્ય ભગવદીયની સ્થિતિનું લક્ષણ એ કે તે વિરહી હોય. વિરહ વગર હ્રદયમાં ભગવત્સ્વરૂપની સ્થિતીજ નથી, અને વિરહ સહિત સેવા નહી હોવાને લીધેજ જીવ સેવા સત્સંગ કરતો જણાવા છતાં તેના જીવનમાં પલટો નથી થતો. જો વિરહ સહિત સેવા કરે તો લૌકિક વૈદિકમાંથી આસક્તિ ઉઠી જાય અને પુરૂષોતમના સ્વરૂપમાં આસક્તિ થઇ જાય. વિરહ વગર 'લવ' નથી. વિપ્રયોગથી 'લવ' થાય છે. લવ એટલે પ્રિય સ્વરૂપની અનહદ ચાહના કે જે ચાહનાથી પ્રિયનું સ્વરૂપ હ્રદયમાં પધારે. આ સ્વરુપ આરસીમાં જેમ વસ્તુ દેખાય છે તેમ હ્રદયરુપ આરસીમાં પ્રભુના સ્વરુપનું પ્રતિબિંબ જણાય એમ 'લવ' ની વૃદ્ધિ થતાં જેમ કાચ પર લીધેલા પ્રતિબિંબ વડે કાગળ પર ફોટો પાડે છે. તેમ હ્રદયના પટ પર પ્રભુના સ્વરુપનું ચિત્ર અંકાઇ જાય એ ચિત્ર ચિતરાય જતાં જેમ કાષ્ટ પર ચિત્ર ચિતરી પછી તેમાંથી તેનું સ્વરુપ કોરી કાઢે, તેમ હ્રદય પર સ્વરુપ પુતળીની માફક કોતરાઇ જાય. એ પુતળીની પેઠે હ્રદયમાં કોતરાયેલું સ્વરૂપ વિગાઢ ભાવ થતાં વજ્લેપ થાય છે, જડેલું કદાચ ખસી જાય પણ વજ્લેપ થયેલું ન ખસે. એથી આગળ વળી હ્રદય ઉપર વજ્લેપ થાય તે કરતાં હ્રદય વચ્ચે પુરાઇ જાય તે કદીજ અન્યથા ન થાય. આ પ્રકારે પુરાએલા સ્વરુપને પણ ભાવભારી બાબત રુપ ખીલા નીચે ઘાલે તો "યાવચ્ચંદ્ર દિવાકરો" સ્વરુપ હ્રદયમાં સ્થિત રહે. આવી રીતે રસિક ભક્તના હ્રદયમાં સ્થિરતા થાય. આવા ભકતને પછી તે સ્વરુપનાં પ્રકટ દર્શનની અર્તિ થાય. તેથી મહામહા વિપ્રયોગ થાય; વિરહ અગ્નિના સાગરમાં કેવળ ડુબી જાય, જેમ દોરાથી સાંધેલા વસ્ત્રમાં વસ્ત્ર દેખાય છે, તેમ ભગવદીય સ્વરુપ દેખાય. પણ માહે પ્રભુસ્વરૂપ બિરાજે છે. તે સ્વરૂપ ન જણાય. કદાચ વિરહની ચિંતા રુપી દોરા પણ જણાય પણ ભકતની પ્રભુ રુપ વસ્તુ જાણવામાં ન આવે. કેવળ પોતાનું સરસ્વ જ્યારે તેના મહાન ભગવદીયને જાણે ત્યારેજ તે મહાનુભાવીમાં બિરાજમાન ભગવત્સ્વરૂપની ખબર પડે. આથી જ હાસ્ય પ્રસંગોના પહેલા ભાગમાં એક પ્રસંગ છે, તેમાં શ્રીગોકુલેશ કહે છે કે શ્રીઠાકોરજીની, શ્રીમહાપ્રભુજીની, શ્રીગુરુદેવની વગેરે સર્વની કૃપા મેળવવી સહેલી છે, પણ ભગવદીયની કૃપા મેળવવી મુશ્કેલ છે. કારણ કે ભગવદીયો પોતાની સેવાથી રાજી નથી થતા, પણ પ્રભુની સેવાથી રાજી થાય. ભગવદીયને પ્રસન્ન કરવાનુ મૂળ સેવાજ છે.

## ૦ પ્રસંગ-૨૫૨ ૦

**પ્રભુના ભજન સાથે ભગવદીયને ભજે તો પ્રભુ મળેઃ**—કોઈ એક સમયે શ્રીગોકુલેશને કલ્યાણ ભટે પૂછ્યું કે મહારાજ, પ્રભુજી ભજન કરવાથી મળે, એવી તો આપશ્રી આજ્ઞા કરો છો તેમ ભગવદીય ભજન કરે છે, દર્શન કરે છે, સેવા કરે છે, નિરંતર ચરણામૃતનું પાન કરે છે છતાં પ્રભુજી કેમ નથી મળતા? ત્યારે આપશ્રી હસીને બોલ્યાઃ ભગવદીય ભજન કરે છે પરસ્પર એ વાત ખરી છે.

પણ જેવી રીતે ભજન કરવાથી પ્રભુ મળે તેમ કરતા નથી. કેવળ પ્રભુનું જ ભજન કરવાથી પ્રભુજીને ત્યાંથી પામે ? ભગવદીયના ભજન સાથે જો પ્રભુજીનું ભજન કરે તો પ્રભુજી મળે. પણ કોઈ ભગવદીયનું ભજન કરતા નથી, તો પ્રભુને શી રીતે પામે ?

પ્રભુને પોતાનો આત્મા વહાલ છે, પણ તે પ્રભુને ભકતના સુખને માટે વલ્લભ છે પ્રભુને ભકતનો આત્મા પ્રિય છે તેટલા માટે પોતાના ભકતનું વહાલપણુ જાણીને પ્રભુને પોતાને પ્રિય લાગે છે, ભકતના સુખદાઈ પ્રભુજી એવા સ્નેહી છે તેથી પ્રભુને કેવળ પોતાનુંજ ભજત કેમ ગમે ? જો લોકો ભગવદીયને ભજે તો ભગવદીય પ્રસન્ન થાય, તો તેનું ભકત પરનું વહાલ જોઈને પ્રભુજી લોકોના ભજનનો અંગીકાર કરે. પણ તેવી રીતે લોકો ભજન કરતા નથી. તે માટે કેમ પામે? માટે ભગવદીયનું ભજન કરીને પ્રભુને પ્રસન્ન કરવા જોઈએ. હવે ભગવદીય પણ કદીજ પોતાને ભજને પ્રસન્ન ન થાય. ભગવદીયને પોતાનો આત્મા વલ્લભ છે, તે શ્રીપ્રભુજીના સુખને માટે વલ્લભ છે. જ્યારે પ્રભુજીને માટે પોતાનો આત્મા કોઇ સમયે અર્થ નથી આવતો, ત્યારે આત્માનો ત્યાગ કરે છે. વળી જ્યારે પ્રભુજીને આત્મા આપ્યો જાણે અને આત્માથી પ્રભુજી સુખ પામે છે ત્યારે આત્માનો પુરો સત્કાર કરે છે. એમ અલોટ પલોટ છે. માટે શ્રી પ્રભુજીનું અને ભગવદીયનું આવા પ્રકારનું તાદાત્મય [ એકતા ] હોય તેવા ભગવદીયનું ભજન કરવું જોઈએ.

**વિવેચન**–ભક્ત પર પ્રભુજીની પ્રીતિ અનહદ છે. પ્રભુનું સ્વરૂપ જ્યારે ભગવદીયને આનંદનું દાન કરે છે, ત્યારે તેવા પોતાના સ્વરૂપ પર પ્રભુને બહુજ વહાલપણ આવે છે. તો ભકતને આનંદ આપે તેના પર પ્રભુ પ્રસન્ન થાય એ સ્વાભાવિક છે. પ્રભુ જાણે માતાપિતા છે, ને ભકત તે પ્રભુનું બાળક છે. જેમ માતાપિતાને આનંદ આપવા કરતા જો તેના બાળકને આપણે રમાડીએ, તો માતાપિતા રાજીરાજી થઈ જાય છે, તેમ પ્રભુ પોતાની સેવા કરતાં ભકતની સેવાથી જલદી અને વધારે પ્રસન્ન થાય છે; પ્રભુ ભકતને સુખી કરવા પોતાનું સુખ પણ ત્યજે છે, તો જે વૈષ્ણવની સેવા માટે પોતાનું સુખ તજે તેવા ભકત પર પ્રભુ પ્રસન્ન થાય તેમાં કંઈ નવાઈ નથી. બીજી રીતે વિચારીએ તો ભકતની ઉત્પત્તિ પ્રભુના શ્રીઅંગમાંથી છે, એટલે ભકત એ જાણે પ્રભુનો શ્રીઅંગનો કોઈપણ અવયવ છે, તો પોતાના અવયવના પોષણથી જેમ પ્રભુ પ્રસન્ન થાય, તેમ ભકતરૂપી અવયવના પોષણથી પ્રભુ પ્રસન્ન થાય છે. પ્રભુને પોતાની વાણી કરતા પણ ભગવદીયની વાણી બહુજ મીઠી લાગે છે, શ્રી મહાપ્રભુજી એ પણ પોતાના ગ્રંથો અને વાણી કરતાં ભગવદીયની વધારે મહત્તા આપી છે. દાખલા તરીકે શ્રીઠાકોરજીનાં દર્શન વખતે ભગવદીયનીજ વાણીનું પાન શ્રીઠાકોરજી કરે છે. અષ્ટ સખા અને બસો બાવન ચોરાસી કે જેમણે પ્રભુનાં સુખ સિવાય બીજો વિચાર કર્યો નથી. અને જેમણે સદેહે સ્વચક્ષુએ દર્શન કરીને કીર્તન ગાયા છે, તે કીર્તન પ્રભુને પ્રિય હોવાથી નિત્ય એજ કીર્તન શ્રીઠાકોરજી પાસે ગવાય છે. શ્રીભાગવતજી પોતાની પ્રભુનીજ વાણી છે, પણ તેના કરતાં ભગવદીયની વાણીમાં પ્રભુને વધારે સ્વાદ આવે છે. પોતે પોતાના જશ ગાયા હોય તે સાંભળવા કરતાં બીજો પોતાના જશ ગાય તે સાંભળવા બહુ ગમે, તેથી શ્રીમહાપ્રભુજીના ગ્રંથો તો શ્રી ભાગવતજી પેઠે શ્રી પ્રભુનાજ ગ્રંથો છે, એટલે તે પર વૈષ્ણવોને પ્રિતી બહુ હોય છે. પણ પ્રભુને પોતાની વાણી કરતાં ભગવદીયની વાણી પર વહાલપણ વધારે

હોવાથી તે વાણીનું પાન આપ બારે માસ કરે છે વાત બહુજ સૂક્ષ્મ વિચારે સમજાય તેવી છે.

આ વિચારે જે ભગવદીયની સેવાની વાત તો કયાંય થઈ પણ નિંદા કરે છે તેમનું તો કોઇ સ્થાનમાં ઠેકાણુંજ નથી. જે ભગવદીયની નિંદા કરે તેને નર્ક પણ ન સંઘરે એવો મહાન અપરાધી છે, માટે કોઈ પણ દિવસ ભગવદીયની નિંદા કરવી નહિ. "શ્રીપતિ દુઃખિત ભકત અપરાધે" શ્રીભગવાન પોતાની નિંદાથી અપ્રસન્ન થાય છે ભગવદીયને જે દુઃખ દે તેની શી વલે થાય તે આપણે વાર્તાઓમાં સાંભળીએ છીએ. પ્રહલાદને દુઃખ દેનાર હિરણ્યકશિપુને સ્તંભમાંથી નીકળીને ચીરી નાખ્યો. ચંદ્રહાસને દુઃખ દેનાર શંખલેખના પ્રભુએ નાળિએરના કાચલાથી માથાં ફોડયાં, માટે ભકતને દુઃખ થાય એવું કદી કરવું જ નહિ.

* પ્રસંગ-૨૫૪ *

**પ્રભુની પ્રાપ્તિમાં ત્રણ વસ્તુ મહા બાધક છે** – એકવાર સ્વેચ્છાએ શ્રીગોકુલેશે જલઘરામાં ભટ કલ્યાણ આગળ કહ્યું કે ભગવદીય થયો છે તેને પણ અનંત બાધક છે, અને ભગવદીય એમ જાણે કે હવે હું યોગ્ય થયો, જાણવા કહેવામાં કાંઇ બાકી રહી નથી એવું અભિમાન કરે છે. આ દોષ ઘણો બાધક થાય છે. આ દોષવાળો જે હોય તે ઉત્તમ ભગવદીય હોય તેને પણ મળે નહિ, ને તેને પૂછે નહિ તેની સેવા પણ ન કરે. તો પછી પોતાથી ન્યૂન હોય તેને તો કયાંથી મળે ? પણ પ્રભુનો વૈભવ રસ અને સુખ અનંત છે. કોઈ ભગવદીય પોતે તેને કેટલુંક સમજે છે તેવાને ન્યૂન દેખે છે, પણ એ મધ્યે એક વસ્તુ એવી છે તેને લેવાનો ઉદ્યમ કરવો જોઈએ. પણ પોતે સિદ્ધ થઇને બેઠો છે અને અભિમાન કરે છે, માટે એક તો એ બાધક થાય છે. બીજા બાધકની વિગત. ઉત્તમ ભગવદીયને ઓળખવાનો ઉદ્યમ ન કરે ઉદ્યમ વિના ઉત્તમ ભગવદીય ન ઓળખાય. ઓળખે ઉત્તમ ભગવદીયની કૃપા થાય. આમ જ્યારે ઉત્તમ ભગવદીયની કૃપા તે જીવપર થાય, ત્યારે અલૌકિક દ્રષ્ટિ થાય. ત્યારે ઉત્તમ ભગવદીયનું સ્વરૂપ ઓળખાય. લૌકિક દષ્ટિએ ન જણાય. એવા ઉત્તમ ભગવદીયને ઉદ્યમ લૌકિક રીતે જણાતો નથી. વેદશાસ્ત્રને અનુસાર પણ નથી. કેવળ જે પુષ્ટિમાર્ગીય ભકત છે તે તેને અનુસરે છે. તે કદાચિત ચરણામૃત લીધા માટે સ્નાન ન કરે. શ્રીમહાપ્રભુજી ઉપર પ્રેમ છે. માટે એકાદશીએ ભાવાધીન થઇ મહાપ્રસાદ લે. એકાદશીને જાણતો નથી, જાણે તો ન લે. કદાચિત શ્રીપ્રભુને દંડવત કરતાં. ભૂલી જાય, દર્શન રસ કદાચિત સભામાં હોય તેથી ઉઠાય નહિ. કોઈવાર સભામાં સંગત અસંગત બોલી ઉઠે, કદાચિત ગાઈ ઉઠે રસવસ થઇને ગાઈ ઉઠે. આમ છતાં અલૌકિક દષ્ટિ વિના ઉત્તમ ભગવદીયને ન જાણે. આ બીજું બાધક છે, કદાચિત શ્રીપ્રભુજીની તે ભગવદીયની તે જીવપર કૃપા થાય. તો તેથી ઉત્તમ ભગવદીયનું સ્વરૂપ જાણી શકાય. હવે ઉત્તમ ભગવદીયનો લૌકિક વહેવાર દેખીને સાવધાન ન રહે. પણ લૌકિક દ્રષ્ટિ રાખે, પરંતુ શ્રીપ્રભુજીની તથા ભગવદીયની કૃપા થાય તો પ્રથમ સમજે તેવી દ્રષ્ટિ રાખે (અલૌકિક દ્રષ્ટિ રાખે.) હવે ઉત્તમ ભગવદીય પાસે જે અલૌકિક વસ્તુ છે. તે લેવાનો ઉદ્યમ ન કરે, તેની સેવા પણ ન કરે, એ ત્રીજું બાધક થાય છે. જેમ કોઈ રત્નાગર પાસે જાય તેમાં પેસે, પણ રત્ન ન લે. અમથો ખાલી હાથે નીકળે. તે તેનો અર્થ શો સિદ્ધ થયો તેમ આ સમજવું.

**વિવેચન**-પુષ્ટિભક્તને અભિમાન મહાબાધક છે, જો અભિમાની હોય તો તેનો સંગપણ મહાબાધક છે, તેવો અભિમાની ઉત્તમ ભગવદીનો સંગ ન કરે, એટલુંજ નહિ, પણ ઉલટો પોતે કેટલીકવાર નિંદા પણ કરે છે. પોતે એમ સમજે કે હું બહું જાણું છું, પણ પ્રભુની અનંત લીલાઓનું સંપૂર્ણ જ્ઞાન મહાદુર્લભ છે. પોતે સિદ્ધ બનીને બેસે એટલે પછી આગળ વસ્તુની પ્રાપ્તિ ન થાય. ભગવદીયને ઓળખવા માટે ઉદ્યમ કરવો પડે. તેના વર્તન ઉપરથી પણ ખબર ન પડે, કેવળ તેના પર પ્રીતિ રાખવાથી તેના સ્વરૂપની ખબર પડે, અને એવી પ્રીતિ રાખવાથી પ્રેમદેવ પ્રસન્ન થઇ ભગવદીયનું સ્વરૂપ ખુલ્લું કરે, જે ભગવદીયનું દેહાતીત દશાના કેવળ રસિક છે, તેઓ સામાન્ય નિયમોને આધીન નથી હોતા, તે જોઈ તેમની કીંમત કરવાથી ભગવદીયનું સ્વરૂપ સમજાતું નથી. શ્રીઠાકોરજીની કૃપા થાય તો ભગવદીયનું સ્વરૂપ જાણી શકાય અથવા ભગવદીય કૃપા કરીને જણાવે તો જાણી શકાય. પણ ભગવદીયને તેવી રીતે પોતાનું સ્વરૂપ જણાવવાનું કંઈ કારણ નથી હોતું, તેથી ખાસ લીલાત્મક સંગી સિવાય પોતાનું સ્વરૂપ ખુલ્લું ન કરે. વળી તેવા ભગવદીયનો લૌકિક વહેવાર દેખીને જો સ્વરૂપ વિચારે તો પણ પત્તો ન ખાય. લૌકિક વહેવાર દેખે છતાં તે સંબંધી ન વિચારે. પણ તેની અલૌકિકતાજ વિચારે લૌકિક દૃષ્ટિ રાખે તેને મહાબાધક થાય. ઉત્તમ ભગવદીય પાસે અલૌકિક વસ્તુ છે. તે લેવા ઉદ્યમ ન કરે, તે ભગવદીયની સેવા ન કરે એ પણ બાધક છે. ઉત્તમ માલમ પડે છે, છતાં ભગવદીય તેની પાસેની ઉત્તમ વસ્તુ લેવા પ્રયત્ન ન કરે, તે જાણે કલ્પતરુના ઝાડને પ્રાપ્ત કરીને ભૂખે મરે, તેના જેવો અબુધ છે. ઉત્તમ ભક્તરૂપી કામધેનુ મળવા છતાં વસ્તુ પ્રાપ્ત કરવાની આર્તિ ન રાખે તે અભાગીજ કહેવાય. આમ અલૌકિકતાની પ્રાપ્તિમાં ત્રણ વસ્તુ મહાબાધક છે.

ભગવદીયને ભગવદીયજ ઓળખી શકે કારણ કે ભગવદીય સર્વ રીતે અલૌકિક હોવાથી અલૌકિક વસ્તુની પીછાન અલૌકિક વસ્તુને પડે છે, એક તડબુચની મોટી રકમ આપવી એ ઉપલક દૃષ્ટિએ ઉડાઉપણું કે ઘેલછા લાગે પણ તડબુચ એક વ્રજભક્ત અથવા ગોપીજન છે, સામે તે લેનાર મ્લેચ્છ ઉભો છે, એક વ્રજભક્તને મ્લેચ્છના હાથમાં કેમ જવા દેવાય ? ઢગલાબંધ રૂપીઆ આપ્યા પણ વ્રજભક્તને પ્રભુની સાનિધ્યમાં લાવી સમર્પણ કર્યું તે વસ્તુના પ્રસાદમાં પણ મહાસ્વાદ આવ્યો, એટલુંજ નહિ, પણ તેનાથી વૃત્તિઓ ફરી. આ પ્રમાણે જેની દ્રષ્ટિ દિવ્ય હોય, તે ભગવદીયને ઓળખી શકે, મહાનુભાવીઓનો એક ભગવદ્ ભાવજ જોવો જોઈએ, એટલે તેમના પર પૂજ્યભાવ થાય ને સ્વરૂપ સમજાય.

### ૦ પ્રસંગ–૨૫૫ ૦

**રસમાં બાધક તે દુઃખદ છે**:-સંવત ૧૯૯૫ વર્ષે માગશર શુદ ૭ જન્મોત્સવ પછી એક સમયે શ્રી ગોકુલેશે પોતાની ઇચ્છાએ ભટ કલ્યાણને કહ્યું કે એકવાર શ્રી પ્રભુજીએ પોતાની સખી શ્રીમુખસ્વામિનીજીને તેડવા મોકલ્યું, એટલે શ્રી મુખસ્વામિનીજીની સખીએ કહયું કે પ્રભુજી અતિ આતુર થઇને બેઠા છે, અને કહે છે, કે શ્રીમુખ સ્વામિનીજીને તેડી લાવો જલદીથી, આથી શ્રી સ્વામિનીજીની સખીઓ સર્વેએ શ્રી સ્વામિનીજીને શણગાર કર્યા, ત્યારપછી શ્રીમુખ સ્વામિનીજી દર્પણ લઈને પોતાનું મુખારવિંદ

નિરખવા લાગ્યાં. આ વખતે પોતાની સખીને મોંપર થાપટ મારી, આથી શ્રી ઠાકોરજીની સખીને મનમાં સંદેહ ઉપજ્યો કે સખીએ શણગાર ધરાવ્યા હતા, અને મોં પર થાપટ મારી તે શું ? આ સંદેહ એઉ સખીને મનમાં થયો, પછી શ્રી સ્વામિનીજી શ્રીપ્રભુજી પાસે પધાર્યા ત્યારે સર્વ કોઈ શ્રીસ્વામિનીજી કોટાનકોટિ વાટ જોઈ રહયાં હતાં તે સર્વે શ્રીસ્વામીનીજીઓએ શ્રીમુખ શ્રીસ્વામિનીજીનું મુખારવિંદ જોઈને સર્વેએ દંડવત કર્યા. દંડવત કરવાનું કારણ એ છે કે શ્રીસ્વામિનીજી પર પ્રભુ પ્રસન્ન થાય તેજ તેમનું ધન છે. આમ શ્રીસ્વામિનીજી શ્રીઠાકોરજીનાજ સુખનો વિચાર કરે છે માટે દંડવત કીધા. ત્યારપછી શ્રીમુખ સ્વામિનીજી પ્રભુ પાસે ગયાં. નિકટ ગયાં ત્યારે શ્રીપ્રભુજીએ પોતાનું મસ્તક ધુણાવ્યું, આ વખતે સખીને ત્રણ સંદેહ થયા. મનમાં સંદેહ ઉપજ્યાં આથી શ્રીપ્રભુજીને પૂછવા લાગ્યાં. એટલે પ્રભુજી કહે છે કે શ્રીમુખ શ્રીસ્વામિનીજી કહેશે, ત્યારે શ્રીસ્વામિનીજી કહે કે શ્રીપ્રભુજી કહેશે. ત્યારે શ્રીપ્રભુજીએ કહ્યું કે સખીએ સ્વામિનીજીને શણગાર કર્યા માટે સખીએ થાપટ મારી એટલા માટે કે શ્રીસ્વામિનીજી તો ચતુર રાય છે, ને શ્રંગાર ધરાવ્યા, માટે શ્રીપ્રભુજી મારી સામે જોશે નહિ, માટે થાપટ મારી. એક સંદેહ તો એ અને બીજો સંદેહ તો શ્રીમુખ સ્વામિનીજીને સર્વે સ્વામિનીજીઓએ દંડવત કર્યા, તે પ્રથમ ભાવ કહયો. ત્રીજો સંદેહ તો શ્રીપ્રભુજીએ મસ્તક ધુણાવ્યું. તેનું કારણ એ છે કે શ્રીસ્વામિનીજી તો એવા ચતુર છે, પણ શણગાર છે. તે તો અંતરાય છે. સ્નેહી છે, તેને તો અંતરાય ગમે નહિ, આથી શ્રીપ્રભુજી મનમાં ઘણાં પ્રસન્ન થયા, આથી મસ્તક ધુણાવ્યું, આ ત્રણ સંદેહ સખીના મનમાં હતાં; તે શ્રી પ્રભુજીએ નિવૃત કીધા, આ પ્રસંગ કહેવો પડયો તેનું કારણ એ કે કોઇ એક ભકતના મનમાં દાઝ ઉઠી હતી તેનું કારણ એ કે શય્યા ઉત્સવ પર શ્રીગોકુલેશને ગોવિંદજી વસોઈએ કુંડળ જડાવના ધર્યા હતા, તે દિવસ રાખીને ઉતાર્યા માટે દાઝ ઉપજી કે મેં કુંડલ પધરાવ્યાં. તે રૂડી પેરે એ દિવસ પહેલાં ન દીઠાં. આથી મનમાં ઘણો પશ્ચાતાપ પામ્યા. માટે આ પ્રસંગ ભટ કલ્યાણ સાથે મોકલ્યો ને ભકતને સંભળાવ્યો. તે ભકત પ્રસન્ન થયાને દાઝ હતી તે દુર થઈ.

**વિવેચનઃ**—પ્રભુએ શ્રીસ્વામિનીજીને તેડવા મોકલ્યું, તે વખતે સખીએ શણગાર કર્યા, શણગાર કરવાનું કારણ પતિની પ્રસન્નતા છે, પણ અહીં તો શ્રીસ્વામિનીજી અત્યંત સુંદર છે, તેથી જેમ સ્વભાવિક સુંદર વસ્તુને શણગાર કરવાથી તેની સુંદરતામાં ઉલટો ઘટાડો થાય છે તેમ અહીં છે. વળી શણગાર આનંદમાં અથવા રમતમાં સાચવવા પડે, આથી આનંદની ઉણપ રહે. બરાબર મન મુકી રમી શકાય નહિ. વળી અત્યંત સ્નેહીને પ્રિયના સ્પર્શમાં આડે આવતી વસ્તુ સુખદ નહિ પણ ઉલટી અગ્નિ જેવી દુઃખદ લાગે છે. આમ હોવાથી શ્રીસ્વામિનીજીએ શણગાર કરનારી સખીને થાપટ મારી શણગાર રમતમાં નડનારા હોવાને લીધે તેમ કર્યું. આમ છતાં પોતે શણગાર કરવાનું ના ન કહ્યું તેનું શું કારણ ? તેનું કારણ એ છે કે સખીની ઈચ્છાને પણ માન આપવું, પોતાને અંતરાય રુપ છતાં સખીને સંતોષ થાય માટે પોતે શણગારની ના ન પાડી. આ વાત પણ સમજવા જેવી છે.

વળી શ્રીસ્વામિનીજીને સાષ્ટાંગ દંડવત પ્રભુની પાસેની સખીઓએ કર્યા. આનું કારણ એ છે કે શ્રીસ્વામિનીજી પ્રભુને અત્યંત સુખ આપનારા છે. પ્રભુને સુખ આપનારી વસ્તુ ભકતને હંમેશા બહુ પ્રિય લાગે છે. આથી

શ્રીસ્વામિનીજીને દંડવત કર્યા, પ્રભુએ શિર ધુણાવ્યું તેનું કારણ શ્રીસ્વામિનીજીના હૃદયની પિછાન. શ્રીસ્વામિનીજીની પ્રભુ મિલનની આતુરતા છે, એ મિલનમાં આડે આવનાર શણગાર છે. તેથી તેના પર અને શણગાર કરનાર પર શ્રીસ્વામિનીજીને અણગમો થયો, તેથી પ્રભુએ શિર ધુણાવ્યું. પોતે મળવામાં કેવળ નિરાવરણપણું જ શ્રીસ્વામિનીજી ઇચ્છે છે તેથી પ્રભુને તેવું નિરાવરણ મિલન પ્રિય હોવાથી આપને શ્રીસ્વામિનીજી ઉપર પ્રસન્નતા થઈ. માટે આનંદમાં શિર ધુનન કર્યું, આ પ્રસંગ સ્વતંત્ર રીતે સમજી લેવો એ વધારે સારૂં છે. માટે વિશેષ વસ્તુ પોતે જ વાચક બંધુઓએ વિચારી લેવી.

### * પ્રસંગ-૨૫૬ *

**ભગવદીયના ચિત્તના વિવિધ પ્રકારઃ** એક એક સમયે શ્રી ગોકુલેશને ભટ કલ્યાણે વિનંતિ કરીને પૂછ્યું કે મહારાજ, પ્રભુજીના દર્શન માંહે તથા વાર્તા માંહે તથા સેવા માંહે થાય છે, ભગવદીય ભગવદીય ભગવદ્વાર્તા ચર્ચા કરે છે, ત્યારે કોઇને પૂર્ણ રસનો અનુભવ થાય છે. કોઈને થોડા પણ રસનો અનુભવ થાય છે. કોઈને થોડા પણ રસનો અનુભવ થતો નથી. કોઈને વીરરસ પણ થાય છે તેનો ખુલાસો રાજ કૃપા કરીને કહો. ત્યારે શ્રીમુખે બોલ્યા, કે લોકના ચિત્ત એક ભ્રાંતિના નથી. અનેક ભ્રાંતિના છે, જેનાં જેવાં ચિત્ત તેને તેવો અનુભવ થાય છે. એક ચિત્ત આકાશ છે. એક ચિત્ત શૂન્ય છે તેને કોઈ વસ્તુ સ્પર્શ કરી શકે નહિ. બીજું ચિત્ત વજ્ર છે; તેને કોઈ વસ્તુ અડે ના તેમ કોઇ વસ્તુને ચિત્ત પણ ન અડે, ત્રીજું લોઢું છે તે ચિત્તને કોઈ વસ્તુ ભેદી ન શકે, પણ અગ્નિ ભેદે, ચોથું ચિત્ત પત્થર છે, તે ચિત્તને ટાંકી ટાંકીને ભેદે અગ્નિ ન ભેદે, પાંચમું ચિત્ત તે સોનું છે, જો કે તે કઠણ છે, પણ અગ્નિનો સંબંધ થાય, તો માંહે સુંઆળું પડે ને કોમળ થાય, સરસ થાય. પછી કઠણજ રહે, ને નીરસનું નીરસ રહે, તેમ કોઈના ચિત્ત સત્સંગમાં કોમળ થાય, પછી સત્સંગ દૂર થતાં કઠણનું કઠણ એટલે નીરસનું નીરસ રહે. છઠ્ઠું ચિત્ત તે લાખ, થોડા અગ્નિએ સરસ કોમળ થાય, પછી કઠણનું કઠણ રહે. સાતમું ચિત્ત તે મીણ, તે સહજ કોમળ થાય છે, થોડી અગ્નિથી સરસ કોમળજ રહે, આઠમું ચિત્ત તે ઘી છે, એ સહજ કોમળ હોય છે, થોડી પણ હાથની ગરમી હોય તો પણ કોમળ થાય, તેમ ભગવદ્વાર્તાએ કોમળ થાય એવું ચિત્ત ભગવત્કૃપા વિના ન થાય, હવે નવમું ચિત્ત માખણ છે. તે નિર્મળ અને ઉજળું છે, સ્નેહ પૂર્વક સરસ અને કોમળ છે, કોઈ વખત પણ કઠિનતાનો લેશ પણ નથી. લૂખું નથી, મલીન નથી, અને સુગંધિત છે. એવા ચિત્તમાં શ્રીપ્રભુજીનો વાસ જાણવો. ઘીથી માખણ સર્વોત્તમ છે. હવે દશમું ચિત્ત તે અમૃત. એના ગુણ ઘણા પ્રસિદ્ધ છે. કયાં સુધી કહીએ ? પોતાના જે સંગી છે, તેને અમર કરે તે ગુણ પ્રસિદ્ધ છે. પોતાના સંબંધી અધમ છે તેમને પોતાની બરાબર કરે છે. એવા ચિત્ત છે, તેમને આધીન શ્રી ગોકુલના પ્રભુ થઈ રહે છે. મુખ્ય ભકત તેમને જાણજો કે જેમના એવા ચિત્ત છે.

**વિવેચન**– આ પ્રસંગ તદ્દન સ્પષ્ટ છે, તેથી વિશેષ વિવેચનની જરૂર નથી. દરેકે આ પ્રસંગ વાંચી પોતાનું મન કઈ જાતનું છે તે વિચારી જોવું અને જે મન ઉંચામાં ઉંચું હોય તેવું કરવા પ્રયત્ન કરવો. સતત સત્સંગ વડે મનનો પલટો થઈ શકે છે, માટે સત્સંગમાં પ્રીતિ રાખવી.

### ૦ પ્રસંગ-૨૫૭ ૦

**ભગવદીયના ભજનના પ્રકાર ને સ્વરૂપ–** સંવત ૧૬૪૬ ચૈત્ર સુદ ૯ મે ગુજરાત પધાર્યા ત્યાં ઉદેપુરના તળાવ પર ઉતર્યા હતા. પછી તળાવના જળને જોઇને ભગવદીયની ઉપમા આપી. ઉજ્જ્વળ જળ હોય તેમાં સ્વરૂપ દેખાય તેમ ભગવદીયનું અંતઃકરણ ઉજ્વળ છે. જે ડોળાયેલું જળ હોય તેમાં સ્વરૂપ ન દેખાય. હવે જળ જેમ સ્વર્ગને પવિત્ર કરે છે, તેમ ભગવદીય ઉત્તમ હોય તે બીજાને કૃપા કરીને પવિત્ર કરે છે. જળ ઉંડું ગહેરૂં હોય છે, ને લેતાં તાતું હોય છે, ત્યારે હાથથી હલાવીએ તો નીચેથી શીતળ નીસરે, તેમ ભગવદીયના ભાવ ઉંડા ગહેરા છે. તે જ્યારે ઉત્તમ ભગવદીયને ઉત્તમ ભગવદીય મળે. ત્યારે ચર્ચા વાર્તા કરે, ત્યારે શીતળતા ઉપજે. જળને લહેર હોય છે. તેમ ઉત્તમ ભક્તની વાર્તામાં તરંગ ઉપજે, જળ અંદરના કમળ વગેરેના પાનને અડે નહિ, તેમ ભગવદીયના સત્સંગથી ધર્મની પ્રતીતિ થાય. ત્યારે કુસંગ અડે નહિ, (કુસંગ છોડી દે) જળમાં ચંદ્રવંશી (કુમુદિની) કમળ હોય છે, તે ઉપર ચંદ્રમા અમૃત ઢોળે છે, તેમ ભગવદીયનાં હૃદય તે કમળ છે. તે શ્રીમુખના વચનરૂપી અમૃતપાન કરે છે કમળ પર ભ્રમર હોય છે, તેમ ભગવદીયનાં મન તે ભ્રમર બની ચરણારવિંદરૂપી મકરંદ લે છે. તળાવ મોટું હોય છે, તેને પાળ અને તે પર વૃક્ષ, ફુલ અને ફળ વગેરે હોય છે. તેમ પુષ્ટિમાર્ગીય મર્યાદા રાખે તે પાળ છે. અનેક ભાવ રૂપી વૃક્ષ, સેવારૂપી ફુલ, ભક્તિરૂપી ફળ આ પ્રમાણે જળનો પ્રસંગ કહયો. પણ જળ અનેક પ્રકારનાં છે. શ્રી યમુનાજીના જળનો ભાવ કોઇ વૈષ્ણવ અનન્ય ભક્ત, શ્રી ગંગાજીના જળનો ભાવ વૈષ્ણવ મર્યાદા માર્ગીય, અન્ય નદીઓના જળ તે વૈષ્ણવ પ્રવાહમાર્ગીય, સરોવરના જળ તે વૈષ્ણવ કર્મમાર્ગીય, વાવડીનાં જળ તે વૈષ્ણવ પ્રપંચી, કુવાના જળ તે વૈષ્ણવ અન્ય ઉપાસક, ખાબોચીયાનાં જળ તે વૈષ્ણવ પ્રતિષ્ઠિત, ધૂમસનું જળ તે વૈષ્ણવ દેખાદેખી, ઉસનું ક્ષાર જળ તે વૈષ્ણવ જશીયા, મૃગતૃષ્ણાનું જળ તે વૈષ્ણવ કીર્તનીયા, ઉદર નિર્વાહ કરે છે તે પરનાળાનું જળ, અને જે વૈષ્ણવો સ્નેહસ્વાર્થી તે તૃણજળનો ભાવ પૂજામાર્ગીય વૈષ્ણવને તે ઝરણાનું જળ મહાત્મીય વૈષ્ણવ વહેળાનું જળ છે, તે વૈષ્ણવને સ્વામિત્વ હોય છે. સમુદ્રનું જળ તે વૈષ્ણવ તામસી છે.

**વિવેચન**–આ પ્રસંગ જલ ભેદ ગ્રંથ જરા ફેરફાર પૂર્વક સમજાવે છે, શ્રી ગોકુલેશ મહા રસિક છે તેથી આપ જ્યાં નજર પડે ત્યાં ત્યાં ભગવદીઓને ભક્તિમાર્ગનું કેવળ રસ રીતે જ્ઞાન આપે છે, આ પ્રસંગ આખોય દીવા જેવો સ્પષ્ટ સમજાય તેવો છે છતાં જ્યાં જરૂર જણાય ત્યાં તપાસીએ. શ્રીગોકુલેશ જેમ સરોવરનો તાગ નથી જણાતો તેમ ભગવદીયના હૃદયને પણ નથી ઓળખાતું એમ જણાવે છે, ભક્ત હૃદય ઘણું ઉંડું હોય છે, જેમ સાગરમાંથી રત્ન કે મોતી લેવા અંદર છેક ઉતરવું પડે છે. તેમ ભગવદીયના હૃદયમાં પ્રેમપૂર્વક પેસી જવાથી વસ્તુની પ્રાપ્તિ થાય. સાગરને ઉપલક ખારો જાણી જે દૂર ભાગે તેને રત્નો કે મોતી મળે નહિ. તેમ ભગવદીયને ઉપલક જોઇ દૂર રહે તેને અલૌકિક વસ્તુ ન જડે. ઉત્તમ ભગદીયની વાર્તામાં જળમાં તરંગ ઉપજે. તેમ રસના તરંગ ઊપજે. "ઊપજે લહેર તરંગ ભારી" જેની વાણીમાં પ્રેમરસના તરંગ ઊછળે, તેવા ભગવદીયને તાદશી કે ભગવદ્રસિક જાણવા, એવા ભગવદીયનો સત્સંગ કરે, તેને દુઃસંગ ન નડે, દુઃસંગ એટલે ભગવાનમાં અપ્રીતિ. રસ વગરનાનો સંગ તે દુઃસંગ છે. જેમ ચંદ્ર કુમુદિની

ઉપર અમૃત ઢોળે. તેમ ભગવદીય અન્ય ઉપર વાણી દ્વારા અમૃતનું સિંચન કરે છે. સરોવરને મર્યાદા હોય છે, અહીં મર્યાદા તેજ કે પુષ્ટિ-માર્ગીય મર્યાદા. લૌકિકને સ્પર્શ ન કરવો ને અલૌકિકને ક્ષણ ન છોડવું તે ગર્યાદા અથવા ભગવદ્સાગર સાગરની પાળ છે. વળી જળની પવિત્રતા પવિત્રતામાં પણ સ્થાન પ્રમાણે ફેર છે. શ્રીયમુનાજીનાં જળરૂપ ભક્ત તે તો પરમ રસિક કેવળ પ્રભુના સ્વરૂપમાં આસક્ત. ગંગાજળ એ તો મર્યાદા ભક્ત. અન્ય નદી-ઓનાં જળ તે સામાન્ય ઘરેડ પ્રમાણે સેવા વગેરે કરનારા પ્રવાહી એટલે કીર્તનની ભાવનામાં કે સ્વરૂપમાં પ્રીતિ નથી હોતી. આ વાત કેવળ પગાર માટે કે ઉદર પોષણ માટે માત્ર માથા ઉતાર કીર્તન કરનારા માટે છે જેઓ પ્રેમ પૂર્વક વિરહ સહિત કીર્તન કરે છે, તેમને માટે નથી. મહાત્મ્યવાળા ભગવદીય તે વહેળાનું જળ છે ખરેખર મહાત્મ્ય વધ્યું કે શાંતિથી ભજન કરવાનો કે ખાસ એકાંતમાં વિરહનો અનુભવ કરવાનો સમય મળતો નથી માટે તેવા મહાત્મ્યવાળા ભગવદીયને વહેળાના જળ જેવા કહે છે. સમુદ્રનું જળ તે વૈષ્ણવ તામસી છે. સમુદ્ર ઉપરનો ખારો હોય પણ અંદર કીમતી રત્નો હોય છે. તેમ ભગવદીય તામસી પણ હોય છતાં અંદર ભાવરૂપ રત્નોથી ભગવદીય પોતાની સ્થિતિ સમજી શકે એમ છે.

## ० પ્રસંગ–૨૫૮ ०

**પ્રભુનો ધર્મ કૃપા છે અને ભકત-ધર્મ સેવા છે**–એકવાર શ્રીગોકુલેશને પંચોળીએ પ્રશ્ન પૂછયો, કે મહારાજ, એતન્માર્ગીય પર આટલી બધી કૃપા છે તો સાધનની શી જરૂર ? ત્યારે આપશ્રીએ કહયું કે સેવા તે સાધન છે, જેમ કાષ્ટમાં અગ્નિ છે તે ઘસ્યા વિના પ્રકટ થાય નહિ માટે સેવા ભજન તથા સંમતિ તો કરવી. જેમ કોઠીમાં બીજ છે, તેને જતન કરીને રાખ્યું છે, પણ વાવીને સિંચે તો ઉગે, સિંચ્યા વિના ફળની પ્રાપ્તિ થાય નહિ.

**વિવેચન**–કૃપા છે તો સાધનની શી જરૂર આમ પંચોળી પ્રશ્ન કરે છે. તેના જવાબમાં એટલુંજ કે ધણીની અનહદ કૃપા થાય એટલે પછી બેસી રહેવું કે ધણીથી સેવા પરિચર્યા કરવી ? ઉત્તર સ્પષ્ટ છે. જેમ જેમ કૃપા વધારે થાય તેમ તેમ પતિની સેવામાં વધારે તલ્લીન થવું જોઇએ. પ્રભુ તો પ્રભુનો ધર્મ ભક્ત પર કૃપા કરવી તે બજાવે છે, તો ભકતે તે કૃપાના બદલા તરીકે સ્નેહ પૂર્વક પરિચર્યા કરવી જોઇએ. સ્નેહ સ્નેહીને સુખી કરવાના પ્રયત્નમાં વપરાય એજ સ્નેહની સાર્થકતા, પ્રભુ રમણશ્રેષ્ઠ છે, તેથી તેમની પ્રસન્નતા માટે તેવી રસાત્મક સેવાનો સ્વીકાર ભકતે કરવો જોઇએ, એવી રસાત્મક સેવા માટે ભાવ સમજવા સત્સંગ પણ કરવો જોઇએજ.

## ० પ્રસંગ—૨૫૯ ०

**શ્રી મહાપ્રભુજી આધિદૈવિક સૂર્ય છેઃ**–સંવત ૧૬૬૭ના ભાદરવા વદિ ૧૩ શ્રીગોકુલેશને રઘુનાથદાસે એક શ્લોક કહીને તેનો ભાવ પૂછયો. ત્યારે શ્રીગોકુલેશે કહયું કે શ્રીઠાકોરજી છે તે જીવને કૃપા કરીને મોહ ઉપજાવે છે, ત્યારે જીવને મોહ ઉપજે છે. લૌકીક સૂર્ય છે, તે નારાયણનું સ્વરૂપ છે અને તે લૌકિક અંધકારને ટાળે છે. અહિં વ્રજમાં શ્રીસ્વામિનીજીના માર્ગ છે તેમાં અલૌકિક ભકતો રહે છે, તેમનાં અંધકાર ટાળવાને શ્રીમદાચાર્યજી મહાપ્રભુજીનું પ્રાકટ્ય થયું છે.

**વિવેચનઃ**–જે સૂર્ય વડે દિવસ થાય છે, તે સૂર્યનારાયણ ભૌતિક અંધકાર દૂર કરે છે. પણ આધિદૈવિક અંધકાર દૂર કરવાનું સામર્થ્ય તેમાં નથી. આધિદૈવિક અંધકાર કે જે પ્રભુને નથી સૂઝવા દેતો, તે અંધકાર તો શ્રીમહાપ્રભુજી દૂર કરે છે. સૂર્યનારાયણ તો યુગોના યુગથી છે, પણ તેનાથી આપણને પ્રભુ નહોતા સૂઝયા જ્યારે શ્રીમહાપ્રભુજી આધિદૈવિક સૂર્યરૂપ ભક્તિમાર્ગાબ્જમાર્તંડ પ્રકટ થયા ત્યારે પ્રભુ સૂઝયા. અને જીવે કૃતકૃત્યતા મેળવી. આથીજ સૂરદાસજી કહે છે કે "શ્રીવલ્લભ નખચંદ્ર છટા વિના સબ જુગમાંજુ અંધેરો" શ્રીમહાપ્રભુજીના નખચંદ્રની છટા એટલે તેજ વગર સર્વ જગતમાં અંધારૂ જ છે. ખરેખર! આપણા સૂર્ય તો શ્રી વલ્લભાધીશજ છે, કે જેમણે પ્રભુની કૃપા મેળવવાનો માર્ગ સૂઝાડયો, અને પ્રભુની એ રીતે પ્રાપ્તિ કરાવી. જે અંધકાર પ્રભુને નહોતો દેખવા દેતો, તે અંધકાર શ્રીમહાપ્રભુજીના તેજ વડે દૂર થયો, માટે શ્રીમહાપ્રભુજીજ આધિદૈવિક સૂર્યરૂપ છે આ વાત પ્રકટ અનુભવી છે.

### ❋ પ્રસંગ–૨૬૦ ❋

**અપરાધ ધૈર્યે નિવૃત્ત થાયઃ**–સંવત ૧૬૬૫ ચૈત્ર વદિ ૮ ને દિવસે શ્રી ગોકુલેશને પંચોળીએ પૂછયું કે મહારાજ, જીવનો કશો અપરાધ પડે તો શું કરે? ત્યારે આપશ્રીએ કહયું કે ભગવદાશ્રયે રહે તો તે અપરાધ નિવૃત થાય. તે ઉપર વાત કહી કે કોઈ વેપારી હતો તે પરદેશ ગયો, ત્યાંથી ઘણા દિવસે ઘેર આવ્યો, ત્યારે તેની સ્રીએ કહ્યું શું સોનાના વહાણ ભરીને આવ્યા છો? આ સાંભળીને તે તેજ ઘડીએ ઉઠીને ચાલતો થયો. જ્યાં રત્નાગર સાગર હતો. તેને કાંઠે જઇ પ્રાર્થના કરતો કરતો બેઠો, ત્યારપછી કોઈ સમયે ભગવદિચ્છાથી એક નાવ ભરેલું ચાર હાથને છેટે સમુદ્રમાં આવ્યું, એટલે તે વહેલો લેવા ગયો; આથી તે નાવ પાછું ફરી જતું રહ્યું. આ વખતે આકાશવાણી થઈ કે તેં ધીરજ મુકી તેથી નાવ પાછું ફરી ગયું. ત્યારપછી કેટલાક દિવસે નાવ રત્ન ભરીને આવ્યું. ત્યારે તે પેલા નાવને પાછું દરીઆમાં ધકેલી મુકવા લાગ્યો, પણ પાછું જાય નહિ. પાસે આવીને ઠલવાઈ ગયું. પછી તે લઇને ઘેર ગયો. આવું ધૈર્ય ભગવદીયને જોઇએ.

**વિવેચનઃ**–ધૈર્ય હોય તો સર્વ ભાવનાઓ પુર્ણ થાય, પેલા વેપારીને તેની સ્રીએ મહેણું માર્યું તો મહેણાને ફળીભૂત કરવાની દઢ ઇચ્છા કરી તે દરીઆ પાસે ગયો. ત્યાં વળી રત્નનું વહાણ આવ્યું. પણ મોહપુર્વક ઇચ્છા કરી તો જતું રહ્યું. પછી જ્યારે તે બીજીવાર આવ્યું ત્યારે નિઃસ્પૃહ થઈને ધકેલવા લાગ્યો, એટલે ઉલટું ઠલવાઈ ગયું. "માગે તેને ત્યાગે અને ના માગે તેની આગે" આ કહેવત પ્રમાણે જે ભગવદાશ્રયે નિઃસ્પૃહતાથી કામ કરે છે તેના યોગ અને ક્ષેમ પ્રભુજ વહન કરે છે. અનન્યનો અપરાધ પ્રભુ જોતા નથી. અનન્યનો અપરાધ પ્રભુના મનમાં આવતોજ નથી. કારણ કે તે પોતે ઈરાદાપૂર્વક અપરાધ કરતો નથી. વળી જે પાસે રહી સેવા કરે તેનો અપરાધ પડે, દૂર રહે તેની સેવા પણ શું ને અપરાધ પણ શુ? માટે અપરાધની બીકે કદીજ સેવા ન છોડવી. યથાશક્તિ જેટલી બને તેટલી પ્રભુની ટહેલ પ્રભુની ઉદારતા વિચારીને કર્યાજ કરવી એ વૈષ્ણવનું કર્તવ્ય છે.

### ∘ પ્રસંગ–૨૬૧ ∘

**અંત સમયે ભકતને પ્રભુ સંભારે છેઃ**–કોઇ એક સમયે જળઘરામાં ભાઈ રઘુનાથદાસે પૂછયું મહારાજ, ભગવદીયની દેહ છુટે છે ત્યારે તે સમે અસાવધાન થાય છે, તે વખતે પ્રભુનું નામ લેવાતું નથી તેનો પ્રકાર કહીએ.

ત્યારે આપશ્રીએ કહ્યું કે તે ભગવદીયનું સ્મરણ શ્રીઠાકોરજી પોતે કરે છે, આવા વચન શ્રીમુખનાં સાંભળીને સંદેહ દૂર થયો.

**વિવેચનઃ**—ભગવદીયને પ્રાણ છોડતી વખતે પ્રભુ પોતે સંભાળી લે છે, તેથી દેહ છોડતા કોઈપણ પ્રકારની ચિંતા ભગવદીયે ન કરવી જોઈએ. ભગવદીયે જીવનનાં સર્વ કાર્ય-રૂપ ધન ભક્તિમય ભાવ વડે ઈશ્વર તરફ પહોંચાડયું છે, એટલે મરણને લૂંટવાનું કશું રહેતું નથી. ખાલી તીજોરીમાંથી મરણરૂપ લૂંટારો શું લૂટવાનો હતો ? માટે શાંતિથી દેહ તજવી. પભુ પોતેજ પોતાના શરણાગતને સંભાળી લે છે. પ્રભુના અંક–ખોળામાં માથું મૂકયા પછી ભયજ કેવો ? આ વાત સતત ભગવદીયોએ યાદ રાખવી જોઈએ.

### ૦ પ્રસંગ–૨૬૨ ૦

**રસ વસ્તુ અનધિકારીથી ગુપ્ત રાખવી** એકવાર રામાનંદ શ્રીપોતે શ્રીગોકુલેશને વિનંતી કરીને પ્રશ્ન પૂછયો કે મહારાજ લીલા કરણ સમયે મુખ્ય ભક્તોનો ભાવ શ્રીભાગવતજીમાં નથી કહ્યો તે શું ? ત્યારે આપશ્રીએ કહ્યું કે નામ લે તો લાજ ઉપજે. અને શું બીજું બધું સર્વજ કહી દે કે આમ ઉરસ્પર્શ કર્યો, આમ ચુંબન કર્યું, આમ હાસ્ય કર્યું, આમ અમલ કર્યો. આવું બધું કહેતાં શરમ આવે. ત્યાં એક સાથે રસ કર્યો, માટેજ રસ આવ્યો છે. માટે નામ ન કહ્યું પ્રેમની વાત છુપાવી, રસાવેશી થાય તથા વિભાવ પ્રબળ છે આ શુકદેવજીએ કહ્યું છે.

**વિવેચન**–શ્રી ભાગવતજીએ જાણે પ્રભુએ વ્રજ ભક્તોને આનંદ આપ્યો તેની ટુંકી નોંધ છે, નોંધમાં માત્ર ટુંકાણમાં યાદી હોય, તેમ શ્રીભાગવતજી એ માત્ર લીલાની યાદી છે, બધું સ્પષ્ટ કહી દે તો રસાભાસ થાય. વળી પરીક્ષિત પૂર્ણ અધિકારી પણ નહોતો માત્ર મોક્ષનો અધિકારી હતો. આ તો સપ્તાહ સાંભળી, પણ પ્રેમપુર્વક શ્રીભાગવત એટલુંજ બોલે ત્યાં તો મુક્તિ ખડી થઈ જાય. અહીં તો તેનાથી પણ આગળની વાત છે. "ભાગવદ્રસ રસિકની વાતો રસિક વિના કોઇ સમજી શકે નહિ" આ પ્રકારે શુકદેવજીએ સ્પષ્ટ ન કહેતાં લપેટ પુર્વક બધું કહ્યું છે. એક રાસ વિહારમાં પરીક્ષિતને શંકા થઇ તો હોરી, ડોલ હિંડોરા વિગેરે તથા કુંજાદિકની લીલાઓમાં તો શીજ શંકાઓ ન ઉદ્ભવે, માટે તે છુપાવી શ્રીમહાપ્રભુજી શુકદેવજીનું હૃદય પીછાને છે, માટે તે ઉપરથી સેવા માર્ગ પ્રગટ કર્યો.

### * પ્રસંગ–૨૬૩ *

**ભક્ત અને પ્રભુ એકબીજાને અનન્ય છેઃ**—એકવાર અનન્યતાની વાત ચાલી, ત્યારે કહ્યું કે અનન્યતા ઉભયને હોય છે. જેથી સેવકને પ્રભુજી વિના અન્ય નથી, તેમ પ્રભુજીને સેવક વિના અન્ય નથી. અનંન્યતા એવો મોટો પદાર્થ છે. એક અનન્ય આગળ અન્ય સર્વ ધર્મ નિકૃષ્ટ (નીચા) છે. અંતઃકરણની શુદ્ધિ જોઈએ.

**વિવેચન**—પુષ્ટિમાર્ગની એક ખૂબી એ છે કે પ્રભુ એક હોવા છતાં ભગવાન વ્રજ-ભક્તોની સંખ્યા જેટલા સ્વરૂપ ધારણ કરે છે, એટલે દરેકને પ્રભુનું સ્વરૂપ પોતાનું સ્વતંત્ર હોય છે. આ સ્વરૂપ પોતાનું ઈશ્વરપણું છુપાવીને ભગવદીયને આધીન બનીને રહે છે, કે જે ભગવદીય કેવળ અનન્ય હોય. જે ભગવદીયને પ્રભુ વિના બીજી વસ્તુનું ભાન નથી તે ભગવદીય વિના બીજી વસ્તુની પ્રભુને પણ

ખબર નથી. "યે યથામાં પ્રપદ્યન્તે તાંસ્તથૈવ ભજામ્યહમ્" આ વાક્યમાં પ્રભુ એમ બતાવે છે.

### ૦ પ્રસંગ–૨૬૪ ૦

**ભગવદીયને પ્રસાદ લેવરાવ્યાનું મહાત્મ્ય** એક દિવસે કહ્યું કે એક જણે વાછડી મારી, ત્યારે કોઈએ તેને કહ્યું કે ભગવદીય વૈષ્ણવ છે તેને જમાડો તો હત્યા નાશ પામે. આથી વૈષ્ણવને બોલાવી જમાડયો, આ જમવા આવ્યો અને એક ગ્રાસ લઈને ઊઠયો, એટલે પેલા જમાડનાર વૈષ્ણવે કહ્યું કે આમ કેમ? ત્યારે પેલા જમનાર ભગવદીયે કહ્યું કે એકજ વાછડી મારી છે.

**વિવેચન**–આ પ્રસંગ એક કૌતુક જેવો પ્રસંગ છે. તેમાં રહસ્ય ભારે છે. વૈષ્ણવને મહાપ્રસાદ લેવરાવવાથી ગૌહત્યા જેવી ભયંકર હત્યાઓ પણ નાશ પામે છે તે બતાવ્યું છે. વળી એક ગ્રાસનું મહાત્મ્ય આટલું બધું છે તો જેઓ પ્રેમપુર્વક ભગવદીયોને પ્રસાદ લેવરાવે તેના પ્રારબ્ધની વાતજ શી કરવી? આ ભગવદીય એકજ ગ્રાસ લઈને કેમ ઊઠયો, એવી શંકા કોઈને થાય, તો તેનો જવાબ એટલોજ કે આને પ્રસાદ લેવા બોલાવવાનું કારણ વાછરડીની હત્યાની નિવૃત્તિ હતી. એટલે તે વૈષ્ણવે હત્યાની નિવૃત્તિ થવા જેટલોજ એક ગ્રાસ લીધો, જો પ્રસાદ લેવરાવવાની ભાવનાથી પ્રસાદ લેવરાવ્યો હોત તો તે પ્રકારે લેત. ભગવદીયદ્વારા શ્રી પ્રભુજ આરોગે છે, માટે માહાત્મ્ય બહુ છે.

### ⊠ પ્રસંગ–૨૬૫ ⊠

**વૈષ્ણવની મહત્તા** :—એક દિવસ શ્રી ગોકુલેશના ચરણારવિંદમાં કંઈ પ્રમાદ (ઈજા) હતો. ત્યાં ઉઠતી વખતે કોઈનો હાથ અડયો તે વખતે ખવાસ તો હતો નહિ. આથી મુરારી ગ્વાલને કહ્યું કે તમારો હાથ લાવો. ત્યારે મુરારી ગ્વાલે કહ્યું, કે રાજ, અપરસમાં છોને શી રીતે અડકું? આ વખતે આપશ્રી બોલ્યા કે તમારા અડવાથી મારી અપરસ રહેશે!!

**વિવેચન**—આવા પ્રસંગો ઉપરથી જણાય છે કે વૈષ્ણવનું સ્વરૂપ શ્રીગોકુલેશ જાણે છે, તેવું ભાગ્યે જ કોઈ જાણતું હશે. ખરેખર પ્રભુ પોતાની શરણ શક્તિ દર્શાવવા અને ભગવદીય પર પ્રેમ હોવાથી આ પ્રમાણે ભગવદીયની ઉત્તમતા પ્રકટાવે છે. શ્રીગોકુલેશ તો ભગવદીયોનેજ પોતાનું સર્વસ્વ ગણે છે. આથી આજે પણ વૈષ્ણવો શ્રીગોકુલેશના સ્વરૂપમાં ને વાણીમાં મુગ્ધ છે.

### ૦ પ્રસંગ–૨૬૬ ૦

**સ્થાન પ્રમાણે બનવું પણ ખરી વસ્તુ ગુપ્ત રાખવી** :—એક દિવસે સંગ દુઃસંગની વાત ચાલી, ત્યારે કહ્યું કે ખરો ધર્મ ખરી વસ્તુ જેની પાસે હોય તેની પાસેથી લેવાને તેવા થઈએ. ભક્ત સાથે ભક્ત અને વિષયી સાથે વિષયી, કુજાત સાથે કુજાત. પણ પોતાની અનુભવની વસ્તુને અન્ય વિનિયોગ થવા દેવો નહિ.

**વિવેચન**—અહીં આપ જેવો માણસ તેવા તેની સાથે થઈએ તો તેના હૃદયનું હાર્દ હાથમાં આવે, એમ કહે છે વળી આમ છતાં પોતાને જે વસ્તુનો અનુભવ હોય તે ન કહેવો. કોઈ એમ કહેશે કે અહીં તો કહેવાનો આશય એમ થયો કે કોઈની પાસેથી લેવું પણ આપવું નહિ. પણ અલૌકિકમાં એમજ હોય. આમ છતાં ભગવદીય હંમેશાં નિખાલસ અને સ્નેહાધીન હોય છે. તેથી પ્રેમને વશ થઈ પોતાની વસ્તુનું પણ હાર્દ બતાવી દે. "રત્ન તો ઉકરડા માંથી પણ લેવું" એવી કહેવતને અહીં શ્રીગોકુલેશ આચારમાં મુકવાની કહે છે. ઘણીવાર ઉપલક જોતાં માણસને ઠીક નથી લાગતો

છતાં અંદરખાનેથી ઘણોજ ઉત્તમ હોય ત્રિજોરી ઉપર તો લોઢાની દેખાય છે. પણ અંદર તો હીરા માણેક નગદ હોય. ચતુર તેને ખોલાવી રત્ન લઈ લે. ખોલવા માટે ચાવી જોઇએ, પ્રેમ તે ચાવી છે. ભગવદીયનું હૃદય ખોલવાની ચાવી પ્રેમ છે. પ્રેમ જેવો ભગવદીય તેવા થઈએ તો પ્રાપ્ત થાય, અહીં તેજ વસ્તુ શ્રી ગોકુલેશ કહે છે, પોતે સર્વ ચતુર છે એટલે આમ સર્વ ખુલ્લું કરી વૈષ્ણવોને શિક્ષા આપે છે.

## * પ્રસંગ-૨૬૭ *

**યશ-રસ સ્વરૂપ શ્રી અકલપતિઃ**-એકવાર કહ્યું કે રાજા રામચંદ્ર શ્રીગુસાંઇજીનાં દર્શન કરવા આવ્યો હતો. તે જ્યારે આવતો, ત્યારે પોતે બહુજ સન્માન કરતા. એક સજ્યા આપતા, તે તેના પર બેસતો હતો, જ્યારે દાદાજી આવ્યા ત્યારે રાજા વાઘેલા રામચંદ્રે પૂછ્યું કે આ કોણ? ત્યારે શ્રીગુસાંઈજીએ કહ્યું કે બેટા, આ વખતે સર્વ બાળકો આવ્યા, શ્રી ગોવિંદરાયજી. શ્રી બાલકૃષ્ણજી, તથા શ્રી રઘુનાથજી આદિ સર્વ આવ્યા ત્યારે શ્રીગુસાંઇજીએ મારૂં નામ લીધું, ત્યારે રાજાએ કહ્યું કે તે ક્યાં છે? ત્યારે મને બોલાવવા મોકલ્યું. હું શણગાર કરતો હતો, તેથી શી રીતે જાઉં? ને છોવાઇ જાઉં, ત્યારે કહ્યું કે દાદાજી બોલાવે છે, છતાં મેં કહ્યું કે અપરસમાં છું શી રીતે જાઉં? ત્યારે કહ્યું કે નાહાઇ લેજો, આથી શૃંગાર કરીને હું ગયો, એટલે રાજા ઉઠીને ઉભો થયો, અને તે મારી સામે ચિતવતો (જોતો) હતો. આ વખતે શ્રીગુસાંઇજીએ મને કહ્યું કે એમને તમારૂં કામ છે, તેથી શ્રીગુસાંઇજીએ મને આજ્ઞા આપી.

**વિવેચન**-શ્રીગોકુલેશ કેવળ પ્રેમની મૂર્તિ છે, કેવળ રસ સ્વરૂપ છે, સર્વને પ્રેમરસ પ્રિય હોય, આથી સર્વનો પ્રેમ આપશ્રી પર આગાધ હતો, દાદાજી શબ્દ આ પ્રસંગોમાં શ્રીગિરધરજી માટે વપરાય છે, રાજા રામચંદ્ર બેઠા હતા ત્યાં સર્વ બાળકો પધાર્યા પણ શ્રીગોકુલેશ નહિ હોવાથી આપશ્રીને ખાસ નિમંત્રણથી બોલાવ્યા. આ રસ સ્વરૂપ આવતાં રાજા રામચંદ્રજી એ સ્વરૂપમાં તદ્રૂપ થઇ ગયો, એમ બતાવે છે, પછી રાજાની જે ઇચ્છા હોય તે પૂર્ણ કરવાની શ્રીગુસાંઇજીએ શ્રીગો-કુલેશને આજ્ઞા આપી યશ-રસ સ્વરૂપ ગોકુલેશને યશ-રસ ફેલાવવાની આજ્ઞા આપે તેમાં નવાઇ નથી. જે બાળક જે કાર્ય લઇને ભૂમિપર પ્રકટે, તે કાર્ય તે કરે, આંતરિક દ્રષ્ટિએ સર્વ બાળકો સમાન છે.

## * પ્રસંગ-૨૬૮ *

**પ્રેમ જીરવવો કઠણ છેઃ**-એકવાર શ્રી ગોકુલેશ ગાદી પર બિરાજ્યા હતા ઉત્થાપનનો સમય હતો તે વખતે આંધી આવી, આથી વૈષ્ણવોએ ટેરા તાણ્યો. આ વખતે કોઇ કહી કહીને જુએ છે. આ વખતે આપશ્રીએ માલજી પંચોળીને કહ્યું કે આંધી છે, તે કારણથી બંધ (ટેરા,) આવ્યો છે, વસ્તુ છે તે સર્વ અહીંજ શ્રી હસ્ત પ્રસારીને આવું કહ્યું. તે ઉપર વાત કહી કે એક વાર આંધી આવી હતી. આ વખતે એક વ્રજવાસણ બહાર નીકળી હતી. આ વખતે આંધીથી કશું સુઝયું નહિ. આથી વચમાં ગલીમાં આવીને હાથ પકડયો, આવું દેખતાંજ એવું બની ગયું કે આંખો લાલચોળ થઈ ગઈ, અને તેને કહ્યું કે તું કોઈને કહીશ નહિ. પછી તે વ્રજવાસણ ઘેર ગઈ, સાસુએ પુછયું કે તું કયાં ગઈ હતી? આ સાંભળી ગળું રૂંધાઈ ગયું, બોલી શકાયું નહિ, પછી દેહ છુટી ગઈ.

**વિવેચન**-પ્રભુ કયે સમયે કોને સ્વાનંદનું દાન કરે તે કહેવાય નહિ. જગન્નાથજીએ

ચોરને દર્શન દઈ ભક્ત બનાવ્યો. પણ અનુભવ અનુભવી વિના જીરવી શકે નહિ. ઉપરના પ્રસંગમાં વ્રજવાસણનો હાથ વટોળીઆમાં શ્રીઠાકોરજીએ પકડયો ને શબ્દદ્વારા અને સ્વાંગે આનંદનું દાન કર્યું, તે આનંદ કોઈને કહેવાની ના કહી. સાસુએ પૂછયું તો જવાબ કેમ અપાય? વળી તે સુખ એકદમ યાદ આવ્યું કે દેહ છુટી ગઈ. પ્રેમ વસ્તુજ એવી છે કે સ્વાદ જીરવવો કઠણ છે.

૦ પ્રસંગ-૨૬૯ ૦

**ગ્રંથોનું વાચન મનન ખાસ જોઈએ:**-એકવાર માલજી પંચોળીએ પૂછયું કે પદાર્થ તો અનુગ્રહૈક લભ્ય છે તો પછી ગ્રંથ જોવા એ મોટો પરિશ્રમ શા માટે કરવો જોઈએ? ત્યારે આપશ્રીએ કહ્યું કે આટલો બધો શ્રમ શ્રી આચાર્યજીએ કર્યો છે. તે પોતાના અનુગ્રહિત જીવોને માટે લીધો છે માટે જીવપર અનુગ્રહ કર્યો કયારે જાણીએ? અતઃ કરણ શીતળ ક્યારે થાય? તેવા ગ્રંથો પ્રેમ દ્રષ્ટિથી વિચાર્યા વિના તે રસપાન શી રીતે થાય? સંતોષ કેમ ઉપજે? આ કારણથી શ્રીઆચાર્યશ્રીએ શ્રમ કર્યો છે, તે પોતાના સ્વીકીય જીવોને માટે કર્યો છે, માટે હંમેશાં ગ્રંથ જોવા. આપ તો ઈશ્વર હતા આપને ગ્રંથોનું શું પ્રયોજન હતું? પણ અનુગ્રહ થયાનાં લક્ષણ એ કે ગ્રન્થમાં મન ચોંટે, સેવામાં મન દ્દઢ રહે તો અનુગ્રહ થયો જાણીએ.

**વિવેચન**—જો ગ્રંથોના વાચન મનનની જરૂર ન હોય, તો પછી મોટાઓએ પરિશ્રમ ગ્રંથો રચવાના શા માટે લીધા? શ્રી મહાપ્રભુજીના ગ્રંથો શ્રીમહાપ્રભુજી સ્વરૂપ છે તો શ્રીમહાપ્રભુજીનું સ્વરૂપ જાણવા માટે શ્રીમહાપ્રભુજીના ગ્રન્થો પ્રેમપૂર્વક જોવા જોઈએ, જેમ શ્રીઠાકોરજીએ લીલા વિસ્તારી, ત્યારે પોતાનું પોતે શ્રીભાગવતજીમાં મૂકયું અને તે પણ ભાગવતદ્વારા પ્રકટ કર્યું, આમ વાણીમાં અવતારી મહાપુરૂષો પોતાનું સ્વરૂપ મૂકે છે. કીર્તનોની બાબતોમાં પણ એમજ છે. કીર્તનકાર પોતાના હૃદયના ને દ્રષ્ટિના અનુભવે કીર્તન કરે છે. એટલે કીર્તન પણ ભગવદીયોના સાક્ષાત અનુભવસ્વરૂપ છે. જેના પર આપણો પ્રેમ હોય તેની વાણી આપણને મીઠી લાગે છે, તેમ જે ગ્રંથકાર પર પણ પ્રીતિ હોય તેની વાણીમાં સ્વાદ આવે છે. આથી ગ્રંથોનું વાંચન મનન પણ પ્રીત પ્રકટ કરનાર છે, આ શ્રીગોકુલેશના પ્રસંગોના વાચન મનનથી જેમ આપણને ખબર પડે છે કે શ્રીગોકુલેશનું સ્વરૂપ પરમ રસિક હશે, તેમ ગ્રંથોથી ગ્રંથકારનું સ્વરૂપ સમજી શકાય. શ્રીમહાપ્રભુજીનું નામ 'વલ્લભ' છે તો વદ્+લભ=વલ્લભ વદ્=વાણી અને લાભ એટલે લાભ આપનાર મતલબ કે વાણીદ્વારા પ્રભુના સ્વરૂપનો અનુભવ આપનાર માટે ગ્રંથો જોવાથી સ્વરૂપની ખબર પડે છે માટે ગ્રંથોનું વાચન જોઈએજ.

૦ પ્રસંગ-૨૭૦ ૦

**દૈવી પશુઓ પણ પ્રેમ સમજે છે:**-કોઇ એક દિવસ ગઢાની રાણી દુર્ગાવતીની વાત નીકળી. જ્યારે રાણી દુર્ગાવતી સાથે લડાઈ થઈ, ત્યારે હાથીએ મારીને દુશ્મનોની ફોજ હઠાવી, આ વખતે મહાવત ઉપરથી નીચે પડયો, અને રાણી પણ ઘાયલ થઈ નીચે પડી, જો કોઇ રાણીને પકડવા આવે તો હાથી પકડવા ન દે. ઉપર શૂંઢ રાખી ઢાંકીને ઉભો રહ્યો પછી રાણીનું શરીર છુટી ગયું, ત્યારે હાથીએ બે દિવસ સુધી અન્નજળ ન લીધું. આંખોમાંથી રાત દિવસ આંસુ વહ્યા કર્યા,

પછી ત્રીજે દિવસે હાથી પણ મરણ પામ્યો, આ વખતે પોતે કહ્યું કે આવો સ્નેહ ક્યાં છે ?

**વિવેચન**–દુર્ગાવતી રાણી અત્યંત પ્રેમી ભક્ત હતી, પ્રેમી પાસે રહેનાર પશુ પણ પ્રેમી થઈ જાય છે. પ્રેમ એ ચેપી વસ્તુ છે, જેમ કોઇ ચેપી રોગવાળાના સંગથી તે રોગ બીજાને ચઢે છે, તેમ પ્રેમના ઓજસો પણ અસર કરે છે. આથીજ શ્રી ગોકુલેશ વારંવાર સ્નેહી ભક્તના સત્સંગની આજ્ઞા કરે છે. વળી સ્નેહી તે જ કે જે પોતાના પ્રિયના સુખે સુખી અને પ્રિયના દુઃખે દુઃખી, પ્રેમ વસ્તુ પ્રાણહર છે. એ તો સ્નેહીઓના અનુભવની વાત છે, અહીં એક પશુ હાથીનો પ્રેમ દુર્ગાવતી રાણી પર છે, તો રાણીના શરીરનું રક્ષણ તેણે કર્યું. અને પોતે ખૂબ માર સહન કર્યો, આમ સાચો સ્નેહી પોતે દુઃખ વેઠે પણ પોતાના પ્રેમી વસ્તુને દુઃખી ન થવા દે, તે એટલા સુધી કે પોતાના દેહની પણ પરવા ન કરે, છેવટે સ્નેહી પ્રિયનો વિયોગ પણ ન સહી શકે, ને પોતાની દેહ પ્રિયની પાછળ તજે છે. હાથી જેવું પશુ પણ પ્રેમીનો વિયોગ ન સહી શકે, ને આપણે તો આપણા શ્રી પુરૂષોત્તમનો વિયોગ કેટલાય યુગોથી છે છતાં, તે વિયોગ નથી સાલતો, તો એક પશુ કરતાં પણ સ્નેહનું સ્વરૂપ ન સમજનાર ઉતરતો છે, એમ કહેવું ખોટું નથી.

## ० પ્રસંગ–૨૭૧ ०

**વિરહનો દુઃખ દુર્લભ છેઃ**–એક દિવસ નારાયણદાસ સુતરીએ કહ્યું કે એક ખેદની વાત છે, ત્યારે આપે કહ્યું તે કોણ જાણે આવી વાતને ? ત્યારે કલ્યાણ ભટે કહ્યું કે દુઃખ નાખો રાજ, રાજ આ વાત તો વેદ પણ શું જાણે ? રાજે તે ઉપર પોતે કહ્યું કે 'પીબત ભાગવતં રસમાલયમ' એ કહ્યું.

**વિવેચન**–અહીં સંજ્ઞાથી વાત ચાલી છે, જેમ શ્રી મહાપ્રભુજીને રૂપસનાતને કહ્યું હતું કે આપનો માર્ગ તો પુષ્ટિમાર્ગ, તો આપના સેવકો દુબળા કેમ ? આ વખતે શ્રી મહાપ્રભુજીએ જવાબ આપ્યો કે તેમના કાર્ય તે ભોગવે છે. અહીંના ફળ તે ભોગવે છે. આમ ઈશારતમાં સંપ્રદાયનું મહત્વ બતાવે છે એજ વાત આ પ્રસંગમાં છે, એક વાત ખેદની છે, એટલે વિયોગની વાત ખેદની છે, શ્રી ગોકુલેશ કહે છે કે આવી વિરહની દુઃખની વાતને કોણ જાણે ? ત્યારે કલ્યાણ ભટ વિરહના દુઃખની માગણી કરે છે, અને વળી આગળ કહે છે કે વિરહ જેવી રસવસ્તુને વેદ પણ શું જાણે ? આ વખતે પોતે કહ્યું કે વિરહનો અનુભવ કરવો હોય તો સદા ભાગવત રસનું પાન કરો, શ્રી ગોપીજનના પ્રેમની દશા વગર વિરહની પ્રાપ્તિ નથી. રાસપંચાધ્યાયીનું તથા તે પરનાં શ્રી સુબોધિનીજીનું વાચન મનન વિરહની પ્રાપ્તિ કરાવે છે, માટે શ્રી ગોકુલેશ શ્રી ભાગવત રસનું પાન કરવાનું કહે છે. ભગવદ્ રસનું પાન જેમાંથી મળે તે શ્રી ભાગવત્ જે વાતમાંથી પ્રભુરસની પ્રાપ્તિ થાય, તે શ્રી ભાગવતનું સ્વરૂપ છે.

## ० પ્રસંગ–૨૭૨ ०

**સાચી સતીને વાગ્દાન પણ બસ છેઃ**–એક દિવસે એક કુંવારીના સ્નેહની વાત કરી, કે એક કુંવારી કન્યા હતી, તેના વિવાહ કરવા ગાતાં ગાતાં આવતાં હતાં. તેનો પતિ સત્તર વર્ષનો હતો. તે લડાઈમાં મરાયો. આ લડાઈમાં સર્વ માર્યા ગયા, તે વાત પેલી કુંવારી કન્યાએ જાણી. આથી તેણે બાપને કહ્યું કે આ કુટુંબ તો નાશ પામ્યું, માટે સતી કરો. તેના બાપના મનમાં તો એમ હતું કે તેનું લગ્ન તો આવતે વર્ષે બીજા જોડે કરીશું. કન્યાએ કહ્યું હુ બીજી જગાએ હવે વિવાહ નહિ કરૂં ! ત્યારે બાપે ગળે વળગાડીને કહ્યું કે બેટી તું રહી, આટલું સાંભળતાં

બેટીના પ્રાણ નીકળી ગયા તે આજે પણ કુંવારી સતી કહેવાય છે.

**વિવેચન** :—પ્રેમનું દાન એકજ સ્થાને હોઇ શકે. અહીં તો કેવળ વાગ્દાન થયું છે, પણ ખરી સતીને તો વાગ્દાન પણ સાચુંજ પ્રેમદાન છે. સતી સાવિત્રી પણ સાવિત્ર્યાં-ખ્યાનમાં કહે છે કે —

સકૃદંશો નિપતતિ સકૃત્કન્યા પ્રદીયતે ।
સકૃદાહ દદાનીતિ ત્રિણ્યેતાનિ સકૃત્સતામ્ ॥

**અર્થ** :—બાપની મિલકતના ભાગ એક વારજ પડે, કન્યાનું દાન પણ એકજ વાર થાય, આપો એમ એકજ વાર કહેવાય આ ત્રણે સત્પુરૂષોને એકજ વાર છે. સાવિત્રીએ સત્યવાનને પસંદ કર્યો. ત્યારે તેના લગ્નનું મુહૂર્ત જોતાં બારજ માસમાં સત્યવાન મરી જવાનો છે એમ જણાયું. આ વખતે બીજો વર પસંદ કરવાનું સાવિત્રીને કહ્યું, ત્યારે સાવિત્રીએ ઉપરનો શ્લોક કહ્યો. અહીં પણ આવીજ વાત છે. કન્યાએ પોતાના મનથી પ્રાણદાન કર્યું, પછી ભલે વગર લગ્ન કર્યે ધણી મરી ગયો. પણ ખરી સતીને તેના સિવાય બીજા ઉપયોગી નથી. કન્યાના બાપે બીજી જગાએ લગ્ન કરવા કહ્યું તો ના કહી. બાપે કહ્યું કે એકલી રહી. આટલું સાંભળતાં તેના પ્રાણ ગયા. આવા પ્રેમને ધન્ય છે કે જે કેવળ માનસી છે ને માનસીજ દાન છે.

## * પ્રસંગ–૨૭૨ *

**શ્રીઠાકોરજીની કૃપા પ્રાપ્ત કરવી સહેલી નથી** :– એક દિવસ શ્રી ગોકુલેશે કહ્યું કે એક વૈષ્ણવે શ્રીગુસાંઇજીને વિનંતિ કરી કે, મહારાજ, બલિહારી જાઉં. શ્રી ઠાકોરજી પરમ દયાળ છે. ત્યારે શ્રી ગુસાંઇજીએ કહ્યું કે શ્રી ઠાકોરજી એવા દયાળુ છે, પણ મીણના દાંતથી લોઢાના ચણા ચવરાવે છે, ત્યારે કૃપા કરે છે. આવી રીતે પરખાય છે.

**વિવેચન**–શ્રી ઠાકોરજી મહા દયાળુ છે. પણ મીણના દાંતથી લોઢાના ચણા ચવરાવે છે, ત્યારે કૃપા કરે છે, વાત તદ્દન સત્ય છે. જીવનું ગજું પ્રભુની કસોટીમાંથી પાર ઉતરવાનું નથી, પણ પ્રભુ બરાબર કસે છે ત્યારેજ કૃપા કરે છે જેને જેને પ્રભુએ દાન કર્યું છે, તેની તેની પુરેપુરી કસોટી કરી છે. સુદામાની કેવી હાલ હવાલ દશા કરી ? આમ છતાં સુદામાજીએ કોઈ જીવની આશા નથી કરી, તેમણે પોતાની ભક્તિની અને પ્રભુના વિશ્વાસની ટેવ છોડી નહિ, તો પ્રભુએ છેવટે કૃપા કરી. વિપ્રયોગથી ભક્તને ભઠ્ઠીમાં શેકવા જેવા તાપથી દમે છે, ત્યારેજ અનુગ્રહ કરી દર્શન આપે છે. વળી લૌકિક વૈદિકમાં પણ ભક્તને પ્રભુ શાંતિ નથી આપતા, કારણ કે લૌકિક વૈદિકમાં શાંતિ આપે તો જીવ તેમાં પરોવાઈ જાય ને પ્રભુને ભુલી જાય. માટે લૌકિકમાં અને વૈદિકમાં બન્નેમાં પ્રભુ જીવને ઉત્પાત કરાવે છે. આમ છતાં જીવ અડગ શ્રદ્ધાળુ રહે તો કૃપા કરે.

## * પ્રસંગ–૨૭૩

**મર્યાદા રહે ત્યાં સુધી સ્નેહ નહિ**:– વળી એક દિવસે શ્રી ગોકુલેશે કહ્યું કે મર્યાદાને સ્નેહ ન ઉપજે એટલું તારતમ્ય છે. અને પુષ્ટીમાર્ગીયને સર્વાત્મના ભાવથી સ્નેહ ઉપજે છે, મર્યાદાને સ્નેહ ન ઉપજે તો વર્ણ ફરે ત્યારે હેત માત્ર થાય. પણ મહાત્મ્ય યુક્ત હોય ત્યારે સ્નેહ ઉપજે તો વર્ણ ફરે. જેનો જેવો સ્વભાવ તે તો કદી પણ ન ફરે.

**વિવેચન** :–મર્યાદા એટલે પડદો. જ્યાં સુધી પડદો હોય ત્યાં સુધી પ્રીતિ કેવી રીતે થાય ? કારણ કે મર્યાદા એ ડર અથવા ભય છે. જ્યાં સુધી ભય ત્યાં સુધી સ્નેહ હોયજ ક્યાંથી ? પુષ્ટિસ્નેહમાં મર્યાદા ન હોવાથી સર્વત્ર સર્વાત્મભાવ ઉપજે

છે. સર્વત્ર સર્વાત્મભાવ પ્રકટયા પછી કોની મર્યાદા ? હૃદયમાં પ્રભુ પ્રેમની મસ્તી હોય ત્યાં મર્યાદા છિન્નભિન્ન સ્વભાવ ફરે તો સ્નેહ ઉપજે, મતલબ કે મર્યાદા વર્ણ સ્વભાવ નાશ પામી પુષ્ટિવર્ણ સ્વભાવ થાય તો સ્નેહ થાય પણ વર્ણ ફરવોજ મહા કઠણ છે. ખરો સત્સંગ મળે તો સ્વભાવ ફરે. સત્સંગ વગર વર્ણ ફરવો મહા કઠણ છે. શ્રી યમુનાજી કૃપા કરે તો વર્ણ ફરે પણ એને માટે યમુનાજીમાં પ્રીતિ જોઈએ. શ્રી યમુનાજી કૃપા કરીને પ્રેમનું દાન કરે તો સ્વભાવ કે વર્ણ પલટાય.

## * પ્રસંગ-૨૭૪ *

**પત્રદ્વારા પણ નિવેદન થઈ શકે :-** ગોવિંદદાસ છીપડીઓ ગુજરાત આવવા નીકળ્યો, ત્યારે શ્રી ગોકુલેશને વિનંતી કરી કે મહારાજ, મારી બેઠી ગુજરાત છે, તેને નામ નિવેદનનું શું ? ત્યારે પોતે આજ્ઞા આપી કે પત્ર લઈ જઇને પત્રે નિવેદન કરાવો. આ વખતે એક વૈષ્ણવે વિનંતી કરી કે એકને રાજ પાસે બેસાડીને નિવેદન કરાવો છો, અને આ તો પરદેશ છે, હવે એનું નિવેદન અને આપની સમક્ષનું નિવેદન શું સમાન રાજ ? ત્યારે આપે કહ્યું કે એક લૌકિકમાં રાજાઓ પોતાનું ખાંડું મોકલે છે અને એક આપ પોતે પરણવાને ઠેકાણે જાય છે, તો તે રાણીઓ થઈ કે નહિ ? આ તો લૌકિક છે, તો અહિં અલૌકિકમાં સંદેહ શો ?

**વિવેચન** :—પત્ર સ્વરૂપાત્મક છે, તો પછી પત્રદ્વારા બ્રહ્મસંબંધ થાય તે પણ પ્રત્યક્ષ બરાબર છે. જેમ ખાંડું મોકલીને પણ ક્ષત્રી ઓમાં પાકા લગ્ન થાય છે તેવી આ વાણી છે. ધણીની તલવાર-ખાંડુ ધણી સમાન છે. તો પ્રભુનો પત્ર પ્રેમપૂર્વક બ્રહ્મસંબંધ માટે આપેલો પ્રભુ સમાન હોય એમાં નવાઈ નથી. દાન પ્રેમ પર છે.

## * પ્રસંગ-૨૭૫ *

**શ્રીયમુનાજી પ્રભુનો પણ સ્વભાવ બદલે તો જીવનો બદલે તેમાં શી શંકા ? :-** એક વાર કહ્યું કે શ્રી ગુસાંઈજી શ્રી યમુનાષ્ટકની ટીકાનો વિચાર કરવા લાગ્યા, થોડો વિચાર કર્યો પછી મને કહ્યું કે આ તમો વિચારો આથી એક શ્લોકનો મેં વિચાર કર્યો. આ જોઇને શ્રીગુંસાઇજી બહુ જ પ્રસન્ન થયા. શ્રીગોકુલેશે એવો ભાવ લખ્યો કે તમારા સંગથી પ્રભુનો સ્વભવ ફરે તો મનુષ્યનું શું ગજું ?' "મુકુંદ રતિવર્ધિની" એનો અર્થ એ કે મુકુંદ એટલે મોક્ષદાતા તેમની રતિમાં વર્ધન કરે, આ તો તમારેજ સંગે બને. વ્રજને વિષે ભકત આવે એ તો સંગનું ફળ. તે સ્વભાવ ફર્યો. એમ લખ્યું છે તેમ નહિં તો એ મર્યાદા નામ ત્યાં રતિ કેમ થાય ? એ શ્રીયમુનાજીએ કર્યું.

**વિવેચન**-શ્રી યમુનાષ્ટકમાં મુકુંદ રતિવર્ધિની એવું શ્રી યમુનાજી માટે વિશેષણ છે. મુકુંદ એટલે મોક્ષ આપનાર ભગવાન, જે ભગવાન મોક્ષ આપે તે પુષ્ટિપુરૂષોત્તમ નહિ પણ મર્યાદા પુરૂષોત્તમ છે. એટલે મુકુંદ ભગવાન મર્યાદા પ્રભુ છે. તેમના પર અનુગ્રહ કરીને તેમનો સ્વભાવ રતિ વધારનાર કર્યો. મતલબ કે તેમને પુષ્ટિ પુરૂષોત્તમ કર્યા. આ પ્રમાણે મર્યાદા પુરૂષોતમને શ્રી યમુનાજીએ પુષ્ટિ પુરૂષોત્તમ એટલે રતિ રસના દાની બનાવ્યા. આમ શ્રી યમુનાજીથી પ્રભુનો સ્વભાવ બદલ્યો પ્રભુને મર્યાદા વર્ણ માંથી પુષ્ટિવર્ણમાં આણ્યા, તો જીવનો સ્વભાવ બદલે એમાં તો નવાઈ જ શી ? મુકુંદ ભગ-

વાન સમર્થ છે, એ સમર્થને સ્વભાવ બદલાય તો જીવનો સ્વભાવ તો સહેજ કૃપાએ બદલાઈ જાય. આમ શ્રીયમુનાજી જીવનો સ્વભાવ બદલે છે માટે શ્રી યમુના-ષ્ટકમાં છેવટે "સ્વભાવ વિજયો ભવેત" એમ કહ્યું છે, સ્વભાવનો વિજય થાય એટલે જીવનો સ્વભાવ "જીવાઃ સ્વભાવતો દુષ્ટા" છે એટલે જીવ પ્રભુથી દુર રહેનારો છે, તેને બદલે શ્રીયમુનાજીની કૃપાથી પ્રભુમાં પ્રીતિ-વાળો થાય વિમુખને બદલે સન્મુખ થાય, આવો ભાવ શ્રી ગોકુલેશે બતાવ્યો, માટે શ્રીગુસાંઈજી પ્રસન્ન થયા. શ્રીગોકુલેશ કેવળ સ્નેહ સ્વરૂપ છે. માટે ટીકા પણ સ્નેહની દૃષ્ટિએ કરે છે.

## * પ્રસંગ ૨૭૬ *

**જેની જેવી દશા તેને તેવી વાત ગમેઃ-** સન્યાસ નિર્ણયની ટીકા કરી ત્યારે કહ્યું કે હું પ્રસન્ન ત્યારેજ થાઉં, કે જ્યારે શ્રીઘન-શ્યામજીને સંભળાવશો! એવો શ્રીઘનશ્યામજી પર સ્નેહ હતો.

**વિવેચનઃ-** શ્રી ગોકુલેશનો શ્રી ઘનશ્યામ-લાલજી પર સ્નેહ હતો, તેનું એક કારણ એ કે શ્રી ઘનશ્યામજી વૈરાગ એટલે વિપ્રયોગનું સ્વરૂપ છે. પ્રભુને વિયોગી ભકત પર બહુ પ્રેમ હોય શ્રી ગોકુલેશ પ્રભુનું કેવળ રતિ સ્વરૂપ છે, તેથી પોતાને વિરહ સ્વરૂપ શ્રી ઘનશ્યામજી પર બહુ પ્રેમ છે, હવે સન્યાસ નિર્ણયમાં તો કેવળ વિપ્રયોગનીજ વાત છે. વિરહના અનુભવને માટે સર્વના ત્યાગનો રસ્તો શ્રી મહાપ્રભુજી સન્યાસ નિર્ણયમાં બતાવે છે. વિરહીને વિરહની વાત બહુજ ગમે, પ્રેમીને પ્રેમની વાત ગમે, રસિકને રસવાર્તા ગમે, જેવો સ્વભાવ તેવી વાર્તા ગમે છે. આમ હોવાથી શ્રી ઘનશ્યામલાલજી વિરહનું સ્વરૂપ છે, માટે તેમને વિરહની વાત બહુ ગમે, માટે તેમની પ્રસન્નતા માટે સન્યાસ નિર્ણયની ટીકા શ્રીઘનશ્યામલાલજીને સંભળાવવાનો આગ્રહ શ્રીગોકુલેશ કરે છે. શ્રી ઘનશ્યામજી વિરહી હતા, તે વિરહનો પૂર્ણ અનુભવ કરાવવા તેમના શ્રીઠાકોરજી શ્રી મદનમોહનજી ચોરીમાં પધાર્યા અને એ રીતે વિરહનો પૂર્ણ અનુભવ આપ્યો, પણ એ અનુભવમાં શ્રી ઘનશ્યામજીની દેહ છુટી ગઈ, આપે પોતાના સેવ્ય સ્વરૂપના વિયોગમાં લીલા વિસ્તારી આવા અનહદ વિરહ તાપનું સ્વરૂપ શ્રી ઘનશ્યામજી છે, એ સાતમી પીઠ પર બીરાજનાર સ્વરૂપો પણ કેવળ ત્યાગવૃત્તિના અને વિરહી હોય છે. અહીં સાતપીઠો છે, તેમાં તે તે ગાદીપર બિરાજનાર શ્રીગોસ્વામી બાળકની સ્થિતિ પણ મૂળ સ્વરૂપ પરજ હોય છે. આ વાત બહુજ સૂક્ષ્મ છે. અને બહુજ અનુભવે માલમ પડે છે કે ગાદીનો ગુણ પરંપરા ઉતરતો આવે છે. બહુજ પ્રેમપૂર્વક સૂક્ષ્મમાં સૂક્ષ્મ પુષ્ટિદૃષ્ટિએ આ વાત અનુભવમાં આવે છે.

## * પ્રસંગ-૨૭૭ *

**પોતાનું માહાત્મ્ય શ્રીમહાપ્રભુજીએ પોતાના વંશમાં સ્થાપન** કર્યુંઃ-શ્રી સર્વો-ત્તમજીનાં વચનનો અર્થ કહયો છે, સ્વવંશે સ્થાપિતાશેષ કહેતાં પુત્ર પરત્વે નહિ, પણ કેવળ વંશજ કહે છે. સ્વવંશ કહેતાં પુત્રમાંજ નહિ, પણ આગળ પૌત્ર પ્રપૌત્ર પર પણ છે; 'વંશપદં પુત્રપરત્વેજ્ઞેયમ" આ વાત પંચો-ળીએ સાંભળી આથી પુછયું કે મહારાજ, વંશ કહેતાં જ્ઞાતિ પંકિત સર્વ આવે ત્યારે આપે કહ્યું કે હાં આવે.

**વિવેચન**—જ્ઞાતિ પંકિત એ શ્રીવલ્લભ-કુળ પરત્વે છે શ્રીમહાપ્રભુજીએ પોતાનું મહાત્મ્ય સ્વરુપ પોતાના વંશમાં સહાજ સદા

યોજ્યું કે સ્થાપન કર્યું". અહીં પુત્ર પરત્વે કહે છે, એટલે શ્રીવલ્લભકુળમાં જે બાળકો તેમનાજ પરત્વે છે. પુત્રજ પિતાનું અપર સ્વરૂપ છે, એવું શાસ્ત્ર પણ કહે છે. અહીં બાળક પ્રગટ થાય ત્યારથી ભક્ત કે સેવા સિવાય બીજી બાબતોને બાળક પાસે સ્થાનક નથી. પછી સર્વજ ભક્તિમાન હોય એમાં નવાઈ શી ? અત્યારે પણ કોઈપણ પ્રકારના લૌકિક ઝઘડામાં કે બીજી બાબતોમાં ન પડતાં શ્રીવલ્લભકુળ કેવળ ભક્તિમય જીવનજ ગાળે છે એવુંજ જીવન વૈષ્ણવોએ પણ ગાળવું જોઈએ. આપણે ભક્તિમય જીવનમાં જેટલું મર્યાદા પ્રવાહી બાબતોને સ્થાન આપીએ છીએ, તેટલુંજ આપણને દુઃખદ છે. આ માર્ગ કેવળ નિષ્કામ ભક્તિમાર્ગ છે, તેમાં કોઈપણ પ્રકારની આકાંક્ષા કે સકામપણું મહા વિપરીત છે, જેટલે અંશે આકાંક્ષા કે સકામપણું તેટલે અંશે દુઃખ કે સંકટ. શ્રીમહાપ્રભુજીએ શુદ્ધાદ્વૈતીય જીવન ગાળી કેવળ ભજન કર્યા કર્યું છે. ચતુઃશ્લોકીમાં પણ પોતે એજ કહે છે, શ્રીવલ્લભકુળ પણ એજ કરે છે, અને કરવાનું પણ તેજ છે, ખંડનમંડનના ઝઘડામાં આપણે નથી ઉતરવાનું. શ્રીમહાપ્રભુજીએ બધું સ્પષ્ટ કર્યું છે.

### ૦ પ્રસંગ-૨૭૮ ૦

**સેવા ભાવાત્મક છે:**—એકવાર કહ્યું કે શ્રીગુસાંઈજી શ્રીઠાકુરદ્વારજી પધાર્યા. તે દિવસે શ્રીરઘુનાથજી મહારાજે શ્રી ગોકુલચંદ્રમાજીને શણગાર ધરાવ્યા હતા. ઘણું ખરૂં શણગાર શ્રીરઘુનાથજીજ કરતા. આ વખતે શ્રી ગુસાંઈજીએ કહ્યું, કે શ્રીરઘુનાથજી શણગાર સુંદર કરે છે ત્યારે મેં કહ્યું કે જે રાજ, શૃંગારાત્મક તો કશું છે નહિ જે કશું છે તે તો ભાવાત્મક છે તે તો આપ જાણોજ છો, આ સાંભળી શ્રીગુસાંઈજી બહુજ પ્રસન્ન થયા.

**વિવેચનઃ**—શ્રી રઘુનાથજી મહારાજ શ્રી ઠાકોરજીને શણગાર બહુજ સુંદર કરતા. પુષ્ટિમાર્ગમાં સર્વ સેવા જેમ ભાવાત્મક છે. તેમ શ્રીઠાકોરજીને ધરાતા શણગાર પણ ભાવાત્મક છે. સાક્ષાત શણગાર આપશ્રી પ્રકટ થઈ તે પ્રમાણે આનંદ આપે ત્યારે કહેવાય. આ વાત બહુ ગૂઢ છે, રસિક ભક્તો તે સમજીને અનુભવે છે. આથી શ્રીગોકુલેશ ઉપર પ્રમાણે બોલે છે.

### ૦ પ્રસંગ-૨૭૯ ૦

**પ્રિય જે દિશામાં હોય તે દિશા પર પ્યારઃ**-જ્યારે શ્રીગોકુલેશ શ્રીગોકુલથી કે શ્રીગોવર્ધનથી કોઈ સમયે અન્ય સ્થળે પધારતા, ત્યારે સ્નાન સમયે ને પોઢતી વખતે શ્રીગોકુલની ને શ્રીગોવર્ધનની દિશા સેવકને પૂછે કે કઈ દિશાએ છે ? ત્યારપછી તે દિશાએ બેસીને સ્નાન કરે અને તે દિશાની સરાહના એટલે વખાણ કરે, કે આ પ્રભુ સંબંધી દિશા છે. એ દિશાએ બેસીને સર્વ પદાર્થ કરીએ, શિક્ષાને માટે આવું જ્ઞાન આપે. નહિં તો સર્વજ્ઞ શિરોમણિ શું દિશા ન જાણે ?

**વિવેચન**—પ્રેમ કંઈ ઓર ચીજ છે. પ્રેમ જેમાં ચોટયો હોય ત્યાંને ત્યાં હૃદય રહે, મન ત્યાંને ત્યાં રહે, જે દિશાએ પ્રિય છે, તે દિશાની પણ સરાહના કરે, અહીં શ્રીગોકુલેશનો શ્રીગોકુલ પર અને શ્રીગોવર્ધનપર પ્રેમ છે. તેથી તેની દિશા સાથેના ભગવદીયોને પૂછે છે, ને તે દિશા તરફજ પોતાની નજર રાખ્યા કરે છે, કારણ કે એથી પ્રિયની યાદી રહ્યા કરે. વળી તે દિશાએ પ્રભુ બિરાજે છે. તેથી તે દિશા સાથે પ્રભુનો સંબંધ છે, એટલે તે દિશાને પણ ભાગ્યશાળી ગણી તેની સરાહના એટલે વખાણ કરે છે, આ વાત જેનામાં પ્રીતિ નથી તેને તો સહેજ જેવી

જણાશે, પણ સ્નેહના અનુભવીને તો અત્યંત આનંદપ્રદ લાગશે. શ્રીનાથજીએ એકવાર શ્રીગોકુલેશને સંદેશો ભગવદીય મોહનભાઈ કે જે જ્ઞાતે અત્યંજ હતા તેમની સાથે કહાવ્યો. તે સંદેશો પોતે સાંભળવા છતાં છ વાર પૂછયો. હે શ્રી ગોવર્ધનનાથજીએ શું કહ્યું? જવાબ મળે તે વળી પૂછે કે હેં શ્રી ગોવર્ધનનાથજીએ શું કહ્યું? આમ છ વાર પૂછયું. આનું કારણ એ કે પ્રભુનો સંદેશો તે પોતાના પ્રિયતમ પ્રભુનો સંદેશો છે, તેથી વહાલો લાગવાથી એમ પૂછ પૂછ કરે છે. પછી ભ. મોહનભાઈને શ્રી ગોકુલેશ પૂછે છે કે શું શ્રી ગોવર્ધનનાથજી મારૂં નામ જાણે છે? આ કેટલી બધી દીનતા? અને પ્રભુપર કેટલુ બધું હેત? આપ પધારતા તો પણ ચાલતાં ચાલતાં. જ્યાં :સુધી શ્રી ગોકુલ કે શ્રી ગિરીરાજજી દેખાય ત્યાં સુધી એકી ટસે ટગર ટગર નિરખ્યાજ કરે, પછી દેખાતા બંધ થતી વખતે ગદગદ થઈ આપ નમન કરે, અને વિરહમાં તદ્રૂપ થઈ જાય, જેમ નટ દોરડા પર નાચે પણ નીચે હજારો માણસ હોય ઢોલ વગેરે વાગે પણ તેની નજર ન ચુકે તેમ શ્રી ગોકુલેશ ગમે ત્યાં બિરાજે પણ આપની આંતરદ્રષ્ટિ સર્વ રીતે શ્રી વ્રજભૂમિ તરફ રહેતી.

### ૦ પ્રસંગ-૨૮૦ ૦

**આત્મા પરમાત્મા અને ઈશ્વર**-એક વાર આત્મા પરમાત્માની વાત ચાલી. ત્યારે કોઇએ વિનંતિ કરી કે કેમ છે? ત્યારે અમે આજ્ઞા કીધી કે આત્મા તે જીવ પરમાત્મા તે ભગવતેજ. તે જીવ જગતનું કૃત્ય સર્વે જાણે અંતર એટલુંજ કે કરોળીયાનું પડ છે પણ જાણે નહિં જીવ એવી ઇચ્છાને.

આ વખતે એ ઉપર એક વાત કહી, કે પ્રભુએ મહાદેવજીને કહ્યું કે મને ગોપ્ય કરો. ત્યારે તેમણે કહ્યું કે રાજ, જો ગોપ્ય કરૂં વા બાહિર કરૂં તો તેનો અપરાધ ક્યાં સમાય? ત્યારે પ્રભુએ કહ્યું કે મારી ઇચ્છા છે, ત્યારે મહાદેવજીએ કહ્યું કે રાજની ઈચ્છા એમ છે, તો એમ કરૂં કે આપને કોઈ જાણે નહિ. ત્યારે શ્રી ઠાકોરજીએ કહ્યું કે એવી પ્રતિજ્ઞા ન કરશો. જેની અમે રક્ષા કરીશું તે તમારા કહેવાથી ભમશે નહિં, ત્યારે શ્રી ગોકુલેશને પૂછયું કે મહારાજ, શ્રી ઠાકોરજી એમ ઈચ્છા કરે છે તો મહાદેવજીને આજ્ઞા શા માટે આપી? ત્યારે આપે કહ્યું કે એક રાજા ને તેની સર્વ ઠેકાણે રૈયત છે. નગર, પુર, ગામ, દેશ વિગેરે હોય છે, તેમ જગદીશને સ્વર્ગ નર્ક પિસાચ, ચૌદ લોક તે સર્વ કોઇ જો અહીં (પુષ્ટિમાર્ગને) અનુસરે તો તે ઠેકાણાં બધાં ખાલી રહે.

**વિવેચન**-આત્મા એટલે જીવ, પરમાત્મા એટલે ભગવાનના ગુણ જેમાં કંઇક પ્રકટ છે તેવો દેવાંશી, તે પ્રભુનું તેજ છે, જેમ સૂર્ય અને સૂર્યનું તેજ, તેમ પરમાત્મા પ્રભુનું તેજ છે. જેમ સૂર્ય ને સૂર્યનું તેજ જુદા નથી. પણ સૂર્યની શક્તિ અને તેનું તેજ સમાન નથી તેમ ઈશ્વર અને પરમાત્મા જુદા નથી, પણ ઈશ્વરની પૂર્ણ શક્તિ પરમાત્મામાં નથી. હવે "ત્વં ચ રૂદ્રં મહાબાહો મોહશાસ્ત્રાણિ કારય" એવી ભગવદાજ્ઞા આપી. ત્યારે મહાદેવજી પુછે છે કે આપને હું મોહ શાસ્રો કરીને છુપાવીશ તેના અપરાધનો પાર નથી, પ્રભુએ કહ્યું કે મારી ઈચ્છા છે માટે અપરાધ નથી વળી જે પરમાત્મા સ્વરુપ દૈવી જીવો પ્રભુના તેજ સમાન છે, તેનું તો અમે રક્ષણ કરીશું મતલબ કે જે પુષ્ટિદૈવી જીવો છે તેનાથી પ્રભુના સ્વરુપને તમારાં મોહક શાસ્ત્રો નહિ છુપાવી શકે, કારણ કે અમે એટલે રસાત્મક પ્રભુજ તેમના રક્ષક છીએ, આ વિચારે જે શુદ્ધ પુષ્ટિ જીવો છે તેમની તો પ્રભુ સિવાય અન્ય સ્થળે પ્રીતિ થતીજ નથી, તે સાથે તેમને અન્ય સ્થળે સંતોષજ ન મળે, રસાત્મક

ભગવત સ્વરૂપ શ્રી વલ્લભાધીશ વગર અન્યત્ર રૂચિ શુદ્ધપુષ્ટિ જીવોને આથીજ નથી થતી.

**૦ પ્રસંગ-૨૮૧ ૦**

**શ્રી નાથજીનો શ્રી ગોકુલેશ પર અનહદ પ્રેમઃ-** એક વાર ડોલ સોરમજી કર્યો ત્યારે શ્રી નાથજીએ તુલસી પાન્ડેને સ્વપ્નમાં કહ્યું કે હમણાં હું વસંત નહિ ખેલું, શ્રી વલ્લભ (શ્રીગોકુલેશ) ખેલાવે તો ખેલું, તે વાત શ્રીગોકુલેશને કહી, એટલે પોતે સોરમજી પધાર્યા, પછી ચૈત્ર વદિ ૧૧ને દિવસે ખેલાવ્યા.

**વિવેચન**-શ્રીગોકુલેશ પોતાના સેવ્ય સ્વરૂપ શ્રીગોકુલનાથજીને કે જેમને સર્વે શ્રીનાથજી કહે છે, તેમને પધરાવીને સોરમજી બિરાજ્યા હતા, અહીં ડોલના ઉત્સવ પર શ્રીગોકુલેશ બિરાજતા નહિં હોય; આથી તુલસી પાંડેને શ્રીનાથજીએ આજ્ઞા કરી કે શ્રીગોકુલેશ સિવાય હું ડોલ નહિ ખેલું. આ વાત શ્રીગોકુલેશ પરદેશથી સોરમજી પધાર્યા ત્યારે શ્રીગોકુલેશને વિનતી એટલે ડોલ જલા છતાં ચૈત્ર વદિ ૧૧ને દિવસે પ્રભુજીને ખેલાવ્યા. પ્રભુ તો રસિક છે એટલે પોતાના પ્રિયની ઇચ્છા પ્રમાણે મનોરથ પ્રમાણે ઉત્સવ ખેલે, અહીં પણ શ્રીગોકુલેશ પ્રભુ ડોલોત્સવને દિવસ નહિ ખેલ્યા હોય માટે ચૈત્ર વદિ ૧૧ શ્રીમહાપ્રભુજીના પ્રાકટ્યને દિવસે ખેલાવ્યા.

**૦ પ્રસંગ-૨૮૨ ૦**

**અશક્યે વા સુશક્યે વા સર્વથા શરણં હરિઃ**-એક દિવસે આ શ્લોક કહ્યો 'અશક્યે વા સુશક્યે વા સર્વથા શરણં હરિઃ' ત્યારે કલ્યાણ ભટે પૂછ્યું કે મહારાજ, અશક્ય તે શું ? ત્યારે આજ્ઞા કરી કે અશક્ય શું પૂછે છે ? સુશક્ય પૂછો જીવને તો સર્વ અશક્ય છે. પણ સુશક્ય શું તે તમે કહો, જીવને નમન માત્ર પણ અશક્ય છે, શ્રીપ્રભુજીના મનમાં એમ આવે કે જીવ મને જાણે તો જીવ પ્રભુને જાણે. જીવને તો શક્ય કશુંજ છે નહિ.

**વિવેચનઃ**-ઉપરનો વિવેકધૈર્યાશ્રયનો શ્લોક કહી અશક્ય અને સુશક્યને માટે ભટ પૂછે છે તો શ્રીગોકુલેશ કહે છે કે જીવને અશક્ય તો બધુંજ છે પણ સુશક્ય શું છે તે પૂછો. શ્રીગોકુલેશ કલ્યાણ ભટને કહે છે કે જીવને સુશક્ય શું તે તમેજ કહો, જીવને તો પ્રભુને નમન કરવું પણ અશક્ય છે, મતલબ કે નમન કરતાં પણ જીવને નથી આવડતું, તો જો નમન કરવું પણ જીવથી નથી બની શકતું તો બીજું તો શું જ બને ? માટે સદાજ સદા જીવે શરણનીજ ભાવના રાખવી જોઈએ. હવે કદી જીવ પોતાની બુદ્ધિથી એમ માનતો હોય કે મારાથી સેવા વગેરે બને છે, પણ તે બની ક્યારે કહેવાય કે જેનાથી ક્ષણ પણ પ્રભુ દુર થતા ન હોય, અથવા પ્રભુની મરજી પ્રમાણે બનતું હોય પણ તેવી સેવા કે ટેલ બનવી કઠણ છે, તેથી જીવે તો કદી બનતું હોય તો પણ નિઃસાધનતા દીનતાજ રાખવી જોઈએ. દીનતા આવે, તો બન્યું કહેવાય. પ્રભુ રસિક શિરોમણિ છે. એ રસિક શિરોમણિની રસવૃત્તિને અનુસરીને જીવથી શું બને ?

**૦ પ્રસંગ-૨૮૩ ૦**

**પાંડવોને હિમાલય પર કેમ મોકલ્યાઃ-** ભલીબાઇ અને રાજબાઇ બે બહેનો, તે રાજબાઇનો જમાઈ તે ગોપીનાથદાસ તેણે વિનંતિ કરી કે રાજ પાંડવો પર એવી કૃપા અને હિમાલય પર મોકલ્યા એ શું ? એવડું કષ્ટ પામ્યા એ કેમ શોભે ? ત્યારે આપશ્રીએ કહ્યું કે શ્રીઠાકોરજી તો રક્ષા કરતા આવ્યા

છે, અને કરે છે. લાખાગ્રહથી રક્ષા કરી તો એ કેટલી વાત છે? પણ તેમનું જેના પર હેત છે તેની તે રક્ષા કરે છે. એવો ઉત્કર્ષ તેને સ્ફુર્યો. હવે આ દેહે જે દોષ કર્યા તે આ દેહેજ પ્રભુએ દુર કર્યા, ત્યારે કહયું કે મહારાજ દોષ થોડા ને દંડ ઘણો ત્યારેઆજ્ઞા કરી કે જે દોષને ન જાણે તેને થોડા, પણ અપરાધ જ્ઞાનીને તો બહુજ છે.

વિવેચન-પ્રભુની પાંડવો પર કૃપા હતી વાત ખરી પણ તે પાંડવોના પ્રેમને લીધે નહોતી; ભગવતી કુંતાજીને લીધે હતી. પાંડવોએ તો સદાજ સદા અન્યાશ્રય કર્યા કર્યો છે અને પ્રભુ પર સાચો વિશ્વાસ ન હોવાથીજ બધાં સંકટ આવ્યાં, પણ કુંતાજીના વિશ્વાસે તે સંકટ દુર થયાં. આથી કુંતાજીને તો પોતે હિમાલય ન મોકલ્યાં, પણ હિમાલય પર પાંડવોના જતા પહેલાં પોતાની પ્રાપ્તિ કરાવી. પાંડવોને તો મુક્તિનો મોહ હતો, તો હિમાલય પર જઈ મુક્તિ મેળવી. જો પ્રભુમાં બરાબર વિશ્વાસ હોય તો હિમાલય પર જવાની ઈચ્છાજ શા માટે થાત? ઉદ્ધવજીની માફક વિરકત બની પ્રભુ ભજન જ કરત. કુંતાજીના પ્રેમને ધન્ય છે, જેમ નટની નજર દોરી પરથી ન ખસે, અથવા પાણિઆરીની નજર-સુરતા બેડામાંથી ન ખસે તેમ સંસાર રહેવાં છતાં તેમની સુરતા પ્રભુમાંથી ક્ષણ પણ ખસી નથી, અને તેનું ફળ પણ પ્રભુએ આપ્યું. વળી દોષો પ્રભુથી દુર થાય છે, હિમાલય પ્રભુનું સ્વરૂપ છે, પ્રભુ શ્રીગીતામાં કહે છે કે, "પર્વતાનાં હિમાલયઃ" પર્વતોમાં હું હિમાલય છું, આથી હિમાલય રૂપ પોતાના અંશ સ્વરૂપનો આશ્રય કરાવી. તેમાં તદ્રૂપ કરી દોષો મટાડયા અને મુક્તિ આપી.

* પ્રસંગ-૨૮૪ *

**શ્રી મહાપ્રભુની વાણી આપશ્રીમાં અનન્યતા વગર ન સ્ફુરે.:**—એકવાર કહ્યું કે મહારાજાશ્રી, આપના મુખનાં વચનામૃત સાંભળીએ છીએ તે અડતા નથી તે શું? શ્રીઆચાર્યજીના વચનોનું નામ કહી પૂછયું ત્યારે આપે કહ્યું કે ભગવદ્વાકય છે તે પતિવ્રત રૂપ છે. આથી જેને વિષે વ્યભિચાર દેખે છે, તો તેના હૃદયમાં કેમ રહે? ઠેકાણે ને ઠેકાણે જાય છે, પતિવ્રતા વ્યભિચારિણીને ઘેર ન રહે. બુદ્ધિ વ્યભિચારિણી છે.

વિવેચન—શ્રી ગોકુલેશને વિનંતિ કરે છે કે શ્રી આચાર્યશ્રીની વાણી તે અડતી કેમ નથી? તો શ્રી ગોકુલેશ કહે છે, કે જીવ વ્યભિચારી એટલે શ્રી મહાપ્રભુજીના સ્વરૂપ સિવાય પણ અન્ય સ્થળે ભટકે છે, તેથી આપશ્રીની વાણી સ્ફૂરતી નથી. શ્રી સરસ્વતી એ રસાત્મક પૂર્ણ પુરૂષોત્તમની પત્ની છે. તે સતી છે. સતીને સતી સાથેજ સખ્ય થાય. તો જે ભગવદીયો પ્રભુના પ્રત્યે સતીની જેમ અનન્ય છે તેમનેજ શ્રી મહાપ્રભુજીના ગ્રંથો એટલે વાણી અડકે છે. વળી સતી પરપુરૂષનો સંગ કરતી નથી, કારણ કે તેના સતીત્વનો ભંગ થાય, આમ હોવાથી આપણા પુરૂષ ભાવનો જ્યાં સુધી ભંગ ન થાય, સ્ત્રીભાવ ન સ્ફુરે ત્યાં સુધી શ્રી મહાપ્રભુજીની સતીરૂપ વાણી આપણો સંગ ન કરે. પરપુરૂષને ન અડકે. માટે પુરૂષ ભાવનો ભંગ થાય તો વાણી સ્પર્શે, એથી ઉલટું જે મહાપ્રભુજીમાં આસક્ત છે, તેના હૃદયમાં શ્રી મહાપ્રભુજી બિરાજે છે, હવે સતિ પતિ વગર રહી ન શકે. એટલે શ્રી મહાપ્રભુજી સાથે અનન્ય ભક્તના હૃદયમાં વાણી પણ બિરાજે. આસક્તિ વગર કશું બને નહિ શ્રીમહાપ્રભુજીની વાણી

સ્વરૂપાત્મક છે, અન તે લીલાના સ્વરૂપાત્મક છે. આ વાત ખૂબ ધ્યાનમાં રાખવી જોઈએ.

### * પ્રસંગ-૨૮૫ *

**અનન્ય ભકતમાં પણ પ્રભુ સમાન આનંદ છે**:–એકવાર કહ્યું કે ચરણારવિંદને વિષે ઘણો આમોદ છે તેનું કારણ એ કે એક તો ચરણકમળનીજ સુગંધી. વળી સર્વ ભકતોનો હૃદય કમળને વિષે વાસ છે માટે ઘણો આમોદ છે, આમોદનું એ કારણ. વળી કહ્યું કેએ રસભક્ત અને શ્રીઠાકોરજી સમાન છે, લગાર પણ ન્યૂન હોય તો રસાભાસ થાય. જેવા એ ભકત છે, તેવાજ શ્રીઠાકોરજી છે આનંદમાત્રકરપાદમુખોદરાદિ ભકતને વિષે પણ છે, સામાન્ય કૃત્ય સ્નેહ અધિક છે, શ્રીપ્રભુજીને આનંદ જનક છે. બીજા ભક્ત હતા તેમને ઉપાધિ ધર્મ હતો. સર્વાત્મના ન હતો, જાર બુદ્ધિ હતી માટે તે દેહે ન પામ્યા, દેહાંતર પ્રાપ્તિ થઈ.

**વિવેચન**–શ્રી પુરૂષોત્તમના ચરણાર્વિંદમાં ઘણો આમોદ એટલે દિવ્ય ખુશબોદાર સુંગધી છે, કારણ કે જેમ કમળ શીતળ અને દિવ્ય સુંગધીવાળું છે, તેથી ભ્રમરો તેની પાસે જાય છે, તેમ શ્રીઠાકોરજીના ચરણ કમળ પણ દિવ્ય સુગંધીવાળા છે. જેથી ભ્રમરરૂપ ભગવદીઓ તે ચરણકમળમાં તદ્રૂપ થઈ જાય છે. પછી ભક્ત તેને પોતાના હૃદયમાં પધરાવે છે, ત્યાં ભક્તના હૃદયના પ્રેમસિંચનથી આમોદ ઘણો રહે છે. વળી એવા પ્રભુના ચરણકમળમાં આસક્ત થઈ ચરણકમળ હૃદયમાં પધરાવનાર ભક્તો રસિક હોવાથી પ્રભુના સમાન છે જો ન્યૂન હોય તો રસિક સ્નેહ સંભવેજ નહિ "યો યચ્છ્રદ્ધ: સ એવ સ:" આ ન્યાયે જે જેમાં શ્રદ્ધાળુ તેજ કે છે" આ ગીતાના કથન પ્રમાણે આ કથન તદ્દન સત્ય છે. મર્યાદા ભકતો કે જે કેવળ માહાત્મ્ય કે ઐશ્વર્યને લીધે પ્રભુમાં સ્નેહ રાખે છે, તે ઉપાધિ ધર્મ છે, એટલે તે ગુણ પરત્વે પ્રેમ છે, નિર્ગુણ પ્રેમ નથી. આમ વ્રજના કેટલા ભકતોનો પ્રેમ તે વખતે પણ ઉપાધિ એટલે જાર ભાવ હતો. તેથી તેવા પ્રેમને લીધે તેજ દેહે શ્રીપુરૂષોત્તમની પ્રાપ્તિ ન થઇ. જાર બુદ્ધિમાં ઉપાધિ ધર્મ છે. તેથી સર્વાત્મભાવ થતો નથી.

### * પ્રસંગ—૨૮૬ *

**સંધ્યાની પ્રાર્થના પણ પુષ્ટિભકતો કરે છે**–એક વાર હરિવંશજીએ શ્રી ગુસાંઈજીને કહ્યું, કે તમે સંધ્યાની ઉપાસના કરો છો ? ત્યારે આપે કહી હાં હાં અમારે સંધ્યાજ ઉપાસ્ય છે. એનો એ ભાવ એ છે કે રસમાર્ગી જે ભક્ત છે, તે સંધ્યા સમયે પ્રભુની વાટ જુએ છે. સંધ્યા સમયે રસની પ્રાર્થના હોય, અન્ય કયારે શ્રીપ્રભુજી સાથે રસની પ્રાર્થના થાય.

**વિવેચન**–શાસ્ત્ર દષ્ટિએ સંધ્યા એ મર્યાદા છે, પણ પુષ્ટિદ્રષ્ટિએ સંધ્યા પ્રભુની પ્રાપ્તિ કરાવે છે. માટે મહા પવિત્ર વસ્તુ છે, પ્રભુ તે વખતે ગાયો ચારીને પધારે છે, અને વ્રજ ભકતો દર્શન કરી દિવસો વિરહ તાપ બુઝાવે છે, તેથી સધ્યાવંદન કરીને. ભકતોને કહે છે કે સંધ્યા દેવી. તું વહેલી આવ કે અમારા પ્રભુ વનમાંથી ઘેર પધારે. આ ભાવનાને લીધે સવારે, બપોરે અને સાંજે એમ ત્રિકળી સંધ્યા થાય છે. સંધ્યા એટલે પ્રભુ અને ભકતને સાધનારી એક દિવ્ય દયાળુ દેવી. આ દેવીની ઉપાસના તે સંધ્યા છે. વળી સૂર્યને તળાવ કે નદીમાં સ્તાન કરતાં જળનાં અર્ધ્ય અંજલિથી અપાય છે, તેનો ભાવ એવો છે કે સૂર્ય દેવ તમે જલદી જલદી

જતા રહો, એટલે સંધ્યા થાય, તો અમારા પ્રભુ પધારે. પ્રભુના સ્નેહીઓને સૂર્ય દુઃખદ છે. તો જેમ કોઈ આપણને દુઃખ દેતા હોય, તેને આપણે કહીએ કે તને પગે લાગુ છું, કૃપા કરીને અહીંથી જાય તો સારૂં, આનાજ જેવી આ વાત છે. આ પ્રમાણે પ્રભુ માં જેની સર્વ ઇંદ્રિયોનો સંયમ થયો હોય તેની રાત્રિ તે દિવસ સમાન છે કારણ કે પ્રભુ નો આનંદ અને શાંતિ તેને રાત્રેજ મળે છે, આથી શ્રીગીતાજીમાં પણ શ્રી ભગવાન કહે છે "યા નિશા સર્વ ભૂતાનાં તસ્યાં જાગર્તિ સંયમી ॥ યસ્યાં જાગર્તિ ભૂતાનિ સા નિશા-પશ્યતો મુનેઃ॥ પ્રભુમાં જેનો વિરોધ છે. તે જે સર્વ પ્રાણીઓની રાત છે, તેમાં જાગે છે, અને દિવસે પ્રભુ ગાયો ચારવા પધારે છે; તેથી પ્રભુને જોનારો કે દર્શન કરનારો તેમાં ઉંઘે છે, તે તેની રાત છે. સંધ્યા રાતની શરૂઆત છે, માટે ભકત તેની પ્રાર્થના પણ કરે છે.

## ૦ પ્રસંગ-૨૮૭ ૦

**રસના પ્રકાર અને તેની સૂક્ષ્મતા**-એક વાર શૃંગારરસની વાત ચાલી, ત્યારે આજ્ઞા કરી કે ત્રણ પ્રકાર કહ્યા છે. બ્રહ્માનંદરસ ભજનાનંદરસ અને વિષયાનંદરસ, પણ શ્રી પ્રભુજી સર્વે રસના ભોકતા છે. ત્યાં કહ્યું કે સ્વકીયા બ્રહ્માનંદ રસ, લક્ષ્મીજી પ્રતિ પરકીયા રસ છે, વ્રજભક્તો ભજનાનંદ અને વિષયાનંદ સામાન્ય વનિતાઓ, કુબ્જા ઇત્યાદિક વિષયાનંદમાં છે. ત્યાં કહ્યું કે દુર્ભગા લખી છે. કારણ કે શ્રી પ્રભુજીને બહાર મુકીને શૃંગાર કરવા બેઠી છે, માટે દુર્ભગા. જાર વનિતામાં મુખ્ય કામ અને અંગત્વે સ્નેહ, તેને જાર અભિસાર કહેવાય છે, અને જેમને રોકયાં તેમને મુખ્યત્વે કામ હતો. પહેલાને મુખ્યત્વે સ્નેહ તને અંગત્વે કામ હતો. આ વખતે શ્રીપાતે પૂછયું કે મહારાજ, જેમને રોકયાં તેમને અલૌકિક દેહની તો પ્રાપ્તિ થઈ. પણ જાર બુદ્ધિએ મનોરથ કર્યો, તે તો અમથો રહયો. અને શ્રી ગીતામાં તો કહયું છે કે "યે યથા માં પ્રપદ્યન્તે તાંસ્તથૈવ ભજામ્યહમ્" ॥ આ સાંભળી શ્રી ગોકુલેશ બોલ્યા કે તે મનોરથ પૂર્ણ થયો છે ત્યારે કહયું કે રાજ, કયાં એ કહયું તો નથી ત્યારે કહયું કે કહયું તો છે પણ કોઈ સમજતું નથી. આમાંજ કહયું છે "ધ્યાન-પ્રાપ્તાચ્યુતાશ્લેષનિવર્ત્યા ક્ષીણમંગલાઃ" ધ્યાનથી પ્રાપ્તિએ પદ કહયું કે પ્રાપ્તિ થઈ અને મનોરથ પૂર્ણ થયો પછી દશમી અવસ્થા થઇ. કામ તે શ્રી સ્વામિનીજીનાં પુરૂષાર્થ રસ પોષકને અન્યનાયિકા વિના રસની વૃદ્ધિ ન થાય.

વિવેચન-વિષયાનંદ, બ્રહ્માનંદ અને ભજનાનંદ આ ત્રણ રસના પ્રકાર છે. વિષયાનંદ કરતાં બ્રહ્માનંદ હજાર ગણો અને બ્રહ્માનંદ કરતાં ભજનાનંદ હજાર ગણો, ખૂબ ધન હોય સર્વ પ્રકારે વાડી વજીફા મહેલ વગેરે હોય. શરીર બીલકુલ તંદુરસ્ત હોય માથાપર કોઇ શત્રુ ન હોય, જે વખતે જે જોઇએ તે હાજર કરનારા આજ્ઞાધારી જોઈએ તેટલા નોકરો હોય, તથા દિવ્યાંગના જેવી ઘણી સ્ત્રીઓ પોતાને હોય અને તે બધી સર્વ રીતે અનુકૂળ હોય, આટલું લૌકિકમાં હોય ત્યારે એક વિષયાનંદ સિદ્ધ થયો કહેવાય, તેના કરતાં હજાર ઘણો જ્ઞાનીનો બ્રહ્માનંદ અને તેના કરતાં હજાર ઘણો ભગવદ્રસિકનો ભજનાનંદ. આથી શ્રી મહાપ્રભુજી શ્રીસુબોધિનીજીમાં કહે છે કે 'બ્રહ્માનંદને વલોવીને ભજનાનંદ કાઢયો, મતલબ કે ભજનાનંદ એ માખણ અને બ્રહ્માનંદ તે દહીં'. પુષ્કળ હોય તો થોડુંક માખણ નીકળે. હજાર મણ બ્રહ્માનંદમાંથી એક મણ ભજનાનંદ નીકળે,

એમ અનુમાન ઉપરના કથનથી થઇ શકે. આથી જ્ઞાનીના આનંદ કરતાં ભગવદ્રસિકનો અધિક આનંદ છે. વળી જ્ઞાની છતાં જો ભજનાનંદી હોય તો તેના આનંદનો પાર નથી, તેનાથી મોટો કોઇ નથી. શ્રીમહાપ્રભુજી કહે છે કે:–"જ્ઞાની ચેદ્ભજતે કૃષ્ણં તસ્માન્નાસ્ત્યધિકઃ પરઃ" જો જ્ઞાની શ્રીકૃષ્ણને ભજે તો તેનાથી મોટો કોઇ નથી. ભજનાનંદ બહુજ અગાધ છે, પણ વિષયાનંદ, બ્રહ્માનંદ અને ભજનાનંદ એ ત્રણે રસના ભોકતા તો ભગવાનજ છે. કુબ્જાનો પ્રભુ પર પ્રેમ હતો, પણ તેનો પ્રેમ કામી હતો, કારણ કે પ્રભુ તેને ત્યાંથી પધાર્યા, ત્યારપછી તેને પ્રભુના વિરહની આર્તિ થઇ નહિ. પ્રેમમાં તો આર્તિ વધ્યાજ કરે. કુબ્જા સંબંધે તેમ નથી થયું. માટે તેને ઉતરતી પંક્તિમાં ગણી છે. વળી પ્રભુ પધાર્યા ત્યારે બહાર બેસાડી પોતે સુંદર બનવા શણગાર કરવા બેઠી. પ્રભુની સ્નેહથી સેવાટેલ કરવાની કયાંય ગઇ પણ આનંદ લેવા શણગાર સજવા બેઠી. પ્રભુએ પણ તેને ભજનાનંદનું દાન કર્યું, માત્ર તેની ઈચ્છા વરદાન પ્રમાણે પૂર્ણ કરી. વળી વ્રજ ભકતોમાં પણ સર્વ પ્રકારના ભકતો હતા. તેમની યોગ્યતા પ્રમાણે પ્રભુએ દાન કર્યું. આ પ્રસંગ બહુજ સુક્ષ્મતાથી વિચારીએ તોજ સમજાય તેવો છે.

## ૦ પ્રસંગ—૨૮૮ ૦

**મન બીજે હોય પ્રભુ વગર બીજું આંખે દેખાય:–** સંવત ૧૯૬૬ આસાડ સુદિ ૭ શ્રી ગોકુલેશ ભોજન કરી સજ્યાએ બિરાજ્યાં, તે વખતે પુરૂષોત્તમદાસ પુષ્કરણાએ દોહો કહયો. "નેનાં તોહી ન લાજ જગ સઘળું બીજું" જો મતિ ઓર શ્રી ગોકુલેશે કહયું કે સત્ય છે કે દેખેજ નહિ, તે દીઠા હોય તો બીજું દેખેજ નહિ.

**વિવેચન**–જો પ્રભુમાં સાચી સર્વાત્મના પ્રીતિ થઇ હોય તો નયનને બીજું સુઝેજ નહિ. આ ભગવદીય નેનાં એટલે આંખોને ઠપકો દે છે, હે નેના તમને લાજ નથી કે આ જંગ બીજું એટલે શ્રી પુરૂષોત્તમથી જુદુ જુઓ છો? પાછળ કહે છે, કે જો શ્રીપુરૂષોત્તમ સિવાય બીજી જગાએ મતિ હોય તો બીજું દેખાય. ખરેખર તદ્રુપતા વસ્તુજ એવી છે. રાવણે અને કંસે પ્રભુની સાથે વેરભાવ હોવા છતાં તેમાં ને તેમાં વેરભાવે પણ ચિત્ત હોવાથી મરતી વખતે સર્વત્ર પ્રભુજ જોયા, નોકરો ચાકરો અને જડ ચૈતન્ય સર્વમાં ભગવાન દીઠા, જો વેરભાવે પણ અન્ય હતું તે બધું પ્રભુરૂપ દેખાયું તો જે પ્રભુમાં પ્રેમથી તદ્રૂપ થઈ જાય તેને સર્વ પ્રભુ દેખાય તેમાં શી નવાઇ? એવા તદ્રૂપ ભગવદીયનાં નયન સર્વત્ર પ્રભુનેજ જુએ, એક સિવાય બીજું ન દેખાય. આવી સ્થિતિ તેજ સર્વાત્મભાવી ભક્તિ અથવા શુદ્ધાદ્વૈતીય ભક્તિ કે પુષ્ટિભકિત આવી ભકિત પરમ ભાગ્યવાનને પ્રાપ્ત થાય. શ્રીમહાપ્રભુજીમાં અનન્ય પ્રીતિ વગર આવી ભકિતની પ્રાપ્તિ નથી થતી, અને શ્રીમહાપ્રભુજીમાં આસકત ભગવદીયના સંગ વગર તેવી શ્રીમહાપ્રભુજીમાં પણ પ્રીતિ નથી થતી.

## ૦ પ્રસંગ–૨૮૯ ૦

**ભગવદીયની વડાઇ પ્રભુ સંબંધ છે–** મુરારિદાસ ગ્વાલની વાત પૂછી કે રાજ, ઘણી વડાઇ વખાણ આપો છો તેનું કારણ શું? ત્યારે કહયું કે શ્રીગુસાંઈજી સાથે વાસ કરે છે. એ સંબંધ અને એ સંબંધનું રૂપ જાણે તે પાળે.

**વિવેચન**–જેઓએ બ્રહ્મસંબંધ લઇ શ્રી ગુરૂદેવની જ સેવામાં સર્વાર્પણ જીવન કર્યું

હોય, તેના જેવો ભાગ્યવાન કોઇ નથી. બસો બાવન ચોરાશીએ તે પ્રકારે સર્વના ત્યાગ પુર્વક પ્રભુની ટેલ કરી માટે તેમનાં ગુણગાન અત્યારે ગવાય છે. જેમણે એવા ત્યાગ કર્યા છે. તેમનેજ સંદેહે શ્રી પ્રભુના અનુભવ થાય છે. શ્રી ગોકુલેશને તેવા ભગવદીયો બહુજ પ્રિય હતા. આપશ્રી વાર્તામાં બસોબાવન ચોરાશીની સરાહના બહુ કરતા. આપેજ એ વાર્તાઓ વૈષ્ણવો સમક્ષ કહી છે, એ સાંભળનારા ભાગ્યવાન ભગવદીયોએ આપણા જેવાઓને ભકતજીવન કેવું હોય તે જણાવવા માટે કૃપા કરીને લખી લીધી, કે જેથી તેનું ભાન આપણે અત્યારે કરી રહયા છીએ ભાવસિંધુ આપશ્રીનાજ વૈષ્ણવોની સારાહના અને સ્વરૂપ દર્શાવનારા ગ્રંથ છે. એ ભગવદીયોની સ્થિતિ જોતાં આપણી દશા માટે આપને આંસુપાત થયા વિના નથી રહેતો, કે એવા મહાનુભાવીઓના એક રોમ બરાબર પણ આપણે નથી. જે ભગવદીયોમાં અનહદ પ્રેમ રાખે તે ભગવદીય બનીજ જાય.

૦ પ્રસંગ-૨૯૦ ૦

**સ્નેહીનું અમરત્વ પણ પ્રભુના સુખ માટે છે:** એક દિવસે સ્નેહની વાત ચાલી. ત્યારે કહયું કે સ્નેહનો પંડોજ અનિર્વનીય છે. લોકોત્તર શ્રી સ્વામિનીજીએ કહ્યો છે. કે અમે ચિરંજીવ થઈને તમને દેખીયે. અહીં ચિરજીવ હોય તો કહે છે કે બીજી કશી અહં ભાવના થાય.

**વિવેચન**–સ્નેહ વસ્તુ કંઈ ઓર છે. પ્રેમી પ્રેમીને યાવચ્ચંદ્રદિવાકરૌ નિરખવાની ઈચ્છા રાખ્યા કરે છે. લૌકિક કોઈ અમર થાય તો સેંકડો પ્રકારની લૌકિક ઇચ્છાઓ અને વાસનાઓ વધે. અને અભિમાનનો પાર ન રહે. ચાર દિવસના ચાંદરણા સમાન મનુષ્ય જીવનમાં પણ હજારો પ્રકારની મમતાઓ આવે છે, તો વળી અમર થાય તો તો શું થાય? પણ ભગવદીય જો અમર થાય તો પ્રભુનાજ સુખનો વિચાર કર કર કરે, જો કે ભગવદીય તો સદા અમરજ છે પણ ધારો કે આ દેહ અમરત્વ પ્રાપ્ત કરે, તો પણ પ્રભુનાં દર્શન અને સેવાનોજ વિચાર કર્યા કરે, આથીજ જગત અને ભગવતની અવળી રીત કહેવાય છે. ભગવદીયને પોતાના સુખને લીધે સુખ નથી. પણ પ્રભુના સુખને લીધે સુખ છે. તેથી તેને બીજી કોઈ બાબતમાં મમતા કે અભિમાન નથી, કેવળ પ્રિયતમના સુખની જ મમતા કે અભિમાન છે.

૦ પ્રસંગ ૨૯૧ ૦

**સ્નેહનું સ્વરૂપ શ્રીરામચંદ્રજી સીતા પરત્વે અનુભવ છે** :–એકવાર કહયું કે જયારે હનુમાનજી સંદેશો લાવ્યા. ત્યારે રઘુનાથજીને કોઇ આવા એતાદશ વિરહમાં ક્ષણમાં કશું ને કશું થઇ જાય, આવી શ્રીપ્રભુના ચિત્તની સ્થિતિ હનુમાનજી સમજે. આથી કહયું કે દિષ્ટા સીતા એમ શ્રીરામ આગળ કહ્યું આ શાતા તો ઉત્તમ પણ રઘુનાથજીની શી દશા થાય ? ત્યારે પછી શું કર્યું કે તેથી પ્રથમ દિષ્ટા પદ કહયું.

શ્રીરામ પ્રસન્ન થયા. માથે હાથ મુકવા શ્રીરામચંદ્રજી ગયા, ત્યારે હનુમાનજીએ કહયું કે રાજની (આપની) મુદ્રિકાએ કામ કર્યું છે. મેં કશું કર્યું નથી.

**વિવેચન**–ભગવાન શ્રીરામચંદ્રજી સીતા પ્રત્યે સ્નેહી છે. તેથી સીતાજીનું નામ સાંભળતાં આપ વિહ્વળ થઈ જાય છે. પ્રેમનું સ્વરૂપ એવું છે કે પ્રેમ પ્રભુને પણ વિહ્વળ કરે શ્રીરામચંદ્રજીને વિરહની પીડા મહાભારી છે. એથી જયારે શોધ કરીને આવ્યા, ત્યારે પ્રથમ સીતા શબ્દ ન વાપરતા દિષ્ટા પદ પ્રથમ

વાપર્યું કારણ કે સીતા શબ્દ પ્રથમ સાંભળતાં શ્રીરામચંદ્રજી વિહ્વળ થઈ જાય ને પુરો સાંભળવા જેવી સ્થિતિ ન રહે. દિષ્ટા શબ્દ પ્રથમ સાંભળવાથી થોડા વખતમાં સીતા મિલનની આશા બંધાય એટલે વિહ્વળ ન થાય, હનૂમાનજી સંદેશો આવો લાવ્યા. માટે શ્રીરામચંદ્રજી માથે હાથ મુકવા ગયા, એટલે હનૂમાનજીએ કહ્યું કે મેં આમાં કશું કર્યું નથી, પણ આપની મુદ્રિકાનું એ કામ છે, માટે શાબાશી મુદ્રિકાને છે. વળી આથી "દ્રિષ્ટા" પદ વાપર્યું. મતલબ કે મુદ્રિકાએ સીતા બતાવી. મુદ્રિકાની મદદે અમે કર્યું. અમે તો નિમિત્ત છીએ. ભગવદીયનું આજ લક્ષણ છે, કે કંઈપણ બને તે ભગવત્કૃપાથીજ બને છે, જીવનું કશું ગજુ નથી. ભગવદીયો સદા પ્રભુનેજ જશ આપે અને સત્ય પણ તેજ છે. જીવની મમતા એટલે મૂર્ખાઈ છે "કરતા કારયિતા હરીઃ"

* પ્રસંગ–૨૯૨ *

**પ્રભુ લૌકિક વૈદિક અને અલૌકિક ત્રણે પ્રકારના ભક્તોના રક્ષક છેઃ**—એક દિવસ સીંચાઈ વાત ચાલી, ત્યારે કહ્યું કે સંબંધ સાચો જોઈએ, તે ઉપર વાત કરી કે રાજા દયાળદાસ કચ્છનો હતો, તે વણારસી ગયો હતો. ત્યાં અશ્વાસ (મરણ) થયો. લગાર પણ શ્વાસ ન રહ્યો, ત્યારે તેની સ્રી પદ્માવતી વાઘેલી તે શ્રીગુસાંઈજીની સેવક હતી, તેણે કહ્યું કે હું તેની સ્રી છું માટે તેની સાથે બળીશ. હવે શ્રીઠાકોરજીનું શરણ છે. તેથી બળે તો પણ લજ્જા છે. અને ન બળે તો પણ લજ્જા છે, કારણ લૌકિક સંબંધી સાથે બળે તે પણ ઠીક નહિ આ વખતે તેણે સ્તુતિ કરી કે પ્રભુ સહાય થાઓ. આથી તેને જ્વર આવ્યો, તે દીપ્યો, ત્યારપછી ત્રણ દિવસમાં દેહ છુટી ગઈ માટે સાચાઈ સ્નેહની જોઈએ.

**વિવેચનઃ**—પ્રભુ ભક્તનો આ લોક અને પરલોક બેઉ સાચવે છે. ઉપરના પ્રસંગમાં પદ્માવતી વાઘેલી ભક્તિવાળી છે. અને લૌકિક પતિ પરત્વે પણ તેનું સાચું સતીત્વ છે, કારણ કે લૌકિક પતિ પણ ભક્ત હતો, તે હરિ શરણ થયો, હવે જો સતી ન થાય તો પણ શાસ્ત્ર મર્યાદાએ ઠીક નથી. જો સતી થાય તો લૌકિક સંબંધી સાથે બળે એ પણ અજુગતું છે, પણ સાચી સતીને શબ સાથે બળવું પડતું નથી, વિરહાગ્નિ જ તેના પ્રાણ તજાવે છે, સાચું સતીત્વ તો એજ છે. જેને પોતાના પતિના શબને ખોળામાં લઈને બળવું પડે તે ખરો પતિ પ્રેમ કે સાચું સતીત્વ નથી, સાચું સતીત્વ તો પ્રિયના પ્રાણ જતાં પ્રાણ વિરહથી છુટી જાય, આ વસ્તુ સ્નેહ વડે અનુભવ ગમ્ય છે. ખરો ભગવદીય પણ પ્રભુના અનુભવ વગર નથી રહી શકતો. દર્શન કે અનુભવ ન હોય તો વિહ્વળ વિહ્વળ રહે છે. એવા આંતર વિરહીઓની દશા પારખવી પણ કઠણ છે. પ્રભુની કૃપા હોય તોજ ભગવદીયનું સ્વરૂપ ઓળખાય.

* પ્રસંગ ૨૯૩ *

**ભગવદીયે અવશ્ય ભગવાનનું ગુણગાન કરવુંઃ**—એક દિવસ ગુણગાનની વાત ચાલી તે ઉપર કહ્યું કે ભગવદીયે ગુણગાન અવશ્ય કરવું, તે ઉપર એવું વચન કહ્યું કે જેને દ્વારે નિત્ય પુકારીએ. તે કોઈ દિવસ પણ સાંભળે.

**વિવેચન**—પ્રભુનું કીર્તન જે ઉમળકાભેર બોલે છે. તેના દોષો જેમ ખેતરમાં અનાજને ખાઈ જનારાં પંખીઓ ખેતરના માલીકનો અવાજ સાંભળી ઉડી જાય છે. તેમ દોષો ઉડી જાય છે. માટે અવશ્ય પ્રભુનાં કીર્તન ધોળપદ ગાવાં જોઈએ. વળી પ્રભુનાં કીર્તન સ્વરૂપાત્મક છે. ભગવદીય જ્યારે તે ગાય છે, ત્યારે તે

સ્વરૂપાત્મક બની પ્રભુ પાસે પધારે છે, અને ભગવદીયનો સંદેશો પ્રભુને કહે છે. આમ જો વારંવાર કીર્તન ભજન વડે સંદેશા મોકલવામાં આવે તો શ્રીપ્રભુને સાંભળ્યા વગર છુટકોજ નથી, જો નિત્ય પ્રભુને સંદેશા મોકલીએ તો કોઈ વાર પણ કાને પડી જાય, અને પ્રભુની નજર પડે તો જીવનું કલ્યાણ થઈ જાય, માટે હંમેશા સ્મરણ ભજન કર્યાજ કરવું આથી શ્રી મહાપ્રભુજી પણ કહે છે કે "અંતઃ સર્વાત્મના શશ્વદ્ ગોકુલેશ્વર પાદયોઃ । સ્મરણ ભજન ચાપિ ન ત્યાજ્યમિતિ મે મતિઃ ॥ માટે પુરેપુરા પ્રેમથી હંમેશા શ્રીગોકુલપતિના યુગલચરણોનું સ્મરણ અને ભજન ન તજવું એવી મારી મતિ (માન્યતા) છે.

## ૦ પ્રસંગ-૨૯૪ ૦

**પ્રભુએ તો પ્રભુત્વ સાચવ્યું પણ સેવકે સેવકપણું બતાવવું જોઈએ:**–એક દિવસ ચટાઈ પર બેઠા અને વાત ચાલી તે દિવસે શ્લોક કહ્યો કે "ચાંડાલી ચેદ્રાજપત્ની" આનો અર્થ કરીને કહ્યું કે ચાંડાલી હતી તેને રાજપત્ની કરી તે રાજાનું કૃત્ય છે. અને અપમાન થયું તે તેનું કૃત્ય છે; એ તો ચાંડાલીથી પણ નિકૃષ્ટ ( હલકી ) થઈ. આ વખતે ગોવર્ધન ભાણેજે કહ્યું કે તેને શી હાનિ થઈ ? ત્યારે પોતે કહ્યું કે હાનિ થઈ તેનેજ થઈ. એટલું મન રાખવું તે તો તેનાથી થયું નહિ.

**વિવેચનઃ**–જીવ દુષ્ટ છે. અત્યંત દોષથી ભરેલો છે, છતાં તેના પર પ્રેમ કરીને પ્રભુએ તેને શરણે લીધો, ચાંડાલી છતાં રાણી બનાવ્યો પણ તેણે પછી રાણીની પેઠે સ્નેહ પૂર્વક પ્રભુની પરિચર્યા કરવી જોઈએ. રાણી બનાવવા છતાં રાણી તરીકેની ફરજ ન સાચવે તો રાજાનો પ્રેમ સંપાદન ન કરી શકે તેમ પ્રભુ જીવને શરણે લે. પણ શરણ જઈ તે પોતાનો ધર્મ જે પ્રભુની સેવા તથા ભજન ન કરે તો પ્રભુનો આનંદ તેને મળતો નથી. જો કે ચાંડાલી છતાં રાજાએ હાથ ઝાલ્યો એટલે રાણી થઈ તેમ જીવ બ્રહ્મસંબંધ લેવાથી બ્રહ્મ સંબંધી થયો તેનું જીવત્વ નાશ પામ્યું પણ તેથી કંઈ સુખની કે આનંદની પ્રાપ્તિ ન થઇ. સેવા વગર પ્રીતિ સંપાદન ન થાય, અને સેવા ન કરે તો પ્રભુ પતિનું સુખ ન પામે તો સામાન્ય પતિ પરાયણ સ્ત્રીથી પણ તે હલકી છે, ચાંડાળી પણ સતી હોય તો પતિનાં સુખ મેળવે, એટલે જે રાણી થવા છતાં સતિત્વ ન સાચવે તે ચંડાલીથી પણ હલકી થઈ ગઇ, એમ શ્રીગોકુલેશ કહે છે.

## * પ્રસંગ-૨૯૫ *

**વષ્ણવોની પ્રસન્નતાએ પ્રભુ પ્રસન્નથાય.**

એક દિવસ શ્રીગોકુલેશે વાત કહી કે બે કુંભાર શ્રીગુસાંઈજીના સેવક હતા, તે પોતાનો વહેવાર ત્યજીને શ્રીગોવર્ધન આવી રહ્યા. તેમાં જે કંઈ આવે તેમાંથી અડધું ઉદર પોષણ માટે વાપરે અને અડધું રાખે તે કોઇ વૈષ્ણવ વહેવાર ના કરતો હોય, અથવા કોઈ વૈષ્ણવને સંકોચ હોય, તેને ઘેર તે ન જાણે તેમ મૂકી આવે. કદાપિ તે ઘરમાં હોય તો બે જણા સાથે જાય. એક જણ વાતે વળગાડે અને બીજો ઘેર જઈ મૂકી આવે. આવી રીતે શ્રીગોકુલેશમાં રહે. તેમના ઉપર શ્રીગુસાંઈજી ઘણું પ્રસન્ન રહેતા. પોતે એક વાર કહ્યું કે તમે માગો તે આપું, ત્યારે તેઓએ વિનંતિ કીધી કે કૃપાનાથ ! આપ પ્રસન્ન થઈને આજ્ઞા આપો છો તો અમે જ માગીએ છીએ કે અમારા પર રાજના લોક (વૈષ્ણવો) પ્રસન્ન રહે. આ સાંભળી પોતે ઘણા પ્રસન્ન થયા, અને કહ્યું કે જે અમારા હશે તે તમારા પર

પ્રસન્ન રહેશે. વળી તમારા પર જે પ્રસન્ન નહિ તે અમારો નહિ. આ વખતે શ્રીગોકુલેશે કહ્યું કે એવી રીતે વૈષ્ણવ ન ચાલે, તો જે દિવસે આચાર્યનું પ્રાકટ હતું, તે દહાડે અંગીકાર હતો તે આજ દેખાતા નથી અને આજ પ્રાકટ્ય બળ એવું છે કે અંગીકાર છે, તે આંખે દેખીએ છીએ.

**વિવેચન**–પ્રભુનું રસાત્મક સ્વરૂપ ભગવદીયના હૃદયમાં બિરાજે છે, જેથી ભગવદીયની પ્રસન્નતા તેજ શ્રી ઠાકોરજીની પ્રસન્નતા છે. પહેલાંના ભગવદીયો વૈષ્ણવનું સ્વરૂપ કેવું સમજતા કે કોઈ વૈષ્ણવ માનસી સેવાની સિદ્ધિને પરિણામે નિવૃત હોય, તો તેને ત્યાં ખબર ન પડે તેમ વસ્તુ પહોંચાડે. જ્યારે આજે સ્થિતિ એથી વિપરીતજ છે. કોટિમાં કોઈ વીરલોજ ભગવદીય વૈષ્ણવની ટેલનું મહત્વ સમજે, વૈષ્ણવની આ પ્રમાણે ટેલ કરનાર કુંભાર ભગવદીય પર શ્રીગુસાંઇજી પ્રસન્ન થયા અને વરદાન માગવાનું કહેતાં માંગ્યું કે અમારા પર વૈષ્ણવો પ્રસન્ન રહે. આમ માગવાનું કારણ કે વૈષ્ણવોની પ્રસન્નતા એ પ્રભુની પ્રસન્નતા છે. વળી શ્રીગુસાંઇજી આગળ કહે છે કે તમારા પર પ્રસન્ન નહિ તે અમારો નહિ ખરેખર તમારા જેવા ત્યાગી ઉપર પણ જે અપ્રસન્ન રહે તે પ્રભુનો શી રીતે કહેવાય ? આ વખતે શ્રી ગોકુલેશે કહ્યું કે વૈષ્ણવોનો શ્રી મહાપ્રભુજીનું પ્રાકટ્ય હતું, તે વખતે અંગીકાર હતો, તે આજે દેખાતા નથી. પણ આજે તો એ શ્રી મહાપ્રભુજીના પ્રાકટ બળ વડે અંગીકાર છે, તે આપણે નજરે દેખીએ છીએ. ખરેખર, જેમ કોઈ રાજા પોતાની કળા વડે રાજ્ય સ્થાપે, પછી તેના પહોંચી ગયા પછી પણ તેના બળ વડે રાજ્યતંત્ર નિભે છે. તેમ આ ભક્તિમાર્ગના અલૌકિક સામ્રાજ્યમાં પ્રાકટ્યમાં તો પ્રાકટ્યના વડે રક્ષણ હતું, પણ શ્રી મહાપ્રભુજીના લીલા પ્રવેશ પછી પ્રાકટ્ય બળ વડે માર્ગનું સંરક્ષણ છે. અત્યારે પણ સંપ્રદાય જે નિભી રહ્યો છે તેનું કારણ મૂળ પુરૂષના પ્રાકટ્યનું બળ જ છે એ મહાપુરૂષનો ત્યાગ કદાચ ચૌદ લોકમાંય શોધ્યો ન જડે, એ ત્યાગનું બળ હજીએ તપી રહ્યું છે ને જ્યાં સુધી પુષ્ટિદૈવીજીવો હશે. ત્યાં સુધી તપ્યાજ કરશે. અત્યારે ગોસ્વામી બાળકો બ્રહ્મસંબંધ વગેરે જે સાંપ્રદાયિક કાર્યો કરે છે, તે શ્રી મહાપ્રભુજીના પ્રાકટ બળ વડેજ કરે છે, બ્રહ્મસંબંધ તો સર્વનું શ્રી મહાપ્રભુજી દ્વારાજ છે, એમ શ્રી ગોકુલેશ ઉપરના પ્રસંગમાં જણાવે છે.

## * પ્રસંગ–૨૯૬ *

**અપરાધનો ડર સદાજ રાખવો:**–એકવાર પાન કડવાં હતા, ત્યારે શ્રીગોકુલેશે એકવાર અને બે વાર કહ્યું, પણ કોઇએ સાંભળ્યું નહિ. ત્યાર પછી ઉત્થાપને તેલ લગાવીને ઉઠયા ત્યારે કૃષ્ણદાસભાઈને તેડયા અને કહ્યું કે શ્રીને આજે રસ નથી, અને રસના આગળ અપરાધ શો ? અપરાધ એવો કે ચોકીએ પગ અડે, તો ગડુવે પગ અડે તો પશ્ચાતાપ કરે, આમ દોષની ખબર પડે, તો વસ્તુ જાણી.

**વિવેચન**–પ્રભુ શોખીન છે, શોખીનને સર્વ વસ્તુ રસોત્પાદક અને આનંદ આપે એવી સ્વાદિષ્ટ અને ઉત્તમ જોઇએ, બેસ્વાદ વસ્તુથી આનંદ તિરોભૂત થઈ જાય. આથી પ્રભુ ઉપયોગી સર્વ વસ્તુ ઉત્તમજ જોઇએ. શ્રીગોકુલેશ રસિક છે, આથી પોતે સદાજ ઉત્તમ વસ્તુના ભોક્તા છે. પાન કડવા હોવાથી પોતાને આરોગતા રસ ન પડયો. તો પ્રભુને તો પડેજ કેમ ? આથી વૈષ્ણવોને પોતે સુચના બે ત્રણ વાર આપી કે પાન કડવાં છે.

સુચના આપવાનું કારણ એ કે પ્રભુને અપ્રિય એવાં આજના જેવા કડવાં પાન ફરી ન આવે. આમ બે ત્રણવાર કહેલા છતાં કોઈએ ન સાંભળ્યું, આથી, પોતાને લાગી આવ્યું, લાગી આવવાનું કારણ એ કે પોતે સર્વ સામર્થ્ય યુક્ત છતાં અતિ પરિચયને લીધે વૈષ્ણવો પોતાના સામર્થ્યની કે સ્વરૂપ પ્રત્યે ઉપેક્ષા કરે છે, આજ કારણસર શ્રીગોકુલેશના હૃદયને પીછાણનાર કૃષ્ણદાસભાઈને પોતે પાસે બોલાવ્યા, અને પોતે કહ્યું કે શ્રીઠાકોરજીને આજે રસ નથી, કારણ જે વસ્તુથી પોતાને શ્રીગોકુલેશને રસ ન પડયો, તે આરોગતા શ્રીઠાકોરજીને પણ રસ કેમે જ આવ્યો હશે? પ્રભુને રસ ન પડે તે સમાન બીજો અપરાધ નથી, એમ શ્રીગોકુલેશ કહે છે. ચોકીએ પગ અડે ગડુવે પગ અડે એ તો સાધારણ અપરાધો, એ અપરાધોની માફી પ્રશ્ચાતાપથી થાય તેમ આરોગવાની ચીજનો અપરાધ પણ પશ્ચાતાપથી જાય. પણ ફરી તેવો અપરાધ ન પડવો જોઈએ. સાવચેતી રાખવી જોઈએ. પશ્ચાતાપનું ખરૂં સ્વરૂપ એજ કે ફરીથી તેવો અપરાધ ન થાય પણ અહીં તો અપરાધ માટે કહેવા છતાં કોઈએ સાંભળ્યું નહિ સાક્ષાત જાણે તો આ અપરાધનો ડર રહે. ને અપરાધ ન પડે, માટે શ્રીગોકુલેશ કહે છે કે જો અપરાધનો ડર રહે તો વસ્તુ જાણી કહેવાય.

૦ પ્રસંગ--૨૯૭ ૦

**પ્રભુજ પોતાના પ્રભુત્વથી જીવન ન છોડે:**– કોઈ એકવાર કલ્યાણ ભટ ખંભાળીઆએ પ્રશ્ન પૂછયો કે શ્રીઠાકોરજી જીવપર પ્રસન્ન રહે તેમાં જીવનું શું ગજુ? શ્રીઠાકોરજી તો જીવનો પક્ષ કરે, અને જીવની બુદ્ધિ તો જીવ સારૂં કરે. ત્યારે આપશ્રીએ કહ્યું કે શ્રીઠાકોરજી જીવની તરફ કયારે વિચારે? આ વખતે આપે પ્રમાણ વાર્તા કરી કે શ્રીઠાકોરજીએ સમુદ્ર મંથન કર્યું, ત્યારે ચૌદ રત્ન નીકળ્યા, તેમાં ચંદ્ર એવો તેજસ્વી કે જગતનો અંધકાર ટાળવાને સમર્થ છે, તે ચંદ્રમાં સામુ જોઈ જોઈને સમુદ્ર ઘણો આનંદ પામે છે. જો કે તે ચંદ્રમાં પિતાને પ્રતાપે એવો તેજસ્વી છે ત્યારે કલ્યાણ ભટે કહયું કે મહારાજ, શ્રીખંડમાં શ્રી ભાગવત કહેતાં ત્યારે શ્રીગુસાંઈજી સાંભળવા આવતા ત્યારે પોતે ઘણો આનંદ પામતા પ્રસન્ન થતા. વળી શ્રીગોકુલેશે કહયું કે ગંગાજીને ભગીરથ પધરાવ્યા. હવે ગંગાજીને વામન સ્વરૂપ પ્રભુનો સ્પર્શ માટે જગતને પાવન કરે છે, તો શ્રી પુરૂષોત્તમનાં ચરણારવિંદનો સ્પર્શ કરે તેની બાબતમાં જે જળ આવી મળે છે, તે શ્રીગંગાજી સમાન થાય છે, તે જળમાંથી બીજા જીવોને સર્વ જગતને પાવન કર્યાની યોગ્યતા થાય છે ૪.

**વિવેચન**–આ પ્રસંગ બહુજ સૂક્ષ્મ દ્રષ્ટિએ વિચારવા જેવો છે જીવ પર પ્રભુ પ્રસન્ન થાય તેમાં જીવનું શું ગજુ? એવો પ્રશ્ન કલ્યાણ ભટ કરે છે. વળી આગળ જીવની વૃત્તિ બતાવવા કહે છે, પ્રભુ તો જીવનો પક્ષપાત કરે છે. પણ જીવ તો જે કરે છે તે પોતાના સ્વાર્થ માટેજ કરે છે. આપ વખતે કહ્યું કે જીવની તરફ શ્રીઠાકોરજી કૃતિ જોઈને કયારેજ વિચારે છે? અહીં સમુદ્ર મંથનનો દાખલો આપે છે. સમુદ્ર મંથનમાંનું ચૌદ રત્નોમાંનું એક રત્ન ચંદ્ર છે. એ ચંદ્ર તેજસ્વી છે, તેને જોઈને સમુદ્ર એટલે તો આનંદ પામે છેકે ભરતીદ્વારા ફુલાઈ જાય છે, ઉમળકાથી તોફાન કરી મુકે છે, લહેરો લે છે. આમાં ચંદ્રની એવી કોઈ મહાન યોગ્યતા નથી. પણ પોતાનો પુત્ર છે ને તેજસ્વી છે. એટલે આનંદ સમુદ્રને ઉમટે. આમ જે જીવ પર શરણે લઈ પ્રભુ કૃપા કરે છે. તેને પુષ્ટિજીવ હોવાથી પ્રભુએ શ્રી અંગમાંથી ઉત્પન્ન કર્યો

છે, એ વાત પુષ્ટિ પ્રવાહ અને મર્યાદા ભેદ ગ્રંથથી પ્રમાણ છે " પુષ્ટિ કાયેન નિશ્ચયઃ " હવે સામાન્ય દષ્ટિએ સર્વને પોતાનું અંગ કોઈપણ દરેક વહાલું હોય છે. તેમ શ્રી અંગમાંથી ઉત્પન્ન થએલી પુષ્ટિસૃષ્ટિ પ્રભુના અંગ સમાન છે, માટે જેમ પિતા પુત્ર પર વહાલ રાખે છે. તે નિસ્વાર્થ પ્રેમ છે તેમ પ્રભુ જીવ પર કૃપા રાખે છે. તેમાં તેની યોગ્યતા અયોગ્યતાનો સવાલજ નથી. પણ લાયક પુત્ર હોય તો સમયે પિતાની સેવા કરી જેમ બદલો આપે છે, તેમ દૈવીજીવ પણ તેને પોતાને પ્રભુના સંબંધની સમજણ પડતાં તે પ્રભુની સેવામાં અને ભજનમાં ઉદ્યોગી બને છે, વળી આગળ અનુસરતો કલ્યાણભટ દાખલો આપે છે, કે આપ શ્રી ખંડકમાં ભાગવત વાંચતા. ત્યારે શ્રીગુસાંઈજી સાંભળવા આવતા, અને ઘણાજ રાજી થતાં વળી આગળ શ્રી ગોકુલેશ ભગવદીયો પર પ્રેમ હોવાથી ભગવદીયનું મહત્વ બતાવે છે, અને તે પુરાવાથી બતાવે છે. ભગીરથ રાજાએ તપ કરીને ગંગાજીને ભૂતળપર પધરાવ્યા તે ગંગાજી શ્રી વામન ભગવાનના ચરણના સ્પર્શથી ત્રણલોકને પાવન કરે છે, તો જે ભકતો શ્રી પૂર્ણ પુરૂષોત્તમના ચરણ સ્પર્શ કરે છે, તેમની યોગ્યતાની બાબતમાં કહેવું જ શું ? યોગ્યતાનો આધાર સંબંધ પર છે નીચ પર રાજાની કૃપા થાય તો રાજાની કૃપાને લીધે આ સંબંધને લીધે રાજાની માફક માન પામે ભગવદીયમાં પ્રભુના સંબંધ અને કૃપાને લીધે સર્વ જગતને પાવન કર્યાની યોગ્યતા છે કારણ કે પ્રભુનાં દરેક અંગ અલૌકિક અને સર્વ શકિતમાન છે. તેમ ભગવદીયોની બાબતમાં પણ સમજવું. આમ અનહદ માહાત્મ્ય ભગવદીયનું શ્રીગોકુલેશ સમજે છે. તેથી ભગવદીયો પણ એ સ્વરુપમાં આસકત છે.

## ૦ પ્રસંગ-૨૯૮૦

**સ્વરૂપાસકતને સ્વર્ગ નર્ક અને મોક્ષ સમાન છે**:- એક વાર મહાદેવજીની વાત કહી, કે મહાદેવજી ભકત છે મહાદેવજી વિના આવું વચન કોણ કહે ? स्वर्गेपुनर्केप्यपि तुल्यार्थदर्शनः આ ભગવદીયને સમાન છે. ત્યારે પંચોળીએ વિનતી કરી રાજ માર્ગ અને નર્ક તથા મોક્ષ એ બધું સમાન કહ્યું તેનું કારણ શું ? આ વખતે પોતે સિદ્ધાંત કહ્યો કે એતન્માર્ગીય છે. તેને સર્વ સમાન છે. કારણ કે તેને મુકિતનું તો કશું કામ નથી, અને સ્વર્ગનું પણ કશું કામ નથી. તેને સ્વરુપ વિના બીજું બધું નર્ક સમાનજ છે. આ તારતમ્ય કહ્યું, ત્યારે વળી કહ્યું કે રાજ સ્વરુપને નર્ક કયાં અને સ્વર્ગ કયાં ? ત્યારે શ્રીમુખે કહ્યું કે સાચું છે. પણ એતન્માર્ગને બીજાનું પ્રયોજન જ નથી. એતન્માર્ગને નર્કની તો સંભાવનાજ નથી. અને સ્વર્ગની ઈચ્છા નથી તેને તો સફળ પદાર્થજ સ્વરુપ છે, બીજી સંભવનાજ નથી બાધા કરે માટે પહેલેથીજ અર્પે (ત્યાગે) માટે એતન્માર્ગીયને નરકની સંભાવના નથી અને બીજી (સ્વરૂપ સિવાય) ઈચ્છા નથી. એક પ્રભુ નામનો મહિમા આટલો બધો છે કે જીવમાં પાપે કરવાનું પણ એટલું સામર્થ્ય નથી, અહિં એક શ્લોક કહયો કે तावत्कर्तु न शक्नोति पातक पतकीजनः આટલી વાત કહી અને નરકનો અર્થ કહયો नरकमकं એવું સુખને કહેવાય છે. જો ભગવદીય કોઈ લૌકિકમાં સુખ માની લે તો તેજ નર્કમાં છે ! ! આ માટે તે નર ને કં જે સુખ તેજ નર્ક, આવો નર્કનો અર્થ કહયો.

**વિવેચન**-અહીં એક ખુલાસો એ કરવાનો કે કેટલાક કહે છે, કે વૈષ્ણવો શિવ કે મહાદેવ નથી બોલતા, પણ શ્રીગોકુલેશજ અહીં

મહાદેવજીની ભક્ત તરીકે પ્રશંસા કરે છે, આ પ્રસંગજ મહાદેવજીના એક વાક્ય પર શ્રીગોકુલેશનું વિવેચન છે, ભકત તરીકે વૈષ્ણવ સંપ્રદાય મહાદેવજીને ઘણું માન આપે છે, ભગવત્સ્મરણનો પ્રેમપૂર્વક તેમની સાથે વહેવાર છે. અને દરેક વૈષ્ણવે શિવાલય પાસે જતાં યાદ આવે તો બે હાથ જોડી નમન કરી જયશ્રીકૃષ્ણ કરવાજ જોઇએ, જો ન કરે તો ભકતની અવગણનાનો અને અન્યાશ્રયનો એમ બે દોષ થાય છે. અહીં મહાદેવજી સ્વરૂપાસકત ભગવદ્ ભકતની માનસી સ્થિતિ બતાવે છે. જે સ્વરૂપાંસકત છે, તેને સ્વર્ગ કયાં છે કે નર્ક કયાં છે, તે જાણવાની કે તેના સંબંધની અપેક્ષા હોયજ કયાંથી? આમ હોવાથી ભકતને સ્વર્ગ નર્ક અને મોક્ષ એ બધું જ સમાન છે. જેમ ખરા ત્યાગીને રાજય પ્રતિષ્ઠા કે અન્ય ધન વૈભવ કામના ન હોવાથી સમાન છે, તેમ જેણે પોતાની સર્વ વૃત્તિઓ સુરતાઓ સ્વરૂપમાં તદ્રૂપ કરી છે. તેને ઉપરના સ્વર્ગ વગેરે કશા કામનાં નથી. કોઇ કહેશે કે ચાલો સ્વર્ગ નર્ક તો સમાન કે નિરૂપયોગી, પણ મુકિત કે જેને માટે હજારો પ્રયત્નો મુમુક્ષુઓ કરે છે તેની બાબતમાં પણ નિરપેક્ષી તે શું? તો અહીં પ્રભુનાં શ્રીમુખનાંજ વચનામૃતો પ્રમાણ છે. પ્રભુ કહે છે કે મારા ભકતને હું સાલોકયાદિ ચાર મુકિત આપું છું, પણ તેમાંની કોઈને તે કેવળ મારી ભકિત સિવાય ઈચ્છતો નથી મતલબ કે મારા ભકતનું ધ્યેય મુકિત નથી. પણ મારીજ સેવાજ છે. સેવા એટલે "ચેતસ્તત્પ્રવણં સેવા" ચિત્તનું સહાજ સદા પ્રભુમાં પ્રવણ એટલે પરોવાઇ જવું એનોજ અર્થ સ્વરુપાસકત અન્ય વિવેચન બધું સ્પષ્ટ છે, એટલે વધારે વિસ્તારની જરુર નથી. છેવટ ઈશ્વર સિવાય બીજી વસ્તુમાં એટલે લૌકિકમાં સુખ પામવું એજ નર્ક છે. એમ દર્શાવી પ્રસંગ પૂર્ણ કરે છે. લૌકિક નર્ક હોવાથી પ્રભુ ભક્તને લૌકિકમાં સગડ નથી આપતા. "લોકે સ્વાસ્થ્યં તથા વેદે હરિસ્તુ ન કરિષ્યતિ" પ્રભુ ભક્તને નર્ક સમાન લૌકિકમાં આસક્ત કેમ થવાજ દે?

### ० પ્રસંગ–૨૯૯ ०

જીવનો અન્યાશ્રય દોષ મટાડવા પ્રભુ સંકટ મુકીને તેમાંથી રક્ષણ કરે છેઃ-જયારે પુષ્ટિ પ્રવાહ અને મર્યાદાની ટીકા લખી ત્યાં પુષ્ટિમાર્ગ જે સ્નેહમાર્ગ તેનું પ્રાબલ્ય અધિક કહ્યું. ત્યાં દૃષ્ટાંત કહ્યું. કે ગોવર્ધનઉદ્ધરણ સમયે મુખ્ય ભકતોએ દાધનો તિલક ઈત્યાદિ વાત્સલ્યતાનો પ્રકાર કહ્યો પણ માહાત્મ્ય ન સ્ફુર્યું. આ વખતે કલ્યાણ ભટે કહ્યું કે મહારાજ, શ્રી પ્રભુજી તો એમને જાણે છે. કે ઈંદ્ર મહા લોકાભિમની છે, એનો વિભાગ અટકાવ્યો છે તો એ ઉપાધિ કર્યા વગર નહિ રહે તો પ્રથમજ એવા ઉપાય કરત કે એ દુઃખજ ન દઇ શકત. આ વખતે શ્રીમુખે કહ્યું કે આ વખતે એટલું કર્યું તેનું કારણ એટલું શ્રી ઠાકોરજીનું કર્તવ્ય હતું. એક તો પ્રાકટ્ય પછી છ વર્ષ સુધી અન્યનું ભજન કર્યું તેનો દંડ દીધો. રક્ષાનો પ્રકાર એ છે કે ભય ઉપસ્થિત કરીને રક્ષા કરે. જો એમ ન કરે, તો ભક્ત એમ જાણે કે અમારે તો ભય હોય જ નહિ, માટે શ્રીપ્રભુજીનું રક્ષા કરવાનું કર્તવ્ય છે.

વિવેચન–વાત્સલ્ય ભાવમાં માહાત્મ્ય ન સ્ફુરે, કારણ કે બાલભાવ કે પુત્ર ભાવ છે. આમ હોવાથી પ્રભુના પ્રાકટ્ય પછી છ વર્ષ અન્યાશ્રય કર્યો તેના ફળરૂપે ઇંદ્રને અભિમાન ઉત્પન્ન કરી વ્રજપર ઉપદ્રવ કરાવ્યો. પણ આલંબન અને વિશ્વાસ હોવાથી ફરી ઉપદ્રવમાંથી બચાવ કર્યો. શ્રીપ્રભુના સ્વરુપ

સામર્થ્યને જાણ્યા પછી અન્યાશ્રય મહાબાધક છે, તેનું ફળ ભોગવ્યે છુટકો, વળી પ્રભુ ઉપદ્રવ કરીને રક્ષા કરે તે કરતાં ઉપદ્રવ ન કરે તો શો વાંધો ? ઉલટી પોતાનેજ રક્ષા માટે તસ્દી લેવી પડે છે. આના કારણમાં પોતે એમ ખુલાસો કરે છે, કે જીવનને જો ઉપદ્રવજ ન આપે, તો જીવ ઉપદ્રવ ન આવવાના કારણમાં પોતાનું માહાત્મ્ય સમજી પ્રભુને ભૂલી જાય, આમ થાય તો જીવનું અહિત થાય, આથી જીવને પોતાની સ્થિતિનું અને પ્રભુના સ્વરૂપ બળનું સદાજ સદા સ્મરણ રહે માટે પોતે ઉપદ્રવ મુકીને રક્ષા કરે છે. પ્રભુએ વ્રજના લોકોપર ઉપદ્રવો વારંવાર ન મુકયા હોત, તો પ્રભુના સ્વરૂપને તેઓ નજ ઓળખી શક્ત. વારંવાર ઉપદ્રવ મુકવાનું કારણ એ છે કે ઉપદ્રવમાંથી બચાવતા વળી જીવ સ્વાભવે દુષ્ટ હોવાથી પ્રભુને ભૂલી જાય છે. આથી વળી બીજો ઉપદ્રવ ઉભો કરે. આમ સંકટમય જીવન એ પ્રભુ પ્રેમ કરવાનું સાધન છે, આથીજ કુંતાજી જેવા ભકતોએ સંકટજ માંગ્યા છે.

## * પ્રસંગ–૩૦૦ *

**ભગવદીય તો પ્રેમથી ભોજન કરે છે:–** એક દિવસે કહ્યું કે ભોજન બે પ્રકારે થાય છે, એક પ્રીતે અને બીજું વિપતે ત્યારે આપે કહ્યું કે વિચારતા ભોજન તો એક જ પ્રકારે થાય કેવળ પ્રીતેજ ભોજન હોય કારણ કે વિપત તો ભગવદીને બાધા કરેજ નહિ મુઠી ચણાના છોલાથી નિર્વાહ કરે. પ્રભુના બળથી નિર્વાહ કરે.

**વિવેચન**–આ બધા પ્રસંગો મહાન છેક છેલ્લીજ દશાના છે. ભૂખે કે પ્રીતે એ રીતે ભોજન થાય, પણ જે ભક્ત સદાજ સદા પ્રભુમાં આસક્ત છે, તેને તો એથી પ્રભુની આસક્તિમાંથી બધુ મળી રહે છે. તેને ભુખ તરસ કંઈ બાધા નથી કરતાં, આથી તે ભોજન કરે છે, તે પ્રીતિથી કરે છે, મતબલ કે ભગવદીય કોઇને ત્યાં પ્રસાદ લે તો ભુખની વિપતને લીધે છે. એમ આ પ્રસંગમાં બતાવે છે. આમાં પ્રસાદ લેવરાવનાર ભગવદીયે પણ એમ વિચારવું કે, આ ભગવદીય મારાપર કૃપા કરવા મારે ત્યાં કણિકા આરોગે છે, આમ વિચારી પ્રભુનો ઉપકાર માનવો, ને ભક્ત પર પ્રીતિ વધે તેમ કરવું દીનતા રાખવી.

## ૦ પ્રસંગ–૩૦૧ ૦

**ભગવાન પણ ભકતના આશીર્વાદને ચહાય છે:**—એકવાર મુરારિ ગ્વાલને પોતે કહ્યું કે તમારા આશીર્વાદથી અમારૂં ભલું થાય.

**વિવેચન**—આ પ્રસંગમાં શ્રી ગોકુલેશ ભગવદીય પ્રતિ કહે છેકે તમારા આશીર્વાદથી અમારૂં કલ્યાણ થાય છે. આ વચન કેવા વિચિત્ર લાગે છે ? પ્રભુ ભક્તના આશીર્વાદની ઈચ્છા કરે તો તો નેવાનાં પાણી મોભે ગયા કહેવાય, પણ ભગવાન ભગવદીયનું મહાત્મ્ય વધારવા એવા વચનામૃતો કાઢે છે અને કેટલીકવાર ખરા પણ કરે છે. ભગવદીયનાં વચન ભગવાન પાળે છે આશીર્વાદની બાબતમાં પણ આમજ સમજવું. આપણે મંદિરોમાં પણ આશીર્વાદ કીર્તનોમાં ઉચ્ચારીએ છીએ. "ચીરંજીયો ગોપાલ રાણી તેઓ ચીરંજીયો ગોપાલ" આ આશીર્વાદ કીતર્ન આપણે મંદિરોમાં ઉત્સવમાં બોલીએ છીએ. આમાં પ્રભુ પરનો વત્સલયભાવ છે. ભગવદીયના હૃદયમાં શ્રી પુરૂષોત્તમ બિરાજે છે આથી ભગવદીયના આશીર્વાદ તે પ્રભુનાજ આશીર્વાદ છે અને એવા આશીર્વાદથી કલ્યાણ થવા એ સ્વભાવિક છે. આ વચનામૃત અન્યજનોએ પણ વિચારવા જેવું છે. શ્રી ગોકુલેશ જીવને શિક્ષા માટે

અને ભગવદીયનું સ્વરૂપ બતાવવા માટે પણ આ વચનામૃત બોલતા હોય.

## ૦ પ્રસંગ-૩૦૨ ૦

**સેવામાં અજાણે પડતો અપરાધ પ્રભુ જોતા નથી:**-એક વૈષ્ણવ ઉત્તમ શ્લોકદાસના ભાઈ અનંતદાસ તે શ્રી ગોવર્ધનનાથજીના ભીતરીયા અને અધિકાર પણ કરે. તે એક દિવસ રાજભોગના થાળમાં લૂણની કટોરી ભૂલી ગયા. આથી શ્રીગુસાંઇજીએ કહ્યું કે લૂણની કટોરી કેમ ન ધરી ? ત્યારે અનંતદાસે કહ્યું કે આપ અધિકારીના રાજ છો ? ત્યારે શ્રીગુસાંઇજીએ ખીજીને કહ્યું કે શું અમે અધિકારી ? આ વખતે પોતે પ્રસન્નતા દેખાડી અને જન્મભર બોલ્યા નહીં. અંત સમયે કોઈએ શ્રીગુસાંઈજીને કહ્યું કે અનંતદાસનો અવસાન સમય છે. આ વખતે શ્રીગુસાંઇજી જોવા પધાર્યા. આ વખતે તેણે વિનતી કરીને શ્રીગુસાંઈજીને કહ્યું કે મહારાજ, મારા હૈયા પર આપનાં ચરણ ધરો. ત્યારે શ્રીગુસાંઇજીએ કહ્યું કે તમારા હૃદયમાં શ્રીમહાપ્રભુજીના ચરણકમલ બિરાજમાન છે, ત્યાં હું શું ધરૂં?

**વિવેચન**-આ વચનામૃત પરથી કોઇને એમ થાય કે પ્રભુ ભકતનો અપરાધ સહન કરતા નથી. પણ એમજ સમજવાનું નથી. સેવામાં પ્રેમ, નિમગ્નતા અને સાવધાનતા ત્રણે જોઈએ ત્રણે હોય તો સેવા ફળરૂપ બને. આમ છતાં કદાચ અપરાધની વિટંબનાથી કોઈ સેવા ત્યજે, તો તેને આ પ્રસંગ સમજવા જેવો છે. વળી અનંતદાસને શ્રીગુસાંઇજી અધિકારી નામથી સંબંધે છે. આથી અનંત દાસ કહે છે કે અધિકારી તો આપ છો, પોતાની દીનતા બતાવે છે. કારણ તે પ્રભુનું અધિકારૂં કરવાનું જીવન શું ગજું ? વળી આવોજ જવાબ દેવાથી શ્રીગુસાંઇજી તેમની સાથે જીન્દગી ભર બોલ્યા નહીં, પણ પોતાનો અનંતદાસ પરનો પ્રેમ જરા પણ ઓછો નથી કર્યો. અંત સમયે પોતે તેમની પાસે પધાર્યા અને આ વખતે અનંતદાસે શ્રી ગુસાંઈજીને વિનંતી કરી કે મારા હૃદય પર આપનું ચરણકમલ ધરો ? આમ કહેવાનું કારણ એ કે મારૂં હૃદયકમલ આપના ચરણારવિંદમાંચોંટેલું રહે. આ વખતે શ્રીમહાપ્રભુજીના કૃપાપાત્ર અનંતદાસજી હોવાથી વળી શ્રીગુસાંઈજી કહે છે કે શ્રીમહાપ્રભુજીનાં ચરણકમળ તમારા હૃદયમાં બિરાજમાન છે, ત્યાં હું શું ધરૂં ? આવા ભકતોને ધન્ય છે. જેમની શ્રીગુસાંઇજીમાં આવી ભક્તિ છે.

## ☒ પ્રસંગ-૩૦૩ ☒

**મિત્ર કરીએ તો પરખીને કરીએ**-એક દિવસે કહ્યું કે મિત્ર પરખીએ. ત્યારે પૂછયું કે રાજ, એનો અર્થ શું ? ત્યારે શ્રીમુખે કહયું કે જેવા સાથે મિત્ર કરે તેવો થાય. નીચે નીચ થાય અને ઉંચે ઉંચ થાય.

**વિવેચન**-મિત્ર પરખીને કરીએ, એમ પોતે શ્રીમુખે આજ્ઞા કરે છે, કારણ કે જેવો મિત્ર તેવો રંગ આપણને લાગે. જડ પણ જેવું પાસે હોય તેની અસર ગ્રહણ કરે છે, તો ચૈતન્ય પર અસરની તો વાતજ શી કરવી ? કાંદા કે લસણ પાસે હોય તો તેવી ગંધ આવે અને ફુલો કે કસ્તુરી પાસે હોય તો ફુલની અને કસ્તુરીની સુગંધ આવે છે. આમ સદ્ગુણીનો સંગ હોય તો સદ્ગુણ પ્રાપ્ત થાય, અને દુર્ગુણીનો હોય તો સદ્ગુણ આવે. આ તો એક સામાન્ય વાત થઈ, પણ અહીં તો એથીએ આગળની વાત છે. અહીં જેનો પ્રભુપર પ્રેમ હોય, જે ભક્તિમાન હોય તેનોજ સંગ કે મૈત્રી ઉપયોગી છે. અન્ય સર્વે પ્રત્યે ઉદાસીનતા. અહીં જેનો પ્રભુપર પ્રેમ હોય તેનેજ મિત્ર કરાય કે જે મિત્રને માટે પ્રાણ આપે. મિત્રને માટે ફારસીમાં દોસ્ત શબ્દ છે,

દોસ્ત કોનું નામ ? દોષને અસ્ત કરે તે દોસ્ત એટલે કે દોષો મટાડી દે, અથવા પવિત્ર કરે તે દોસ્ત કહેવાય. જેને સ્નેહી મિત્રમંડળ હોય છે, તેના ભાગ્યનો પાર નથી, પણ તેવા સ્નેહી મિત્રો આ જમાનામાં મળવા કઠણ છે, અહીં આ માર્ગમાં તો મૈત્રીનું મૂળ પૂર્વના સંબંધો છે. જો મૂળની મૈત્રી હોય તો તે મૈત્રી હંમેશા વધતી જ જાય છે, મૈત્રી ખરી એજ કે દોષો દીઠે પણ ઘટે નહિ, પણ હંમેશાં બન્યો બનાયો મિત્રભાવ રહે.

૦ પ્રસંગ-૩૦૪ ૦

**ભગવદીયોની કીર્તન પરત્વે પ્રશંસા:** એક દિવસ ગુણની વાત ચાલી. ત્યારે પોતે કહ્યું કે પહેલાંના ગુણ એવા હતા કે શું કહીએ ? તે ઉપર અનુભવ સુરત કરીને કહ્યું કે હરિચંદ હિરામણે સિતારે બહુજ ગાયું છે અને ઘોધીનું ગાન પણ બહુજ સાંભળ્યું. બીજાઓનું પણ બહુ સાંભળ્યું છે, પણ એ તો બહુજ સુઘડ. ત્યારે કોઈએ કહ્યું કે રાજ, તાનસેનનું ગુણ ગાન સાંભળ્યું છે ? ત્યારે શ્રીસુખે કહ્યું કે તાનસેનને શ્રીગુસાંઇજીના આગળ ગાયું છે, પણ મને બરાબર યાદ નથી, પણ બડો ગુણવાન. જેમ ધૂપ કર્યા પછી વાસ ચાલુજ રહે છે, તેમ જ્યારે તેઓ રાગ ગાઈ રહે, ત્યારે પણ પાછળથી પણ રાગ ફેલાઈ રહે. એક વાર પાદશાહ લાહોરથી આવ્યો. ત્યારે તે પણ આવ્યો હતો, પણ શ્રીગુસાંઇજીએ ન બોલાવ્યે, ગુણવાન બહુ જબરો હોવાથી છાનો ન રહે.

**વિવેચન**–કીર્તનથી પ્રભુ પ્રસન્ન થાય છે, ગાનતાન પ્રેમભક્તિનું અંગ છે, શ્રીગોકુલેશ અહીં ચુનંદા ગવૈયાનાં નામ ગણાવે છે. હરિચંદ સીતાર બજાવવામાં એકકો હતો, કે જેવા મહાનુભાવી ધ્યાનદાસ સારંગી બજાવવામાં એકકો હતો, તાનસેન પણ એકમહાન ગવૈયો શ્રીગોકુલેશ તાનસેનની પ્રસંશા કરે છે. જેમ ધૂપ કર્યા પછી ધુપ હોલવાઈ જતાં પણ તે સ્થાનમાં સુગંધી ચાલુ રહે અથવા સુગંધીની ફોર જણાય છે, તેમ ગાન તે હૃદયના પ્રેમાગ્નિની ધુપ છે, જો તે હૃદયની પ્રેમાગ્નિ હોય તો વાતાવરણમાં ઓજસો છવાઈ રહે. કીર્તનો કે ગાન જેટલા પ્રેમથી કે ઉત્સાહથી અને નિઃસ્વાર્થપણે કરવામાં આવે તેટલા તે ઓજસો ઉત્પન્ન કરે છે કીર્તનમાં રાગ કરતાં પ્રેમ પર તાન વધારે હોય છે. રાગ ઉપરથી સારો ન હોય, પણ જો વિરહ સહિત ગાન હોય તો વાતાવરણ છવાઈ રહે. શ્રીમહાપ્રભુજીએ, શ્રીગુસાંઈજીએ, શ્રીગોકુલેશે અને શ્રીહરિરાયજીએ જયાં જયાં પોતાની બેઠકો છે, ત્યાં સપ્તાહો કર્યા. સેંકડો વરસ થઈ ગયા છતાં એ મહાપુરૂષોની પ્રેમાગ્નિવાળી સપ્તાહોએ આજે પણ પોતાનું ઓજસ્વીપણું વાતાવરણમાં ફેલાવી મુકયું છે, જેથી ત્યાં જતાં સાથે હૃદય શીતળ હિમસમું થઈ જાય છે. એ પ્રેમાગ્નિના ધુપવાળી વાણીજ શ્રીમહાપ્રભુજીની એવી કે શ્રીઠાકોરજી અને જે તીર્થમાં સપ્તાહ હોય તે તીર્થદેવ સપ્તાહ સાંભળવા આવતા કીર્તનોની બાબતમાં પણ આમજ છે.

૦ પ્રસંગ-૩૦૫ ૦

**શ્રીમહાપ્રભુજીની નિરપેક્ષતા**–શ્રી મહાપ્રભુજી ત્રણ ભાઈ હતા. એક નારાયણ ભટ તે તો સંન્યાસી થયા. નામ કેશવપુરી તેમણે એકવાર આવીને મહતારી (માતાજી ઇલ્લંમાગારૂજી)ને નમસ્કાર કર્યા. આ વખતે માતાજીને બહુજ દુઃખ થયું, કારણ કે માતાજીએ પણ સંન્યાસીને નમસ્કાર કરવાનું કહ્યું છે. આ વખતે તેમણે શ્રીમહાપ્રભુજી બતાવ્યા અને કહ્યું કે તમારો આ પુત્ર એવો છે કે બીજા કોઈની અપેક્ષા નહિં. બીજો ભાઈ

રામકૃષ્ણ ભટ તે પણ મોટો પંડિત હતો. તે માંડુગઢ ગયો હતો. ત્યાં પંડિતોએ દહીંમાં રીનાઈ આપી આથી માતાજીને બહુજ દુઃખ થયું. ત્રીજા શ્રીમહાપ્રભુજી શ્રીવલ્લભાચાર્યજી એ તો ભગવન્મુખારવિંદરુપ અલૌકિક અગ્નિ અવતાર.

**વિવેચન**–કોઇ સંન્યાસી થાય એટલે સગાં સંબંધી કે સર્વનો હક તેના પરથી ઉઠી જાય આથી જો સંન્યાસી માતાને કે બીજા ગુરુજીને પગે લાગે તો તેને પણ સામે લાગવું પડે. નારાયણ ભટ શ્રીમહાપ્રભુજીના સૌથી મોટાભાઇ, તેમણે આવીને માતાજી શ્રીઇલ્લંમાગારૂજીને નમસ્કાર કર્યા, અને કહ્યું કે આ તમારો નાનો દીકરો (શ્રીમહાપ્રભુજી) એવો છે કે કોઇની અપેક્ષા નહિ, તદ્દન નિષ્પૃહ. વિજયનગર તેમના મામાને ત્યાં પણ દિગ્વિજય કરવા પધારતાં તેમનીએ પરવા નહોતી રાખી. શ્રીમહાપ્રભુજી આત્મનિવેદી હોવાથી પોતે મામાને ત્યાં ભોજન ન કર્યું, આથી મામાને સાઠું લાગ્યું, આમ થવાથી શ્રીઠાકોરજીએ સ્વપ્ન દર્શન દઇ મામાનું ઘર છોડવાની આજ્ઞા કરી, આમ પોતે તદ્દન નિષ્પૃહ હતા. તેજ વાત માતા સાથે નારાયણ ભટ આંગળી શ્રીમહાપ્રભુજી તરફ કરીને બતાવે છે. બીજા દીકરા લક્ષ્મણ ભટજીના રામકૃષ્ણ ભટ તે પણ મોટા પંડિત હતા. ત્રીજા શ્રીમહાપ્રભુ શ્રીભગવન્મુખારવિંદ અવતાર, આથી શ્રીસર્વોત્તમજીમાં શ્રીકૃષ્ણાસ્યં એવું નામ શ્રીગુસાંઇજી આપે છે, રસિક વિલાસ ગ્રંથ જોવાથી આ નામનું રહસ્ય સમજાશે, તેમાં વિસ્તારથી આપ્યું છે.

### ૦ પ્રસંગ–૩૦૬ ૦

એકવાર શ્રીગોકુલેશ જળઘરામાં બેઠા હતા, ત્યારે પંચોળી તથા ભૈયા રઘુનાથ બેઠા હતા, આ વખતે પોતે કહ્યું કે એક વાત કહેવી છે, ડર લાગે છે. આ વખતે પંચોળીને ભૈયાએ કહ્યું કે પૂછો કે ડર રાજને શાનો લાગે છે? ત્યારે પંચોળીએ કહ્યું, કે એવું તમે પૂછો એટલે રઘુનાથદાસે પૂછયું કે મહારાજ વાત તો પછી પૂછીશ પણ આપને ડર શાનો લાગે છે, તે તો કહો. ત્યારે આપશ્રીએ કહ્યું કે માર્ગ તો સાધન સાધ્ય નથી, જે કહીએ છીએ તે તેમની પાસેથી સાંભળ્યું છે, તેથી ડર લાગે છે, પણ છે સત્ય. પણ લોક સંગ્રહાર્થે મર્યાદા તો રાખવી જોઇએ. તે તો કોઈ સમજે નહી.

**વિવેચન**–પોતે અહીં સંપ્રદાયના ગૂઢતત્વો કહેતા વિચારે છે, ડરે છે, વાતો ઉંચી હોય, પણ અનુભવથી સમજાય તેવી હોય તર્કથી વિચારવા જાય તો વિપરિતજ પરિણામ આવે. આવું હોય ત્યાં શ્રીગોકુલેશ વળી કહેતા અચકાય છે. મહાનુભાવી અંતરંગ ભગવદીયો તો શ્રી હૃદયનું હાર્દ વગર કહયે પણ સમજી જાય, આથી શ્રીગોકુલેશ તેવી વાતો પ્રકટ નથી કહેતા.

### ૦ પ્રસંગ–૩૦૭ ૦

**પ્રભુમાં સુરતા લાગી કે સુખદુઃખ અડેજ નહિ:**–એક દિવસે કહ્યું કે કોઇ સેવા કરે, તેનો અપરાધ પણ પડે, જો સેવા ન કરે તો અપરાધ શાનો પડે? પણ જેમ અપરાધ નહિ તેમ સેવા કરનારનું જેવું મન. છોકરો મરે તેનો શોક નહી પોતાની સુરતની હાનિનું દુઃખ.

**વિવેચન**–જે સેવા કરે તેનો અપરાધ પડે ન કરે તેનો અપરાધ ન હોય, આથી પ્રભુ ભગવદીયનો અપરાધ કદીજ મનમાં નથી લાવતા વળી કેટલીકવાર તદ્રુપતાને લઇને પણ ઉપરથી અપરાધ જેવું લાગે, પણ તે અપરાધ નથી ઉલટું પ્રેમની પરિસીમા છે. વિદુરજીનાં

પત્નીએ કેળાનાં છોડાં પ્રભુને આરોગાવ્યા, આમ છોડાં આરોગાવવાં એ ઉપરથી તો અપરાધ લાગે છે, પણ પ્રભુમાં ચિત્ત પરોવાઈ જવાથી તદ્રુપતાને લીધે ભાન ભૂલવાથી આમ બને છે તેથી પ્રભુજી પ્રસન્ન પ્રસન્ન થઈ જાય છે. ખરી સેવા તેજ કે સેવા વખતે બીજી કશી પ્રભુ સિવાય ખબરજ ન રહે. "ચેતસ્તત્પ્રવણં સેવા" મન પ્રભુમાં દોરીને મણકો પરોવાઈ જાય તેમ પરોવાઇ જવું. દોરીમાં પરોવાયેલા મણકાને દોરી વગર બીજાની ખબર ન રહે તેમ ભકતને પ્રભુ વગર બીજાની ખબર ન રહે તેનું નામ પ્રવણ એટલે સેવા એવી રીતે સદા જ સદા પ્રભુમાં મન પરોવાયેલું રહે, માટે શ્રીમહાપ્રભુજીએ સેવા પ્રકાર કાઢયો છે, કે જે પ્રકારે સેવા કરતાં લૌકિક વૈદિકનું પણ અનુસંધાન ન રહે, પ્રેમથી ઉત્સાહપૂર્વક કરાતી સેવા મહાન વસ્તુ છે, એવી સેવા સ્વરૂપાત્મક છે, કે જેમાં સુરતા પ્રભુમાંથી ક્ષણ ન ખસે.

## ૦ પ્રસંગ-૩૦૮ ૦

**કીમતીમાંકીમતીવસ્તુપ્રભુને સમર્પવીઃ** એક પુરૂષોત્તમ દેવના ભંડારમાં નીલમણી હતો, રાજાએ ઝવેરીને બોલાવ્યો, અને કહ્યું કે આનુ મુલ કરો, ત્યારે તેણે કહ્યું કે આનું મુલ નહિ, આ સાંભળી રાજા ખીજયો, આથી ઝવેરીએ કહ્યું કે ભલે અમે મુલ કરીશું, પણ શરદ પુર્ણિમાએ કરીશું. હવે જયારે શરદ પૂનમનો ચંદ્ર માથાપર આવ્યો, ત્યારે ચોકી પર આ નીલમણિ ધરી, આથી ચંદ્ર મંડળ સુધી એક જયોતિ થઈ સર્વત્ર હર્યો હર્યો થઇ રહ્યો. સોનીઓએ કહ્યું કે આટલા સોનાની રાસ કાઢો તે આનું મૂલ, આથી નમસ્કાર કરીને ભંડારમાં મૂકી પ્રથમ લેવાનો વિચાર હતો.

**વિવેચન**—આમાં બે બાબત છે, એક તો નિલમણીરૂપી ભગવદીયો તેમને સત્સંગ માટે પાસે રાખવાનો વિચાર હોય, તો કીંમત કરાવે કે કયા ભગવદીય શ્રેષ્ઠ ? જેમ જવેરાતની કીંમતી ઝવેરી કરી શકે, તેમ ભગવદીયની કીંમત કે સ્વરૂપ ભગવદીયજ સમજી શકે, આથી ભગવદીયરૂપ ઝવેરી પાસે જેમાં ભાવરૂપ ઝવેરાત ભરેલી છે, તેની કીંમત કરાવવા જાય છે, તો ભગવદીના ભાવરૂપ સાગર સમાન ઝવેરાતની કીંમત કોણ કરી શકે ? આથી ભગવદીયરુપ ઝવેરી કહે છે કે અમને ભગવદીયના સ્વરુપ ઝવેરાતની કીંમતનું ગજુ નથી. જડતું, રાજા આ વખતે ખીજે છે આથી ભગવદીયરુપ ઝવેરી શરદપુર્ણિમાએ કિંમત કરાવવાનો નિશ્ચય કહે છે, શરદ પૂર્ણિમાના રસોત્સાહમાં ભગવદીયનું સ્વરુપને શ્રીગોકુલેન્દુ (વ્રજચંદ્ર)નું સ્વરુપ એકાકાર બની રહે છે. આથી રાજા આવા રસિક મહાનુભાવીને પ્રભુને આધીનજ રહેવાનું વધારે પસંદ કરે છે, અને પોતાની પાસે રાખવાનો વિચાર માંડી વાળે છે. વળી જો હીરો કે મણિ કીંમતીમાં કીંમતી હોય તો રાજ દરબાર કરતાં પ્રભુના દરબારમાંજ વધારે શોભે. પ્રભુની વસ્તુ રાજાએ ખરીદવાનો વિચાર કર્યો. તો પ્રભુએ પણ ચમત્કાર બતાવ્યો માટે ઉત્તમ વસ્તુ પ્રભુ પાસેજ દીપે.

## ૦ પ્રસંગ ૩૦૯ ૦

**ભગવદીયના સુખ માટે પોતે પરિશ્રમ લે છેઃ**– એક વાર નરસિંહ ચતુર્દશીને દિવસે મોહનભાઈને આગ્રે મોકલ્યા, ત્યારે ગોકુળભાઇ આદિ સાથે હતા, તે કહેવા લાગ્યા કે એવા ધામમાં જળ લીધા વિના કેમ ચાલશે ? શ્રી ગોકુલેશ તો મોહનભાઈને આગ્રા તરફ વિદાય કરીને પોઢયા પણ કરુણાસિંધુ સર્વના આત્માની વાત જાણે છે, આથી પોઢેલા ઉઠીને પોતે ગડુવો માંગી જળ પાન કર્યા કર્યું, અને મિશ્રી માગીને પોરે આરોગ્યા, એમ એમના લાડ પાળ્યાં છે; પછી ભાઈ મોહનભાઈને પણ

સર્વે ભાઈબંધોએ વિનતી કરીને તે માની. એવા અનંત અનુભવ એકથી એક અધિક છે.

**વિવેચન**—પ્રભુ પણ ભકતના સુખનો વિચાર રાખે છે) પહેલા જોઈતી ખાસ ચીજો આગ્રા મળતી, કારણ કે આગ્રા બાદશાહી રાજધાની હતું રાજધાનીમાં ઉંચામાં ઉંચી સર્વ વસ્તુઓ મળે, માટે વસ્તુઓ લેવા આગ્રા જવું પડતું. મહાનુભાવી મોહનભાઈને આવાજ કારણસર ઉષ્ણકાળમાં આગ્રા જવાનું હતું. હવે ઉનાળામાં તરસ લાગે તો રસ્તામાં પીતે આમ વૈષ્ણવોએ મોહનભાઈને કહ્યું, પણ મોહનભાઈએ ન માન્યું. આથી શ્રીગોકુલેસે ધામમાં વારંવાર ઘેર પણ જળ લીધું કારણ કે પ્રભુ સર્વ સમર્થ છે. શ્રીગોકુલેશ ઘેર જળ અને મિશ્રી લે, ને આગ્રામાં જતાં મોહનભાઈ વિગેરેની તરસ માટે. આવો ચમત્કાર આમાં છે. જેમ પાંડવો બાર વર્ષ વનમાં હતા. ને મહામુનિ દુર્વાસાના દુર્યોધન એવી સ્થિતિમાં પાંડવો પાસે મોકલ્યા કે જે વખતે બધાં જમીને બેઠેલાં દ્રૌપદી ન જમે ત્યાં સુધી જોઈએ તેટલું ભોજન નીકળે એવું અક્ષય પાત્ર પાંડવો પાસે હતું. પણ દ્રૌપદી પણ જમીને બેઠાં હતાં. હજારો શિષ્યો સાથે દુર્વાસ આવ્યા. પાંડવો ગભરાયા, પણ શ્રીકૃષ્ણે ઋષિ સશિષ્ય સ્નાન કરવા ગયા. ત્યારે ઘેર એક કણિકા આરોગી. એટલે બધા શિષ્યો સાથે ઋષિ પણ ધરાઈ ગયા. આવીજ આ વાત છે. પ્રભુ ભક્તવત્સલ છે.

## * પ્રસંગ-૩૧૦ *

**ભગવદીયનેઠપકો તે પ્રભુનેજ ઠપકો છે:** એક વાર શ્રીગોકુલેશે ત્રીકમભાઈને કહ્યું જે કોઇ તમને કશું કહે છે, તો તે મારાથી સહન થતું નથી માટે એવું કરો કે તમને કોઇ કશું કહે નહિ તમને કશું કહે તે મનેજ કહ્યું,

**વિવેચન**-સ્નેહ કોમળ છે, એટલે અંશે પ્રેમ તેટલે અંશે કોમળતા. કોમળ હૃદયાળું બહુ હોય. આથી તે બીજાને કોઈ મોટે સાદે કહે તે પણ સાંભળી ન શકે. શ્રીગોકુલેશ સ્નેહી છે. વૈષ્ણવો પર આપશ્રીનો અનહદ પ્રેમ છે, પોતે પ્રેમી હોવાથી ભગવદીયને કોઇ કશું કહે તે પોતે સાંખી શકતા નથી. સ્નેહીને કઠોર વચન કે ઘાતકી વચન બાણ સમાન લાગે છે. આથી પોતે ભગવદીય ત્રિકમભાઈને કહે છે કે તમે એવી રીતે વર્તો કે તમને કોઇ કશું કળે નહિ અહીં વિચારવાનું એ છે કે ભગવદીયે એવાં કાર્ય કરવાં કે જેથી કોઈને કહેવાપણું ન રહે જો કહેવાપણું આવે એવાં કાર્ય થાય તો પ્રભુને તસ્દી પડે છે, માટે પ્રભુ પ્રત્યેનો સ્નેહ ખંડિત થયો કહેવાય. વળી એ પણ વિચારવું કે ભગવદીયને કંઈજ ન કહેવું. કહેવાથી પ્રભુને દુઃખ થાય છે, કહેવાનો પ્રસંગ આવે તો દાખલા દલીલો કરી ત્રાહિતની જેમ કહેવું કે જેથી વૈષ્ણવ સમજી જાય શ્રીગોકુલેશનો ભગવદીયો પર અગાધ પ્રેમ છે, તે આવા પ્રસંગોથી જળહળી ઉઠે છે. શ્રીગોકુલેશના ભગવદીયો પરના પ્રેમને હજારો ધન્યવાદ આપીએ એવું આપણને થાય છે.

## * પ્રસંગ—૩૧૧ *

**ભગવદીયની કૃપાથી હત્યા ગઇ :** એક જણે હત્યા કરી તેણે પુછ્યું કે અમારી હત્યા કેમ જાય. ત્યારે કહયું કે શ્રમ કરો. ભગવદીય મહાપુરૂષ છે, તે પાસે જાઓ. અને તો કૃપા કરે તો જાય. આથી પેલો ભગવદીય પાસે ગયો ભગવદીયે કૃપા કરીને કહયુ કે જા તારી હત્યા ગઈ આથી પેલો પંકિતમાં જમવા બેઠો. તે વખતે સૌએ કહયું કે તું તો હત્યારો છે ત્યારે તેણે કહયું મારી હત્યા

તો ઉતરી લોકોએ કહ્યું કે પ્રમાણ શું ? આ વખતે પેલો ત્યાં ભગવદીયને પૂછવા ગયો ત્યારે તેમણે કહ્યું કે તમો કહો તે પ્રમાણ. આ વખતે સર્વેએ કહ્યું કે મહાદેવનો પોઠીયો છે. તેના આગળ નાખીએ, તે જો ખાય તો તારી હત્યા ગઈ પ્રમાણ, આ વાત પેલા ભગવદીયને જઈ કહી એટલે તેમણે કહ્યું તે મોં આગળ ઘાસ શા માટે નાખો છો ? પાછળ નાંખો અને ફરીને ખાય તો ખરૂં ! ! આથી પાછળ ઘાસ નાખ્યું, એટલે સાઢીએ ફરીને ખાધું, આ વખતે સૌએ હાથ જોડયા.

**વિવેચન**—આ પ્રસંગ જરા નવાઈ જેવો છે; શ્રદ્ધાથી અને વિશ્વાસથી જે બને છે તે બીજા કશાથી બનતું નથી. વળી ભગવદીયની દયા તો શું જ ન કરે ? પ્રેત યોનિમાં (મુળના અપરાધના કારણસર) દુઃખી થતાં કૃષ્ણદાસને જોઈને શ્રી ગુસાંઇજીને દયા આવી કે "કૃષ્ણ દાસની પ્રેતયોતિ છુટી જાય અને લીલાની પ્રાપ્તિ થાય તો સારૂ" આટલું કહેતામાં પ્રેત-યોની છુટી ગઈ. અને કૃષ્ણદાસની ગાત થઈ. આમ ભગવદીયની દયા સહીત બોલાતી વાણી તરતજ ફળ આપે છે. આ પ્રસંગમાં ભગવદીયે કહ્યું કે જા તારી હત્યા ગઈ, એટલે હત્યા નાશ પામી હત્યા–બ્રહ્મહત્યા–શરીરમાં પેસે તો શરીર કાળું થઈ જાય. આમ પાપ પણ દુષ્ટ શરીરાત્મક છે તેને ભગવદીયે આજ્ઞા કરી કે તું આના શરીરમાંથી નીકળી જા એટલે હત્યા-નું ગજુ કે શકિત નથી, કે તેના શરીરમાં રહી શકે, આ વાત બહુજ સૂક્ષ્મ છે. જા તારી હત્યા ગઈ કહેતા શરીરમાંની પાપાત્મક રૂપ હત્યા નીકળી ગઈ, તેનો પુરાવો મહાદેવના પોઠીઆને આપ્યો જો પેલાના શરીરમાં હત્યા હોત તો પોઠીઓ ઘાસ ખાત નહી કારણ કે દેવનું આસનરૂપ પશુ પણ દેવજ છે તેની દૃષ્ટિ પણ પવિત્ર હોવાથી તે શુદ્ધિ અશુદ્ધિ પારખી શકે છે. પોઠીઆએ ભગવદીયના વચનથી હત્યાનો નાશ થયો છે. તે જાણ્યું તેથી ઘાસ અવળા ફરીને ખાધું, તર્કદ્રષ્ટિએ આવા પ્રસંગ નહિ સમજાય શ્રદ્ધાથી અને અનુભવથી સમજાય.

## * પ્રસંગ–૩૧૨

**ફળનો આધાર શ્રદ્ધા પર હોય છે:** એક વાર રાજા માન પુરી ગયો હતો, ત્યાંથી પોતાના ચિરવાદારને મારી મેલ્યો હતો, તે ઘણે દિવસે તેને મળ્યો તે રાજા શૈવ હતો. તેને આ ઘડી આના પર શ્રદ્ધા બેઠી. આ વખતે ચિરવાદર ખાવા બેઠો. અને રાજા પોતે પીરસવા લાગ્યો આ વખતે પોતાનો ચીરવાદાર જોયો. ત્યારે તેણે કહ્યું કે તું શામળા ! અહિં કયાંથી રે ! ત્યારે તેણે કહ્યું કે આ સર્વે શામળા છે. આથી તેને અશ્રદ્ધા થઇ પ્રથમ તો જાણતો હતો કે કશું છે તે આજ છે.

**વિવેચન**—દુનિયામાં જે જે મુર્તિઓ કે સ્વરૂપો ગમે તે દેવના પૂજાય છે, તે સામાન્ય વિચારે પાષણ, ધાતુ, મીણ કે માટી હોય છે. તેમાં મંત્ર, આવાહન અને શ્રદ્ધાનાં બળે તે તે દેવનો આવેશ થાય છે. ને એજ સ્વરૂપો સાક્ષાત અનુભવ આપે છે. અહિં રાજા પ્રથમ ન ઓળખવાથી પોતાનોજ નોકર સાધુ કે સંતનો વેશ લઈ આવ્યો છે, તેને પૂજે છે, પછી શ્રદ્ધા ઉઠી જાય છે, કારણ કે તેને ઓળખે છે. આ રાજાને ગમે તે સાધુને દેખે તેને પૂજવાની ટેવ હતી. આની સાથે બીજા સંત સાધુ હશે તેમના સામી આંગળી કરી પેલા ચિરવાદારે કહ્યું કે રાજા ! જેવો હું શામળો માત્ર વેશધારી સાધુ છું, તેવા આ બધા મારા જેવા વેશધારી સામળા છે. મને ઓળખ્યો તેથી મને પૂછો છો કે સામળા અહિં કયાંથી ? પણ આ બધાંને ઓળખો તો મારા જેવાંજ છે. જો સાચા સંત હોય તો

અહિં પૂજાવાની આશાએ પડયા ન રહે. આથી રાજાની બુદ્ધિ ઠેકાણે આવી ને પ્રભુનું શરણ સ્વીકારી વૈષ્ણવ થયો.

## * પ્રસંગ–૩૧૩ *

**બીડી મીઠી પણ પાન કડવાં છે:** સૂર્યમલની માતાએ કહ્યું કે મારો બેટો બી એકલો મુવે, કોઈ સતી ન થઇ. પછી કહ્યું કે રાણાને મારીને માર્યો ત્યારે પોતે કહ્યું કે જે થવાનું હતું તે થયું. પોતે ખુસીથી બીડી દીધી, એને કહ્યું કે લો એટલે લીધી પછી પૂછયું કે કેવો સ્વાદ છે? ત્યારે પરમ ભગવદીય રમણી ફરી બોલ્યાં; કે બલિહારી જાઉં બીડી તો મીઠી છે, પણ પાન કડવાં છે. આ વાત સાંભળી ઘણું પ્રસન્ન થયા. ને મુસકાયા.

**વિવેચન**–શ્રીગોકુલેશ અહીં સૂર્યમલની માતાને લૌકિક ખેદનો નાશ કરવા ઇસારતથી સમજાવે છે કે તારો બેટો એકલો મૂવો કોઈ સતી ન થઈ, પણ અહીં તો આત્મદ્રષ્ટિએ પ્રભુના અધરામૃત રૂપ બીડીનો અલૌકિકસ્વાદ એજ જીવનનું ફળ છે. સતી થવાથી શું પ્રાપ્ત થવાનું ત્યારે હતું? પ્રભુની સેવાથી જે જોઈએ તે મળે છે. પોતે શ્રીની બીડી આપીને આરોગાવી પૂછયું કે બીડી કેવી છે? પ્રભુ પોતે બીડી આપે તેમાં સ્વાદનું શું જ કહેવું? રાણીએ કહયું કે બીડીમીઠી છે, પણ પાન કડવાં છે મતલબ કે 'કૃષ્ણાધરામૃતાસ્વાદસિદ્ધિરત્ર ન સંશય' શ્રીકૃષ્ણના અધરામૃતનો સ્વાદ એજ સિદ્ધિ છે, પણ તે જીરવવી કઠણ છે. જે લૌકવેદથી અતીત થઈને પ્રભુની રસરૂપ ભક્તિ કરે તેનેજ તે મળે છે. ને તેજ જીરવી શકે છે. બીજું શ્રીગોકુલેશની વાણી તે અધરામૃત છે, તેના શ્રોતા વાણી રૂપ અધરામૃત પીએ છે. તે પીએ છે ખરા પણ તેનાં પાન કડવાં છે, તેનો ભાવ એવો કે તે પ્રમાણે પચાવી આચરણ કરવું મહા અઘરૂં છે. ભગવદવાણી સાંભળવી મીઠી લાગે છે, પણ તે પ્રમાણે આચરણ કઠણ છે, એમ રાણીનું કહેવું છે.

## * પ્રસંગ–૩૧૪ *

**પ્રીતિ પરસ્પર છે:**–એક દિવસ વિઠલરાયજીએ કહયું કે આ ચાર પાંચ અમારા કદી પણ ન થયા. ત્યારે કૃષ્ણદાસભાઈએ કહ્યું કે તમે પોતાના ન જાણો તેમાં અમે શું કરીએ? તમારા નહિ તો તમારા બાપના તો છેજ. આના અર્થ ઘણાં છે.

**વિવેચન**–અહીં પ્રીતિ પરસ્પર છે. અને પરસ્પર પ્રીતિ હોય તોજ પ્રીતિમાં સ્વાદ આવે છે. શ્રીગોકુલેશે જે ભગવદીયોને પ્રેમપૂર્વક આનંદમાં નચાવ્યા છે, તેમને તેવોને તેવો આનંદ મળે તોજ હૃદયને આનંદ થાય. વળી શ્રીગોકુલેશાસક્ત ભગવદીયોને શ્રીગોકુલેશ સદાજ સદા લીલા વિસ્તર્યા પછી પણ આનંદ આપતા. આથી તેમને શ્રી ગોકુલેશ વગર બીજે ચેન પડતું નહિ શ્રીમહાપ્રભુજી પણ લીલા વિસ્તાર્યા પછી પણ દામોદરદાસ હરસાની વગેરે સ્વાસક્ત ભગવદીયો દર્શન આપતા તેવી અહીં પણ બીના સમજવી વળી કૃષ્ણદાસ અધિકારીજીએ શ્રીગુસાંઇજીની ઢાંડી બંધ કરી છતાં જ્યારે કૃષ્ણદાસને પકડવામાં આવ્યા. ત્યારે તેમને છુટા કર્યા સિવાય ભોજન ન કરવાનો નિર્ણય કર્યો. પોતે શ્રીમુખથી કહયું કે મહાપ્રભુજીના સેવકના બંધન મારાથી સહન થશે નહિ પોતાના પરનો અપકાર મનમાં ન લાવ્યા ને શ્રીમહાપ્રભુજીની કૃપાનો વિચાર કરી ઉપકાર કર્યો આજ ઇશ્વરત્વ છે. જીવ તો જીવ બુદ્ધિએ ચાલે પણ ઈશ્વર પોતાનું ઇશ્વરત્વ વિચારે છે. તેમ મોટાએ વિચારવું રહયું.

### ૦ પ્રસંગ-૩૧૫ ૦

એક શ્રીગુસાંઇજી દ્વારિકા પધાર્યા, ત્યારે ગુજરાતના પાદશાહ આગળ ચકડોળ લઈને આપ ચાલવા લાગ્યા ત્યારે એકવાર ચકડોળ રાખીને કહ્યું કે પાદશાહના આગળ કોઈ ચકડોળ રાખીને ચાલતું નથી પોતે કહ્યું કે હા, વાત ખરી છે, પણ હું જાતે ક્યારે બેઠો છું, તમે ચારપાંચ જણે બેસાડયો છે, ત્યારે બેઠો છું, અને ચકડોળ તો શ્રીઠાકોરજીએ આપી છે. તો પાદશાહ શું કરશે ? પાદશાહ આગળ ચાલનારાએ સહમૂદ બેગડા પાસે આવીને કહ્યું કે જુઓ. કોઈ હિંદુ તમારી આગળ ચકડોળમાં બેસીને જાય છે. આ વખતે પાદશાહે કહ્યું કે મારી આગળ માણસ તો ચકડોળે બેસીને જઈ શકે નહિં આ તો કોઈ પરમેશ્વરનું તેજ છે.

**વિવેચન**–મુસલમાન રાજકાળમાં કંઈક અંશે હિંદુઓ પર જુલમ હતો. મહમદ બેગડો ધર્માંધ હતો, અને તેણે બાવન રજપુત ઠકરા તોના ઠાકારને મુસલમાન કર્યા હતા, આના વખતમાં વાહનોમાં બેસીને પાદશાહની પાસેથી કોઈ જઈ શકતું નહી. આ કારણથી ઉચકનારાઓએ રાજનગરમાં ભદ્ર પાસે થઈને જતા ચકડોળ ઉતારીને શ્રીમહાપ્રભુજીને તે બીના કહી. શ્રીમહાપ્રભુજીમાં પ્રેમનું મહાન બળ હતું કે જેને લીધે દર્શન કરનાર આપશ્રીના ઈશ્વરરૂપે દર્શન કરતાં આપનું તેજ અને આપની દ્રષ્ટિ બેઉ મહા ચમત્કારી હતા. મહમદ બેગડા પાસે કોઈએ ચાડીકરી કે એક હિંદુ તમારી પાસે ચકડોળમાં બેસીને જાય છે. આ વખતે મહમદ બેગડાએ મહેલના ઝરૂખામાં આવી જોયું તો સુખપાલમાં મહાન તેજસ્વી સ્વરૂપ દીઠું. આથી બોલ્યો કે આ તો માણસ નથી પણ પ્રભુનું તેજ છે, શું પ્રભુના તેજ સાથે મને વેર કરાવવું છે ? શ્રીમહાપ્રભુજીએ ત્રણ ત્રણ વાર પરિક્રમા કરી પણ કોઈ સ્થાનમાં કોઈએ રોકયા નથી, કે પજવણી કરી નથી. વાદ કરનારા આવે તો પણ આપની નજર પડતા ને તેજ જોતાજ શાંત થઈ જાય આપનો વિશ્વવ્યાપી પ્રેમ સર્વને વશ કરતો માણસોનાં મન પણ મોહિત કરતો, સિકંદર લોદીએ પણ આપના ચમત્કારો જોઈને હોનહાર પાસે ચિત્ર લેવરાવ્યું હતું.

### ૦ પ્રસંગ-૩૧૬ ૦

**શ્રીમહાપ્રભુજીની પરિક્રમાનોએકપ્રસંગઃ**

એકવાર મંગલાના દર્શન સમયે શ્રીગોકુલેશ હોમ ઘરમાં તેલ ચોળવાની ગાદીપર બેઠા હતા, ત્યારે પંચોળીએ કહ્યું. કે રાજ, શ્રીઆચાર્યજીની સાથે પૃથ્વી પરિક્રમામાં પાંચ સેવક હતા, તે પોતે ભિક્ષા કરીને નિર્વાહ કરતા, ત્યારે આપે કહ્યું કે માગો, પણ કોઈને ઝાળા દેખાડશો નહિ, ગોવિંદ દવે, જગન્નાથ જોષી, રામદાસ સિંકદરપુરના કૃષ્ણદાસ મેઘન, દામોદરદાસ હર્ષાની આ પાંચ સાથે હતા.

**વિવેચન**–શ્રીમહાપ્રભુજી સાથે પાંચ સેવકો રહેતા, તેનું કારણ એ કે પાંચ ઈશ્વરના ઐશ્વર્યને વષ્ણવો રૂપ પ્રકટ કર્યા હતાં, તે સાથેજ રહેતાં, ઈશ્વરનાં ઐશ્વર્ય પ્રભુની જોડે જ હોય. છઠું વૈરાગ્યું સ્વરૂપ અને સાતમું ધર્મિ સ્વરૂપ આપ પોતેજ છે. આથી પાંચ વૈષ્ણવો અને છઠ્ઠા પોતે છ ધર્મ અને ધર્મિ સ્વરૂપ છે. એ ધર્મો ઐશ્વર્યાત્મક નથી પણ લીલાત્મક છે. તે ઈશ્વરના આ ભગવદીયો રૂપી લીલાત્મક ધર્મો ભગવદીયોને ઓળખી શકે. માટે સાથે રાખ્યા છે પ્રભુને ચપટી ભિક્ષા કરીને નિર્વાહ કરવાની વાત કોઈના માન્યામાં ન આવે, પણ અહીંઆ ઈશ્વરના ધર્મો–ભગવદીયો ચપટી કરવા જાય ને એ બહાને શ્રીમહાપ્ર-

ભુજીની પધાર્યાની ખબર દૈવીજીવોને આપી શરણે આવવાની ઈશારત કરે છે. વળી ભગવદીયોની દ્રષ્ટિ અલૌકિક હોવાથી એવા લીલામાંથી વિછુરેલા જીવોને ત્યાંજ ચપટી કરવા જાય, ને શ્રીમહાપ્રભુજી પધાર્યાની વધાઈ આપે. વળી માળા દેખાડીને માગવાનું ન કહેવાનું કારણ એ કે માળા દેખશે. તો પ્રભુને બહાને ગમે તે આપશે. પણ તેનું ન જોઈએ માટે આવી આજ્ઞા કરી.

## ૦ પ્રસંગ–૩૧૭ ૦

**શ્રીમહાપ્રભુજીનો સન્યાસઃ**–જયારે બડે શ્રીગુસાંઈજીએ સંન્યાસ લેવાનો વિચાર કર્યો, ત્યારે શ્રીઅકાજીને કહ્યું, પણ આજ્ઞા આપે નહિં. આ વખતે સ્વેચ્છાથી અકસ્માત ઝુંપડામાં આગ લાગી. તે વખતે આપશ્રી પોથી ખોલીને વાંચી રહયા હતા. આથી શ્રીઅકાજીએ કહયું. કે નીકળો કેમ બેસી રહયા છો? ત્યારે કહયું કે આજ્ઞા છે ત્યારે કહ્યું કે જાઓ એટલે ગયા. એક બ્રાહ્મણ સેવક હતો તે એવો બહિર્મુખ હતો કે કહે કે ઉપર ચઢ તો ચઢે તેને ઘેર બધો સાજ કરી રાખ્યો હતો. પણ તેણે કોઈને કહ્યું નહિ. પછી સોમેશ્વર જઈને સંન્યાસ લીધો. ત્યાર પછી ચાળીસ દિવસ સ્થિતિ રહી છે. એક માધવ સન્યાસી સરસ્વતીને વારાણસી જઈને નમસ્કાર કર્યા પોતે કહ્યું કે મારે સન્યાસ છે. ત્યારે બીજા સંન્યાસી પણ હતા. તેમણે પૂછયું કે "किम–तुम" શું કહયું ? તમે ઉપદેશ કર્યા ? ત્યારે તેણે કહયું કે હું કોણને ઉપદેશ કરૂં ? ત્યારે પેલા બીજા સંન્યાસીએ કહયું કે આમનો ગુરૂ કોણ ? એનું સાધન શું ? અને ફળ શું ? ત્યારે માધવ સરસ્વતીએ કહયું કે તમે પુછો, એટલે તેણે પૂછયું કે ગુરૂ વિના સંન્યાસ લેવાનો કહયો છે ? આ સાંભળીને તે પર સંન્યાસ નિર્ણયનો ગ્રંથ આપે વિચાર્યો. પછી શ્રી આચાર્યજીનાં માતાજીને આપે લીલા વિસ્તારી તેથી બહુજ દુઃખ થયું. ત્રણવાર ગંગાજીમાં પડયાં. પણ ત્રણે વાર ગંગાજીએ કાઢી નાખ્યાં.

**વિવેચન**–સ્વાચારે શિક્ષણ આપનાર ધાર્મિક કાર્ય કરનારાઓની આવી ચાલાકી કે કળા પોતાની ફરજ બજાવવા બતાવેલી માલમ પડે છે. આદ્ય શંકરાચાર્યે પણ પોતાને નાનપણથી ઘર છોડવું હતું, માટે મગર પાસે પગ પકડાવી માતા પાસે સંન્યાસનું વચન લીધું. ત્યારે મગર પાસેથી પગ છુટયો હતો. અહીં સર્વ ત્યાગ વિરહ નથી એ બતાવવા આપે સર્વનો ત્યાગ કર્યો. ને વિરહનો આંતર અનુભવ તો સદાજ હતો, પણ બાહય અનુભવ પણ કર્યો. આપ કોઈને ખબર ન પડે તેમ ચાલી નીકળતા હતા, શોધ કરતા હનુમાન ઘાટ ઉપર દિવ્ય સ્વરૂપે નર્યા તેજસ્વી શરીરે છેક આંગળી જેવા બનેલા દીઠા, આપને ભોજન વગેરે કર્યા પણ ઘણા દિવસ થઈ ગયા હતા. જો કે જીવનભર આપે અસાધારણ ત્યાગ બતાવ્યો છે. પણ છેવટે ભોજન શુદ્ધાનો ત્યાગ કરી ત્યાગની અવધીજ દર્શાવી. આપ તો ઇશ્વરજ છે, ઈશ્વરને પ્રાકૃતિક ભૂખ તરસ બાંધો કરતાં નથી. એ પણ અહીં ભગવદીયોને પ્રત્યક્ષ બતાવ્યું. છેવટની શ્રીગુસાંઈજી શ્રીગોપીનાથજી દામોદરદાસ હરસાની વગેરેની પાસેથી આજ્ઞા શિક્ષાશ્લોકી છે. શિક્ષાશ્લોકીમાં આપે પ્રભુ પરના વિશ્વાસને અવલંબી બહિર્મુખ ન થવાની આજ્ઞા કરી છે. અરે વિશ્વાસજ મહાન વસ્તુ છે; એ જણાવવા શ્રીઠાકોરજી ત્યાં પ્રકટ થયા, ને દોઢ શ્લોકથી વિશ્વાસનું મહાત્મ્ય બતાવ્યું. છેવટે ચાળીસમે દિવસે વિરહનો પૂર્ણ અનુભવ કરી આપ સદેહે ગંગાજીમાં બિરાજ્ય અને જેમ કોઈ નાવ તરતું તરતું વચ્ચોવચ્ચ જઈ આગથી અદ્દશ્ય થઈ જાય, તેમ આ પુષ્ટિભક્તિ માર્ગનું·

ભગવદીયોને તારનારૂં શ્રીવલ્લભ નામધારી અલૌકિક નાવ સંદેહે અગ્નિસ્તંભ થઇ અદ્રશ્ય થયું. બાહ્ય અનુભવાતું બંધ થઈ આંતર અનુભવમાં પ્રવેશ્યુ માતાજી શ્રીએલ્લંમાગારૂજી તે વખતે બિરાજમાન હતાં. તેમને બહુજ દુઃખ થયું; તેથી શ્રીગંગાજીમાં પડયાં, પણ શ્રીગંગાજીએ ઉછાળી બહાર પધરાવ્યાં. થોડા સમય પછી તેમણે પણ લીલા પ્રવેશ કર્યો.

## ૦ પ્રસંગ–૩૧૮ ૦

**બેટી વગરનું કુળ શું?**–એકવાર બેટા બેટીની વાત ચાલી, ત્યારે પોતે કહ્યું કે બેટી શી ખોટી છે કે સહું કોઈ બેટા માગે છે, પણ કોઇ બેટી નથી માગતું? અમારા આચાર્યશ્રીના માતુશ્રીએ ત્રિવેણી પાસે કામના કરીને બેટી માગી; કારણ કે બેટી વિનાનું કુલ શું? ત્રણ બેટા થયા પણ બેટી નહિ, ત્યારે પોતે માગ્યું કે મારા બેટાને બેટી થાય ત્યારે ત્રિવેણીએ કહ્યું કે તમારા બેટાને પણ બેટી નહિ થાય, પણ બેટાના બેટાને ત્યાં બેટી થશે, પછી શ્રી ગોપીનાથજીને અને શ્રી ગુસાંઇજીને બેટી થઈ પ્રથમ સોમયાજીથી લઇને યજ્ઞનારાયણ ભટ સુધી કોઈને બેટી નહિ.

**વિવેચન**–આ પ્રસંગ હાલ કેટલાક લોકોને પોતાને ઘેર બેટી જન્મે તે પ્રિય નથી હોતું, તેમને બહુ સમજવા જેવો છે, દીકરી વગર કુળ દીપતું નથી. દીકરીનું દાન એ યજ્ઞ છે. લગ્ન એ યજ્ઞ છે, તે યજ્ઞમાં દીકરીનો બાપ પોતાની દીકરી ગૃહયજ્ઞ કરવા માટે ગૃહિણી તરીકે તેના ધણીને સોંપે છે. ને પછી બેઉ ભક્તિમાર્ગીય ગૃહસંસાર વડે જીવન સફળ કરી લે. આત્મિક સંબંધીઓનાં લગ્ન મહાન વસ્તુ છે. વળી કુળમાં દીકરી હોય તો એ માર્ગે એટલે દીકરીને દાન કરવાથી પુણ્યની ઇચ્છા કરનારને પુણ્ય પણ થાય છે, કન્યાદાનનું ફળ મહાન ગણાય છે, ને સામાન્ય લોકો પણ અમુક રૂપીઆ આપવાના કરી કોઇ કન્યાનું દાન કરી પુણ્ય પ્રાપ્ત કરવાની ઇચ્છા કરે છે. આમ મર્યાદા અને પુષ્ટિ બેઉ દ્રષ્ટિએ કન્યા પવિત્ર વસ્તુ છે, માટે ત્રિવેણીની પૂજા કરી ત્રિવેણી પાસે શ્રીએલ્લંમાગારૂજીએ બેટી માગી. ત્રિવેણીએ કહયું કે તમને બેટી નહિ થાય, તો માતાજીએ કહયું, મારા દીકરાને ઘેર બેટી થાય, કુળમાં બેટી થશે, તો પણ સારૂ એમ સમજી એમ માગ્યું. તો પણ ત્રિવેણીએ કહયું કે તમારા બેટાના બેટાને ઘેર બેટી થશે. આ વરદાનથી શ્રીગોપીનાથજીને ત્યાં શ્રીગુસાંઇજીને ત્યાં બેટીઓ પ્રકટ થઈ હતી. બેટી એ કુળની લમી છે, જે કુળ દીકરીઓનું બહુ સન્માન કરે છે, તે કુળ દીકરીઓના આશીર્વાદથી સુખી રહે છે, પણ અહીં યાદ રાખવું કે કન્યાનું દાન જ ઘટે છે. ઇચ્છાએજ બેટી પવિત્ર વસ્તુ છે.

## * પ્રસંગ ૩૧૯ *

**શ્રીમહાપ્રભુજીના સ્વરૂપનું જ્ઞાનસગાંસંબંધીઓને પણ હતું.**–અમારાં કાકીની માતાજી કહેતાં કે મારે બે બેટી છે, તે લૌકિક સાધવાને માટે છે. અને ગોવિંદ મામા કહેતા કે શ્રીગુસાંઇજીને બે બાળક બીજાં થાય તો હું ફરીથી વિવાહ કરૂં, અને અમારાં દાદીમાએ શ્રીઆચાર્યજીને કહયું કે હું શ્રીગુસાંઇજીને બેટી ત્યારે આપું કે તમે અમને નમસ્કાર ન કરો. અને ઉભા ન થાઓ એ શ્રીમહાપ્રભુના સેવક હતા પણ જ્યારે શ્રીમહાપ્રભુજીએ બેટી માગી ત્યારે સાંભળી રહયા, આ વખતે શ્રીમહાપ્રભુજીએ વિચાર્યું કે મને ઉત્તર ન આપ્યો. જયારે આગ્રહથી પૂછયું ત્યારે એવું કહયું કે વિવાહ કરીને શું મારો સેવક ધર્મ ખોઉં? જો તમે નમસ્કાર ન કરો, અને ઉભા ન થાઓ, તો બેટી આપું. ત્યારે પોતે કહયું કે નમસ્કાર નહીં કરીએ એટલે વિવાહ

કર્યાં. ત્યાર પછી કોઈ વૈષ્ણવની કોઠી લીધી નહિ, અને કહ્યું કે વૈષ્ણવનું દ્રવ્ય એ તો મારી બેટીનું છે.

**વિવેચન**–સાતે બાળકો શ્રીગુસાંઈજીને કાકાજી કહેતાં અને શ્રીરૂક્મિણીમાતાજીને સાતેય બાળકો કાકીજી કહેતા. કાકીજીનાં માતાજી એટલે પોતાનાં માંના બા દાદીમાં કહેવાય તેમને ત્રણ બેટી હતી. બે સામાન્ય જ્ઞાતીવાળાને ત્યાં આપી હશે, ને એક શ્રીરૂક્મિણીજી શ્રીગુસાંઈજીને પરણાવ્યાં, તેથી અલૌકિકમાં ગણાયા. શ્રીરૂક્મિણીજીને અઢાર બાળક થયાં, તેમાં સાત લાલજી ને ચાર બેટીજી ઉછર્યા. શાસ્ત્રમાં એવો નિયમ છે કે વીસ બાળક જો એકજ સ્ત્રીથી કોઈને થાય. તો ફરી તે બેઉ દંપતીનો વિવાહ કરવો પડે છે, આથી ગોવિંદમામા તે શ્રીરૂક્મિણીના ભાઈ તેમણે કહ્યું કે અઢાર બાળક થયા ને બીજા બે થાય, તો હું શ્રીગુસાંઈજીનો ને શ્રીરૂક્મિણીજીનો ફરી વિવાહ કરૂં. પણ ત્યાર પછી થોડી મુદતમાં શ્રીરુક્મિણીજીએ લીલા વિસ્તારી, એટલે દુર્ગાવતી રાણી અને ગંગા બેટીજીના આગ્રહથી શ્રીગુસાંઈજીએ ફરીથી શ્રીપદ્માવતી વહુજી સાથે લગ્ન કર્યું. શ્રીમહાપ્રભુજીએ જ્યારે શ્રીરૂક્મિણીજીની માગણી શ્રીગુસાંઈજીને માટે રુક્મિણીજીનાં માતુશ્રી પાસે કરી, ત્યારે તેમણે કહ્યું કે આપના લાલજીને અમે બેટી આપીએ એટલે વેવાઈનો સંબંધ થયો, આથી વેવાઈ તરીકે આપ અમને નમસ્કાર કરો. હવે અમે તો બધાં આપનાં સેવક, એટલે આપ અમને સગાઈને બહાને નમો તો પણ અમારો ધર્મ જાય માટે અમને નમસ્કાર ન કરવાનું વચન આપો તો અમે તમારી સાથે સગપણમાં ઉતરીએ, એટલે કે શ્રીગુસાંઈજીને અમારી દીકરી આપીએ, શ્રીમહાપ્રભુજીએ આ વાત કબુલ કરી, એટલે શ્રીરૂક્મિણીનાં માતાજીએ આ શ્રીગુસાંઈજી સાથે શ્રીરૂક્મિણીજીનાં લગ્ન કર્યાં, વળી વૈષ્ણવ એ શ્રીગુસાંઈજીને પુત્ર સમાન છે એટલે કોઈ વૈષ્ણવનાં ઘરનું શ્રીરૂક્મિણીજીના માતાજી કંઈપણ લે તો શ્રીગુસાંઈજીના ઘરનું લીધા સમાન છે, માટે કશું કોઈ વૈષ્ણવનું લેતા નહિ આવા ભાવને ધન્ય છે.

## ૦ પ્રસંગ–૩૨૦ ૦

### શ્રીગોકુલેશનેસર્વઅધિકારની સોંપણી–

જ્યારે શ્રીગુસાંઈજી દ્વારિકાથી પધાર્યા, ત્યારે શ્રીગોકુલેશ ગોકુળ હતા, આથી શ્રીગુસાંઈજી વારંવાર સંભારે કે શ્રીવલ્લભ (શ્રીગોકુલેશ) આવ્યો નહિ. ત્યારે શોભા બેટીજીએ કહ્યું કે જો કંઈ કહેવું હોય તો શ્રીગિરિધરજી છે. ત્યારે શ્રીગુસાંઈજીએ કહ્યું કે હાં, હાં સર્વ છે. ત્યારબાદ શ્રીગોકુલેશ પધાર્યા. તેથી શ્રીગુસાંઈજી ઘણું પ્રસન્ન થયા, પછી પર્વત પર પધારી શ્રી નાથજી શ્રીગોકુલનાથજીને સોંપ્યા, અને કહ્યું કે આ તમારા છે, અને તમને સોંપીએ છીએ. પછી નીચે પધારીને શ્રીગોકુલેશને કંઠે માળા સમર્પી. કારણ કે પોતે પરમવલ્લભ હતા. પોતાની પાઘ પણ શ્રી–મસ્તકપર બાંધી. શ્રીગોકુલેશમાં આચાર્ય લક્ષણ ન્યૂન ન કર્યું અને કહ્યું કે શ્રીગોકુળ જાઓ, અને હરિવંશજીને સાથે લઈ જાઓ. જો એ રહેશે તો ખેદ પામશે. શ્રીગોકુલેશ સાથે મુકુંદદાસ શેખર યમુનાવતી સુધી પહોંચાડવા ગયા, ત્યારે શ્રીગોકુલેશે કહ્યું કે આ સમય જવાનો નથી, પણ અન્યોરમાં રહું, તો છુપો રહી શકું નહિ. વૈષ્ણવો જાણ્યા વિના રહે નહિ, પછી શ્રીગોકુળ પધાર્યા. મુકુંદદાસ શેખર પાછા ફરી શ્રીગુસાંઈજી પાસે આવ્યા, એટલે શ્રીગોકુલેશના સમાચાર પૂછ્યા, એટલે અવસ્થા સાથે સમાચાર કહ્યા. એટલે શ્રીગુસાંઈજીએ કહ્યું કે હા, હું જાણું છું.

**વિવેચન**–ઉપલો પ્રસંગ શ્રીગોકુલેશ પરની શ્રીગુસાંઈજીની અનહદ પ્રીતિ બતાવે છે. શ્રીગુસાંઇજીએ લીલા વિસ્તારી તે સમયનો ઉપરનો પ્રસંગ છે. દ્વારિકાથી આપ જતીપુરા એટલે શ્રીગિરિરાજજી પધાર્યા, અને તે સમયે પોતે શ્રીગોકુલનાથજીને યાદ કર્યા. શ્રીગોકુલેશ પધાર્યા એટલે શ્રીગુસાંઈજી ઘણું પ્રસન્ન થયા શ્રી-ગુસાંઈજી પાછળના વિકટ સમય જાણતા હતા, આથી શ્રીગોકુલેશ સર્વ પ્રકારના બુદ્ધિચાતુર્ય અને પ્રેમનાં સામર્થ્ય વડેજ એ વિકટ સમયમાં સંપ્રદાયનું રક્ષણ થશે, એમ સમજી શ્રીગુસાં-ઇજીએ શ્રીગોકુલેશને પોતાનાં શ્રીકંઠનાં માળાજી, શ્રીમસ્તકની ઐશ્વર્યવતી પાઘ અને સાથે પોતાનું સર્વસ્વ શ્રીનાથજી તે શ્રીગોકુ-લેશને સોંપ્યા, શ્રીગોકુલેશ શ્રીમહાપ્રભુજીનું પુનઃ પ્રાકટય હતું, એટલે શ્રીમહાપ્રભુજીના પ્રાકટય સામર્થ્યવાળા શ્રીગોકુલેશને સમુદાયની અને કુટુંબની સોંપણી કરી. શ્રીગોકુલેશ સાથે ચાચા હરિવંશજીને પણ શ્રીગોકુળ મોકલ્યા કારણ કે શ્રીગુસાંઈજીમાં આશક્ત ચાચાજી શ્રીગુસાંઈજીનું લીલા વિસ્તારવું નીરખતાંજ વિરહથી ખેદ પામી દેહ છોડી દે, જો ચાચાજી શ્રીગોકુલેશ પાસે હોય તો દાદાજીના ને પિતૃ-ચરણના સમાન સામર્થ્યના શ્રીગોકુલેશથી વિરહની અસર ન જણાય, જેમ રસિક ભક્તને એક સ્વરૂપ પ્રભુ અંતર્ધાન કરી બીજે સ્વરૂપ દર્શન દે, તો વિરહનું દુઃખ જણાતું નથી, તેવી આ વાત છે શ્રીગોકુલેશ આ વાત ખાસ જાણતા હતા. તેથી પોતે જવાની ઈચ્છા ધરાવતા નહોતા, પણ શ્રીગુસાંઈજીની આજ્ઞા થઈ એટલે જવું પડે, આમ ગયા તો ખરા પણ પોતાનો આત્મા શ્રીગુસાંઈજીમાંજ બિરાજતો, કારણ કે શ્રીગુસાંઈજીએ આમ પોતાનો અભિષેક કર્યો તેથી સમજતા જ હતા, કે હવે પોતે લીલા વિસ્તારશે, શ્રી ગોકુલેશને મુકવા જનાર મુકું-દદાસ શેખરે શ્રી ગોકુલેશના મનની સ્થિતિ કહી કે પોતાને હાલ બીલકુલ જવું નહોતું, અન્યોરમાં છુપા રહેવાની પણ ઇચ્છા હતી પણ છુપા ન રહી શકાય, માટે હૃદય અહીં છે, અને પધાર્યા છે. પોતાના પર શ્રીગોકુલેશની અનહદ પ્રીતિ છે તે વાત શ્રીગુસાંઇજી જાણતા હતા આથી કહ્યું કે શ્રીવલ્લભના મનની સ્થિતી હું જાણું છું. પરસ્પર પિત્રા પુત્રની એકબીજા-માં એટલી બધી આસક્તિ હતી કે શ્રીગોકુલેશ રાત્રે પોઢયા હોય ત્યારે પણ વહાલપણને લીધે શ્રીગુસાંઇજી શ્રી ગોકુલેશના અંગપર વારંમવાર હસ્ત ફેરવી જાય. અહીં યાદ રાખવું કે શ્રી ગુસાંઇજીની પ્રીતિ સર્વ એટલે સાતેય બાળકો પર સમાન છે, પણ શ્રી વલ્લભ યશ સ્વરૂપ હોવાથી એ સ્વરૂપમાં આપ સર્વત્ર વિજય જુએ છે. આજે ચતુર્થપીઠને સર્વ સોંપેલા અધિકારો છે, શ્રીગિરીરાજની અન્નકુટ સમયે (ગોવર્ધન) પૂજા ચતુર્થ પીઠપર બિરાજનાર બાળક જ કરે છે. આ વિચારે તે પીઠ મુખ્ય પીઠ ગણાય.

## * પ્રસંગ-૩૨૧ *

**વાર્તામાં વરસાદ અટકાવ્યો**:–શ્રીઆચાર્યજી દ્વારિકામાં કથા કહેતા હતા, ત્યારે વરસાદ આવ્યો, આ વખતે પોતે ઉંચે જોયું, તેથી સભામાં ન વર્ષ્યો; આ વખતે નારાયણ દવેએ વિનતી કરી કે રાજ આ શું ? રાજ છો તે છો. આ અમને શું બતાવો છો ? ત્યારે કહ્યું કે ના કશું બતાવતો નથી, પણ વરસાદ આવે તો રસાભાસ થાય. માટે સભામાંથી વરસાદને દૂર કર્યો.

**વિવેચન**—પ્રભુના ભકતોના સામર્થ્યથી વરસાદ બંધ રહે, તો શ્રીમહાપ્રભુજીની આજ્ઞાનું તો કહેવુંજ શું ? આપે કંઈ માહાત્મ્ય બતાવવા વરસાદ નહોતો અટકાવ્યો

પણ ઉપરના વૈષ્ણવને એમ લાગ્યું એટલે પૂછયું, આથી કહ્યું કે ભગવદ્વાર્તામાં રસાભાસ ન થાય માટે વરસાદ અટકાવ્યો છે. વળી આજે ઇંદ્રના ઉપર પણ મહાન કૃપા કરી, કારણ કે એક વાર તો મેઘ વરસાવી ગિરિરાજ ધારણ કરાવ્યો, ને આજે પણ ભગવદ્વાર્તામાં સદા પ્રભુ સાક્ષાત પધારે છે, તેમને વૃષ્ટિ વડે તકલીફ પડે તો પ્રભુને ન ગમે ને ઇંદ્ર પર નારાજ થાય, માટે વરસાદ અટકાવ્યો. જ્યાં ભગવદ્વાર્તા થાય ત્યાં સાક્ષાત પ્રભુ પધારે છે, જો પ્રભુ ન પધારે તો રસજ ન આવે. આ વાત પણ અહીં યાદ રાખવી. સાક્ષાત પ્રભુ બીરાજતા હોય ત્યાં જેટલી સાવધાનતા રાખીએ એટલીજ સાવધાનતા ને વિવેક ભગવત મંડળીમાં જોઇએ. પ્રભુ સ્વયશોગાન સદષ્ટ છે, જો વાર્તામાં રસાભાસ થાય તો પોતે નારાજ થઈ જાય, માટે વરસાદથી વાર્તામાં રસાભાસ ન થાય માટે વરસાદ શ્રીમહાપ્રભુજીએ અટકાવ્યો. એક ભગવદીય પણ એકવાર યાત્રામાં ભગવદીયો પ્રસાદ લેવા બેઠા; ત્યારે સંકટ ન પડે માટે વરસતા વરસાદને અટકાવ્યો હતો. આ વાત ભગવદીયો માટે અને શ્રીમહાપ્રભુજી માટે બહુ મોટી નથી. જ્યાં ભગવદીયોનાં સર્વ ચરિત્રોજ ચમત્કારી હતાં ત્યાં કયા ચમત્કારથી મોહ પામવું.

## * પ્રસંગ—૩૨૨ *

**શ્રીઘનશ્યામજીનો એક પ્રસંગઃ**—એક દિવસે કશી વાત નીકળી. પોતેશ્રીએ કહ્યું કે શ્રીઘનશ્યામજી મારી આ ઘડી વિચારે તો શું ? ત્યારેજ શ્રીઘનશ્યામજીને જાણીએ.

**વિવેચન**—આ પ્રસંગ શા પર છે, તે સમજણજ પડતી નથી. કદાચ વિરહની દેહ છોડતી વખતનો પ્રસંગ હોય. શ્રીમદનમોહનજી ચોરીમાં પધાર્યા, ત્યારે વિરહાગ્નિ સાગરમાં બળીને ભસ્મ સમાન બનેલા શ્રીઘનશ્યામજી દેહ છોડવાની તૈયારીમાં હોય ને શ્રીગોકુલેશ કહેતા હોય કે આટલો વખત શ્રીઘનશ્યામજી દેહ ટકાવી રાખે તો સારૂં, પોતે વિરહમાં ઘણું આશ્વાસન આપ્યું, પણ શ્રીઘનશ્યામજીના ચિત્તને શાંતિ નજ થઇ ને વિરહમાંજ દેહ મુકી દીધી, આ પ્રસંગનો ખરેખરો નિશ્ચય નથી થતો એટલે તે સંબંધી વિશેષ વિવેચન શું કરવું ?

## * પ્રસંગ—૩૨૩ *

**અલૌકિક દંડ મહાન દંડ છેઃ**—એક વાર શ્રીગોકુલેશના પુત્ર શ્રીગોપાળલાલજીએ કહ્યું કે આમણે કાકાજીનો આટલો દ્રોહ કર્યો, પણ કાકાજીએ કશી સજા ન કરી. આ મોટું આશ્ચર્ય લાગે છે. કશો તો દંડ દેવો જોઇએ. તે વખતે જેની આગળ કહ્યું તેણે કહ્યું કે આશ્ચર્ય કંઇ નથી. બહુજ દંડ દીધો છે. માર્ગમાં તેજ દંડ છે. કે માર્ગનું કશું જ્ઞાન નહિ. આથી વળી બીજો દંડ શો આપે ? આ સાંભળી શ્રીવિઠ્ઠલરાયજીએ કહ્યું કે તે તો તેમને ખબર નથી. પણ તેમણે જાણવું જોઈએ કે અમને દંડ થયો છે. ત્યારે કહ્યું કે જાણે તો દંડ શો ? પણ તે તો કૃપાસ્તો. લૌકિક દંડની ખબર પડે અલૌકિકની ખબર ન પડે, આ તો તમે લૌકિક દ્રષ્ટાંત આપીને કહો છો, કે જો એ કંઇ લૌકિક દંડ પામે તો સુખ ઘણું ઘણું અને તેમ તેમ ઘણું ઘણું કરે. અને ઉન્મતતા વધે. અલૌકિક દંડજ ખરૂં જોતાં સત્ય દંડ છે, (ખરો દંડ અલૌકિકજ છે.)

**વિવેચન**—આ પ્રસંગ પણ કોના સંબંધી છે. તે સ્પષ્ટ સમજાતો નથી, પણ વૈષ્ણવ બંધુઓએ તે વિચારવા જેવો છે. પ્રભુનો દ્રોહ એ મહાન સજા છે જે જીવ નિર્ભાગી હોય તેજ પ્રભુનો દ્રોહ કરે છે, વળી દ્રોહ કરે ને તે કોઈ પ્રકારની સજા કરીને મુક્ત કરે તો

મોટી કૃપા થાય, કારણ કે સજાથી ગુનો માફ થઈ જાય. ને જીવ શુદ્ધ બને. સજા એટલે પ્રાયશ્ચિત ગણાય. સજા બે પ્રકારની લૌકિક અને અલૌકિક. લૌકિક સજા સારી કે જે સજા અહીં ભૂતળ પર ભોગવવી પડે કે જેની પછી ચિંતાજ નહિ. અલૌકિક સજા મહા દુઃખદ છે, કારણ કે તે ભવોભવની સજા છે પ્રભુના સ્વરૂપનું કે પુષ્ટિમાર્ગનું જ્ઞાન કૃપા વડે થાય, એ કૃપાજ દ્રોહી પર ન થાય પછી સંપ્રદાયનું જ્ઞાન કયાંથી થાય ? અને સંપ્રદાયનું જ્ઞાન ન થાય એટલે એના જેવી મોટી બીજી સજા કઈ ? લૌકિક દંડ પ્રકટ જણાય છે ને અલૌકિક દંડની જીવને ખબર પડતી નથી પણ અલૌકિક દંડ એ બહુજ મહાન દંડ છે. માટે ભૂલ્યે ચૂકયે શ્રીવલ્લભકુળનો કે વૈષ્ણવનો દ્રોહ ન કરવો. ખરી રીતે સાચા સંતને તો કોઈનો દ્રોહ કરવાનો હોયજ નહિ. વૈષ્ણવ થઈને કોઈપણ કારણસર કોઈ જીવ પર પણ દ્રોહ રાખે તો તે ખરો વૈષ્ણવ નહિ, પણ વૈષ્ણવતાનો આભાસજ તેનામાં છે એમ જાણવું કોઈનો દ્રોહ એ પ્રભુનોજ દ્રોહ છે, કારણ કે જીવ માત્ર પ્રભુના અંશ છે, આ વાત ભગદીયોએ તો ડગલે ને પગલે યાદ રાખવી જોઈએ.

## * પ્રસંગ–૩૨૪ *

**ચાચાજીનું સામર્થ્ય**:–એક વાર શ્રીબાળકૃષ્ણલાલજી ગુજરાત પધાર્યા હતા. ત્યારે શ્રીગોકુલેશ મળવા ગયા પોતે શ્રીગોકુલનાથજી શ્રીજીદ્વાર પધારતા હતા, ત્યારે વિચાર્યું કે મળીને જઇએ પછી બાળકૃષ્ણજીને યાદ આવ્યું એટલે બાળકૃષ્ણજીને કહ્યું કે હું ગુજરાત જઇને શું કરૂં. ચાચા હરિવંશજી જાય છે, આથી શ્રીગોકુલેશે ચાચાજીને ના કહ્યું એટલે શ્રીબાળકૃષ્ણજી સિધાવ્યા.

**વિવેચન**:–આ પ્રસંગ બહુજ વિચારવા જેવો છે. શ્રીમહાપ્રભુજીના અને શ્રીગુસાંઇજીના સેવકોનું સામર્થ્ય વ્યક્ત કરનારો આ પ્રસંગ છે. સાત બાળકો પરદેશ પધારતા. તે સંપ્રદાયના પ્રચાર માટે દૈવીજીવને શરણે લેવા માટે પધારતા, પણ ચાચાજી ગુજરાત પધારતા હોવાથી શ્રીબાલકૃષ્ણલાલજી ગુજરાત પધારવાનુ માંડી વાળે છે, કારણ કે ચાચાજીના સત્સંગથી પણ બાલકૃષ્ણલાલજીના જેટલું જ કાર્ય થાય. જે દૈવીજીવો હશે તે ચાચાજીના સંગથી પણ શરણે આવશે, માટે મારે જવાની શી જરૂર છે. એવું શ્રીબાળકૃષ્ણલાલજી શ્રીગોકુલેશને કહે છે. આ વખતે ચાચાજીને ગુજરાત જતા શ્રીગોકુલેશે અટકાવ્યા. અહીં એક વાત ખાસ ધ્યાનમાં રાખવાની છે કે શ્રીગોકુલેશની સાથે ચાચાજીનો ખાસ અંતરંગ સંબંધ છે.

બીજી વાત એ યાદ રાખવા જેવી છે કે પહેલાં શ્રીગોસ્વામી બાળકો પણ ભગવદીયોની સાથે રમતને બહાને ફરતા. સાતેય લાલજી અષ્ટ સખા વિગેરે મહાનુભાવીઓનો કેડોજ મૂકતા નહિ, કારણ કે રસિલા મસ્ત ભગવદી. ચોની પાસેથી કંઇને કંઈ જાણવાનું મળે. વળી બાળકો પ્રસંગ પણ કહેવરાવતા, જેમ દામોદરદાસ હરસાનીને સંપ્રદાયનું રહસ્ય પ્રકટ કરવા શ્રીગુસાંઇજીની પાસે શ્રીમહાપ્રભુજીએ મુકયા હતા, તેમ શ્રી ગુસાંઇજીએ સાતેય લાલજી પાસે સંપ્રદાયનું રહસ્ય પ્રકટ કરવા ચાચાજીને પોતાની પાછળ મુકયા હતા, કારણ કે શ્રીમહાપ્રભુજીએ પોતાનું મહાત્મ્ય પોતાના વંશમાં મુકયું હતું અને પોતાના આશયો અનન્ય ભકતોમાં ધર્યા હતા, આથી શ્રીગુસાંઇજી પણ શ્રીસર્વોત્તમમાં કહે છે કે "અનન્ય ભકતેષુ જ્ઞાપિતાશયાય નમઃ" અને "સ્વવશે સ્થાપિતાશેષ સ્વમહાત્માય નમઃ" વાત સ્પષ્ટ છે.

## ૦ પ્રસંગ-૩૨૫ ૦

**ભગવદીયની વાર્તા કથાના ફળરૂપ વાર્તા** છે:-એકવાર શ્રીગોકુલેશ કથા કહેતા હતા, ત્યારે દામોદરદાસ હર્ષાનીની વાત ચાલી, તે વખતે શ્રીગોકુલેશ વાત કરતાં કરતાં રસબસ થઈ ગયા. આ વખતે કોઈએ કહ્યું કે આજે કથા રહી. ત્યારે શ્રીગોકુલેશે કહ્યું કે અમે તો કથાનું ફળ કહીએ છીએ.

**વિવેચન**-ભગવદીયની વાર્તાને સંબંધેજ પ્રભુના ચરિત્ર પ્રકટ થાય. શ્રીમહાપ્રભુજીના સ્વરૂપનું જ્ઞાન અને એ સ્વરૂપમાં આસક્તિ એ પુષ્ટિભક્તને ખાસ ફળે છે. દામોદરદાસ હર્ષાનીની વાર્તા કરતાં એ મહાનુભાવી શ્રીમહાપ્રભુજીમાં તલ્લીન હોવાથી વાર્તા કહેનાર પણ તલ્લીન થાય, અને શ્રોતા પણ શ્રીમહાપ્રભુજીમાં તલ્લીન થાય આજ ફળ છે, શ્રીમહાપ્રભુજી આનંદ પરમાનંદ સ્વરૂપ હોવાથી તેમાં તલ્લીન થનાર આનંદ પરમાનંદમાં ડુબી જાય, તો એ વાર્તા ફળરૂપ ખરીજ. જેને દામોદરદાસ હર્ષાની અને શ્રીપ્રભુજીના પરસ્પર પ્રેમની ખબર નથી તેમને તો દામોદરદાસની વાત સાંભળવા છતાં વાર્તા રહી એમ લાગ્યું. આ વખતે શ્રીગોકુલેશ નિઃશ્વાસ નાખીને કહે છે કે આવા મહાનુભાવીની ફળરૂપ વાર્તા કહી છતાં સ્વાદ ન આવ્યો ને વાર્તા રહી એમ કહે છે. ફળ આપવા છતાં ખાતા કે ચાખતા નથી આવડતું. માટે પોતાને ખેદ થયો. બીજી રીતે કહીએ તો તો ભગવદીયોની વાર્તા સાંભળી તે પ્રમાણે આચરણ કરવાથી જીવન ફરી જાય છે, દિવ્ય બની જાય છે. માટે ભગવદીયોની વાર્તા ફળરૂપ છે, જેમ ફળ ખાવાથી જીવન પોષાય છે, તેમ ભગવદીયોની વાર્તાઓ પણ ફળ સ્વરૂપ હોઈ તેણે જીવનની પોષણ છે. મોટાઓના ચરિત્રો સાંભળીને પણ ભક્તિ એટલે પ્રભુ પરના પ્રેમનાં પોષણ થાય છે. માટે તે વાર્તાઓ ફળરૂપ છે. બસો બાવન ચોરાસીની વાર્તાઓ આથીજ શ્રીગોકુલેશ પ્રગટ કહી છે.

## ૦ પ્રસંગ-૩૨૬ ૦

એક દિવસે કહ્યું કે ચંદાબાઈ જોધપુરના માલદેવની હતી. ચંદાબાઈ પ્રભુમાં આશક્ત હતી, તેથી માલદેવને તે ન ગમ્યું અને તેણે એકવાર અહિં સંબંધી નિંદિત વચન કહ્યું આથી ઝરૂખમાંથી નીચે પડી ગઈ, આ વાત મારે કાજે આવી, હવે ભગવદિચ્છા એવી કે ચંદાબાઈએ મોટો લેંઘો પહેર્યો હતો. આથી વાયરો તેમાં ભરાયો, આથી જેમ પક્ષી ઉડે તેમ પડી એટલે ચોટ લાગી નહિ, આ વખતે સાહેલીઓ દોડી આવી, ઉઠાવીને ઘરમાં લઈ ગઈ. ત્યારપછી કદી તેના ધણીને તેના પર મોહ ન થયો, ત્યારે કોઈએ કહ્યું કે ભરથાર સાથે ટેક રહી ભલી ? આ વખતે શ્રીમુખે કહ્યું કે તે રાણા ઉદેસિંહની બહેની બેટી હતી, તે એકેવાર જહાંગીર બાદશાહના હાથમાં ન આવે. એક વખતે તે મથુરાજીમાં હતી ત્યારે તેને કોઈએ કહ્યું કે રાણા ઉદેસિંહની બેટી મથુરાજીમાં છે. આથી આ વખતે તેને જહાંગીર લઈ ગયો. અહિં તેનું તેજ જોઈને જહાંગીર થરથરી ગયો અને કહ્યું કે રાણાજી અમને મળતા નથી. ત્યારે ચંદાબાઈએ કહ્યું કે તેમાં અમે શું કરીએ ? મને રાખવાથી શું તે તમને મળશે ? આ સાંભળી પછી જહાંગીરે પાંચસો વીઘા જમીન અને બેજોડી પાવડીઓ આપીને માનભેર વિદાય કરી, અને મહેલમાં સર્વ કોઈને દેખાડી કે જુઓ આ રાણાજીની બેટી છે. રાણાજીની આ બેટી એવીતેજસ્વી હતી. પછી તે પાવડી તો મને સમપી, તે શ્રીઘનશ્યામજીનાં ભાગમાં ગઈ આપણા ભંડાર પાસે છે, તે ઘર ચંદાબાઈનું છે, અને બીજું

એક ઘર મથુરામાં વિશ્રાંતિઘાટમાં તેણે સમર્પ્યું અને જશોદા ઘાટનું સ્થળ ચંદાબાઈએ સમરાવ્યું. વૃદ્ધ થઈ હતી, પણ મોં પર તેજ એવું કે શું કહીએ ?

**વિવેચન**–ચંદાબાઈ મહાન અનન્યશ્રીકૃષ્ણની ભકત હતી. શ્રીગુસાંઈજીના તેને બ્રહ્મસંબંધ હતાં, શ્રીગુસાંઇજીના સ્વરૂપનો તેને બરાબર અનુભવ હતો. તે પરણીને સાસરે ગઈ ત્યાં તેની ભક્તિમય જિંદગી જોઈને તેના ધણીને ગમ્યું નહિ, આથી તેણે પ્રભુને ન કહેવાનાં વચન કહયાં તેથી ચંદાબાઈ મહેલને છેક ઉચે મજલેથી ઝરૂખામાંથી પ્રાણ તજવા માટે કુદી પડી, પ્રભુની નિંદા સહન થઇ શકી નહિ. તેથી આમ કર્યું, તેના લેંઘામાં પવન ભરાઈ ગયો, પ્રભુએજ તેવી સ્થિતિ કરી મુકી. જેથી પંખી જેમ ઉંચેથી નીચે ઉતરે તમે ધીમે ધીમે નીચે ઉતરી ને લગાર ઈજા ન થઈ. પછી તેની દાસીઓ દોડી આવીને એ સ્થિતિ જોઇને નવાઈ પામી. તેની સાથે ઉદેપુરથી સવાર આવેલા તેમણે ચંદાબાઈનો પક્ષ કરી તોફાન કરવાનો વિચાર કર્યો. પણ ચંદાબાઇએ સ્પષ્ટ ના પાડી. આખરે ગામ બહાર બગીચામાં એકલી રહીને ત્યાં પણ ન ફાવવાથી આખરે વ્રજમાં જઇને રહી, ત્યાં રહી પ્રેમપૂર્વક પ્રભુની સેવા કરવા લાગી. હવે જહાંગીર બાદશાહને ઉદેપુરના રાણાઓ તાબે નહોતા થતાં, કોઈએ રાણીની બેટી ચંદાબાઈને કબજે લઈ રાણાને નમાવવાની કળ બતાવી આથી મોગલ ફોજે ચંદાબાઇને રહેવાનું મકાન ઘેરી લીધું. આ વખતે અંગ રક્ષકોએ મોગલ ફોજ સાથે લડવાની ઇચ્છા બતાવી. પણ ચંદાભાઈ જેવી વીર અને ભક્તિમાન ક્ષત્રાણી આવી આસુરી લડાઈથી વિરૂદ્ધ હતી તેણે લડવાની સ્પષ્ટ ના પાડી, ને એકલી થોડા શાંત રક્ષકો લઇને પ્રભુનું સ્મરણ કરતી કરતી જહાંગીર પાસે ગઈ. જહાંગીર તેનું તેજ જોઈ એકદમ નમી પડયો અને તેમને પાસે બોલાવવાનું કારણ જણાવ્યું. આ વખતે ચંદાબાઈએ કહ્યું કે તારા સામર્થ્યને શરમ નથી આવતી કે આમ એક અબળાને પજવીને તું રાણાને વશ કરવાની ઈચ્છા કરે છે. તેનો આવો મર્દાનગી ભરેલો પણ અમીભર્યો જવાબ સાંભળી જહાંગીર શરમિંદો બની ગયો ને ઉલટો નજરાણું અને જાગીર આપી રાજી થયો. ચંદાબાઈના મરદાનાં ને ભક્તિના તેણે સરદાર પાસે ખુબ વખાણ કર્યાં. આ ચંદાબાઈ એક મહાન ભક્તિમતી તેજસ્વી અને શૂરી શ્રીગુસાંઇજીની સેવક હતી. આ પ્રસંગ તેના સંબંધનો છે.

## ❖ પ્રસંગ–૩૨૭ ❖

**શ્રીગોકુલેશની ભક્તોની પ્રશંસાઃ**–એક વાર લુણાવાડાના રાજા વનવીરજીની બેટી ચંપાજી તે જોધપુરના રાજા સૂરસેન રાઠોડની સ્ત્રી તેમણે શ્રીગોકુલેશને વાઘો પોતે હાથ ચૂંટીને એક બંટમાં મુકીને તેમાં અનેક સુગંધી દ્રવ્ય મુકીને ભેટ મોકલ્યો, શ્રીગોકુલ મોકલ્યો. હવે જ્યારે ઉથાપને ગાદી પર બેઠા, ત્યારે સેવકે વિનંતિ કરી એટલે આ વખતે તેમનું નામ લઈને પોતે પ્રસન્ન થઈને વાઘો બહાર કાઢયો, એટલે શ્રીહસ્તેથી વાસ આખા મંદિરમાં ફેલાઈ ગઈ. પછી વાગો શ્રીઅંગે ધર્યો તે સુંદર બેસતો આવ્યો, આ વખતે પોતે શ્રીમુખે કહ્યું કે આવો સુંદર રજપૂતાણી વિના બીજે કયાં ન હોય ?

**વિવેચન**–શ્રીમહાપ્રભુજી, શ્રીગુસાંઈજી, શ્રીગોકુલે અને શ્રીહરિરાયજીના સમય સુધી હિંદના રજપૂત રાજાઓ વૈષ્ણવ હતા. અને તેઓ પુષ્ટિમાર્ગનાજ અનુયાયી હતા. આજે પણ ઉદેપુર, બીકાનેર, કૃષ્ણગઢ

ભરતપુર, રાજકોટ, જામનગર, લીંબડી, લખતર વગેરે સ્ટેટોના રાજાઓ વૈષ્ણવો છે, ને તેઓ ચુસ્ત વૈષ્ણવો ગણાય છે, ઉપરના રાજાઓ તો ગુરૂભક્તિમાં પણ સૂરા છે. પહેલાં તો રજપૂત કુટુંબોમાં સર્વજ વૈષ્ણવ હતા રાણીઓ તો પ્રભુને ખુબ લાડ સેવામાં લડાવતી. ને શ્રીવલ્લભકુળ પર પણ સર્વનો ખૂબ ભાવ હતો. લુણાવાડાના રાજાઓ શ્રીગોકુલેશના ઘરના સેવક હતા અને આજે પણ તેઓ એજ ઘરના અનુયાયી છે. શ્રીગોકુલેશના વખતમાં લુણાવાડાની ગાદી પર વનવીરજી રાજા હતા, તેમની બેટી ચંપાવતીજી તે જોધપુરના રાજાની સ્ત્રી પરમ ભગવતી હતી, તેમનો શ્રીગોકુલેશ પર એટલો બધો પૂજ્યભાવ હતો કે શ્રીગોકુલેશના શ્રીઅંગ માટે પોતાને હાથે જરીનો વાઘો તૈયાર કરીને મોકલ્યો હતો. તે પ્રેમ પૂર્વક તૈયાર કરેલો એટલે બરાબર બેસતો આવ્યો. શ્રીગોકુલેશે તેમના પ્રેમની પ્રશંસા શ્રીમુખે કરતા.

### ૦ પ્રસંગ-૩૨૮ ૦

અનુચિત દ્રવ્ય નુકશાન કરે છે:--એકવાર શ્રીગોકુલેશ શ્રીગોવર્ધન પધાર્યા છે, ત્યાં પોતે પર્વત પરથી નીચે ઉતરીને રસોઇ પોતે શ્રીહસ્તે કરે છે. ત્યાં અનંત સામગ્રી પરિચારકે સિદ્ધ કરી રાખી છે. તેમાંથી થોડી પોતાના ઉપયોગમાં આવે તેટલી લઇને રસોઇ કરી. આ વખતે કૃષ્ણભટ અને હર્ષ ભટે વિનંતિ કરીને કહ્યું કે મહારાજ રાજની સાથે અંગ સેવક બે ચાર છે. બીજા વૈષ્ણવ પણ છે, અને આ સામગ્રી અમથી પડી રહી છે તો આપશ્રી આરોગોને, બીજા સર્વે લઇ લેશે આ વખતે સ્વકીયનું કલ્યાણ કરનારા બોલ્યા કે સહજમાં જે બને ખરૂં. પણ હું શ્રમ કરીને મન ઘાલીને કરૂં તો જ્યારે તે વસ્તુઓ બીજા લે તો અનિષ્ટ થાય. આવી રીતે આ અભિપ્રાયે સેવામાર્ગ પ્રગટ કરીને પોતાનો શ્રમ સર્વને પોતપોતાને માથે દીધો. અને સ્વકીય સર્વેને પાસે બોલાવીને કહ્યું. વળી જ્યારે કોઈનો ખડક બળ્યો ત્યારે રતનજી અધિકારીને કહ્યું કોઈનું દ્રવ્ય અનુચિત કરીને તો નથી લીધું? જો ન લીધું હોય તો અમારી આવી દશા કેમ થાય??

**વિવેચન**--આ ભક્તિમાર્ગ પ્રભુની ટેલ જાતે કરવાનો છે. ટેલમાં પરિશ્રમ નથી. પણ સ્વાદ, આનંદ અને ઉત્સાહ છે, આથી સર્વેએ જાતેજ સર્વ સેવાકાર્ય કરવું જોઇએ. એ અભિપ્રાય શ્રીગોકુલેશ અહીં બતાવે છે, બીજા પર આધાર રાખવાથી પરાધીનતા પ્રાપ્ત થાય, ને આળસ વધે, ને સેવક ભાવ ઉડી જાય એ પણ ઉદ્દેશ આ પ્રસંગમાં શ્રીગોકુલેશના કથનમાં છે, વળી આસુરી વસ્તુ ઘરમાં આવે તો નુકશાન થાય એ પણ શ્રીગોકુલેશ અહીં જણાવે છે. ખડક બળ્યો એટલે શ્રીમુખે કહ્યું કે કોઈનું અનુચિત દ્રવ્ય તો નથી આવ્યું? જો ન આવ્યું હોય તો આમ થાય નહિ. દૈવી દ્રવ્યની વસ્તુ નાશ પામેજ નહિ. આ ઉપરથી એટલું પણ નિર્માણ થાય છે કે મંદિરમાં જે દ્રવ્ય ખાસ દૈવી જાય તેનો અંગિકાર થાય છે. બીજું અવળે માર્ગે પણ જાય, લાડબાઇ ધારબાઈના પ્રસંગ પરથી પણ એ વસ્તુ સ્પષ્ટ સમજાય તેવી છે, તેમની પાસે નવ લાખનું દ્રવ્ય હતું, તે શ્રીગુસાંઈ-જીને આપવા માંડયું, પણ પોતે લીધું નહિ, પછી શ્રીગોકુલેશને આપવા માંડયું, પણ શ્રીગોકુલેશે કહ્યું કે કાકાજીએ જે દ્રવ્યનો અંગીકાર નથી કર્યો, તે દ્રવ્યનો અમારાથી અંગીકાર ન થાય કારણ કે તે અનુચિત દ્રવ્ય હોવું જોઇએ. પછી ચાંપાભાઇ અધિકારીએ

લઈ શ્રીનાથજીના મંદિરમાં
.માં દાટયું, પરિણામે એ દ્રવ્યથી
, ઔરંગઝેબના લશ્કરે મંદિર
કરી, તેથી શ્રીનાથજી મેવાડમાં
ઔરંગઝેબના લશ્કરે મંદિરની
તેમાંથી લાડબાઈ ધારબાઇનું
યું હવે દુઃસંગ પાંચ પાડોશીને
ા દ્રવ્યનાં દુઃસંગથી એટલે કે
રમાં આવ્યું તેથી વ્રજના બીજા
દેરો ખોદી નાંખ્યા માટે આસુરી
કરે ને કરે જ. ઘણા માણસો
ે અમે મંદિરમાં દ્રવ્ય આપીએ
ા વૈષ્ણવો આપે છે તે પ્રભુને
ર આપે છે. પણ તે દ્રવ્ય જેવાં
તેવાજ પ્રકારની તેની વ્યવસ્થા
. દઇવી ચીજનો પ્રભુ કદી જ
વિના ન રહે. આજ પ્રમાણે
જીવો છે તે પોતાનું જીવન
ખર્ચે તે જોઈ આપણે દુઃખી
પણ નકામું છે, દઇવી જીવનું
રસ્તે વપરાશે, ને આસુરીનું
ી રસ્તે જશે. પ્રભુ પોતે જ
.ગ કરે છે. તેમાં સારાનો સારા
ાસુરીનો અસુરી માર્ગે, આ
ાં ઠસે ને અનુભવાય તો જેઓ
દુઃખ દે છે, તેમના પર પણ
ાવે, પ્રભુ દઇવી જીવોના મહાન
ત પણ એવા વિરૂદ્ધતાવાળા
છે. ઈશ્વરની કળા અકળ છે.
નજ કળાય, પ્રેમ બુદ્ધિએ

## પ્રસંગ-૩૨૯ ૦

. બ્રહ્મસંબંધ :—તાપીપુરના

શ્રીગોકુલેશને વિનંતિ કરી કે મહારાજ મારી સ્ત્રીને હાથે લેવાનું શું કરવું ? રાજ શી આજ્ઞા કરો છો ? ત્યારે અતુલ બળ શ્રીગોકુલેશ બોલ્યા કે મારો પત્ર લઈ જાઓ, એ વંચાવીને એના હાથનું લેજો એને નિવેદન થયું, તે પછી તેમણે આજ્ઞા પ્રમાણે સર્વ કર્યું. આ વખતે સ્વરૂપ સંબંધી રસ ચોળી માલજી પંચોળી ત્યાં હતા તેમણે કહ્યું કે વગર નિવેદનવાળી સ્ત્રીના હાથનું લ્યો છો તે ઠીક નથી કરતાં, આ વખતે વેણીદાસે સર્વ વૃત્તાંત કહ્યું. કે પ્રભુએ આવી રીતે આજ્ઞા કરી છે આ વખતે અભિપ્રાયનાં તત્વને જાણનારા પંચોળી બોલ્યા કે એ સર્વ સત્ય છે, આ બધું પ્રભુજીએ સ્વરૂપ બળે તમારા સુખને માટે કર્યું છે. પણ જે શ્રીમુખે આજ્ઞા કરી છે તે પ્રભુ દેખાડે છે, કે આજ્ઞાએ યોગ્યતા થઇ છે.

**વિવેચન**—બ્રહ્મસંબંધ ત્રણ રીતે થાય (૧) સ્વપ્ન દ્વારા (૨) શ્રીવલ્લભકુળ દ્વારા (૩) શ્રી વલ્લભકુળના પત્ર દ્વારા. તેમાં જ્યારે જલદી સવડ ન થાય તેમ હોય તો પત્ર દ્વારા બ્રહ્મસંબંધ પણ થાય છે. અને તે આજ્ઞાને બળે કે કૃપા બળે થાય છે. મંત્ર જંત્ર કોઈ કારણસર કોઇ પરદેશ હોય તેને તમાલપત્રમાં કે એવામાં લખી મોકલે અને તેનાથી પણ કાર્ય સિદ્ધ થાય. તો શ્રીગોકુલેશના પત્રથી અને આજ્ઞાથી બ્રહ્મસંબંધ થાય એમાં નવાઈ નથી. પહેલાં અસ્પૃશ્ય કોમોને દષ્ટિદ્વારા પણ બ્રહ્મસંબંધ આપતા કે જેથી શાસ્ત્રની મર્યાદાઓ પણ પળાય ને પ્રભુનો સંબંધ પણ થાય, વળી પત્ર દ્વારા બ્રહ્મસંબંધ લીધા પછી પ્રત્યક્ષ પધારે ત્યારે પ્રત્યક્ષ બ્રહ્મસંબંધ પણ લેવાય છે. સ્વપ્ન દ્વારા બ્રહ્મસંબંધનું શ્રેષ્ઠત્વ તો પોતે શ્રીમુખેથી કહે છે તેના પાછળ

હોય તેના હાથની કોઇ ચીજ વૈષ્ણવથી લેવાય નહિ.

## ૦ પ્રસંગ-૩૩૦ ૦

**સત્સંગ વગર વિરહાત્મક પ્રભુ સ્થિતિ હૃદયમાં ન કરે:**-એકવાર શ્રીગોકુલેશે સન્યાસ નિર્ણયનો શ્લોક કહ્યો તેમાં કહ્યું કે ભક્તના હૃદયને વિષે સ્વરૂપ તો સ્થિત સદા છેજ, પણ જ્યારે વિગાઢ ભાવથી તાપ સંયુક્ત સ્વરૂપ ત્યારેજ સ્થિત કરે. કે જ્યારે કાર્યક્ષમ આ દાન પ્રભુ સત્સંગ દ્વારા કરે.

**વિવેચન**-ભક્તના હૃદયમાં ભગવત્સ્વરૂપ સ્થિત છે, પણ તેનો અનુભવ વિરહ વગર ન થાય. હવે વિરહની પ્રાપ્તિ વિરહી ભક્તના સત્સંગથી થાય, કારણ કે જે જગાએ અગ્નિ હોય તેની પાસે બીજી ચીજ જાય તો તેમાં પણ અગ્નિનો આવેશ થાય, તેમ જે વિરહી ભગવદીયો છે, તેમની વાણી દ્વારા શ્રોતાને વિરહનો અનુભવ મળે. જેમ કોઇ આર્ત રડતુ હોય, તેની પાસે જવાથી અથવા તેનો આર્તસ્વર સાંભળવાથી આપણું હૃદય પીગળી જાય છે, અથવા રડી જવાય છે, તેમ જેનું હૃદય પ્રભુના વિરહથી રડી રહ્યું છે, તેના વિરહાર્ત સ્વરથી હૃદય પર વિરહની અસર થાય તેમાં નવાઈ નથી. એવા વિરહીઓના સત્સંગથી-સતત સંગથી વિરહ થાય ને ત્યારેજ પ્રભુ હૃદયમાં તાપાત્મક સ્વરૂપે બિરાજી આનંદ આપે.

## * પ્રસંગ-૩૩૧ *

**શરણે આવનારનો ઉદ્ધાર પ્રભુ કરે છે:**-"શરણસ્થ સમુદ્ધાર" એનો અર્થ શ્રીગોકુલેશને કોઈએ કહયો કે શ્રીકલ્યાણરાયજી કહે છે કે શરણસ્થ જે શ્રીસ્વામીનીજી તેમનો ઉદધાર કર્યો છે એવા શ્રીકૃષ્ણને હું વિનતિ કરૂં છું એમ કહયું છે; ત્યારે આપશ્રીએ કહયું કે એમ કહયું છે કોઇ શરણે આવે તેનો ઉદધાર કરે છે, તે શ્રીકૃષ્ણને હું વિનતિ કરૂં છું.

**વિવેચન**-શરણસ્થ સમુધ્ધાર એટલે શરણે આવનારનો ઉધ્ધાર કરનાર પ્રભુ, શ્રી કલ્યાણરાયજી કહે છે કે શરણસ્થ શ્રી સ્વામિનીજી તેમનો ઉધ્ધાર કરનાર આ વાત પણ ખરી છે, ને શ્રી ગોકુલેશ કહે છે કે જે કોઈ શરણે આવે તેનો ઉધ્ધાર કરનાર આ પણ શરણ સ્વીકાર્યા પછી પ્રભુ સિવાય અન્ય વસ્તુ કોઈ ઈંદ્રિય સરખીને પણ ન રૂચે, સદાજ સદા પ્રભુમાં તલ્લીન રહે. આવી તલ્લીનતા એજ ઉધ્ધાર છે. અને તેવી તલ્લીનતા શ્રી સ્વામીનીજીનીજ છે, આવું કહેવું શ્રી કલ્યાણરાયજી નું છે. શ્રીગોકુલેશ શરણાગત ભકત જે પ્રકારનો ઉધ્ધાર ઇચ્છે તેવો પ્રભુ પ્રાપ્ત કરાવે છે, માટે શરણસ્થ સમુધ્ધાર કહે છે. શરણાગતની જેવી ઇચ્છા તે પ્રકારનું ફળ આપે છે. કારણ કે "ભકતેચ્છાંપૂરક સર્વ" એવું પ્રભુનું નામ છે, આ વાત પણ કેવળ સત્ય છે.

## * પ્રસંગ—૩૩૨ *

**"સ્વાગતં વો મહાભાગા:"નો ભાવ:**-"સ્વાગતં વો મહાભાગા:" એનો અર્થ શ્રીમુખે કહયો છે. ભાગ કહેતા વિભાગ. મર્યાદા અને પુષ્ટિ એ બે ભાગ તેમાં ઉત્તમ ભાગ (પુષ્ટિ) તે તમારે માટે, એમ કહ્યું માટે મહાભાગા.

**વિવેચન**-જ્યારે પ્રભુ પાસે શ્રી ગોપીજન રાસ રમવા માટે પધાર્યા, ત્યારે પ્રભુએ આ શબ્દો બોલી તેમનો સર્વેનો સત્કાર કર્યો હતો. "સ્વાગતં વો મહાભાગા" નો ભાવ એવો છે કે "હે મહા ભાગ્યવતીઓ આપ પધારો" આમ કહેવાનું કારણ એ કે પ્રભુમાં પ્રીતિ

રાખે તે ભાગ્યશાળી, પણ પ્રભુમાં પ્રિતી રાખે તે મહાભાગ્યશાળી આ ગોપીજનોએ લોકવેદની પરવા કર્યા વગર પ્રભુ શ્રી કૃષ્ણમાં પ્રીતિ કરી માટે જાતેજ તેમને મહાભાગ્યશાળી કહીને સંબોધે છે ખરેખર પ્રભુમાં જેની પ્રીતી છે તે ભાગ્યશાળી છે અને જેને પ્રભુ સિવાય બીજી વસ્તુની ખબર નથી એવી અનહદ પ્રીતિ છે તેના ભાગ્યનો પારજ નથી. આવી પ્રીતિનું દાન તો પ્રભુ કૃપા કરીને સત્સંગ આપે તોજ પ્રાપ્ત થાય.

ભાગ એટલે પોતાને હિસ્સે આવે તે ભાગ તો ઉપલક વસ્તુઓનો હિસ્સો ને વિભાગ એટલે આંતરિક વસ્તુઓનો હિસ્સો. ભાગ એટલે મર્યાદા દ્રષ્ટિએ નવ ભક્તિ વડે પ્રભુને પોતાના કરવા અને વિભાગ એટલે દશમી પ્રેમલક્ષણા ભક્તિ કે જે પુષ્ટિ ભક્તિ છે તે વડે પ્રભુને પોતાના કરવા. આ ગોપીજનોએ આ પ્રેમલક્ષણા ભક્તિ વડે પ્રભુને પ્રસન્ન કર્યા. માટે રસસ્વરૂપ લીલાત્મકપૂર્ણ પુરૂષોત્તમે લીલાના આનંદનું દાન કરવા પોતાની પાસે બોલાવ્યા માટે તે મહાભાગા કહેવાય એ સ્વાભાવિક છે.

### ૦ પ્રસંગ-૩૩૩ ૦

**નિષેધ વાક્ય વગર વિધિ ન સંભળાય:-** પંચાધ્યાયીમાં દશ શ્લોકે કરીને નિષેધ વચન કહે છે, તેનું મૂલ (પ્રયોજન) શું ? કારણ કે તેમનામાં સર્વાત્મના છે, તે પ્રકટ નથી કરતાં અને પોતે શ્રીમહાપ્રભુજીને સાંભળ્યાનો ભાવ મનોર્થ છે. આથી એવાં વચન કહીને તેમનો મનધર્મ પ્રકટ કરાવ્યો, અને તેનો પોતે અનુભવ કરતા હતા. આથી કરીને પોતાને પણ રસપુષ્ટ થતો હતો, આ ભાવ અનિર્વચનીય છે. જ્યાંસુધી વિચારીએ ત્યાંસુધી અંત નથી આવતો, તેથી કેટલોક કહેવાય ? આ પ્રસંગ પંચોળી આગળ કહ્યો છે.

**વિવેચન**-શ્રીઠાકોરજી રાસપંચાધ્યાયીમાં શ્રીગોપીજન રાસ ખેલવા આવ્યા છે, ત્યારે પાછા મોકલવાને બહાને નિષેધ વચન કહે છે એનું કારણ એ છે કે પ્રભુ પર ગોપીજનોનો સર્વાત્મ ભાવ છે, તે વગર પ્રશ્ને પ્રકટ ન થાય. નિષેધથી વિધિ સાંભળવાની મળે, જેમ આપણે કોઇને કોઇ કાર્ય ન કરવાનું કહીએ, તો તે કાર્ય કરવાની દલીલો તે આપણને સંભળાવે, તેમ અહીં પ્રભુને પોતાના પરનો સર્વાત્મભાવ સાંભળવો છે, માટે ગોપીજનને પાછા જવાનું કહે છે. પાછા જવાનું કહેતાં પ્રભુ જે જે દલીલો કરે છે, તે બધી પ્રભુમાં સર્વાત્મભાવી ગોપીજન સપ્રમાણ તોડી નાખે છે. આવા પ્રભુ પ્રત્યેના અનહદ પ્રેમનું પાન શ્રીગોપીજનની વાણી દ્વારા પ્રભુને પોતાને કરવું છે, માટે ગોપીજન રૂપ મધપૂડામાં પ્રભુ નિષેધ વાણી રૂપ પત્થરો મારે છે, એટલે એ ગોપીજન રૂપ અલૌકિક મધપૂડામાં વાણી દ્વારા સર્વાત્મભાવરૂપી મધ વરસી પડે છે, તે પ્રભુ, રસાનંદનું દાન કરે છે. માનો પ્રભુને ગોપીજનોની વાણીએ શૂરાતન ચઢાવ્યું, અને એ શૂરાતને રાસરૂપી રણસંગ્રામ આદર્યો. પ્રેમની વાણી સાંભળી પ્રભુને પણ પ્રોત્સાહન અને ઉત્સાહ મળે છે; તો તેવા પ્રેમીઓની વાણી સાંભળવાથી જીવને પ્રભુ તરફ જવાનું પ્રોત્સાહન મળે ને ઉત્સાહ વધે એમાં નવાઇ નથી. માટે શ્રી સુબોધિનીના વાચનમનનથી જીવનમાં ભગવદ્રસ રેડાય છે. કારણ કે તેમાં શ્રી ગોપીજનની વાણી છે.

### ૦ પ્રસંગ ૩૩૪ ૦

**નંદોત્સવની શોભા શ્રીસ્વામિનીજી વડે છે:**-એક દિવસ શ્રી પ્રાણનાથ શ્રીગોકુલેશે નંદોત્સવની કથા કહી તેમાં કહ્યું કે શ્રીસ્વામિનીજીએ નંદજીના ઘરમાં પ્રવેશ કર્યો, તે

વખતે અધિક શોભા થઇ, તેનો ભાવ કહયો, હવે ગૃહ પ્રવેશ વડે અધિક શોભા કહી તે શું? કે માર્ગમાં બીજુ વસ્ત્ર ઓઢે છે, પણ ઘર મધ્યે પુરૂષાદિકનો સંકોચ નહિ. તેથી ઉપર વસ્ત્ર ઓઢયાં હતાં તે દુર કર્યા આથી સર્વ આભારણાદિક પ્રગટ થયાં, માટે ઘર પ્રવેશ વડે અધિક શોભાનો મુલાર્થ તો આ છે. હવે બીજો અર્થ પોતે કહયો કે ઓઢવાનો ભાવ તો એ કે રખેને અમારા શંગાર કોઈ બીજો દેખી જાય, રખેને બીજાની દ્રષ્ટિ પડે !! જેને માટે કર્યા છે તે અછુતો ભોગ કરે, એવો ભાવ છે. માટે પ્રભુ માટે શુંગાર તે તેમણે દેખ્યો તેથી ઉલ્લાસથી અધિક શોભા થઈ.

**વિવેચન**—આ પ્રસંગ સ્પષ્ટ છે, આજે પણ કન્યા સાસરે જાય છે, ત્યારે તેને શણગાર તથા દાગીના વગેરે ખુબ પહેરાવે છે. ને રસ્તામાં એ આભૂષણો પર બીજું વસ્ત્ર ઓરાઢે છે. તે ચાદર ઓઢીને રથ કે માફાંમાં બેસે છે, અને સાસરાના ઘરમાં પ્રવેશ કરતાંજ ચાદર કાઢી નાંખે છે, તેથી આભૂષણ ખુલ્લાં થઇ. સ્વરૂપ વડે ઘરમાં શોભે. આ પ્રસંગમાં વિશેષ શું સ્પષ્ટ થાય ?

## * પ્રસંગ-૩૩૫ *

**પ્રેમના ઉદ્દગારોને મર્યાદા નથી:**-ફળ પ્રકરણના ત્રીજા અધ્યાયમાં કહ્યું છે કે "દિન પરિક્ષયે" તેનો અર્થ કહયો, કે દિનનો પરિક્ષય કહયો, એટલે કે દિવસનો નિષેધ કહયો છે. તેના પર ખેદ થાય છે. તેથી કહે છે કે તેનો ક્ષય થાય તો સારો માટે કહ્યું કે "દિન પરિક્ષય" આનો પોતે અર્થ કહયો. દિનપરિક્ષયને વિષે જેમ દિવસ અમને ન દેખાય. તેમ તમારા દર્શન થતાં નથી, માટે દર્શન આપો.

**વિવેચન**—પ્રભુ વ્રજભકતોને ત્યાં રાત્રે પધારે છે, અને દિવસે ગોચારણમાં પધારે છે. દિવસ ન હોય તો સદાજ રાત્રિ રહે અને સદા રાત્રિ રહે તો પ્રભુનો કદી વિયોગ ન થાય. માટે ગોપીજન કહે છે કે એ દિવસ રૂપી દુશ્મનનો પરિચય એટલે તદ્દન ક્ષય થાય તો સારો. પ્રિયના સંયોગમાં વિઘ્ન નાખે તે શત્રુ છે. અહીં 'દિન' એટલે દિવસ તો રોજ વિઘ્ન નાખે છે માટે તે દિવસ રૂપી દુશ્મનનો ક્ષય થાય તો પ્રિયનો વિયોગ કદીજ ન સંભવે. પ્રેમની વાત અને તેની લહેર કંઇ ઓરજ છે, ગોપીજનોને પ્રભુમાં સર્વાત્મભાવ છે, તે ભાવ આગળ આવી ગઇ છે, આમ સર્વાત્મભાવ હોવાથી તેમાં લગાર વિઘ્ન કરનાર લાગે પછી તે મોટો દેવ હોય કે સિદ્ધિવાળો હોય પણ શત્રુ સમાન લાગે તેમાં નવાઈ નથી. 'પ્રેમની સરિતા ઉલટી" પ્રેમની નદી ઉલટીજ વહન કરે છે. માર્યાદામાં જે વિધિ તે પ્રેમમાર્ગમાં કે પુષ્ટિમાર્ગમાં નિષેધ સમાન છે. દિવસ મર્યાદા છે,ને રાત્રિ પુષ્ટિ છે, મર્યાદા પુષ્ટિના ઝીણા ભેદ સમજવા બહુ મુશ્કેલ છે. વળી દિવસ જેમ રાત્રે ન દેખાય તેમ તમે વ્રજચંદ્ર અમને અત્યારે દર્શન નથી આપતા, માટે દર્શન આપો,એમ પણ કહે છે. પ્રેમના ઉદ્દગારોને પ્રમાણ ન હોય પણ તે મહાન શક્તિવાળી વસ્તુ છે. પ્રેમીના વિરહના ઉદ્દગારો પ્રિયને પકડી લાવે છે. ગોપીજનોના ગોપીગીતના વિરહાગ્નિ ભર્યા ઉદ્દગારોએ પ્રભુ પ્રકટ થયા હતા. વાત દીવા જેવી સ્પષ્ટ છે.

## ૦ પ્રસંગ-૩૩૬ ૦

**જગદીશ્વરે આનંદના દાન સિવાયનાંકાર્યો અંશ વડે કર્યા છે:**—એક દિવસે કહયુ કે "અંશેન જગદીશ્વર' મતલબ કે જે કાર્યો કર્યાં તે અંશે કર્યાં'. પૂર્ણથી તો ભકતોને રસદાનજ કરે. આનંદથી ક્રોધજ ઉપજે નહિ. તેથી સંકર્ષણના ક્રોધથી પૃથ્વીનો ભાર ઉતાર્યો.

**વિવેચન**-પૂર્ણ પુરૂષોત્તમ એટલું શું? પ્રભુ એકલા પુરૂષોત્તમ અને ભકતો સાથે હોય ત્યારે પુર્ણ પુરૂષોત્તમ. પુરૂષોત્તમની પુર્ણતા ભકતો કરે છે. શ્રીસ્વામિનીજી સાથે હોય ત્યારે પ્રભુ પુર્ણ થાય. આથી અન્ય સંહારાદિક કે રાજ્યાદિક સલાહકાર વગેરેનાં કાર્યોમાં પ્રભુ એકલા હોય છે, અથવા બીજું સ્વરૂપ ધારણ કરે છે, માટે તે અંશ ગણાય. બળદેવજી કે સંકર્ષણનું સ્વરૂપ જુદું ઉત્પન્ન કર્યું એનું કારણ એ કે એ સ્વરૂપ વડે ક્રોધાદિક કરી પૃથ્વીનો ભાર ઉતારાય. એ સ્વરૂપ પ્રભુના બળનું સ્વરૂપ છે. જો પ્રભુ પોતાનું બધું બળ પોતાની પાસે રાખે તો વ્રજભકતોની સાથે ખેલવામાં તે નડે, કારણકે ખેલમાં બળની પણ સમાનતા જોઈએ. પ્રભુ ખેલમાં પોતાનું પૂર્ણ ઐશ્વર્ય બતાવે તો જીવ સહન કેમ કરી શકે? ડરે. માટે બળ સ્વરૂપ જુદું ઉત્પન્ન કર્યું, તે બલદેવજી આ પ્રમાણે ભગવદીયોને કેવળ આનંદનું દાન કરે તે પૂર્ણ પુરૂષોત્તમ. પુષ્ટિ સ્વરૂપ તેજ આ ભક્તિમાર્ગમાં સેવ્ય છે, આથી ભકતોને આનંદનું દાન કરવા સિવાયનાં કાર્ય કરનાર પ્રભુ પર પુષ્ટિ ભકતોનો પ્રેમ નથી હોતો. કારણ કે તેને તેમાં સ્વાદ કે આનંદ નથી.

## * પ્રસંગ-૩૩૭ *

**પુષ્ટિભકતે કેમ વર્તવું**:-એક વાર શ્રી ગોકુલેશ સોરમજી પધાર્યા હતા, ત્યારે પ્રસંગ ચાલ્યો, પાછળથી રાતે તેલ લગાવતા હતા, ત્યારે માલજી પંચોળીએ શ્રીગોપાલલાલજીને પૂછયું, કે આપણા માર્ગની ચાલ કોણ? ત્યારે કહ્યું કે તમે જાણો છો. ત્યારે પંચોળીએ કહ્યું કે હું કંઈ જાણતો નથી. ત્યારે શ્રીગોપાળલાલ આગળ શ્રીગોકુલેશે કહ્યું કે પ્રથમ દયા રાખવી, પછી ઉદારપણું રાખવું, વૈષ્ણવ ધર્મમાં જુઠણ સખડી જાળવે નહિ. તો ધર્મ જાય. વૈષ્ણવે જુઠું ન બોલવું, કોઈનું છલ-છિદ્ર જોવું નહિ, તે જુએ તો લૌકિક અલૌકિક જાય. જેનું જળ પીધું હોય તેનું ઘસાતું ન બોલવું. શરીરમાં પાંચ ગુણ રાખવા. (૧) ક્રોધ ન કરવો. (૨) આળસ ન કરવી (૩) નિંદ્રા બહુ ન કરવી. (૪) નિવેદનવાળા કે સુજાતિ સાથે ખાનપાન કરવું. (૫) વચનનું પ્રમાણ રાખવું.

**વિવેચન**-ઉપર પ્રમાણે વૈષ્ણવનું વર્તન સ્વાભાવિકજ હોય, દયા એ તો વૈષ્ણવી સ્વભાવજ છે. ક્ષમા ને ત્યાગ એ ઉદારપણું. ભગવદીય તો ત્યાગીજ હોય. વૈષ્ણવ આચાર વિચાર વગર તો રહીજ ન શકે. સર્વાત્મભાવવાળો અથવા જગતને લીલાસ્વરૂપ માનતો હોવાથી કોઈના છલછિદ્ર જુએજ નહિ. ક્રોધ તો ચંડાળ છે, તેને અડવાથી પણ છોવાઈ જવાય, માટે ક્રોધને કદી સ્થાન ન આપવું. આળસ અને નિંદ્રા ભગવદ્ધર્મમાં બાધક છે. વળી જેની સાથે એકતા અથવા હૃદયશીલતા હોય ત્યાંજ ખાનાપાન કરવાં. બોલ્યા પ્રમાણે પાળવું. ઉપર પ્રમાણે વર્તન તો સાચા વૈષ્ણવને સ્વાભાવિકજ હોય.

## પ્રસંગ-૩૩૮

**પ્રભુના અનુગ્રહના પ્રકાર**:—એક વાર શ્રીગોકુલેશે કલ્યાણ ભટ આગળ એક અદ્ભુત વાત કરી કે ઇશ્વરનાં અનંત વિભૂતિ રૂપ છે તેમાંના કોઇ રૂપની જીવો પર એવી એવી કૃપા થઈ કે પોતે વિચાર્યું કે આનાં દુઃખ સંતાપ કેવી રીતે મટે? ત્યારે નિસાસો મૂકયો, તે નિસાસાથી વેદ પ્રકટ થયા. તે વેદથી જીવ પોતાનું હિત અહિત જાણવા લાગ્યા. જાણીને તે પ્રમાણે વર્તવા લાગ્યા. એટલે તેનું ભલું થાય છે. તે વેદથી તે જીવોમાંના કેટલાક ભાગ્યવાન વ્યાસ,

નારદ, શુકદેવજી સરખા પ્રકટ થયા. તેમની કૃપાથી શ્રી ભાગવત પ્રકટ થયું, તેથી લોકો ઇશ્વરને જાણવા લાગ્યા. તેમાંના કેટલાક ભાગ્યવાન શ્રીકૃષ્ણનો અનુભવ પામ્યા. તેથી પણ ભાગ્યવાન શ્રીદેવકીનંદનો અનુભવ પામ્યા. તેથી પણ ભાગ્યવાન નંદનંદનનો અનુભવ પામ્યા. તેથી પણ ભાગ્યવાન સખાનો અનુભવ પામ્યા. તેથી પણ ભાગ્યવાન શ્રી ગોપીજનવલ્લભનો અનુભવ પામ્યા, તે કરતાં પણ કોઇ ભાગ્યવાન રાધાકાંતનો અનુભવ પામ્યા, તેથી પણ ભાગ્યવાન પુર્ણ શ્રી પુરૂષોત્તમનો અનુભવ પામ્યા.

**વિવેચન**–"અસ્ય નિશ્વસિતં વેદાઃ" અસ્ય એટલે પુરૂષોત્તમસ્ય મતલબ કે શ્રી પુરૂષોત્તમનું નિઃશ્વસિતં (નિસાસો) તે વેદ, એમ વેદ પ્રકટ થયા તે પ્રમાણે વર્તવાથી જીવની કૃતાર્થતાની શરૂઆત, આવા વેદાનુસારિ જીવોમાં ભગવાન વ્યાસ, નારદજી, શુકદેવજી સરખા પ્રગટ થયા. તેમાનાથી વેદોનો રસ પ્રકટ કરનારૂં કલ્પતરૂ રૂપ શ્રી ભાગવત પ્રકટ્યું તેથી પ્રભુના સ્વરૂપની ઓળખાણ પડી. તેમાંનાં કેટલાકે શ્રીકૃષ્ણનો અનુભવ મેળવ્યો. ત્યારબાદ અનુક્રમે અનુભવ થતાં થતાં છેવટે જે કેવળ પુષ્ટિજીવો તે પૂર્ણ પુરૂષોત્તમનો અનુભવ કરવા લાગ્યા, આ પ્રકારે અનુક્રમે ઉત્તરોત્તર ઉંચા અનુભવ પ્રાપ્ત કરી શકાય. શ્રીગોપીજનને રસ સ્વરૂપનો અનુભવ આપ્યો, તે સ્વરુપે શ્રીગોપીજનવલ્લભ કહેવાય વળી સ્વામિનીજી સાથે શ્રી પુરુષોત્તમનો અનુભવ એથી પણ મહાન વસ્તુ છે, અને એ યુગલ સ્વરુપ સ્વરુપમાં (પ્રિય સ્વરુપમાં) તલ્લીન થતાં વિરહી દશાએ શ્રી પૂર્ણ પુરુષોત્તમનો અનુભવ મહાન વસ્તુ છે. છેવટનું મહાન ફળ તેજ છે.

## ૦ પ્રસંગ–૩૩૯ ૦

**જીવનો ધર્મ સ્નેહ છે ને પ્રભુનો ધર્મ કૃપા છે** :–એક વાર શ્રીજીદ્વારમાં ભોજન કરીને સજ્યાએ છે. ત્યાં રાજા શાર્દુલજી રણથંભોરનો જગન્નાથનો ભાઇ અને તેની સ્ત્રી સાથે બધા પવિત્ર લઇને આવ્યા, આ વખતે પાંડેનારાયણ પાસે સ્ત્રીએ કહેવરાવ્યું ને વિનંતિ કરાવી કે રાજબાઇ વિનંતિ કરે છે કે શ્રીગોકુલેશ હવે થોડી કૃપા કરે છે આ વાત શ્રી ગોકુલેશે સાંભળી ત્યારે મહારસિકરાયે મુસકાઇને કહયું કે નારાયણદાસ બહુજ કૃપા કેમ જાણીએ? આ વખતે આપે હાસ્ય કર્યું અને કહયું કે અમારી કૃપા જો ન હોય તો અહીં કેમ અવાય અને આવો લ્હાવો કેમ લેવાય? આ સાંભળી રાજબાઇ ઘણું પ્રસન્ન થઇ.

**વિવેચન**–પ્રભુની કૃપા સર્વ ઇચ્છે, પણ પ્રભુભક્ત પર ગમે તેટલી કૃપા કરે પણ ભક્તને તે ઓછીજ લાગે. ભક્ત સદાજ કૃપાનો ભૂખ્યો હોય, જીવનો સ્નેહ ગમે તેટલો હોય, પણ પ્રભુ અધિક અને અધિક સ્નેહની ઇચ્છા કરે છે. તેમ ભગવદીય કૃપાની યાચના કરે છે. ભકતનો ધર્મ પ્રભુ પર સ્નેહ અને પ્રભુનો ધર્મ ભક્ત પર કૃપા છે, ગોકુલેશે આ વખતે કહયું કે અમારી કૃપા તો સદાજ તમારા પર છે, જો ન હોય તો આવો અલૌકિક સેવાનો લ્હાવો કેમ લેવાય? આવા દર્શનનો લ્હાવો કેમ લેવાય? પ્રભુની કૃપા વગર જીવને અલૌકિક લ્હાવો પ્રાપ્ત થતો નથી. પ્રભુની કૃપા તો જીવ પર સદાજ વર્ષ્યા કરે છે. જીવ સદા સન્મુખ રહેવો જોઇએ. આમ શ્રીમુખનું કથન છે,

## ૦ પ્રસંગ-૩૪૦ ૦

**અયોધ્યા શ્રીકૃષ્ણની સાસરી થાય માટે શ્રી મહાપ્રભુજી ત્યાં પધાર્યા** :-બડે શ્રી ગુસાંઈજી (શ્રી મહાપ્રભુજી) અયોધ્યા પધાર્યા હતા, ત્યારે ત્યાં કહ્યું કે તમે અહીં કેમ આવ્યા ? ત્યારે બડે શ્રી ગુંસાઈજીએ કહ્યું કે અમારા શ્રી ઠાકોરજીની સાસરી છે. તેથી આવ્યા છીએ.

**વિવેચન**-અયોધ્યા એ શ્રીકૃષ્ણની સાસરી થાય, ત્યાંના રાજા નગ્નજીતીને સાત મદોન્મત સાંઢ નાથીને ભગવાન શ્રીકૃષ્ણ પરણ્યા હતા. શ્રી મહાપ્રભુજી અયોધ્યા પધાર્યા ત્યારે કોઈએ કહ્યું કે તમે તો શ્રીકૃષ્ણના અનન્ય ભક્ત છો, અને આ તો અયોધ્યા શ્રી રામચંદ્રજીની નગરી છે, તો અહીં શા માટે આવ્યા ? પૂછનારના હાર્દને લીધે શ્રી મહાપ્રભુજી અનન્યતા સચવાય તેવોજ જવાબ આપે છે કે આ અયોધ્યા શ્રીકૃષ્ણની સાસરી થાય, માટે તે નિમિત્તે અમે આવ્યા છીએ. શ્રીરામ જયંતિ આપણા માર્ગમાં મનાય છે તેથી શ્રીરામને મર્યાદા પુરુષોત્તમ તરીકે સંપ્રદાયમાં માન છે. શ્રીરામે શબરીનાં બોર આરોગ્યાં, અહલ્યાનો ઉદ્ધાર કર્યો, સમુદ્ર પર પાજ બાંધી તેના પર અનુગ્રહ કર્યો, આ આ પુષ્ટિકાર્યો કર્યાં છે, આથી શ્રીરામચંદ્રજીના પવિત્ર તીર્થ તરીકે અયોધ્યાના તીર્થત્વમાં વધારો કરવા આપ પધાર્યા છે, ને શ્રીરામ જયંતિ પણ મનાય છે. પણ શ્રી મહાપ્રભુજી પરમ ચતુર છે. તેથી પૂછનારના ભાવ મુજબ જવાબ આપે છે.

# સ્વરૂપ તથા ગ્રંથ પાઠની સમજ

અબ શ્રી ગોકુલનાથજી કલ્યાણ ભટ્ટ પ્રતિ આજ્ઞા કરત હૈ-દ્વાદશમેં વચનામૃતમેં પુષ્ટિમાર્ગ કો સિદ્ધાંત કહત હૈ જો, વૈષ્ણવ અપને સેવ્ય સ્વરૂપકો સાક્ષાત શ્રીપુર્ણપુરૂષોત્તમ જાનિકે સેવા કરે ઔર અન્ય માર્ગીય કે શ્રીઠાકુરજીકો અપને ઠાકુરકી બરાબરિ ન જાને. અંશ કલા જાને હસ્તાક્ષર વસ્ત્રસેવા ચિત્રમેં અનન્ય ભાવ રાખનો ઔર સાક્ષાત જાને અપરાધકો ભય રાખે ગૃહસ્થધર્મ-ગુરુસેવા-ભગવદ્ સેવા વૈષ્ણવસેવા-કે અર્થ જાને, અપને સુખકે અર્થ ન જાને અપની દેહ અનિત્ય જાને. શ્રીઠાકુરજીકી દેહ-ગુરુકી દેહ તથા ભગવદીયકી દેહ નિત્ય કરી જાને. સ્ત્રી પુત્ર કુટુંબ ઈનમેં ભગવદ્ ધર્મ વિના ઈનમેં લૌકિક સુખ તુચ્છ જાને. ભગવદ્ સેવામેં જાકી પ્રતિ હોય તિનમેં પ્રીતિ વિશેષ રાખે. ઈતની લૌકિક વૈદિક વસ્તુમેં પ્રીતિ ન રાખની. પરાયી વસ્તુ પરાયી સત્તા હોય તામેં ભય રાખે-લોભ ન રાખે કછુ પ્રાપ્ત ભયેતેં દુઃખ ન માને. ગૃહસ્થધર્મ કે શાસ્ત્ર કાહુકે [પાસ] સુનિકે લૌકિક વૈદિકમેં લીન ન હોય જાય જો પુષ્ટિમાર્ગ સંબધી શાસ્ત્ર કે વચન હૈ તિનકો મુખ્ય કહનો-સુનનો. ઔર અન્ય શાસ્ત્ર પુષ્ટિ-માર્ગતે અંતરાય કરાયવે વારે હૈં. યહ અપને મનમેં નિશ્ચય જાનનો. ઔર ભગવદ્ કાર્ય-ગૌણકૃત કાર્યમેં મન રાખે જૈસે જલતેં કમલ ન્યારો હૈ તૈસે લૌકિક-વૈદિકતેં ન્યારો રહે. ઔર શ્રી ભાગવત તથા શ્રીઆચાર્યજી કે પુષ્ટિમાર્ગ કે ગ્રંથ હૈં તિનકો ભગવદ્ સ્વરૂપ જાને ઔર શ્રીસર્વોત્તમકો પાઠ જપ-સ્મરણ મન લગાયકે-કરનો. યહ પુષ્ટિ માર્ગીય વૈષ્ણવકી ગાયત્રી હૈ તાતે સગરે પ્રતિબંધ દૂર કરી પુષ્ટિમાર્ગકો ફલ પાવે. ઔર શ્રી યમુનાષ્ટક આદિ પાઠ નેમપૂર્વક કરે. શ્રીસર્વોત્તમકે એકસો આઠ નામ હૈં તિનકે ભાવ-હૃદયમેં વિચારનો ઔર પાઠ મન લગાયકે કરનો ઔર પંચાક્ષર-અષ્ટાક્ષરકો જપ કરનો સો નેમપૂર્વક કરનો. અષ્ટાક્ષરકો ભાવ વિચારી તાપ કલેશ કરનો. સદા પવિત્ર રહનો કુટિલ-કુચીલ વસ્ત્ર, કુટિલ-કુચીલ મનુષ્ય કે છુવેકી ગ્લાનિ રાખે. વૈષ્ણવકે વસ્ત્રમેં બહુત ગ્લાનિ ન રાખે લૌકિક દેહસો લગ્યો હૈ તાતે કાહુકો દિખાયવેકે લીયે બડી અપરસ ન રાખે જહાં તહાં બિના વિચારે ખાનપાન ન રાખે. યા પ્રકાર શ્રીગોકુલનાથજી કલ્યાણ ભટ્ટ પ્રતિ માર્ગકો સિદ્ધાંત કહત હૈ.

# પૂર્ણ પુરૂષોત્તમ આચાર્યશ્રી

વળી એક દિવસ શ્રીજી સન્મુખ એક પ્રસંગ ચાલ્યો. ત્યારે એક જણે પુછ્યું કે "જો
ાચાર્યજીનું પ્રાકટ્ય પૂર્ણ પુરૂષોત્તમ છે અને કો જાણતા નથી તે શું ?"
ર શ્રીજીએ આજ્ઞા કરી જે, આચાર્યશ્રીનું સ્વરૂપ ભગવાન શ્રીકૃષ્ણ જેવું અતિ અદ્દભુત
કિક છે. આપશ્રી સાક્ષાત્ પૂર્ણાનંદસ્વરૂપ છે, પણ કેટલાક ન જાણે તેમાં તેમનો દોષ
માછલાંઓએ ચંદ્રને ઓળખ્યો નહિ. પહેલાં માછલાં ને ચંદ્ર એક સાથે સમુદ્રમાં
ં. જો તેઓએ ચંદ્રને (અમૃત માટે) પ્રાર્થના કરી હોત, તો ચંદ્ર અમૃતથી ભરપુર
મૃત આપવાની શક્તિવાળો છે, તેથી તેઓ અમૃતનું પાન કરીને અમર થાં હોત.
ા સ્વરૂપનું તેમને અજ્ઞાન હતું, તેથી ચંદ્રને તેઓએ અમૃત માટે પ્રાર્થના ન કરી.
નામ ઉડુપ છે. તેનો અર્થ નક્ષત્રોનું પાલન કરનાર એવો થાય છે જ્યારે ચં
દેખાતો નથી છતાં, તેના અમૃતના થોડા ભાગથી નક્ષત્રો (તારાઓ) પ્રકાશે છે.
પાસે રહેવા છતાં યાદવો ભગવાનને ઓળખી શક્યા નહિ પણ જો યાદવોએ
ઓળખ્યા હોત તો સર્વ દુઃખ હરનાર હરિ હોવાથી પોતે તિરોધાન થવા છતાં
ને તેમનો પ્રકાશ પ્રાપ્ત થયો હોત ! પણ યાદવોમાં કૃષ્ણ વિષે-(૧) સામાન્ય
ાન, (૨) ખોટું જ્ઞાન અને, (૩) વિરોધી જ્ઞાન હતું. તેથી ભગવાને તેમના
કૃપા ન કરી બાકી કૃષ્ણનું પ્રકટ સ્વરૂપ અતિ અદ્દભુત અને અલૌકિક હોવાથી
ાય તેવું હતું અને તેનો લાભ ઉદ્ધવાદિ ભક્ત યાદવોએ લીધો હતો.

ી રીતે આચાર્યશ્રીનું પ્રકટ સ્વરૂપ ચમત્કારી હતું. વળી આપશ્રીના રચેલા ગ્રંથોમાં
વના ભાવો આલેખાયેલા છે, તેના પાઠથી પણ આપશ્રીનું સ્વરૂપ સમજાય તેવું
રાંત આપશ્રીના દ્વિતીય પુત્ર શ્રીવિઠ્ઠલેશ પ્રભુએ કૃપા કરીને સર્વોત્તમ, શ્રીવલ્લભાષ્ટક,
ામૃત, સૌન્દર્યપદ્ય વગેરે સ્તોત્ર ગ્રંથોમાં આપશ્રીનું સ્વરૂપ વિવિધ પ્રકારે સારી
યું છે. વળી આપશ્રીના અંતરંગ ભક્તોને આપશ્રીના સાક્ષાત્ પૂર્ણાનંદ પુરૂષોત્તમ
નુભવ થયો હતો. તેમાં જે કવિઓ (પૂર્ણ જ્ઞાનવાળા) હતા તેમણે આપશ્રીનું
વતાં પદો તથા ગ્રંથો લખ્યા છે. આ બધામાં આચાર્યશ્રી અક્ષરથી ઉત્તમ અને
ાનંદવાળા પુરૂષોત્તમ છે એમ વર્ણવ્યા છે. તેમ છતાં, આચાર્યશ્રીનું સ્વરૂપ પૂર્ણ
તે ન સમજાય તો આપણું અભાગ્ય ! શ્રીજી શ્રીગોકુલેશ પ્રભુ આપના સેવક
ામના બ્રાહ્મણ પંડિત-કવિ અને ભક્ત હોવા છતાં-તેના ઉપર પ્રસન્ન ન હતા.
એક દિવસે આચાર્યશ્રીના અલૌકિક નામોનું સ્તોત્ર-સર્વોત્તમજી-નો પાઠ કરતાં
ત્યારે આપ ખુશ થયા અને તેના ઉપર કૃપા કરી